પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

ઑગસ્ટ : ૨૦૦૩
અંક ક્રમાંક : ૮

કુમાર

સંસ્થાપક : રવિશંકર રાવળ

તંત્રી
ધીરુ પરીખ

વર્ષ : છોતેરમું
સળંગ અંક : ૯૦૮



૨૦૦૧નો જ્ઞાનપીઠ અવૉર્ડ જેમને એનાયત થશે તે

કવિ રાજેન્દ્ર શાહ

'હું જ રહું વિલસી સહુ સંગ ને
હું જ રહું અવશેષે.'



ચિત્રકાર] તારકમટી રાત્રિ [વાન ગોઘ

ન્યૂ યૉર્કના મ્યૂઝીઅમ ઑવ્ મૉડર્ન આર્ટમાંનું ૨૮$^{3}/_{૪}$" X ૩૬$^{૧}/_{૪}$" નું વાન ગોઘનું આ સુખ્યાત ચિત્ર તેની રંગપૂરણી અને તારા–ગ્રહો તથા બીજની ચંદ્રલેખા અને તેમાંનો પીળો રંગ તથા આસપાસ વર્તુળાયેલા આસમાની ઘેરાઆછા રંગથી રાત્રિના ચિત્રને તાદશ કરી આપવાની સાથે નભની ગૂઢ અનુભૂતિનો પણ એહસાસ કરાવી આપે છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૬મું   અંક ૮

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સૂચના

★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.

★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.

★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.

★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.

★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

ઑગસ્ટ, ૨૦૦૩ ○ ૭૬મું વર્ષ ○ અંક ૮

સાંકળિયું

'કુમાર' સળંગ અંક ૯૦૮

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૫ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

વાચકો લખે છે

જાન્યુઆરી ૨૦૦૩ના અંકમાં ગણિતગમ્મતમાં નૌતમભાઈ વખારિયાએ પૂછ્યું છે કે ૩૭x૩૩ની રકમ શા માટે બાકાત રાખવામાં આવી છે. તો તેનો જવાબ એ હોઈ શકે કે ૩૩ના એકમ દશકના આંકડા બદલાતા તે જ રકમ પાછી આવે તેથી તેના ૩૭ સાથેના ગુણાકારમાં તે જ રકમ ફરી આવે. એટલે કે ૩૭x૩૩=૧૨૨૧ થાય છે અને ૧૨૨૧માં પહેલો અને ચોથો આંકડો સરખો છે. તેથી તે રકમ બદલાતી જ નથી. આવું ૬૬ અને ૯૯ માટે પણ થઈ શકે કારણ કે ૩૭x૬૬=૨૪૪૨ થાય અને ૩૭x૯૯=૩૬૬૩ થાય અને તેમાં પણ પહેલો અને ચોથો આંકડો સરખો છે અને બીજો-ત્રીજો આંકડો પણ સરખો જ છે.

ફેબ્રુઆરીના અંકમાં તેમણે ૩૭x૬૩ની રકમ બાકાત રાખી છે. પણ તેની જરૂર નથી. ૩૭x૬૩=૨૩૩૧ થાય છે. પહેલા અને છેલ્લા અંકનો સરવાળો વચ્ચેના અંકો બરાબર જ થાય છે અને ૬૩ના આંકડાનો દશક-એકમમાં આંક બદલતા ૩૬ થાય છે અને ૩૭x૩૬=૧૩૩૨. એટલે કે ચોથા અને પહેલા આંકડાની જ હેરફેર થઈ છે. જ્યારે વચ્ચેના બેય આંકડા એકસરખા જ છે રહે છે. ૩૭x૬૬નો ગુણાકાર પહેલા પૅરેગ્રાફમાં લખ્યા પ્રમાણે ૨૪૪૨ થાય છે અને અહીં ગુણકનો એકમ-દશકનો આંકડો બદલીએ તો તેને તે જ રહે છે અને ગુણાકારનો પણ પહેલો અને છેલ્લો આંકડો સરખો છે તથા પહેલા અને છેલ્લા આંકડાનો સરવાળો વચ્ચેના આંકડા બરાબર જ થાય છે. તેથી તેને પણ બાકાત રાખવાની જરૂર ન ગણાય.

માર્ચના અંકમાં ૩૭x૯૩, ૩૭x૯૬ અને ૩૭x૯૯નો આંકડો બાકાત રાખ્યો છે તે પણ જરૂરી નથી કારણ કે ૩૭x૯૩=૩૪૪૧ થાય છે. અહીં પણ પહેલો અંક ૩ જ રહે છે. અને પહેલા તથા છેલ્લા અંકનો સરવાળો ૪ જ આવે છે. વચ્ચેના બંને આંકડા સરખા છે. ૯૩ના આંકડાને જો દશક-એકમને બદલીએ તો ૩૯ થાય અને ૩૭x૩૯=૧૪૪૩ થાય જે ૩૪૪૧માં પહેલા અને ચોથા આંકડાની હેરફેરથી મળી શકે. આમ, ૩૭x૯૩ ને બાકાત રાખવાની જરૂર નથી. આવું જ આપણે ૩૭x૯૬ માટે પણ કરી શકીએ. ૩૭x૯૬=૩૫૫૨ અને ૩૭x૬૯=૨૫૫૩. ઉપરના બંને ગુણાકારમાં પહેલા અને ચોથા આંકનો સરવાળો ૫ થાય છે. અને ગુણકના આંકડા બદલતા ગુણાકારના પણ આંકડામાં હેરફેર કરવી પડે છે.૩૭x૯૯ માટે તો એ જ કહી શકાય કે ગુણકના બંને આંકડા સરખા છે તેથી તેના આંકડાઓ અદલાબદલી કરવાની જ જરૂર નથી. ૩૭x૯૯=૩૬૬૩. અહીં પણ પહેલા અને ચોથા આંકડાનો સરવાળો વચ્ચેના આંકડા બરાબર થાય છે.

મૂળ આ ગુણાકારમાં અગત્યની વસ્તુ બીજી છે અને તે એ છે કે બીજો અને ત્રીજો આંકડો સરખો આવે છે. જાન્યુઆરીના આંકમાં ૩૭x૪૨નો ગુણાકાર ૧૫૫૪ છે અને ૩૭x૧૨૩=૪૫૫૧ છે. તેમાં ગુણાકારમાં તો આંકડાની હેરાફેરી છે અને તેમાં પહેલા અને ચોથા આંકડામાં જ ફેર થાય છે. પણ ૩૭ના ગુણાકારમાં જે ૪૨ છે તેનો અંકફેર ૨૪ નથી મળતો તે છે. પણ આમાં જો ૯૯ ઉમેરીએ તો બરાબર આવે છે એટલે કે ૧૨૩ સાથે ૩૭નો ગુણાકાર ૪૫૫૧ આવે છે. એટલે કે ૧ અને ૩નો સરવાળો ૪ થાય છે અને તેને એકમના આંકડામાં મૂકીએ તો ૨૪ થઈ જાય. આવી જ વસ્તુ ૩૭x૪૫ અને ૩૭x૪૮માં પણ થાય છે. ૩૭x૪૫=૧૬૬૫. ૩૭x૧૫૩=૫૬૬૧. ૪૫ની હેરફેરથી ૫૪ આવે અને તેમાં ૯૯ ઉમેરીએ તો થઈ જાય ૧૫૩. અહીં પણ પહેલા અને ત્રીજા આંકડાનો સરવાળો ૪ થાય એટલે કે ૪૫નું વ્યસ્ત ૫૪ થઈ ગયું. ફરી વખત ૩૭x૪૮=૧૭૭૬. ૩૭x૧૮૩=૬૭૭૧. ૪૮ના આંકડાના હેરફેરથી ૮૪ બને અને તેમાં ૯૯ ઉમેરીએ તો ૧૮૩ આવે. અહીં પણ પહેલા અને ત્રીજા આંકડાનો સરવાળો ૪ થાય છે. અને વચ્ચેનો ૮ એટલે કે મૂળ ૮૪ જ ૪૮નું વ્યસ્ત.

૩૭x૫૧=૧૮૮૭. આમાં આંકડાની હેરફેર કરીએ તો ૭૮૮૧ બને અને આ ૭૮૮૧ની કિંમત ૩૭x૨૦૦ કરતાં વધુ છે. તેથી અહીં ૫૧ના આંકડાની હેરફેર ૧૫ છે અને તેમાં ઉમેરવા પડશે ૯૯x૨=૧૯૮ એટલે કે કિંમત થશે ૨૧૩. ૩૭ અને ૨૧૩નો ગુણાકાર ૭૮૮૧ થાય છે. ૨ અને ૩નો સરવાળો થાય છે ૫. એટલે કે અહીં પણ ગુણાકારના આંકડાની હેરફેર કરવી પડે છે. પણ થોડી કાળજી રાખીને.

૩૭x૫૪=૧૯૯૮. ૫૪ના આંકડા બદલાવીએ તો ૪૫ થાય અને તેમાં ૧૯૮ ઉમેરીએ તો ૨૪૩ થાય. ૩૭ અને ૨૪૩નો ગુણાકાર ૮૯૯૧ થાય અને ૨૪૩ના પહેલા અને ત્રીજા આંકડાનો સરવાળો કરીએ તો થાય છે ૫, ૪નો આંકડો તે વચ્ચે છે જ. એટલે કે ગુણાકાર ૩૭૦૧ થી ૭૪૦૦ વચ્ચે હોય તો ગુણાકારનો આંકડો ૧૦૦ થી ૨૦૦ વચ્ચે હોય અને ૭૪૦૧ થી ૧૧૦૦૦ વચ્ચે હોય તો ગુણાકારનો આંકડો ૨૦૦ થી ૩૦૦ વચ્ચે આવે.

૩૭નો ગુણાકાર ૬૦, ૬૩, ૬૬, ૬૯, ૭૨, ૭૫, ૭૮થી કરવામાં આવે તો બીજો અને ત્રીજો આંકડો સરખો આવે છે અને તેથી ઉપરના નિયમ પ્રમાણે આંકડાને હેરફેર કરીએ તો જે ગુણાકાર

(અનુસંધાન પૃ. ૫૬૮ પર)

બડી ગલતી કીની!/*ભાનુપ્રસાદ પંડ્યા*

(ચરણાકુલ • સૉનેટ)

અપલક આંખે પ્રહરો વીતે,
સ્મરણ ન્યાળતાં ભીંતેભીંતે,

ફફડે પ્રીતિવિહંગમ ચિત્તે,
વેણ લથડતાંઃ સીતે, સીતે!

મુકુટ પ્હાડ શો ભારે લાગે,
એક ઝાપટે એને ત્યાગે!

અકળાતાં વાતાયન ખોલે,
કેશ ઝાલતાં મસ્તક ડોલે.

પડી પર્યંકે વેણી વાસી,
સુગંધ એની વનમાં નાસી!

નવ બોલે કોઈ મંજુલ સાદે,
નૃપતિ પ્રાણવિહીન પ્રાસાદે!

સજલ નેત્ર ને શય્યા ભીની,
અવધપતિ! બડી ગલતી કીની!

મેળો/*હર્ષદ ચંદારાણા*

(ગાન)

હાલો જુવાનિયા મેળે, ઉતાવળા મેળે
મેળામાં સાજણ સપને જોયેલ છે.
ઈ રે મેળામાં એક રણઝણતો સૂર છે (૨)
રણઝણતા સૂરે મને રગરગ ઝંઝેડી
પછી સાંઠા સમ વેડી, એવો સપને જોયેલ છે
હાલો જુવાનિયા મેળે, ઉતાવળા મેળે
મેળામાં સાજણ સપને જોયેલ છે.

ઈ રે મેળામાં એક દરિયાનું પૂર છે(૨)
દરિયાના પૂરે મને ખોળે રમાડી
પછી તળિયે ડુબાડી, એવો સપને જોયેલ છે
હાલો જુવાનિયા મેળે, ઉતાવળા મેળે
મેળામાં સાજણ સપને જોયેલ છે.

ઈ રે મેળામાં એક સૂરજનું નૂર છે (૨)
સૂરજના નૂરે મને આખી ઓગાળી
પછી મનડામાં ઢાળી, એવો સપને જોયેલ છે
હાલો જુવાનિયા મેળે, ઉતાવળા મેળે
મેળામાં સાજણ સપને જોયેલ છે.

પ્રભુનામને ફૂંકો/*ધીરુ પરીખ*

(ગાન)

પ્રભુનામને શબ્દશંખમાં ફૂંકો,
કવિજી, શબ્દશંખમાં ફૂંકો!

સંસારીનાં સુખદુઃખને તો
અનરાધાર વરસતા રહ્યા કવનમાં,
હવે બધું અળગું મૂકીને
હરિનામને રટો જાતને ઢાંકી ભક્તિગવનમાં;
કવ્યું આજ લગ હરિહોડમાં મૂકો,
કવિજી, શબ્દશંખમાં પ્રભુનામને ફૂંકો!

શોધ આદરો તમે શબ્દની ભારે,
એવા શબ્દો હવે ઘડો જે ભવસાગરને તારે;
શોધત શોધત ઘાણીબળદ જેમ
પાછું વળીને જોયું તો તો હતા તેમના તેમ;
અહો, જડ્યો આ હરિમારગ શો ટૂંકો!
કવિજી, શબ્દશંખમાં પ્રભુનામને ફૂંકો!

હવાઓ/*યોસેફ મૅકવાન*

(ગઝલ)

મને ચોતરફ બાંધતી આ હવાઓ
છતાં આંખમાં કાંપતી આ હવાઓ!

બધે છિન્ન ને ભિન્ન કરતી રહે છે-
નથી કોઈને ગાંઠતી આ હવાઓ!

સમય સાથ રૂખ એ બદલતી ફરે છે
બધીયે હદો લાંઘતી આ હવાઓ.

વનો-જંગલોમાં-ફૂલે-પાન-પત્તે
હશે ગુપ્ત શું વાંચતી આ હવાઓ?

તમે આમ સામે મળ્યાં જ્યાં અચાનક,
સુગંધો હવે આંજતી આ હવાઓ!

ન કરવાનું સાહેબ, એણે કર્યું છે
હવે ઝાડમાં હાંફતી આ હવાઓ!

સકલ સૃષ્ટિ ગાતી કરી

લાલજી કાનપરિયા

હલે ન દ્રુમપર્ણ શાંત તરુ ડાળખી; ગ્રીષ્મની
હવા શિથિલ થૈ પડી શીતલ છાંયડીમાં કહો.
ધીખંત જ્વરમાં રહે ધખધખી ધરિત્રી અહીં,
ક્ષણો ગજગતિ સરે અલસગામી બપ્પોરની.

લપાઈ ખિસકોલી વિરમી હવે તરુશાખ પે,
ફળી શ્રમિત શ્વાન છાંયડી તળે પડી હાંફતો.
ગલી પથ સૂના સૂના; ન પગલાં પડે કોઈનાં.
સરે નિરસ ગ્રીષ્મકાલ લઈ ઉદાસી સર્વથા.

અચાનક કહીંથી ઊડતું વિહંગ આવી અને
ઠીબે શીતલ નીરમાં ટચૂકડી રૂડી ચાંચને
ઝબોળી પરિતૃપ્ત થૈ ટહુકી મીઠડું, પિચ્છને
હવા મહીં મૂકી રમંતું જતું ઊડી આકાશમાં!

અને સડસડાટ ગુંજી ઊઠતી હવા ગીત લૈ;
સચેત બનતી ક્ષણો સકલ સૃષ્ટિ ગાતી કરી!

ગીત મજાનું/*જગદીશ ધનેશ્વર ભટ્ટ*

(ગાન)

કેવું ગીત મજાનું મ્હોરે!
અનાયાસ લીલાને પગલે ફૂલ બનીને ફોરે,
કેવું ગીત મજાનું મ્હોરે!

વસંતની વાંસળીએ બેસી ગીત મજાનું ગૂંજે.
અનંતની આંગળીઓ ઝાલી વ્યોમ-ધરાને પૂજે,
લીલોતરીની આશે હાશે જડ ચેતનને દોરે,
કેવું ગીત મજાનું મ્હોરે!
કલરવનાં અજવાળાં ઓઢી અવસરને ઢંઢોળે,
આલી-લીલી આશ-નિરાશે ભવરણને ફંફોળે,
હાંફળ-ફાંફળ વગડા વચ્ચે મસ્ત બનીને ઘોરે,
કેવું ગીત મજાનું મ્હોરે!

અંતરની અમીરાતે એનું હૈયું અમીરસ ઢોળે,
ભમરાના ગુંજનમાં એની વાત અધૂરી ખોળે,
આકળવિકળ અંધારે એ જાત મૂકે કાં કોરે?
કેવું ગીત મજાનું મ્હોરે!

પરાજયને વિજયમાં પલટવાનો કીમિયો

રાધેશ્યામ શર્મા

લશ્કરમાં હતાશા ઊધઈની જેમ ફેલાઈ ચૂકી હતી. વારંવાર હાર સહી લેવાનું સામર્થ્ય તો વિજેતા લશ્કરમાંયે નથી હોતું.

વિજયમાં સૈન્ય છાકટું થઈ જાય છે. લૂંટફાટ કરે છે, બાળે છે મકાનોને, સુંદર સ્ત્રીઓના શરીરને બળાત્કારથી નવાજે છે, મદ્યપાનના નશામાં ચકચૂર થઈ જાય છે. વિજય અપાચ્ય નીવડે છે.

પરાજયમાં સંકલ્પો, વિકલ્પોના મારથી પાતળા પડી જાય છે. આશાનો સૂરજ પૂર્વ દિશામાંથી સીધો જ પશ્ચિમ પ્રત્યે અસ્તાચલના બિંદુ પર ઠરી પડે છે! ઘરની, ગૃહિણીઓની, મા-બાપ-સંતાનો અને પ્રદેશના સીમાડાઓની સ્મૃતિઓ સેનાના બાહુઓને શિથિલ કરી કાઢે છે. કોઈ કિનારો નજર નથી આવતો કૃષ્ણવર્ણા દરિયાનો...

આવા હતાશ સૈન્યનો સેનાપતિ સેનાને દોરી એક દેવળ આગળ લાવ્યો.

દેવળ મોટું હતું. મેદાન પણ ભવ્ય હતું. તંબુઓ તણાઈ ગયા. મશાલો સળગવા માંડી.

સવાલો થવા માંડ્યા:'હવે સવારે શું કરવાનું છે?'

સવારે પ્રભુની પ્રતિમાને પૂછી જોઈએ:'અમે હારીશું કે જીતીશું?' હવે તો પ્રભુ કહેશે તેમ જ થશે. સૌ નચિંત બની સૂઈ શક્યા. બધું પ્રભુના માથે હતું એટલે અનિર્ણયને અવકાશ નહોતો.

સવાર પડતાં જ સેનાપતિ મંત્રોચ્ચાર કરતો પ્રતિમા પાસે સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી પાછો બહાર આવી સૌને સંબોધી બોલવા લાગ્યો:

'બિરાદરો ! આદેશ અનુસાર આ એક ચાંદીનો સિક્કો ઉપર આકાશમાં ઉછાળું છું. પ્રભુની આજ્ઞા અને સંદેશ લઈ તે પાછો આવશે.'

'જો સિક્કો સીધો સવળો પડશે તો જીત આપણા લશ્કરની નક્કી છે.'

'જો સિક્કો ઊલટો અવળો પડશે તો આપણો પરાજય થવાની સંભાવના ખરી.'

સેના સમસ્તની દૃષ્ટિ ઉછાળેલા સિક્કાની સાથેસાથે નભોમંડળ તરફ ઊંચે પહોંચી. સિક્કા સાથે તુરત જ નીચે પડી ને રણકી! 'લો, જુઓ સિક્કો સવળો પડ્યો. વિજય આપણો સુનિશ્ચિત છે. પ્રભુની કૃપાશિષ આપણી સાથે છે.' સેનાપતિએ જાહેરાત કરી.

> બધું પ્રભુના માથે-
> –એટલે
> અનિર્ણયને
> અવકાશ ના હોય

લશ્કરમાં પ્રાણ પુરાયો, જંગમાં જીત મેળવીને જ જંપ્યું.

હકીકત એવી હતી કે સેનાપતિએ એવો સિક્કો સાથે પહેલેથી જ રાખ્યો હતો જે બંને બાજુએથી સીધો જ હતો! હારવાના સંજોગ જીતમાં પલટવાનો કેવો ગજબ કીમિયો! ❒

ગ્રાહકોને સૂચના

લવાજમ મોકલનાર ગ્રાહકોએ મનિઑર્ડર ફૉર્મની નીચેની સ્લિપમાં પોતાના ગ્રાહક અંગેની પૂરી વિગત, નામ, પૂરું સરનામું, રકમ વગેરે અચૂક લખવી.



આજના શૈક્ષણિક વાતાવરણને માટે પ્રેરણારૂપ દૃષ્ટાંત પૂરું પાડનાર

પ્રિન્સિપાલ કલવચવાલા

—અરવિંદ ગજ્જર—

અમદાવાદમાં ગોમતીપુરમાં રેલવે પરનો પુલ પસાર કરવા લાંબો ઊંચો ઢોળાવ ચડવો પડે છે. રેંકડો ખેંચતાં એક પતિ-પત્ની આ ઢોળાવના અરધે રસ્તે વજન વધારે હોવાને કારણે થાકીને લાચાર થઈ અટકી ગયાં અને બીજા કોઈ મજૂરની મદદ મળે તે માટે રાહ જોવા લાગ્યાં. હું પાછળ ચાલ્યો આવતો હતો અને આ પરિસ્થિતિ જાણી મેં રેકડાવાળાંને મદદની દરખાસ્ત કરી તેને તેમણે કમને સ્વીકારી. હું મજૂરની સાથે રેંકડાનો દાંડો પેટ સાથે ચીપકાવી રેકડો ખેંચાવવા લાગ્યો. એક બૂટ-મોજાં અને સ્ટાર્ચ કરેલ ઊજળાં ઈસ્ત્રીવાળાં કપડાં પહેરેલ યુવાન મદદ કરવા રેંકડાવાળાં જોડે જોડાઈ રેંકડો ખેંચે એ દૃશ્ય રસ્તા પરના રાહદારીઓને પણ આશ્ચર્યજનક લાગ્યું. સામેથી આવતા એક રેંકડાવાળાએ ઈશારાથી મારા રેંકડાવાળાને સવાલ કર્યો ત્યારે મારા રેંકડાવાળાએ જવાબ આપ્યો, 'है कोई माईका लाल ।'

આ પ્રસંગ યાદ એટલા માટે કર્યો કે મારા ઉપર જણાવેલ વર્તનના કારણરૂપ સંસ્કારનું સિંચન કરનાર કલવચવાલાસાહેબ હતા. અમારી હૉસ્ટેલના રસોડા માટે રેંકડીમાં લાકડાં ભરી એક ગરીબ વૃદ્ધ મજૂર કૉલેજ પાસેનો ઢાળ ચડાવી રહ્યો હતો, પરંતુ થાકી હાંફીને અટકી ગયો હતો. કૉલેજ શરૂ થવાનો સમય હતો એટલે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોના જૂથ પસાર થતાં હતાં, પરંતુ કોઈએ આ મજૂરની મુશ્કેલીની દરકાર ન કરી. કલવચવાલાસાહેબ ત્યાંથી પસાર થયા. તેમણે સાઈકલ રસ્તાની એક બાજુ ઘોડી ચડાવી ઊભી રાખી અને બધાં જોતાં રહ્યાં અને તેમણે રેંકડીને ધક્કો મારી ઢાળ ચડાવી આપ્યો.

સને ૧૯૬૩માં ભાવનગરની ભાવસિંહજી પોલિટેક્નિક ઈન્સ્ટિટ્યૂટમાં ફિરોઝ એચ. કલવચવાલાસાહેબ પ્રિન્સિપાલ હતા ત્યારે પ્રથમ વર્ષ ડિપ્લોમામાં મેં ફક્ત એક વર્ષ અભ્યાસ કરેલો. નોંધપાત્ર વાત એ હતી કે ઈન્સ્ટિટ્યૂટ પર એમની ઑફિસ સિવાય ભાગ્યે જ કોઈ જગ્યાએ પ્રિન્સિપાલ જોવા મળતા, પરંતુ એમની ધાક દરેક સમયે દરેક જગ્યાએ જોવા મળતી. અધ્યાપક અથવા સંસ્થાનો કોઈ કર્મચારી તમારી લાખ વિનંતી છતાં અપ્રમાણિક અથવા નિયમવિરુદ્ધનું કાર્ય કરવા તૈયાર ન થતો. વર્કશૉપ, પ્રયોગશાળાઓ, ડ્રૉઈંગરૂમ, હૉસ્ટેલ પર કે બગીચામાં તપાસ-અર્થે ચોકિયાતની માફક ફરવાની તેમને ટેવ ન હતી. તેમની ઑફિસ બહાર ગુસ્સે થતા, ઊંચા અવાજે બોલતા અથવા કોઈને ઠપકો આપતા મેં જોયાજાણ્યા નથી. વિદ્યાર્થીઓ સહિત બધા તેમના નામથી ડરતા. એ ક્રૂર હતા એમ કોઈ કહી શકે તેમ નથી. અલબત્ત કડક હતા, કામગીરીમાં બિલકુલ બાંધછોડ ચલાવે નહિ તેવા. તમે પોતે સમયપાલનમાં અનિયમિત હો અને તમારા ચપરાશીને અનિયમિતતા માટે ઠપકો આપો તેનો કોઈ પ્રભાવ પડવાનો નથી. ફક્ત સત્તાથી શિસ્તપાલન કરાવી શકાતું નથી, સત્તાની સાથોસાથ સચ્ચાઈ, ન્યાયપરાયણતા હોય તો જ અસરકારક પરિણામ આવે છે. કલવચવાલાસાહેબની ધાક હતી તેનું એક કારણ એ હતું કે તેઓ પોતે નખશિખ પ્રમાણિક હતા - વ્યવહારમાં, મહેનત કરવામાં અને નિયમપાલનમાં.


ચારીસાહેબ સિવિલ ડિપાર્ટમેન્ટના અધ્યક્ષ હતા અને અમને 'એન્જિનીઅરિંગ મટીરિઅલ' શીખવતા. એમનો છેલ્લો પીરિઅડ હતો અને છુટ્ટી થવાને પાંચ મિનિટની વાર હતી ત્યારે તેમણે એક પ્રકરણ પૂરું કર્યું એટલે નવું પ્રકરણ શરૂ કરવાની ના પાડી. એમણે અમારી વાત માન્ય રાખી અને શાંતિથી બેસવા કહ્યું. અમે કહ્યું, 'શાંતિથી અહીં બેસવાથી શો ફાયદો? અમને ઘરે જવા માટે છૂટા કરો.' ના પાડતાં ચારીસાહેબે સમજાવ્યું કે, 'હું તમને છૂટા કરું એટલે તમે કોલાહલ કરતાં લૉબીમાંથી પસાર થાઓ. અવાજ સાંભળી પ્રિન્સિપાલ ઑફિસની બહાર આવી તમને એટલું જ પૂછશે કે, 'ક્યો વર્ગ છે.' બીજા દિવસે

સવારે ઑફિસમાં બોલાવી મને કહેશે કે,'કાલે તમે પાંચ મિનિટ વિદ્યાર્થીઓને વહેલા છોડ્યા એ સમયનો તમને પગાર નથી મળતો? મારે શો જવાબ આપવો?'ડિપાર્ટમેન્ટના અધ્યક્ષકક્ષાની વ્યક્તિ વિદ્યાર્થીઓને પાંચ મિનિટ વહેલા ન છોડી શકે તે સંસ્થા કેવી નિયમબદ્ધ ચાલતી હશે તેની તમને કલ્પના આવે છે?

એ સમયે પણ પ્રવેશ આપવાનું કાર્ય 'પ્રવેશસમિતિ' સંભાળતી અને 'મૅરિટ લિસ્ટ' પ્રમાણે પ્રવેશ અપાતો. નિયમમાં એક એવી જોગવાઈ હતી કે બેથી ત્રણ 'સીટ' પ્રિન્સિપાલ તેમની ભલામણથી પ્રવેશ આપી ભરાવી શકતા. સાહેબે પોતાને મળેલા આ હક્કનો ઉપયોગ કર્યો નથી. તેમના હક્કની 'સીટો' પણ તેઓ સમિતિ દ્વારા 'મૅરિટ' પ્રમાણે જ ભરાવતા. પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓનાં સગાંઓ સાહેબ પર ખૂબ દબાણ લાવતાં. એમના વર્તુળમાંથી ઘણા તેમને ફોન કરી કહેતા કે,'સંબંધમાં તમે આટલું કામ ન કરી આપો?' આ સમયે સાહેબ મક્કમતાથી જવાબ આપતા, 'સંબંધ ખાતર તમે કહેશો તો તમારા ઘરે આવી એંઠી ડિશો સાફ કરી આપીશ, પરંતુ આ કામ મારાથી નહિ બને.' નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓનું સ્વાગત કરતા પ્રિન્સિપાલે તેમના ઉદ્‌બોધનમાં કહેલું,'દર ત્રણ મહિને પરીક્ષા લેવામાં આવશે અને તેનું પરિણામ અને તમારી હાજરીની તમોને તથા વાલીઓને જાણ કરવામાં આવશે. તમારા નબળા દેખાવની તમને દરેક તબક્કે જાણ કરવામાં આવશે. તમે તમારામાં સુધાર નહિ લાવો તો તમારી સામે લેવાતાં કઠોર પગલાં માટે મને દોષી ગણશો નહિ. મારી પાસે એક જ વાત છે - 'EITHER YOU WORK OR GET OUT'.

કલવચવાલાસાહેબ સામાન્ય ઈન્સ્ટ્રક્ટર તરીકે નોકરીમાં જોડાઈ એક એક પગથિયે અનુભવ મેળવી આગળ વધતા પ્રિન્સિપાલ બનેલા. એમને પોતાના અનુભવને ઉપયોગમાં લેતા આવડતું હતું. એ સમયે સંસ્થાના એક વિભાગમાં ઈલેક્ટ્રિક વાયરિંગ કરવાનું હતું. સાહેબે કૉન્ટ્રૅક્ટરને બોલાવી જણાવ્યું,'તારે જે ભાવ લગાડવો હોય તે લગાડ, પરંતુ મારે સ્વિચના બોર્ડ એવા મજબૂત લાગવા જોઈએ કે હું ટિંગાઉ તો પણ દીવાલથી ઊખડે નહિ.' કૉન્ટ્રૅક્ટરે કામ કરી આપ્યું અને સાહેબે જાતે બોર્ડને ખેંચી ચકાસણી કરી કામ બરોબર હતું એટલે બિલ પાસ કરી આપ્યું. કૉન્ટ્રૅક્ટરથી ન રહેવાયું એટલે તેણે કહ્યું,'સાહેબ, તમે કરાવ્યું તેટલું મજબૂત કામ કરાવવાની જરૂર ન હતી.' સાહેબે જવાબ આપ્યો, 'તું વાયરિંગ કામ જાણે છે, વિદ્યાર્થીને જાણતો નથી. વિદ્યાર્થી ચાલતો જાય અને અકારણ બોર્ડને ચાળો કરતો જાય. આટલું મજબૂત કામ ન કરીએ તો તારા ગયા પછી ત્રીજા દિવસે સ્વિચબોર્ડ દીવાલથી છૂટાં પડી વાયર પર લટકતાં થઈ જાય.'

સાહેબ વિદ્યાર્થીઓને જાણતા હતા, ખૂબ સારી રીતે



ભાવનગરની ભાવસિંહજી પોલિટેક્નિક ઇન્સ્ટિટ્યૂટ

જાણતા હતા. હૉસ્ટેલના વિદ્યાર્થીઓ વૅકેશન પૂરું કરીને પાછા આવી જાય એ પછી જ તેમના ઘરે પરીક્ષાનાં પરિણામ અને હાજરીપત્રક મોકલાતાં. ઓછું ભણેલ મા-બાપ સમજી શકે તે માટે આ પરિણામ સારું કહેવાય, નબળું કહેવાય અથવા ખરાબ કહેવાય એવું સ્પષ્ટ લખીને કાર્ડ મોકલાતું. વાલીની સહી તો છગનના કાર્ડમાં મગન અને મગનના કાર્ડમાં છગન પણ કરી શકે એટલે ખરાબ પરિણામવાળા વિદ્યાર્થીના વાલીને સાહેબ રૂબરૂ મળવા બોલાવતા.

નાક દબાવી મોઢું ખોલાવાની રીત સાહેબ સારી પેઠે જાણતા. વાંકમાં આવેલ વિદ્યાર્થી સાથે સાહેબ સીધી વાત કદી ન કરતા. એ વિદ્યાર્થીનું નામ નોટિસબોર્ડ પર ચડાવી વાલી સાથે મળી જવાનું સૂચન કરતા. જેનું નામ નોટિસબોર્ડ પર ચડે તેની હાજરી હાજરી-પત્રકમાં નોંધાવાનું બંધ થઈ જાય. વાલી સાથે વિદ્યાર્થી આવે ત્યારે વિદ્યાર્થીને કશું ન કહે, તેના વાલીને,'તમારે કમાણીના પૈસા હરામના આવે છે? આ છોકરા પાછળ શા માટે બગાડો છો?' ત્યાંથી શરૂઆત કરી ગુસ્સો ઠાલવે. છોકરાનો વાંક હોય એટલે વાલી શું બોલે? દયામણે મોઢે બધું સાંભળે અને છેવટે કહે,' આ એક વખત ભૂલ માફ કરો. હવેથી આવું નહિ થાય.' આ સમયે સાહેબે વિદ્યાર્થીના દોષ વર્ણવતો કાગળ અગાઉથી તૈયાર રાખ્યો હોય તે આપી કહે,'તમે બોલ્યા તે મુજબ લખી આપી સહી કરી આપો.' સહી કરી વાલી 'હાશ છૂટ્યા'-નો ભાવ અનુભવે છે, પણ ખરેખર તો તે બંધણીમાં આવી ગયેલ હોય છે.

મેં પુસ્તક વાંચેલ નથી, પરંતુ તેનું શીર્ષક 'HEART NOT HEAD IN THE CLASS-ROOM' એવું હતું. સાચું છે કે વિદ્યાર્થી વર્ગખંડમાં હાજરી આપે પરંતુ તેનું અધ્યયનમાં મન ન પરોવાયેલું હોય તો અધ્યયન થતું નથી. સાથોસાથ એ પણ ન ભૂલવું જોઈએ કે વિદ્યાર્થી વર્ગખંડમાં હાજર હોય ત્યારે બે શક્યતાઓ છે, તેનું ભણવામાં ચિત્ત હોય અથવા ન હોય. પરંતુ

જ્યારે ગેરહાજર જ હોય ત્યારે અધ્યયન થવાનો પ્રશ્ન જ રહેતો નથી. આ કારણે જ સાહેબ વિદ્યાર્થીની હાજરીને ખૂબ મહત્ત્વ આપતા. પહેલો અને છેલ્લો પીરિઅડ ભરી વિદ્યાર્થી વચ્ચે ગુલાંટ મારે તે પણ ન ચાલે. દરેક પીરિઅડમાં દરેક અધ્યાપક હાજરી નોંધે અને ઑફિસમાં તે કાગળ સહી સાથે જમા કરાવે. કોઈ એક પીરિઅડમાં ગેરહાજરી હોય તો આખા દિવસની ગેરહાજરી ગણાય. અમે સાહેબ પાસે વિરોધ નોંધાવ્યો તો તેમણે કહ્યું,'તમે તો ગણિતના અભ્યાસુ વિદ્યાર્થી છો. કોઈ પણ સંખ્યાને શૂન્યથી ગુણવાથી જવાબ શું આવે?' કંગાળ હાજરીવાળાને પરીક્ષાનું ફૉર્મ ભરવા દેવામાં ન આવે એટલે તેને 'ડિટેન' કર્યો કહેવાય. નિયમ મુજબની જરૂરી હાજરી કરતા દસ પંદર દિવસ જેમને ખૂટતા હોય તેમને પરીક્ષાનું ફૉર્મ અપાય, પરંતુ તેમણે પરીક્ષાની તૈયારી માટેની રજાઓમાં પણ કૉલેજ આવી હાજરીપત્રકમાં જાતે સહી કરી ખૂટતી હાજરી પૂરી કરવી પડે. મતલબ કે ભૂલની સજા ભોગવવી જ પડે.

કલવચવાલાસાહેબની નીતિ વાસ્તવિક અને પરિણામ-લક્ષી હતી. ક્ષુલ્લક કારણોથી શિક્ષણકાર્ય બંધ રાખવાનું તેમને મંજૂર ન હતું. એક વખત કૉન્ટ્રૅક્ટરના એક મજૂરનું કામ કરતાં હાર્ટઅટૅકથી સંસ્થાની ઈમારતમાં જ મૃત્યુ થયું. સાહેબે મૃત્યુની અદબ રાખી શિક્ષણકાર્ય બંધ કરાવી, સભા ભરી બે મિનિટનું મૌન પળાવ્યું. પરંતુ સમય બગડ્યો તે પીરિઅડો શનિવારે નોટિસ મોકલાવી બપોરના બે વાગ્યાથી બધા વિદ્યાર્થીઓને બોલાવી ભણાવીને પૂરા કર્યા. આવું તો જ્યારે જ્યારે સંસ્થા બંધ રાખવી પડતી ત્યારે બનતું. વિદ્યાર્થી અવસ્થામાં અમે નાદાન હતા અને અમને મહેનત કરવાનું પસંદ ન હતું એટલે રોષમિશ્રિત કટાક્ષથી કહેતા કે,'કલવચવાલાસાહેબનું અવસાન થાય અને તેમનું 'વિલ' ખોલવામાં આવે તો તેમાં એવી વિગત નીકળે કે મારા અવસાનને કારણે જેટલો સમય ઈન્સ્ટિટ્યૂટ બંધ રાખેલ હોય તે પીરિઅડો શનિવારે લેવડાવી પૂરા કરવા.' આજે સાઠ વર્ષની ઉંમરે ધ્યાનથી વિચારતા મને લાગે છે કે અમારી ટીકા સાહેબને જાણીતા માનચાંદ મેળવનારાઓ કરતાં ઘણા ઊંચા સ્થાને મૂકતી હતી. અમારી ટીકા સાહેબના દિલમાં વિદ્યાર્થીનું હિત અને સંસ્થાનું ગૌરવ કેવાં જડાયેલાં હતાં તેનો ખયાલ આપે છે.

આજે તા.૧૩-૩-૦૩ના વર્તમાનપત્રમાં ખબર છે કે ધોરણ દસ અને બારની બોર્ડની પરીક્ષાઓમાં ગેરરીતિ અટકાવવા ચાળીસ સ્થાયી સ્કવોર્ડ અને દસ ફ્લાઈંગ સ્કવોર્ડની રચના કરવામાં આવી છે. પોલીસતંત્રની મદદની અને સતત વિડીઓ શૂટિંગની વ્યવસ્થા કરાય છે. આ બધું હવામાં હવાતિયાં છે. જે વિદ્યાર્થી આખું વર્ષ ભણ્યો નથી, જેને આખું વર્ષ ભણાવ્યો નથી તે વિદ્યાર્થીને પરીક્ષાખંડમાં ચોરી કરવા સિવાય બીજું શું આવડવાનું? જે લાયક નથી તેમને 'ડિટેન' કરવા જોઇએ, પરીક્ષાનું ફૉર્મ આપવું જ શા માટે જોઇએ? એ સમયની અમારી સંસ્થાને બાદ કરતાં છેલ્લાં ચાળીસ વર્ષની જિંદગીમાં મેં કોઈ જગ્યાએ વિદ્યાર્થીને 'ડિટેન' કરવાની પ્રથા જોઈ તો નથી, જાણી પણ નથી.

એ સમયે અમારા જ વર્ગમાં છ વિદ્યાર્થી 'ડિટેન' થઈ સીધાદોર થઈ ગયેલા હતા. એ લોકો તેમના અનુભવથી અમને શિખામણ દેતા કે નાપાસ થવું સારું, 'ડિટેન' ન થવું. 'ડિટેન' થનારે વર્કશૉપના જૉબ, બધા જ ડ્રૉઈંગ, લૅબોરેટરીના પ્રયોગો અને તેના અહેવાલો બધું જ ફરી વખત ફી ભરી વર્ગમાં પૂરતી હાજરી રાખી બીજી વખત તૈયાર કરવું પડે. ત્રિમાસિક, છમાસિક અને નવમાસિક પરીક્ષાઓમાં વિદ્યાર્થી પાસ થાય તો જ બીજા વર્ષે વાર્ષિક પરીક્ષાનું ફૉર્મ મળે. 'ડિટેન' થયેલ વિદ્યાર્થીઓને D1,D2,D3..... એ પ્રમાણે રોલ નંબર મળે એટલે તેઓ વર્ગમાં જુદા તરી આવે, જેથી શિક્ષકગણ તેમના પર વધારે કડકાઈ અને ધ્યાન રાખી શકે. વિદ્યાર્થીને 'ડિટેન' કરવાથી તેનું ભવિષ્ય બગડતું નથી, પરંતુ ઊલટાનું બગડતું અટકે છે, એવું સમજીને સમજ મુજબ અમલ કરનાર કલવચવાલાસાહેબ પહેલા નહિ તો છેલ્લા હશે. મેં જોયું જાણ્યું છે કે 'ડિટેન' થવાની બીકે વિદ્યાર્થી મહેનત કરે છે, જેથી 'ડિટેન' થવાથી તો બચે છે ઉપરાંતમાં વાર્ષિક પરીક્ષા સહેલાઈથી પાસ કરી જાય છે. વિદ્યાર્થી એક વર્ષ મહેનત કરે છે એટલે તેને મહેનત કરવાની ટેવ પડી જાય છે. આ જ કારણ છે કે સાહેબના વહીવટમાં છેલ્લા વર્ષનો કોઈ વિદ્યાર્થી 'ડિટેન' પણ ન થતો અને નાપાસ પણ ન થતો. છેલ્લા વર્ષનાં પરિણામો ૧૦૦% પાસનાં આવતાં.

નીતિ-નિયમો તે દિવસે હતા તે આજે પણ છે, પરંતુ આજે તેનો અમલ કરાવવાવાળા ક્યાં?

તે સમયે અમને સાહેબમાં કોઈ ગુણ નહોતો દેખાતો. આજે કોઈ અવગુણ નથી દેખાતો. તેમના ઊજળાં ડાઘરહિત ચારિત્ર્ય જેવાં જ અને તેમના ગોરા વાન સાથે સુમેળ સાધતાં સફેદ પેન્ટ અને સફેદ બુશર્ટ સાહેબ હંમેશાં પહેરતા. અમે રમૂજ કરતા કે સાહેબે સફેદ કાપડના બે તાકા રાખેલ છે, એક પેન્ટ માટે બીજો બુશર્ટ માટે. આજે વિદ્યાર્થી પહેરે છે તેવા જ રંગીન ચટ્ટાપટ્ટા અને આકૃતિઓવાળા બુશર્ટ પહેરેલ આચાર્ય પાનની દુકાને હોય ત્યારે તેના ખભે હાથ મૂકી કોઈ વિદ્યાર્થી પૂછે કે,'સાહેબ, પાન જમશો?' તો તેમાં વાંક કોનો, વિદ્યાર્થીનો કે આચાર્યનો?

મેં જ્યારે પણ બીજી સંસ્થાના પ્રિન્સિપાલ સાથે વાતચીતમાં સાહેબની વિદ્યાર્થીઓ પરની ધાકના વખાણ કર્યાં છે ત્યારે તેમણે વિરોધ ઊઠાવી એવી રજૂઆત કરેલી છે કે,'એ સમય જુદો હતો. આજે વિદ્યાર્થી અને ભ્રષ્ટાચાર એટલાં વકરેલાં છે કે કલવચવાલા પણ થાકી, હારી, કંટાળીને રાજીનામું આપી ચાલ્યા જાય.' કલવચવાલાસાહેબ કોઈ વ્યક્તિ અથવા પરિસ્થિતિથી ડરી જાય

(અનુસંધાન પૃ. પ૨પ પર)

ઑક્સિજન

સુરેશ ઓઝા

અંબાજીના વડ પાસેથી સ્કૂટર પસાર થતું ત્યારે હરિભાઈ વડથી ત્રણચાર ઘર આગળના ઘરની ઉપરની બારી તરફ જોઈ લેતા. તે બારી પાસે તેમની બેઠક હતી. નીચેનાં સાંકડાં પગથિયાં તેમને દેખાઈ જતાં. પગથિયાં પાસે જ બારણા બહાર માંડ ઊભા રહી શકાય એટલી જગામાં જાજરૂનું બારણું ખૂલતું તે તેમનાથી ભૂલાતું જ નહિ. મકાનના નીચેના ઓરડાની દીવાલમાં બાખું કરી ત્યાં શટર મુકાઈ ગયું હતું ને દુકાન બની ગઈ હતી. તે દેખાતું ત્યારે મનમાં થઈ જતું - મકાન કાઢ્યા પછી આટલો ફેરફાર ખરીદનારે કર્યો.

હવે અંદર જઈ મકાન જોઈ શકાય નહિ. અંબાજીના વડવાળા ખાંચામાં આટલું માંડ દેખાતું ત્યાં સ્કૂટર આગળ નીકળી જતું ને અંબાજીના મંદિરના પ્રવેશદ્વારની લગોલગ દીવાલના મૂળમાંથી ફાલેલા વડની ઘટાટોપ વિકસેલી ડાળીઓ અને વડવાઈઓ તેમને પોતાની શીળી છાયાની આગોસમાં લઈ લેતાં ત્યારે થઈ જતું - દર્શન કરતાં જઈએ. પણ તેને બદલે બોલતા, 'મોડું નથી થતું પ્રવીણભાઈ, જરા ધીમે ચલાવ.' ને તેમના મનમાં પગથિયાં પાસેનું જાજરૂનું બારણું સજ્જડ જડાઈ જતું.

તે પગથિયાં પર તો તેમણે જાત ઘસી નાખી છે. તેમના ઘરની સામે જ જે બારી પડતી તે કાકુભાઈ ગોરની. કાકુભાઈ આજે હયાત નથી. પોતે તો છે ને! કાકુભાઈના દીકરા છે.

પોતાની મેડીની બારી પરથી તે હાક મારતા રાતે નવ-દસની વચ્ચે, 'કાં કાકુભાઈ, જમી પરવાર્યા?'

'અત્યાર સુધી હોય? આવી ગયા?'

'આજે મોડો હતો મેલ'

કાકુભાઈ પણ સામો એવો જ પડકાર કરતા, 'તમારે ઠીક છે. એઈને...' ત્યાં હરિભાઈ વાત બદલતા, 'જેવા જેના નસીબ. તમારું ગોરપદું મને શીખવી દો ને મારી નોકરી તમે લઈ લો. પછી તમે હરિયાળાં ખેતરો વચ્ચેથી ગાડી કાઢો ને હું તરભાણાં, વાટકો, વાટકી ને સોપારી ગણું.'

દીકરાના સ્કૂટર પાછળ બેઠાબેઠા ઘડીક તમ્મર આવી ગયાં જેવું થયું એટલામાં તો વડની છાયા પણ વળોટી ગયા.

મંદિરમાં પેસતાં જ - જય ભવાની, જય અંબે મોટા અવાજે તે બોલતા ને વડનાં પંજા જેવાં પાન અને વડવાઈ તેમને પોતાનાં લાગતાં. ખિલ્યો છે ને કંઈ દીવાલ ફાડીને સોંસરવટ! પૂજારી તેમને હટીને જગા કરી દેતો ત્યારે તેમનાથી બોલાઈ જતું, 'તારા બાપાને કીધું દીવાલ પાડશે આ વડ; તો કહેતાઃ'માતાનું થાનક છે હરિભાઈ. આપણાથી પાંદડુંય નો તોડાય.'

'તમે કીધું તે સાચું.'

'જે છે તે એમને એમ રેવા દો. આપણે પાપમાં નથી પડવું.'

ત્યારે હરિભાઈથી બોલાઈ જતું, 'કેવું રૂડું લાગે છે વડને લીધે! વડ નો હોય તો મંદિર જોવું નો ગમે. ખરુંને પૂજારીજી.'

પૂજારી કહેતા, 'હરિભાઈ, તમે તો જાણો છો બધું.'

આજુબાજુના બબ્બે ઘરને છાયા આપતા વડ નીચેથી પસાર થઈ જતા હરિભાઈ પાછા હરિભાઈ ગાર્ડ બની જતા ને મનની ગૂંચમાંથી બહાર નીકળતા ત્યાં દીકરાએ થાંભલા પાસે સ્કૂટર ધીમું કરી વાળ્યું ને હરિભાઈને ધક્કો વાગ્યો. થયું પડી જવાશે. એટલે પાછળથી દીકરાને કચકચાવ્યો. પાછા વર્તમાનમાં આવી ગયા. તેમનું ઘર અને અંબાજીનો વડ પાછળ રહી ગયાં.

રોડ પર તેમનું સ્કૂટર ભાગવા માંડ્યું રમરમાટી બોલાવતું ત્યારે આવડા આને શું ઉતાવળ છે? - મનમાં બોલ્યા. ત્યાં તો તેમનાથી ખરેખર બોલાઈ ગયું, 'ભાઈ, આપણે ઉતાવળ નથી.'

'હા, બાપુજી.' દીકરો બાપુજી શું કહેવા માગે છે તે સમજી ગયો હોય એ રીતે ખીજમાં બોલ્યો. દીકરો ખીજમાં બોલે છે તે બાપુજી હરિભાઈ ગાર્ડને ખબર ન પડે એવા તે ગમાર ન હતા. પણ બોલ્યા કંઈ જ નહિ. માત્ર રસ્તો જોયા કર્યો.

ક્યાંક ક્યાંક રહેણાંકનું બારસાખ દેખાતું ત્યાં તો રસ્તો પૂરો થાય ને નારેશ્વર મંદિરને આંબાચૉકનો ધમધમાટ ગાજતો થઈ જતો. સામે જ નારેશ્વરની જમણી બાજુ પર પર્સિવલ માર્કેટ-શાકબકાલાની માર્કેટ તોડી બનાવેલી ઊંચી ઈમારત દેખાતી. તેના પર સોનેરી અક્ષરે એમ્બૉસ કરેલા અક્ષરો હતા- સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા. મંદિરની પાછળ મોટો ડેલો. ત્યાં લુંગી પહેરી માથે ટોપી નાખી નવરા માણસો ઊભા રહેતા. આંબાચોક એટલે મુસલમાનોનું સામ્રાજ્ય, દુકાનો પણ મોટાભાગની તેમની.

હરિભાઈ ગાર્ડ મનમાં નારેશ્વર દાદાને પગે લાગ્યા. માથું નમાવીને ત્યાં પાંચછ સ્કૂટરની લાઈનમાં પ્રવીણભાઈએ સ્કૂટર થોભાવી દીધું, 'લો બાપુજી.'

બાપુજીનું મન આંબાચૉક જોઈ ભરપૂર થઈ ગયું. પોતે જરા પણ બદલાયા નથી. એ જ ચાળીસ પહેલાંના હરિભાઈ ગાર્ડ છે પોતાને એમ લાગ્યું. ઠાઠમાં આવી ગયા - પોતાના રાજદરબારમાં આવી ગયા હોય તેમ.

તે ઊતરવા જતા હતા ત્યારે દીકરાએ હાથ પકડી રાખ્યો ત્યારે તેમને ખયાલ આવ્યો કે તેમને પંચાસી ઉપર થયાં છે. ને હવે રિટાયર હરિભાઈ ગાર્ડ છે. રિટાયર થયાને પણ પચીસ ઉપર થયાં હશે.

આજે તેમને આંબાચૉકમાં કોઈ ન ઓળખે.

'જાળવીને જ ઊતરીશ. મારો હાથ જરા કડક પકડ.' બોલી પોતાનો અણગમો પ્રકટ કરવા દીકરા તરફ કતરાઈ જોઈ રહ્યા.

'હવે હેઠા પગ મૂકો જાળવીને' નહોતું બોલવું તો પણ દીકરો કંટાળામાં બોલી ગયો. આ પ્રવીણભાઈ કંઈ નાના નહોતા. પૂરાં સાઠ વટાવી ચૂક્યા હતા.

બૅન્કમાંથી પેન્શન લેવાનું પત્યું એટલે હરિભાઈને દોરીને જાળવીને પ્રવીણભાઈએ બૅન્કનાં પગથિયાં ઉતરાવ્યા. ત્યારે પાછા હરિભાઈ નારેશ્વરદાદાના ઊંચા શિખર પર હવામાં ફરફરતી ધજા જોઈ રહ્યા. મન ભરીને માણસોની, વાહનોની આવનજાવન અને ગિરદી જોઈ રહ્યા.

'જાળવીને. જુઓ ક્યાં ધ્યાન છે?' આમ સંભળાયું ત્યારે પાછા સ્કૂટર પર ને પછી કાળવી બીડના સી-૨૨૪ના પ્લૉટ પર. ત્યારે હરિભાઈ પાછા ઢીલા પડેલા દેખાય.

પણ પ્રવીણભાઈ તો કૅલેન્ડરમાં ચોથી કે પાંચમી તારીખ જુએ ત્યારથી બાપુજીને બૅન્કમાં લઈ જવાના છે એ ખયાલથી જ ઢીલા થઈ જતા. બાપુજીને જૂના ઘર ને અંબાજીના વડમાં રસ હતો તે રસ પ્રવીણભાઈને જરા પણ ન હતો. તો પણ પાંચમી કે ચોથી તારીખનો આ ક્રમ તેમણે જાળવવો પડતો ને થતું કે પાછા તે રેઢિયાળ જગામાં જવું પડશે. જ્યારે હરિભાઈનું પેન્શન પતતું ત્યારે હાશ થતી. અને સી-૨૨૪ પર પહોંચે ત્યારે તેમને નિરાંત થઈ જતી.

બાપુજીને હેમખેમ પહોંચાડી સંસ્કાર કેન્દ્રમાં આવેલા પોતાના ચોથા માળના ફ્લૅટ પર પહોંચતા ત્યાં લગભગ એક વાગી જતો.

વ્યવસ્થિત ગોઠવેલ ફ્લૅટ પર પહોંચી પહેલા તો તે સોફામાં ફસડાઈ પડ્યા. તેમનાં પત્ની તેમની સામે જોઈ ઢીલાં થઈ ગયાં. થોડી વાર મૂંગા રહી બોલ્યાં,'હજી મોડું નથી થયું કંઈ.'

'બાપુજી!'

'કેમ કંઈ થયું કાંઈ?'

'ના.'

ને બાપુજીની ગોઠણથી ઊંચે સુધીની ચટાપટી ચડ્ડી ઉપર અડધી બાંયનું બાંડિયું ને આ બે વસ્ત્રની વચ્ચે અતિશય કૃષ થયેલ, હાડકાં જ માત્રમાં ગોઠવાયેલ હરિભાઈ તેની નજરની કીકીમાં રમ્યા કર્યા.- જાણે પીછો છોડતા નથી. તેમને ભારોભાર ખાર ચડતો. પણ કહે શું? બાપા હતા.

તેમના જમાનામાં ફાસ્ટ ટ્રેન લઈને આવતા ત્યારે આ જ બાપુજી ખંભે કોટ ઝૂલાવતા અલમસ્ત ચાલે સ્ટેશન રોડ પર પસાર થતા ત્યારે દુકાનદાર જોઈ લેતા - હરિભાઈ ગાર્ડ ફાસ્ટ લઈને આવી ગયા છે. તેમનું આવું દૃશ્ય તો પ્રવીણભાઈએ ઘણી વખત જોયેલું છે. એટલે જ તે બાપા વિરુદ્ધ કંઈ બોલી શકતા નથી.

એ જ હરિભાઈ ગાર્ડ જ્યારે અંબાજીના વડ પાસે તેમના ઘરે આવતા ને પગથિયાં ચડતા ત્યારે નાની રિયાસતના ધણી હોય તેવા લાગતા. આજે તેમને જ કહેવું પડે છે -'વહુ બેટા, જરા બ્રશ પર સાબુ લગાડી દેને દાઢી બહુ વધી ગઈ છે.' અત્યારે હરિભાઈ તેમના નાના પુત્ર સાથે રહે છે.

જ્યારે પ્રવીણભાઈ સોફા પરથી ઊઠ્યા ત્યારે જાણે માતેલો સાંઢ તેમના શરીરમાં પ્રવેશી ગયો હોય તેવું તેમને લાગ્યું. બાપાને કંઈક કરી નાખું. પણ શું કરી નાખું? નૉ રહેવાય, નૉ કહેવાય, નૉ સહેવાય. બાપુજીને પણ પ્રવીણભાઈ માટે એટલી જ લાગણી અને પ્રવીણભાઈ માટે અભિમાન પણ ખરું. પ્રવીણભાઈ જ્યારે સોફા પરથી ઊઠ્યા ત્યારે હજી પણ બાપુજી બૅન્ક પર જઈ પેન્શન લઈને આવ્યા તેનો થાક ઊતર્યો નથી. પત્ની બોલી,'હવે જમવાનું પતાવો. મને બીજું કંઈક સૂઝે.'

પત્નીને પણ દાઝ ભરાતી હતી. પત્નીથી પાંડુરંગજીના સ્વાધ્યાય કેન્દ્રમાં પણ જવાતું ન હતું. ત્યાં હતાં ત્યારે કેટલું બધું થતું હતું. અહીંનાં માણસો જ ગમે તેવાં નથી ને.

'તું જમવાજમવાનું કહે છે પણ આવીને થાક તો ખાઉંને.'

'તમે કોઈ દિ થાક્યા નથી આખી જિંદગીમાં. મેં તમને નવરા જોયા નથી.'

અત્યારે પ્રવીણભાઈ જ્યારે જ્યારે બાપાને જોતા ત્યારે ત્યારે તેમના મન પર કોઈ જખ્મ પડ્યો છે ને તે મોટો થતો જાય છે એવું તે અનુભવે છે.

બંનેને એકબીજા તરફ ખૂબ લાગણી. પણ આ વાત પાંચ-છ વર્ષ પહેલાની થઈ ને પ્રવીણભાઈ બાપુજી સામે જોતા જ નહિ. જોતા જ નહિ એટલે જોવે તો બાપાની જેમ જ પોતે પણ બાપાની સામે તાકી જ રહે. બોલે કંઈ જ નહિ. મનમાં બધું સમજે ને ધરબ્યા કરે.

પત્નીએ તેમને જમવાનું કહ્યું. ત્યારે હજી પણ ઊઠવાનું મન નહોતું થતું. તેમને થતું-આ મને થઈ શું ગયું છે? પત્ની પણ તેમની સામે જોતી - આમને થઈ શું ગયું છે? તે મનમાં તો ઘણું સમજતી પણ બોલી ન શકતી.

હરિભાઈ ગાર્ડે પ્રવીણભાઈ જ્યારે પોલિટેક્નિકમાં મિકેનિકલ એન્જિનીઅરિંગના છેલ્લા વર્ષમાં હતા ત્યારે મનમાં નક્કી કરેલ- પ્રીમિઅર ઑટોમોબાઈલમાં પ્રવીણને લગાડી દેવો છે. ભલે દૂર તો દૂર. પણ મોભો કેટલો. પ્રવીણભાઈને આ વાતની જાણ હતી એટલે તેમને અભ્યાસ પછીની કંઈ જ ચિંતા ન હતી.

અંબાજીના વડ નીચે પ્રવીણભાઈ જે સ્પીડમાં સાઇકલ ચલાવતા તેવી ઝડપથી કોઈ જ ચલાવતું નહિ હોય એ સમયમાં.

'તમારે શું કરવું છે હવે?'

'મારે શું કરવાનું હોય. થાળી કર એટલે જમી લઈએ.'

'આપણે બે જ છીએ હવે તો.'

તેમને તેમની ત્રણેત્રણ દીકરીઓ સાસરે ગઈ હતી તે

ક્યારેક અલપઝલપ યાદ આવી જતી હતી. ક્યારેક કોઈ આવી પણ ચડતી પ્રવીણભાઈ પાસે ત્યારે વાતો થતી. મા-દીકરી વચ્ચે, 'પપ્પા થાક્યા નથી લાગતા મમ્મી તને? પહેલા કેવા સ્ફૂર્તિમાં રહેતા!'

પ્રવીણભાઈનો દર રવિવારનો ક્રમ સવારે નવ સુધીમાં છાપુંબાપું પતાવે પછી સ્કૂટરને સાફ કરે. તેમાં પણ જો ક્યાંક સહેજ ગરબડ દેખાય તો આખી ગાડી ખોલી નાખે ને બધા જ સ્પેરપાર્ટ્સ સાફસૂફ કરી પાછા ગોઠવે. તેમનાં પત્ની ત્યારે ત્યાં મજાકમાં કહેતાં, 'તમને મારા કરતાં તમારા સ્કૂટર પર વધારે માયા છે.'

'આનો શું જવાબ આપું?' પ્રવીણભાઈ બોલતા, 'પત્નીઓ આમ જ બોલવાની.' 'શું?'

એક મિત્રે એક જ કીકમાં સ્કૂટર ચાલું થઈ ગયું ત્યારે નવાઈથી જોઈ રહેલો ને બોલ્યો હતો, 'ખરું કહેવાય! એક જ કીકમાં ઊંચકાઈ ગયું.'

'કેટલું જૂનું છે કહો જોઇએ?'

'કેમ ખબર પડે?'

'ત્રીસ વરસ, મારા સાહેબ ત્રીસ વરસ. ગૅરેજમાં કોઈ દિ મોકલ્યું નથી. મારી પત્ની એટલે તારી ભાભી મજાકમાં કહે છે ને- તમે તો... '

આ જ મિત્રને તેમણે ફરિયાદ કરેલી, 'અહીંના રસ્તાભાઈ સા'બ! ટ્રાફિક સેન્સ જ નહિને કોઈને. ડાબી લાઇનમાંથી જમણી તરફ આપણી સાઇડમાં ગાડી નાખે ને રસ્તા પાછા ભાઈસાહેબ! શું કરવું સુરેશભાઈ?'

છેલ્લે પ્રીમિઅર ઑટોમોબાઇલમાંથી રિટાયર થયા તે પહેલા તેમણે ફિયાટ પણ લઈ લીધેલી. તેની પણ એવી જ માવજત. રવિવાર એટલે સ્કૂટર, સાઈકલ ને ફિયાટનો. રિટાયર થયા પછી જાતે ડ્રાઇવ કરી મુંબઈથી ભાવનગર ફિયાટ લાવેલા. પૂરા છસો કિલોમીટર! આ વાત કરતા તે ઊભરાઈ જતા.

એ વખતે તેમને પણ અંબાજીનો વડ, આંબાચૉક ને શેલારસા પીર નજર સામે રમી ગયેલા. મુંબઈથી વરસે બે વરસે ભાવનગર આવતા ત્યારે મોજ પડતી- અંબાજીના વડની બાજુના ઘરમાં. વડની છાયા અને વડ અને મંદિર અને ઘર એ તો બધું ઠીક. પણ ખાસ તો તે બાપુજીને મળવા જ આવતા. તેમણે તો તેમને પ્રીમિઅરમાં ગોઠવી દીધેલો ને લાઇફ બની ગઈ હતી તેમની.

પહેલેથી જ તેમણે રૂઆબ છાંટેલો. તેમની હાથ નીચેના કારીગર જો... અને આ રૂઆબ એટલે કોઈ હરફ ન બોલી શકે સામે. એ દિવસોમાં પ્રીમિઅરની જ ગાડીઓ ભારતભરના રસ્તાઓ પર ધૂમ મચાવતી.

ચારપાંચ વર્ષની નોકરીમાં મુંબઈમાં ફ્લૅટ લઈ લીધો. ત્રણેત્રણ દીકરીઓના જન્મ મુંબઈમાં. મોટી પણ ત્યાં થઈ. પણ લગ્ન કરવા ભાવનગર આવેલા ત્રણે વખતે. પણ પ્રવીણભાઈને આમાંનું કંઈ જ અત્યારે દેખાતું નથી. એ પ્રીમિઅર જાણે હવામાં ગાયબ થઈ ગયું. એ મુંબઈ જાણે અરબી સમુદ્રમાં સમાઈ ગયું. એ મલાડનો વિસ્તાર...

અંબાજીના વડ પાસેના મકાનમાં બાપુજીને મળવા આવતા ત્યારે પણ તેમને પાછા મુંબઈભેગા થઈ જવા મન થતું. ત્યાં તેમનો મોભો હતો. લાઇફ હતી.

બાપુજી સાથે બહુ ઓછું બોલતા. બાપુજીને પણ ખબર હતી કે દીકરો ક્યાંય ગયો નથી. નજીક જ છે. પ્રવીણભાઈને પણ થતું કે બાપુજી ઉંમરલાયક થયા છે પણ વાંધો નથી. બરાબર છે. બંને વચ્ચે એવો ને એવો જ ઉષ્માભર્યો આદર. ભલે બોલે નહિ આખા દિવસમાં તો પણ.

હરિભાઈ ગાર્ડ વર્ષો પહેલા રિટાયર થયા અને અંબાજીના વડવાળા મકાનમાં જ વરસો પસાર કર્યાં. હવે પ્રવીણભાઈ રિટાયર થવાના હતા. આ વિચાર હરિભાઈ ગાર્ડના મગજમાં ચમકી ગયો ને તરવરી રહ્યો.

રિટાયર થતા પહેલાં પ્રવીણભાઈ અંબાજીના વડ નીચેના મકાનમાં રહેવા આવેલા. પોતે જાણે મહેમાન હોય એવું તેમને લાગેલું. ત્યારે હરિભાઈએ ખાસ સમય જોઈને કહ્યું હતું, 'તમે શું નક્કી કર્યું છે?'

'હા બાપુજી, વિચાર કરીએ.'

'રિટાયર થયા પછી ત્યાં રહેવાનો શું અર્થ?'

પ્રવીણભાઈ બાપુજીનો આ વિચાર ગયા વખતે તે આવ્યા ત્યારે પામી ગયેલા. પણ કોઠું નહોતું આપ્યું.

'તો હવે વિચાર કરી નાખો.'

'કરીએ.'

ત્યારપછી એકલા અલપઝલપ બે દિવસ માટે આવેલા ત્યારે સ્પષ્ટ શબ્દોમાં તેમણે બાપુજીને કહેલું, 'આવીને રહેવાનું તો અહીં અંબાજીના વડવાળા ખાંચામાંને?' તેમણે બાપુજીને સમજાવેલા, 'તમે બાપુજી બહાર નીકળો. કુટિમારો આ રેઢિયાળ ને ગંધાતી જગાને. અહીં માણસોને ચાલતા પણ ક્યાં આવડે છે?'

ગાર્ડબાબુ જોઈ રહેલા.

'કાળિયા બિડમાં પ્લૉટ છે જ ને?'

'તો મકાન કેમ નથી કરતા? હિલ ડ્રાઇવ જેવો પૉશ એરિયા.'

હરિભાઈ ગાર્ડના મગજમાં આ બરાબર ગોઠવાઈ ગયું, 'તમારો વિચાર શું છે મુંબઈનો?'

'હિલ ડ્રાઇવ પર કે કાળિયા બીડમાં હું પણ ગોઠવાઈ જઈશ.'

મનમાં હરિભાઈને થયું હતું - પછી બાપ દીકરો નજીક ને નજીક.

કાળિયા બીડમાં પ્લૉટ હરિભાઈએ તેમના નાના દીકરા માટે લીધેલો. ત્યાં ચણતર કામ શરૂ થયું. અહીં પ્રીમિઅર

ઑટોમોબાઈલમાંથી માતબર રકમ લઈ પ્રવીણભાઈ રિટાયર થયા. અતિશય જુસ્સામાં હતા ત્યારે પ્રવીણભાઈ.

બાપુજીએ તેમનું કહેવું માની અંબાજીના વડવાળા ખાંચાનું મકાન ફૂંકી માર્યું એક મેમણને. ત્યારે હરિભાઈ ગાર્ડ પંચોતેર ઉપરના હતા ને પ્રવીણભાઈ પંચાવન ઉપરના. ત્રણેક વર્ષમાં તેમણે પણ હિલ ડ્રાઈવ એરિયામાં ફ્લૅટ લઈ લીધો ને મુંબઈનો ફ્લૅટ હા-ના હા-ના કરતા વેચી નાખ્યો.

'તમે બાપુજી સાથે જઈને આવો પછી ઢીલા કેમ પડી જાવ છો?' પત્નીએ કહ્યું,'જમવાની ઇચ્છા નથી થતીને?' ભાવનગર આવ્યાં પછી પત્ની ઘણી વખત આ બોલેલી. પ્રવીણભાઈ શું બોલે? અને પછી પત્નીએ વાત આગળ ન ચલાવી. પણ પ્રવીણભાઈ વિચારતા હતા - આ બધું કેટલું ઝડપથી બની ગયું કે... અને પાછું વિચાર્યા વગર.

'શું બોલો છો તમે?'

'મેં કંઈ તને કહ્યું નથી.'

અહીંની હવા જ તેમને હવે ગમતી નથી. ત્યાં અંબાજીના વડ પાસે તો કેમ રહેવાય! - પ્રવીણભાઈ વિચારતા હતા.

'ના ભાઈ ના, હું કંઈ જ બોલ્યો નથી. પણ અહીંના માણસોમાં ટ્રાફિક સેન્સ પણ નથી.' પ્રવીણભાઈ બોલ્યા,'સરખી રીતે વાહન કાઢતા દમ આવી જાય.' તેમના મગજમાં મુંબઈ આજે પાછું વસી ગયું હતું,'જ્યાં જુઓ ત્યાં પાંચછ જણા ઊભા જ હોય ટોળામાં. હતું ત્યાં આવું કંઈ? માણસો પાસે વખત હોય તો ઊભા રહેને!'

'પણ એમાં તમારે શું છે?'

'ના, મારે કંઈ નથી. કંઈ નથી મારે, કેમ?'

'તમે બાપુજીને બૅન્કમાં લઈ જવાનું બંધ કરો. જશે એમની મેળે આફૂડા.'

'કેટલી વાર કીધું. સમજાવ્યા. કાળવી બીડમાં જ બૅન્ક છે. પેન્શનની વ્યવસ્થા અહીં ફેરવી નાખો. તો કહે ના. એમને તો સ્ટેશન રોડ, અંબાજીનો વડ ને ત્યાંથી આંબાચૉકની સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા જ જોઈએ છે.'

મલાડનો ફ્લૅટ વેચવાની વાત થઈ ત્યારે પત્નીએ ના પાડી હતી- તમને આ ભૂત ભરાયું છે? તમને ત્યાં ગમશે હવે?

પણ પ્રવીણભાઈ ન માન્યા જેમ હરિભાઈ ગાર્ડના મગજમાં ભૂત ભરાયેલ- પ્રવીણને મારે અહીં જ લાવવો છે તેમ.

પ્રવીણના મગજમાં ફ્લૅટ વેચવા ઉપરાંત અહીં ફ્લૅટ લેવાનું અને બાપુજી અંબાજીના વડવાળું મકાન વેચી નાખે એવી ગોઠવણ ચાલતી હતી. બાપ-દીકરા વચ્ચે સામસામો ગોળીબાર થાય એ રીતે. બધું નક્કી થઈ ગયું. કેટલી ઝડપથી? પ્રવીણભાઈને અત્યારે આ નવાઈ જેવું લાગે છે.

ફ્લૅટ લઈને તરત જ ઇન્ટિરીઅર ડેકોરેશનમાં મચી પડ્યા. ક્યાંય પણ સહેજ પણ ઇન્ડિસન્ટ ન લાગવું જોઈએ. અસલ મલાડના ફ્લૅટ જેમ જ બધું જોઇએ. દીવાલનો રંગ તો અમુક. સોફા તો અમુક જ પ્રકારના ને રંગના. નીચે ગાલીચા અમુક ડિઝાઇનના અને ગૅલરિમાં ફૂલ-છોડનાં કૂંડાં પણ ખરાં. બીજું ફર્નિચર અવ્વલ નંબરનું. આમાં વરસ જેવો સમય પસાર થઈ ગયો. જાણે પોતે પાછા મલાડમાં જ...

તેમને તો એ પણ નવાઇ લાગે છે કે ત્રણેત્રણ દીકરીઓનાં લગ્ન પણ કંઈ જ તકલીફ વગર થઈ ગયાં. માન્યામાં નથી આવતું પ્રવીણભાઈને. આ લગ્ન બાબત અનેક જગાએ વાત કરી હશે તેમણે - સાહેબ સાચું કહું છું લક બીજું કંઈ નહિ.

બસ ત્યાર પછી ક્ષિતિજમાં... મલાડ...

એકલા પડ્યા. સમય જતો નથી. શહેર માફક નથી આવતું. આ બધું ધીમે ધીમે શરૂ થયું. મલાડનો વિસ્તાર અવારનવાર મનમાં માથું ઊંચકવા માંડ્યો. ગાડી સ્કૂટર કેટલી વાર સાફ કરાય? ગાંડા જ ગણેને. અને ભાવનગરનો સેન્સલેસ ટ્રાફિક અને અંતે મહિનામાં એક વખત અંબાજીનો વડ, આંબાચૉક ને બૅન્ક તો ખરાં જ.

પહેલી તારીખ પછી બાપુજીને બૅન્ક માટે લેવા જાય ત્યારે બાપુજી ધીમે ધીમે તૈયાર થાય. મૂંગામૂંગા થોડી વાર પ્રવીણભાઈ સામે જોઈ રહે, બોલ્યા વગર. પ્રવીણભાઈ બાપુજીની વેધક નજરમાં કંઈક અણગમતું અને પ્રવીણભાઈની નજરમાં બાપુજી કંઈક અણગમતું - ને બંને નજર આમતેમ ફેરવી લે છે.

બાપદીકરો એકબીજાની પરિસ્થિતિનો તાગ મેળવી ચૂક્યા છે એવું કંઈક બંને સમજી ગયા છે. હવે થોડોથોડો તિરસ્કાર પણ તેમાં ભળવા માંડ્યો છે.

પ્રવીણભાઈને થાય છે કે પેન્શન લેવા માટે બાપુજી ધરાર બૅન્ક નહિ બદલે. અંબાજીના વડનું મકાન વેચવા કેમ રાજી થયા તે નવાઈ જેવું લાગે છે.

હરિભાઈ ગાર્ડ સ્કૂટર પાછળ ગોઠવાય છે ત્યારે પ્રવીણ-ભાઈ મલાડવાળા ફ્લૅટમાંથી નીચે ઊતરી બાપુજીને લેવા આવ્યા હોય એવી ઘડીભર કલ્પના કરવા પ્રયત્ન કરે છે. પણ મનને છેતરી નથી શકતા.

અને પછી અમીપરા, સ્ટેશન રોડ, અંબાજીનો વડ અને આંબાચૉકની સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા. મને એક અટેક આવી ગયો છે. બાપુજી બધું જાણે છે છતાં ધરાર બૅન્ક બદલતા નથી આવા ગુસ્સા ને મનોભાવ સાથે જ્યારે સ્કૂટર આંબાચૉકમાં અટકે છે ત્યાં સુધીમાં હરિભાઈને જોઈતો ઑક્સિજન મળી જાય છે એક મહિના પૂરતો.

મુંબઈની પોતાની રિયાસતમાંથી હકાલપટ્ટી પામ્યા હોય તેમ પ્રવીણભાઈ બોલે છે,'મારે હમણાં જમવું નથી. થોડું સૂઈ લઉં.'

'ના ના હોં. ઊંઘવું નથી આપણે. ખબર છે ને કોલેસ્ટરોલ પાછું? ચોખ્ખી હવામાં ફરવા પણ જતા નથી હમણાંથી ખબર છે ને?'

❑

'ઝાંઝર' - ફરી એક વાર!

અનુલેખકઃ ડૉ. કનક ર. રાવળ

મૂળ લેખકઃ સ્વ. પન્નાલાલ પટેલ

[પૂર્વભૂમિકાઃ ચાલીસ વર્ષો પહેલાં સ્વ. પન્નાલાલ પટેલલિખિત ટૂંકી વાર્તા 'ઝાંઝર' વાંચી હતી. તેનું કથાવસ્તુ અનન્ય હતું. આપણા સમાજની ભીતરમાં કેવી અવનવી ઘટનાઓ બનતી હોય છે તેનો એક કિસ્સો કથાકારે રજૂ કરેલો. નીતિ-અનીતિ, મૈત્રી બંધનો, જાતીયતા, ચારિત્ર્ય વગેરેને લગતા અનેક પ્રશ્નો આ કથા ઉપજાવે છે.

છેલ્લાં બે એક વર્ષોથી મૂળ વાર્તાની ભાળ માટે અનેક સાક્ષર મિત્રોને પૃછ્યું, પણ પત્તો ના લાગ્યો. આ વાર્તા ફરી કહેવા જેવી છે તેવી ઊર્મિ પ્રકટી. પન્નાલાલ તો એક સિદ્ધહસ્ત સર્જક થઈ ગયા. તેમના પેંગડામાં મારો પગ ક્યાંથી પહોંચે? પણ એક અંગ્રેજ લેખક એરિક નાઇટે કહ્યું છે, 'કોઈ પણ વાર્તા જ્યારે ફરી કહેવાય છે ત્યારે તે નવો સ્વાંગ સજે છે.' આ ન્યાયે જૂની યાદોની ધુમ્મસમાંથી મૂળ વાર્તાના અંશો ફરી એક વાર પ્રસ્તુત થયા. અસલ વાર્તાના યોગદાન માટે શ્રી પન્નાલાલને શ્રદ્ધાંજલી અને તેને પૂનર્જીવિત કરવાના બાલીશ પ્રયત્ન માટે મારી ક્ષમાયાચના.]

શિવરાત્રીના જાગરણ માટે વિમળા ગોરાણીએ સવારથી તૈયારી શરૂ કરી દીધી હતી. પણ મન ચકડોળે ચડ્યું હતું. કાલની આખી રાત પડખાં ફેરવ્યાં હતાં. માંડ ચાર વાગ્યે આંખ મળી ત્યાં પાંચ વાગે 'દૂધ લ્યો'ની હાક ભરવાડણે પાડી.

આગલી સાંજે મોહનભાઈએ આવીને ફરી અરુણ-શારદાનાં લગ્ન માટે વાત ઉપાડી હતી. આ માટે આ જ માસમાં તેમનો પાંચમો ફેરો હતો. પરિણામે વિમળાનું મન ચકડોળે ચડ્યું હતું. બીજા બે દિવસમાં તેમની માંગણીનો ચોક્કસ સ્વીકાર કરવાનો તકાદો કરીને તે પોતાને ઘેર પાછા ગયા હતા.

વિચારોની જમાતને બાજુ કરી મહાદેવજીની પૂજાવિધિની તૈયારીઓમાં મન પરોવવા વિમળાએ પ્રયત્ન કર્યો. જળાધારી સાફ કરી ચોખ્ખા પાણીથી ભરી, વાડામાંથી ફૂલો ચૂંટ્યાં, ચંદન ઘસીને વાટકીમાં ભર્યું. તોય તે મોહનભાઈએ કરેલો પ્રસ્તાવ કોઈ રીતે મનમાંથી રજા લેતો નહોતો. થાકીને પૂજાની ઓરડીમાં જઈને વિમળા ભોળાનાથને ભરોસે 'ઓમ નમઃ શિવાય'નું રટણ કરવા બેઠી. પણ શિવજી ખરેખર શિવરાતની ઘોર નિદ્રામાં હતા અને આશ્રિતને ઓટલે બેસાડી રાખ્યાં. વિમળાનું મન ફરી ભૂતકાળમાં ભમતું થયું...

નેપાડ ગામની વસ્તી બહુ તો પાંચ સો ખોરડાંની. તેમાં માંડ દસેક સવર્ણ કુટુંબો અને બાકીનાં વસવાયાં અને ખેડુ. ગામની બહાર ગામધણી ગુમાનસિંહ ઠાકોરની મેડી. તેમાં સવારથી સાંજ કુસુંબા ચાલે, હજુરિયા દાદા, પરદાદાની શૂરવીરતાની વાતો માંડે, બપોરે જમીને નીંદરું થાય એમ દિવસો વીતે. દિવાળીના દરબારમાં ગામલોક સલામે આવે, નજરાણું ધરે. આ સિવાય અંગ્રેજ રાજના આ થર્ડ ક્લાસ રાજાને રૈયત સાથે કાંઈ લેવા દેવા નહિ.

ગુમાનસિંહજી સિવાય ગામડાગામમાં નામ લેવા જેવા માત્ર મોહનલાલ મોદી અને નરભેશંકર માસ્તર. મોહનલાલ મોદીનો બાપદાદાનો કરિયાણાનો ધંધો અને ધીરધાર પણ ચાલે એટલે ગામના નગરશેઠ કહેવાય. નરભેશંકરના કુટુંબમાં વંશપરંપરાથી અગ્નિહોત્ર ચાલે એટલે તે જવાબદારી છોડી કામધંધા અર્થે કોઈ કુટુંબીજને બીજું કોઈ ગામ જોયેલું નહીં. યજમાનવૃત્તિમાં હવે કોઈ ભલીવાર નહોતો રહ્યો એટલે નરભેશંકરે ગામના એકમાત્ર નિશાળના મોટા માસ્તરની નોકરી સ્વીકારેલી. વખત મળે સારાનરસા પ્રસંગે પૂજાવિધિ કરે એટલે ગામના ગોરની પદવી પણ તેમને મળેલી. મોંઘવારીમાં દક્ષિણાની આવક ટેકો આપતી.

મોહનલાલ અને નરભેશંકરનાં કુટુંબો સાખપડોશી. નરભેશંકર મોહનલાલથી પાંચેક વર્ષ મોટા પણ નાનપણથી ગિલ્લીદંડા અને આંબલીપીપળી સાથે ખેલેલા. આ નાનપણનો સહવાસ જીવનપર્યંત મૈત્રીમાં પરિણમેલો. ભાઈબંધ એવા કે ભાઈ-ભાઈને શરમાવે.

મોહનલાલનાં ઘરવાળાં રંભા શેઠાણી અને નરભેશંકરના વહુ વિમળાગોરાણી પણ નાનપણથી સખીઓ. રાતના સૂવાના સમય સિવાય આખો દિવસ સાથે ને સાથે. ગામડામાં છોકરીઓને નિશાળ કેવી? ઘરકામ ના હોય ત્યારે કૂકા, પગથિયાંની રમતો ચાલે. શ્રાવણના તહેવારોમાં જાગરણ થાય અને ચોપાટ ખેલાય. ગોરોના દિવસમાં જુવારા પણ સાથે ઉગાડે અને મોળાકાત એક શેતરંજીએ બેસીને કરે. માની લ્યો કે બંને માજણી બહેનો! કન્યાકાળ વીતે બંને છોકરીઓનાં લગ્ન પણ ગામમાં જ થયાં. આ તો સોનામાં સુગંધ ભળી, કારણ કે અંગત મૈત્રી બંને દંપતીમાં ગાઢી થઈ. વારતહેવારે બધાં સાથે ને સાથે. લગ્નો, સીમંત, જન્મ-મરણ, તહેવારો મોદી અને માસ્તરના પરિવારો સાથે જ ઊજવે.

વરસો જતાં વિમળાગોરાણીએ અરુણને જન્મ આપ્યો. બે વર્ષ પછી રંભા શેઠાણીને શારદા જન્મી. સમય સમયનું કામ કરે છે. ટૂંકી માંદગીમાં રંભા શેઠાણી શ્રીજી દરબારમાં સીધાવ્યાં. તેને બીજે વર્ષે નરભેશંકર શિવધામ પધાર્યા.

ચાર મિત્રોમાંથી હવે માત્ર એક વિધુર પતિ અને એક વિધવા પત્ની પાછળ રહ્યાં. જૂના સંબંધના નાતે મોહનલાલ

વિમળાગોરાણીની વારતહેવારે ખબર રાખતા. વિમળા નરભેશંકરના સ્કૂલબોર્ડના પેન્શનમાં કરકસર કરીને નિર્વાહ ચલાવતી. શારદા હજુ નાની હતી એટલે ગોરાણી તેના સારા ઉછેર માટે પોતાને ઘેર બોલાવી ધ્યાન આપતાં. બંને કુટુંબોનાં ઘર તો બાજુબાજુમાં જ હતાં. અરુણ ભણવામાં હોંશિયાર હતો. જૂની મૈત્રીને દાવે મોહનલાલે તેને શિષ્યવૃત્તિ આપી એમ.એ. સુધી પહોંચાડ્યો અને તેની જ શારદા હવે વીસ વર્ષની થઈ ગઈ હતી અને મોહનલાલને તેના ભવિષ્યની ફિકર શરૂ થઈ ગઈ હતી.

*

બહાર પવનથી બારણું ભટકાતાં તેના અવાજથી શિવ-સ્તુતિમાં મગ્ન થયેલી વિમળા ચમકીને વાસ્તવિક્તાની ભોંય પર પછડાઈ. ફરી વિચારમંથન શરૂ થયું. છેલ્લાં બે અઠવાડિયાંથી મોહનલાલ આવે ત્યારે એની એ જ વાત દોહરાવે,'જુઓ બેન, શારદાને કન્યાકાળ વીતતો જાય છે અને મારી નજરમાં તમારો અરુણ છે. મને વાણિયા-બામણનો બાધ નથી. તમે હા પાડો તો મારો મોટોભાઈ નરભો સ્વર્ગમાંથી આશિષ મોકલશે. પછી મને આ નમાઈ છોકરીની ચિંતા ટળશે. રામ-સીતાની જોડી નિરખશો.'

આ વાત આવે ને વિમળાના મ્હોં પર તાળાં વાગી જાય. ચહેરો વિકળ બની જાય અને,'હશે, જોઈશું' એમ મોળો ઉદ્ગાર સરી પડે. સાંભળીને ડોકું ધુણાવતા મોહનલાલ વીલા મોઢે પાછા જાય.

શિવરાત્રીને બીજે જ દિવસે સવારમાં જ મોહનલાલ શ્રીફળ અને રૂપિયો લઈને હાજર થયા. આવીને કીધું,'આજ તો ગોળધાણા ખાઈને જ પાછો જઈશ. આપણી મૈત્રીના સોગંદ જો તમે હવે આ માગું પાછું ઠેલો તો. ના માનો તો તમારે આંગણે મારા અનશન.'

વિમળા બિચારીના હોશકોશ ઊડી ગયા. આ વાસ્તવિક્તા ભૂતાવળ જેવી બિહામણી લાગી. આંખમાં નીરનાં પૂર ધસમસ્યાં. તોય તે મન કઠણ કરીને કહેવા લાગી: 'જુવો બાબુભાઈ (મોહનલાલનું હુલામણું નામ), મારી એક વાત સાંભળો પછી તમે જ નિર્ણય કરજો.'

ફરી અટકી, બાજુના પ્યાલામાંથી થોડું પાણી પીને વાત આગળ ચલાવી: 'તમને યાદ છે ને? પચીસ વર્ષો પહેલાં રામપુર તમારા સાળાની જાનમાં આપણે સાથે ગયાં હતાં?' મોહનલાલે હકારમાં માથું હલાવ્યું.

'તમારા વેવાઈએ સૌની સારી સરભરા કરી હતી. ત્યાંની નિશાળના પ્રાર્થનાખંડમાં આપણને જાનીવાસો આપ્યો હતો. લગન તો બીજે દિવસે હતાં, પણ અમે બૈરામંડળે આખો દિવસ ગપ્પાં મારવાનાં અને ફટાણાં ગાવામાં ગાળ્યો. જમીને મોડી રાત્રે થાક્યાંપાક્યાં આવીને તરત જ સૂઈ ગયાં...'

વિમળાના ફિક્કા ચહેરા પર લાલાશ તરવા માંડી અને હવે મહામુશ્કેલીએ વાતનો દોર જારી રાખવા મથી રહી: 'તમને તો ખબર છે કે રંભા અને મારાં કેવાં બેનપણાં હતાં? અમે બે ખોળિયાંમાં એક પ્રાણ હતાં. અમે નવાં લૂગડાં સિવડાવીએ તો પણ અદલાબદલી કરીને એકબીજાંને નીરખીએ.'

ફરી એક ઊંડો શ્વાસ લઈને બોલી:'તે રાત્રે જાનીવાસામાં એક બાજુ મરદો અને બીજી બાજુ બૈરાંઓ મોટા હૉલમાં જમીન પર સૂતાં હતાં. મારાં ને રંભાનાં ગાદલાં પણ પાસે જ હતાં.'

વિમળાની વ્યાકુળતા હવે અપાર થઈ હતી તોય પરાણે તેણે બયાન આગળ ધપાવ્યું;'મોડી રાત્રે કોક આવ્યું અને મારા પગ ફંફોસ્યા. મારા પગ પરનાં ઝાંઝરની ઘૂઘરીનો અવાજ થતાં એક હાશકારો, નિશ્વાસ સંભળાયો.'અલી રંભા' એમ ધીમેથી બોલતા તમે મારી સોડમાં આવ્યા. સફાળી થતાં મને ભાન આવી ગયું કે તમે છો. તે પછીની પળોએ મારા હૈયા પર ઘંટીભાર મૂકી દીધો. હું શરમમાં અધમૂઈ થઈ ગઈ. સમાજમાં તમારી, રંભાની-આપણી સૌની આબરૂનું શું? બોલું? ના બોલું? સાવ શૂન્યમનસ્ક, અંધારું હતું અને તમે તો અંધારામાં સરી ગયા પોતાની પથારીમાં. સવારે ઊઠતાંવેંત મેં મૂંગા મૂંગા રંભાને તમે ખાસ લગ્નપ્રસંગે કરાવી આપેલાં ઝાંઝર પાછાં આપી દીધાં. તેણે મને આગલે દિવસે ગરબા વખતે પહેરવાં આપ્યાં હતાં.'

'અરુણ અને શારદા ભાઈ...' વિમળામાં વાક્ય પૂરું કરવાની હામ નહોતી રહી. ❐

અનુસંધાન] પ્રિન્સિપાલ કલવચવાલા [પૃ. ૫૧૯ થી

એવું તેમને પૂરેપૂરા ન ઓળખ્યા હોય તે લોકો જ વિચારી શકે. એક વખત સંસ્થામાં પ્રવેશવાના મુખ્ય રસ્તા વચોવચ એક ચાર ફૂટ લાંબો સાપ અડ્ડો જમાવી ગૂંચળું વળી બેસી ગયેલો. સાપ સહેજ અવાજ થાય તો પણ ભાગી છૂટે છે. કોઈ કારણસર આ સાપ તેની જગ્યાએથી હટતો જ નહોતો. લીંબુ લટકી જાય તેવી મોટી મૂછોવાળા પહેરેગીર અને માળી હાથમાં સાણસો અને લાકડી લઈને સાપ ફરતા આંટા મારે, પરંતુ નજીક જવા જાય તો સાપ ફૂંફાડો મારે એટલે ડરીને પાછા હટી જાય. એ સમયે સાહેબ આવ્યા. પહેરેગીર પાસેથી સાણસો માગી સાપ પકડી દૂર આવેલા નાળામાં નાખી આવ્યા. હવે તમે જ કહો જે માણસ જીવતા મોત જેવા ફૂંફાડા મારતા સાપથી ન ડર્યો તે લુખ્ખી ગુંડાગીરી કરતાં વિદ્યાર્થી કે ભ્રષ્ટ અધિકારી અથવા સહકાર્યકરથી ડરે ખરો?

પગાર લઈને કાર્ય કર્યું છે છતાં સાહેબે સાચા અર્થમાં શૈક્ષણિક ક્ષેત્રની અને સમાજની સેવા કરી છે. સાહેબને નવાજવા માટે ચીલાચાલુ વિશેષણો ટૂંકાં પડે તેમ છે. એમને બિરુદ આપવા માટે અભણ રેંકડીવાળા મજૂરના શબ્દો યાદ કરવા પડે,'है कोई माईका लाल'સાહેબ એમના ક્ષેત્રના સર્વોચ્ચ પદ 'ડિરેક્ટર ઑફ ટેક્નિકલ ઍજ્યુકેશન બોર્ડ' પર રહી નિવૃત્ત થયેલ છે. એમને એ જાણી ખુશી થશે કે અભ્યાસકાળ દરમ્યાન એમને ધિક્કારતા હજારો નાદાન વિદ્યાર્થીઓ એન્જિનીઅર બની પીઢ થયા પછી મારી માફક માન અને પ્રેમથી તેમને યાદ કરે છે! ❐

માનવજાત: ત્રિભેટે

પ્રહ્લાદ છ. પટેલ

આ પૃથ્વી ઉપર ઉત્પાત અને મહાપ્રલયની અનેક ઘટનાઓ બની છે. ઇતિહાસ તેની સાક્ષી પૂરે છે. ગુજરાતના તાજેતરના વિનાશક ભૂકંપનો આવિષ્કાર પ્રલયનું પ્રથમ ચરણ હોઈ શકે. આવી ઘટનાઓ દરમ્યાન પ્રાણીઓ અને વનસ્પતિના સમૂહોમાં ઘણી ચડતી-પડતી, ઊથલ-પાથલો થવા પામી. પૃથ્વી ઉપર જ્યારથી માણસનો વિકાસ થયો ત્યારથી આ પૃથ્વી-ગ્રહ બે પ્રકારનો ભાર વહન કરે છે, એટલે કે બે પ્રકારની મુસીબતો વેઠે છે- એક પ્રાકૃતિક ફેરફારોને કારણે અને બીજી માણસની આડેધડ પ્રવૃત્તિઓને કારણે. માણસ બુદ્ધિશાળી હોઈને રહેવા માટે પર્યાવરણને યુક્તિપૂર્વક ગોઠવે છે. આને કારણે કેટલીક અક્ષમ્ય સમસ્યાઓ સર્જાય છે. આવે સમયે કેટલાક પ્રશ્નો પેદા થાય તે સ્વાભાવિક છે. શું માણસ પ્રકૃતિને છળ-કપટથી ઘેરતો જ રહેશે? પોતાના ફાયદા માટે માણસ કુદરતના નિયમોને મરોડ આપતો રહેશે? અત્યારે એટલું તો જરૂરથી કહી શકાય કે સલામત જીવન માટે વિકાસની પદ્ધતિઓ પ્રત્યે પુનઃ વિચારણા કરવી અનિવાર્ય છે. તે મુજબ સમૃદ્ધ લોકો અને રાષ્ટ્રોએ અન્યને હાનિકારક એવી લોભવૃત્તિને રોકવી પડશે અને નિર્ધન કે નબળાઓની જરૂરિયાતો ખાતરીપૂર્વક પૂરી કરવાની રહેશે. જે રીતે આપણે વર્તમાનમાં જીવીએ છીએ અને જીવન તથા પ્રકૃત્તિ પ્રત્યે જે તત્ત્વદર્શન ધરાવીએ છીએ તેમાં ધરખમ અને ગુણાત્મક ફેરફાર કરવો પડશે. એટલે કે પારિસ્થિતિક દર્શન સમજવું પડશે. તેમાં પરિસ્થિતિકીય રીતે સલામત અને સ્વસ્થ હોય તેવા માર્ગે વિકાસ કરવાનો રહે છે. આ પદ્ધતિઓ ઉત્ક્રાંતિને પુષ્ટિ આપવા માટે સક્ષમ હોવી અનિવાર્ય છે. કુદરત સાથે તાલમેલ સાધવાનું માણસે ગંભીરપણે વિચારવાનું રહે છે.

માણસ લોભી અને વૈભવી બનશે તો ગોથાં ખાતાંખાતાં આત્મવિનાશને નોતરશે. માણસે થોડા પાછા વળીને જોવું પડશે કે તે શું હતો અને કેવા માર્ગે ને શું થવા ચાહે છે.

એક સમય હતો જ્યારે માણસ ભટકતો ફરતો હતો. હવે તે સ્થાયી જીવન-શૈલી તરફ જઈ રહ્યો છે. આજે માણસ ભૂમિપુત્ર થયો છે. અનાજ અને અન્ય આવશ્યક પદાર્થોનું ઉત્પાદન કરતો થયો. આવશ્યક ઉત્પાદનો સાથેસાથે તે જનસંખ્યા વધારતો રહ્યો છે. કાળાન્તરે ધરતી ઉપર વસ્તીનું ભારણ વધી ગયું. અનાજ અને જીવન-જરૂરિયાતોની માંગ વધતી ગઈ. વર્ષો પહેલાંનાં મૂળ ધાન્યનો છોડ અને પ્રાણીઓ ઓછું ઉત્પાદન આપતાં હતાં પણ તેમાં કસ વધારે હતો એટલે કે પુષ્ટિકર હતાં. જનસંખ્યાના વધારા સાથે અનાજના વધુ ઉત્પાદનની અનિવાર્યતા ઊભી થઈ. તે માટે વધુ ઉત્પાદન આપે તેવી હાઈબ્રીડ જાતો શોધાઈ. વધુ રોટીની સાથે સાથે વધુ કપડાં અને મકાનોની જરૂરિયાત ઊભી થઈ અને આ બધું માણસે કુદરત પાસેથી જ મેળવવાનું હતું - છે. જૈવવૈવિધ્ય એ પ્રકૃતિની અપાર દેણ છે. જ્યારે કૃષિવૈવિધ્ય એ માનવબુદ્ધિનું પ્રદાન છે. શરૂઆતમાં આ બધું ભોળાભાવે ચાલ્યું. સાહજિક સુવિધાઓ પ્રાપ્ત કરવા માટે ચાલ્યું. તેવે સમયે માણસના મનમાં નિર્દોષતા હતી. પણ જેમ જેમ માણસ વિકાસ સાધતો ગયો તેમ તેમ તેના ઈરાદા પણ બદલાયા. તે આનુવંશિકી અને પ્રજનનના અનુપ્રયોગોને હિસાબે ઈરાદા સાથે ધ્યેયલક્ષી બન્યો.

એક તરફ કુદરત મહાકૃપાળુ છે તો બીજી તરફ તે એટલી જ કઠોર અને ક્રૂર છે, કારણ કે 'યોગ્યતમની ટકી રહેવાની શક્તિ' એ કુદરતનો પાયાનો નિયમ છે. પર્યાવરણને પોતાની અનુકૂળતા મુજબ યુક્તિપૂર્વક ગોઠવવામાં માણસે પાછા વળીને જોયું નથી. તેમાં માણસે કુદરતની નક્કર વાસ્તવિકતા તથા નિસર્ગની પસંદગીની અવગણના કરી છે.

ભૂતકાળમાં ડોકિયું કરતાં દેખાય છે કે (૧) પાષાણક્રાંતિ, (૨) કૃષિક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિ ધ્યાન ખેંચનારી ક્રાંતિઓ રહી છે. જીવનધોરણ ઉન્નત કરવા માટે ઔદ્યોગિક ક્રાંતિ આશીર્વાદ રૂપ છે તો બીજી બાજુ પર્યાવરણની અવનતિ માટે જવાબદાર છે. ઉદ્યોગોનાં ઘન, પ્રવાહી અને વાયુ રૂપ કચરાથી માણસનું ભાવિ જોખમમાં પડશે. સમગ્ર પૃથ્વી ગ્રહ ઉપર ભય તોળાતો રહેશે અને ખુદ પૃથ્વીના અસ્તિત્વ સામે સંખ્યાબંધ પ્રશ્નો ખડકાશે. અતઃ વંશપ્રરૂપ માનવો જેમને પ્રાકૃતિક પરિસ્થિતિમાં રહેવા માટે કોઈ ઉપાય નહીં હોય તેમને માણસની બુદ્ધિ ઉપર જીવવાની ફરજ પડશે. એટલે આવાં લોકોએ તેમનું પોતાનું પર્યાવરણ ઊભું કરવું પડશે- જેમાં સારો આહાર, સારાં જીવનધોરણ, સારાં અને અસરકારક ઔષધો ઉપલબ્ધ કરવાનાં રહેશે. એટલે કે ગમે તેમ કરીને (શામ, દામ, દંડ, ભેદની નીતિ પ્રમાણે) અને કોઈ પણ (વાજબી) રીતે જીવનનો ખયાલ તેમાં રહેલો છે. પ્રકૃતિની પસંદગીઓની સતત અવગણના કરીને માણસ સમય અને સ્થળ સામે ટકી શકે ખરો? અન્ય જીવજાતિઓથી ભિન્ન રીતે જીવવા માટે માણસ નિર્મિત થયો છે? થયો હોય તો પણ તેણે અન્ય જાતિઓના અસ્તિત્વનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી.

માણસે લાંબા સમયથી શું મેળવ્યું છે અને હવે પછી તે શું મેળવવા માગે છે તેનો અંદાજ કાઢવો જોઈએ, હિસાબ કરવો જોઈએ. ત્યાર બાદ થોડુંક વિચારવું જોઈએ કે તે જે કંઈ કરે છે તે બધું કુદરતના ક્રમ સાથે સંગત કે વિસંગત છે. માણસે આજે જે કંઈ કર્યું છે અને જેને માટે તે ગૌરવાન્વિત થઈ રહ્યો છે તે બધા જ માર્ગો ભવિષ્ય માટે જોખમરૂપ છે. માણસ કુદરત સાથે સહસર્જક

બનતો જાય છે તે ઘટનાનું વાજબીપણ વિચાર માગી લે છે. પશુ-પંખીઓએ કુદરતના કાયદા અને સામ્રાજ્યને માન આપ્યું છે માટે તે બધાં પશુ-પંખીઓ જ રહ્યાં. પણ માણસે જે રીતે વિકાસ સાધ્યો છે તેમાં તેણે કુદરતની ધરાર અવહેલના કરી છે. સાથે શું પશુ-પંખીઓ વાસ્તવમાં દુ:ખી થયાં છે? અને માણસ સુખી થયો છે ખરો? વૃક્ષો, પાણી, પર્વતો, પશુઓ હકીકતે માણસનાં મિત્રો છે. પણ માણસે તેમની સાથે માનવીય વ્યવહાર કર્યો તેથી વૃક્ષો, પશુ-પંખીઓ, પર્વતો અને પાણીએ પર્યાવરણની સમતુલા બનાવી છે. તે સમતુલાનો ભંગ કરવાનું કૃત્ય માણસ નિભાવી રહ્યો છે. પૃથ્વીના હાર્દસમા વનસંપદાનાં વૃક્ષોના સામૂહિક અને આડેધડ નિકંદન, ઓઝોનનાં ગાબડાં, કાર્બન ડાયૉક્સાઇડ અને અન્ય ઝેરી વાયુઓના ભરાવા, આબોહવામાં થતા ફેરફારો અને લુપ્ત થતી જતી સજીવ-સૃષ્ટિ સામે આપણે કોઈ રીતે બચાવ કરી શકીએ તેમ નથી. આ બધા ફેરફારો માણસની આયોજિત દરમ્યાન-ગીરીથી થયા છે અને થતા જાય છે. આ બધામાં અત્યંત ખેદની વાત એ છે કે માણસ તેના પોતાના ફાયદાઓ માટે અન્ય જાતિઓનો ભોગ લેતો જાય છે. આ બધું કર્યા પછી માણસ એમ સમજતો હોય કે તે સલામત છે તો ત્યાં જ તે મોટી થાપ ખાય છે. સુવિધા સંપન્ન કરવા માટે માણસ જે રીતે કુદરતનો ખજાનો ખાલી કરી રહ્યો છે તે રીતે પ્રમાણસર જીવન જીવવાની બાંહેધરીઓ પણ ખતમ થતી જાય છે. માણસનો કૃત્રિમ જીવન-વ્યવહાર તેને ક્યાં લઈ જશે?

પર્યાવરણ સાથે સૌહાર્દપૂર્ણ ન રહેતાં, નાઈલ, બેબિલોનિયન, સિંધુ, હોવાંગ હો અને મયાન જેવી પૂરબહારમાં ખીલેલી સંસ્કૃતિઓ ગણતરીની ઘડીઓમાં ધરાશાયી થઈ ગઈ. તેમાં માણસની આડેધડ પ્રવૃત્તિઓ જવાબદાર હતી. આ બધું જાણવા છતાં આજનો માણસ ભૂતકાળમાંથી કોઈ સારગ્રહણ કરવા તૈયાર નથી. નિરંકુશિત વૃદ્ધિ અને વિકાસ કદાપિ ઝાઝાં ટકતાં નથી તે હકીકતનો સાક્ષી ઈતિહાસ છે.

વિનાશના માર્ગે જતી માનવજાતને એકલદોકલ લોકો ચેતવે છે અને વિકાસની પદ્ધતિઓ ઉપર પુનઃ વિચારણા કરવા કહે છે. તંત્ર લાંબો સમય ટકી રહે તે માટે માણસે ખાતરીપૂર્વક વર્તવું જોઇએ. ગહન ચિંતનને અંતે એવો વ્યૂહ ઉત્ક્રાંત કરવો જોઇએ કે જેથી માનવજાત સમય અને સ્થળ સામે સુરક્ષિત રહે. સજીવસૃષ્ટિ પાસેથી માણસે શીખવું જોઇએ. તેની પાસેથી સારાંશ લેવો જોઇએ. સ્થાનિક, જિલ્લા, રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વ સ્તરે લાંબા અને ટૂંકા ગાળાની વ્યૂહરચના કરવા માટે સંશોધનોને એકત્રિત કરી સામૂહિક રીતે વિચારવાનો સમય પાકી ગયો છે. સજીવ સૃષ્ટિને પૂર્વવત્ કરવા જેટલો વધારે વિલંબ કરવામાં આવશે તેટલો વિનાશ નજીક આવશે. આંખો ચોળતાં ચોળતાં અને હાથ ઘસતાં ઘસતાં લોકો મોતની ગર્તામાં ધરબાશે.

છેલ્લા છ-સાત દસકામાં કૃષિ, ઔષધ, સ્વાસ્થ્ય, વિજ્ઞાન, ઈજનેરી, પ્રૌદ્યોગિકી અને અન્ય ક્ષેત્રે ધૂમ પ્રગતિ થઈ છે. તેને કારણે વિશ્વની જનસંખ્યામાં અમર્યાદિત વધારો થતાં વસતી-વિસ્ફોટ થયો છે. તેની સાથે સાથે અર્થાત્ તેને કારણે હવા, પાણી, જમીન અવનત થયાં છે. ઉપરાંત વનસ્પતિ અને પ્રાણીસમૂહની અવદશા થતાં કેટલીય જાતિઓ લુપ્ત થતી જાય છે. જ્યાં ત્યાં જોખમકારક કચરાના ઢગ ખડકાતા જાય છે. માણસજાતિએ પોતાના વિકાસ માટે જે વિનાશાત્મક પદ્ધતિઓ અખત્યાર કરી છે તેની સામે પાછું વળીને જોવાની તમા રાખી નથી. માણસે જે કોઈ આર્થિક સફળતાઓ સિદ્ધ કરી છે તે તમામ પારિસ્થિતિક મૂલ્યોના ભોગે. આવી નકારાત્મક પરિસ્થિતિની કોઈએ અપેક્ષા કે કલ્પના કરી ન હતી.

વર્તમાન વૃદ્ધિ અને વિકાસને જોતાં મિશ્ર પરિણામો (હકારાત્મક અને નકારાત્મક)નો અનુભવ થઈ રહ્યો છે. ભૂતકાળ (ઇતિહાસ)માંથી કોઈક સાર તો ગ્રહણ કરવો રહ્યો. વાસ્તવિક જીવનશૈલીની સમજને વિસ્તૃત કરવાની રહે છે. જીવનશૈલીના નવા વ્યૂહ માટે ગંભીરપણે વિચારવું અને પ્રકૃતિને અનુરૂપ થઈને જીવતાં શીખવું પડશે.

જૈવઘટનાના એક ભાગરૂપે માનવ-જાત ઉત્ક્રાંત પામી છે. જૈવઘટના ગતિશાસ્ત્રને સમજવા માટે આપણું સ્તર મર્યાદિત છે. જીવનની વાસ્તવિક્તા સાથે સંકળાયેલ કેટલીક સમસ્યાઓના ઉકેલ માટે કમ્પ્યૂટર પરિરૂપ મદદ કરી શકે તેમ છે, પણ કમ્પ્યૂટરની બુદ્ધિ અને સ્વતંત્રપણે વિચારશક્તિ તો આખરે તેની અંદર શું નિવેશ કરવામાં આવે છે તેના ઉપર આધારિત છે. માણસના પરિસરને અનુલક્ષી નીતિ નક્કી કરવા માટે ઘણાં પિરમાણો ધ્યાનમાં લેવાનાં રહે છે. જેમ કે, વસ્તીનું ભારણ, દ્રવ્યનો વપરાશ, સંસાધનોનું પ્રાપ્તવ્ય, પર્યાવરણ ઉપર અસરો, નિમ્નસ્તરીય વિકાસ, નોકરીનું નિર્માણ, વ્યાપાર વગેરે. વૃદ્ધિ નિરંતર થઈ શકે નહીં. કેટલીય પર્યાવરણીય સમસ્યાઓ માણસની વર્તણૂક પરિણામ છે. પ્રકૃતિનો સતત અનાદર અને માણસની અક્ષમ્ય નિષ્ફળતાઓને કારણે માણસે પર્યાવરણીય આપદાનો સામનો કરવો પડે છે. જો કે કોઈ પણ રાષ્ટ્રની સમૃદ્ધિની નિશાની તે કેટલી ઊર્જા પેદા કરી અને કેવી રીતે વાપરે છે તેના ઉપર નિર્ભર છે. મોટા ભાગનાં ઊર્જાસ્વરૂપો આર્થિક અને પારિસ્થિતિક ફાયદા અને ગેરફાયદા ધરાવે છે. ગરીબને પરવડે તેવી બિનપ્રદૂષણીય, નહીંવત્ જોખમ અને વિપુલ ઊર્જા એ દૂરનું સ્વપ્ન છે. પર્યાવરણ સાથેનાં ચેડાંથી વૈશ્વિક આબોહવામાં ફેરફાર થાય છે, જેની અસરો સમુદ્ર, વાતાવરણ, શુદ્ધ પાણી, જમીન, જંગલો અને જૈવવૈવિધ્ય ઉપર પડે છે.

માણસ ભૂતકાળને યાદ કરી શકે છે અને ભવિષ્યનો ખયાલ

કરી શકે છે તેને આધારે પર્યાવરણમાં પ્રવર્તતી અચોક્કસતાનું આછું-પાતળું ચિત્ર તૈયાર કરી શકે છે. આપત્તિઓને ભલે તે નિવારી અટકાવી ન શકે પણ તેની અનિષ્ટ અસરોની તીવ્રતા બેશક ઘટાડી શકાય, તે માટે માપન કરી શકાય તેવું ચોક્કસ કૌશલ્ય વિકસાવવાનું રહે છે.

વિશ્વની મહદંશે કલ્પના કરવામાં જોખમ છે. ભારતની એક રાષ્ટ્ર તરીકે કલ્પના પણ એટલી જ જટિલ છે, કારણ કે તેમાં અનહદ વૈવિધ્ય રહેલું છે. ભારતના કેટલાક ભાગોમાં આગળ-પાછળના જમાનાનું સહઅસ્તિત્વ છે. ભારતીય સમાજમાં પણ એવું જ છે. વિશાળ ભારતમાં જીવનનિર્વાહ માટે પણ તકલીફો છે. આપણા ભારતનો મોટો હિસ્સો એવો છે જેની પાસે પૂરતી મૂડી-મિલકત નથી કે તેના ઉપર તેનું કોઈ નિયંત્રણ નથી. ભારતનો એક નાનો અંશ એવો છે જે શક્તિશાળી છે અને જંગી મૂડી-મિલકત ધરાવે છે તથા તેના ઉપર નિયંત્રણ ધરાવે છે. એક બાજુ માંડમાંડ જીવન-નિર્વાહની પરિસ્થિતિ છે તો બીજી બીજુ અશિષ્ટ વિપુલતા અને સંપત્તિના પ્રદર્શનની તક છે. તેનો મતલબ એ નથી કે ભારત ક્રિયાશીલ લોકશાહી તંત્ર નિભાવે છે. સામાજિક ન્યાયને નજર સમક્ષ રાખી બુદ્ધિગમ્ય સમાનતા સિદ્ધ કરવા માટે ભારતે હજુ લાંબી મજલ કાપવાની છે. આ દેશની જનસંખ્યા ઘણી વધારે છે. તેમાંય મોટા ભાગનાં લોકો ગરીબ છે તે છતાં તે લોકશાહી રાષ્ટ્ર છે, જે બજારુ અર્થતંત્ર ભણી લઈ જાય છે. મોટા ફેરફારો માટે ખૂબ જ કાળજી રાખવી પડે તેમ છે. એક જાતિ તરીકે માણસનું ભાવિ તેના હાથમાં જ છે. માણસજાતિને અન્ય જાતિઓ કરતાં કેટલાક વિશિષ્ટ ફાયદા થયા છે અને તે કેટલાંક કર્તવ્યો નિભાવી શકે છે. જેમ કે, વિકસતા રાષ્ટ્રો માટે જનસંખ્યાનું નિયંત્રણ અને સ્થિરતા એ પર્યાવરણ સાથે નિસબત ધરાવે છે. ધનિકોની અમર્યાદિત એષણાઓ આર્થિક અર્થતંત્રને વિસ્તારવા ફરજ પાડે છે, જેને પરિણામે પર્યાવરણ ઉપર તણાવ આવે છે. વ્યક્તિગત રીતે ધનિકો અને સામૂહિક રીતે રાષ્ટ્રોની લોભવૃત્તિને કારણે માનવજાત પોતાના જીવનરક્ષણ માટેની સ્થિતિ ક્રમશઃ ચૂકતી જાય છે. સમાજ, અર્થતંત્ર અને પર્યાવરણ ઉપર લોભ-વૃત્તિનો પ્રભાવ પડે છે. સામાજિક રીતે આ બધું ત્રાસદાયક છે પણ તે દૂર કરી શકાય તેમ છે.

જમીનની અવનતિ અને વનોન્મૂલનથી પર્યાવરણને નોંધપાત્ર નુકસાન થયું છે અને જળતંત્રને ભારે જફા પહોંચાડી છે. અપવ્યય(કચરા)ને જમીન અને પાણીમાં ધરબી દેવાનું પાલવે તેમ નથી. તે બધાં પ્રદૂષણનાં ઉદ્‌ભવસ્થાનો છે, જે આરોગ્ય માટે ખતરનાક છે. ગંદા આવાસો પ્રત્યે પર્યાવરણ ઇજનેરોનું ધ્યાન બરાબર ખેંચાયું નથી. તેથી સમગ્ર પરિસ્થિતિ સૌમ્ય બની શકતી નથી.

વિકસતાં રાષ્ટ્રોએ હવા, પાણી અને જમીનના પ્રદૂષણને અટકાવવા જરૂરી પગલાં ભર્યાં નથી. હવા તથા પાણીની ગુણવત્તા ઝડપભેર નીચે જઈ રહી છે અને પાણીનો જથ્થો પણ ચિંતા પેદા કરે તે હદે ઘટતો જાય છે. પ્રદૂષિત ગંગા, જમના, કાવેરી જેવી નદીઓની પુનઃસ્થાપના માટે ગંભીર કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા પણ તેનું આજ સુધી કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. હવાનું પ્રદૂષણ પણ માઝા મૂકી રહ્યું છે. હવા, પાણી અને જમીનના પ્રદૂષણનું પ્રમુખ કારણ વધતો જતો ઔદ્યોગિક કચરો છે. કચરા અને શેષ પદાર્થોના પુનઃચક્ર અને તે રીતે ઊર્જા મેળવવા માટે જોઈએ તેટલું ધ્યાન હજુ ગયું નથી. કચરા(બગાડ)નું પણ સંપત્તિમાં રૂપાંતર કરી શકાય છે.

પર્યાવરણ પ્રત્યે સભાનતા કેળવવા માટે લોકોને પ્રશિક્ષણ આપવું જરૂરી છે. સમાજના વિવિધ ભાગો માટે અને ખાસ કરીને નિરક્ષર લોકો માટે શિક્ષણસંસ્થાઓને પર્યાવરણના શિક્ષણ માટે કાર્યક્રમો ઘડીને રજૂ કરવાનો અવકાશ છે.

કૃષિ અને પીવાના પાણી માટે સારા અને કાયમી વન-આવરણની જરૂર છે. વિવિધ હેતુઓ માટે લાકડાની જરૂર તો રહેવાની છે. તેને પહોંચી વળવા અને વૃક્ષસંપદાને અકબંધ રાખવા માટે નિરંતર વૃક્ષારોપણના કાર્યક્રમો ચાલવા જોઈએ.

ભારત વિશાળ જૈવવૈવિધ્ય ધરાવે છે. આ જૈવવૈવિધ્યને ટકાવી રાખવા માટે લાંબા ગાળાની યોજના ઘડી કાઢવી જરૂરી છે.

પ્રૌદ્યોગિકી માનવ બુદ્ધિનું ફરજંદ(પરિણામ) છે. તે લાભદાયક, રચનાત્મક અને કલ્યાણકારી હોઈ શકે છે. સાથે સાથે તે નુકશાનકારક અને વિનાશક પણ હોઈ શકે છે. આજે માહિતીનો પ્રચંડ પ્રવાહ ધસી રહ્યો છે પણ એવી કોઈ પદ્ધતિ મોજૂદ નથી જેથી સારી-ખોટી માહિતીને છૂટી પાડી શકાય. જો સચોટ પદ્ધતિ હાથ લાગે તો ખાસ કરીને વિકસતા જગતનાં ગરીબ લોકોને માટે ઉપકારક બને.

વિકસતાં રાષ્ટ્રો રાષ્ટ્રિય સલામતી માટે લશ્કરને જ મહત્ત્વ આપે છે અને તે ભૂ-રાજકીય સ્થિતિને અનુલક્ષી સમજી શકાય તેમજ ન્યાયયુક્ત વાત છે. પારિસ્થિતિક સલામતી પણ હવે તો રાષ્ટ્રિય સલામતીનો ભાગ બની રહી છે. છતાં તે તરફ સર્વદા દુર્લક્ષ રહ્યું છે. સરહદો ઉપર થતી ગરબડો અને ગોળીબાર પૂરતી રાષ્ટ્રિય સલામતી મર્યાદિત નથી, કારણ કે તેવું તો કોઈક વાર જ બને છે. પણ પર્યાવરણની અવનતિ તો પળે પળે જોખમી છે. આવી બિનસલામતી પ્રારંભમાં પ્રાકૃતિક સંસાધનોની તંગીથી શરૂ થાય છે. પછીથી તે આર્થિક સંકડામણમાં પરિણમે છે. શરૂઆતમાં સજીવ અને નિર્જીવ પદાર્થોની તંગી વર્તાય છે. તે પછી ફુગાવો, બેરોજગારી વગેરે વધે છે. તેમાંથી ભારે સામાજિક અસંતોષ પેદા થશે જે રાજકીય અસ્થિરતા ઊભી કરશે. એટલે કે રાષ્ટ્રિય સલામતી માત્ર સરહદો પૂરતી મર્યાદિત નથી, તેને અન્ય

પરિમાણો પણ છે. લાંબા ગાળાની પારિસ્થિતિક સલામતીની લોકો આજકાલ ધરાર અવગણની કરી રહ્યાં છે. તેમાં કેટલાંક લોકોની દારુણ જરૂરિયાતો અથવા ભયંકર લોભવૃત્તિ જ જવાબદાર છે. જાણે-અજાણે આપણે બધાં પર્યાવરણને અવનત કરી રહ્યાં છીએ. એટલે આ રીતે દરેક વ્યક્તિ પર્યાવરણની વૈરી છે.

આજે એવાં લોકો છે જે માણસની પ્રવૃત્તિઓથી સર્જાતી પરિસ્થિતિને કારણે ભયભીત છે. તેઓ સતત એવી લાગણીનો એહસાસ કરે છે કે આધુનિક માણસે કોઈક ખોટો માર્ગ અખત્યાર કર્યો છે. જનસંખ્યા પર્યાવરણીય, આર્થિક, સામાજિક અને રાજકીય સમસ્યાઓ ઉપર ચઢી બેસશે. પર્યાવરણના ફેરફારો સૂક્ષ્મ રીતે થતા રહેશે, ધીમે ધીમે પણ નિશ્ચિતપણે થતા રહેશે. ખાસ કરીને માણસ પર્યાવરણ અને ભાવિ પેઢીઓ પ્રત્યે નિષ્ઠુર બની રહ્યો છે ત્યારે પૃથ્વીની બદહાલત પ્રત્યે કેટલાંક સંવેદનશીલ લોકો ગળાં ફાડીને ભાવિના ભીતરમાં રહેલી ભયાનકતા ખુલ્લી કરી રહ્યાં છે; ભયસૂચક ચેતવણીઓ અપાઈ રહી છે. ઓગણી-સમી સદીના મધ્યેથી આવી ચેતવણીઓ અપાઈ રહી છે. પૂરી દોઢ સદી પછી પણ માણસ અવનત પર્યાવરણની વાસ્તવિક્તા સમજવા તૈયાર નથી. સ્થાપિત હિતો આ વાસ્તવિક્તાને ઠુકરાવી રહ્યાં છે. માણસજાતની કયામતનો દિવસ આવે તે પહેલાં તે પોતાના આર્થિક તંત્ર ને પર્યાવરણ સાથે સૌહાર્દપૂર્ણ સંબંધો કેળવે તે જરૂરી છે. વિઘ્નરૂપ ભયના સંકેતો ક્ષિતિજ ઉપર દૃષ્ટિગોચર થઈ રહ્યા છે. માણસનું લાંબા ગાળે ભાવિ ભારે જોખમમાં છે. માત્ર સમયનો તકાદો જોવાનો રહે છે. એટલું તો નિશ્ચિત છે કે માણસ માર્ગ ભૂલ્યો છે. જો ઠીક રીતે જીવવું હોય તો સાચા માર્ગે આવવું જ રહ્યું. આ સમસ્યાનો ઉકેલ માણસની નૈતિકતામાં રહેલો છે.

માનવજાત અને પ્રકૃતિ વચ્ચે બે પ્રકાના સંબંધો વિચારી શકાય. એક સહસર્જકના ભાવ સાથે મગરૂરીનો સંબંધ. તેને કારણે માણસ અને પ્રકૃતિ વચ્ચે સંઘર્ષ પેદા થાય છે. બીજુ, ભાગીદારીની સાથે પ્રકૃતિ પ્રત્યે પૂજ્યભાવ. તેને કારણે માણસ અને પ્રકૃતિ વચ્ચે સંવાદની ભૂમિકા સર્જાય છે.

છેલ્લા કેટલાક દસકાથી માણસજાતે જ અવ્યવસ્થાની ભૂમિ ઉપર જઈને બેઠો છે. આથી કરીને આગામી વર્ષોમાં પારિસ્થિતિક નૈતિકતા મહત્ત્વનો આયામ બની રહેશે.

સમગ્ર વિશ્વમાં, ખાસ કરીને પશ્ચિમના દેશોમાં, સંસા-ધનોના નૈતિક ઉપયોગ પરત્વે સારી એવી સાહિત્ય-સામગ્રી પ્રકટ થઈ રહી છે. પશ્ચિમના જગતને ખયાલ આવી ગયો છે કે વિકાસનો વર્તમાન ઢાંચો ટકી શકે તેમ નથી. પશ્ચિમનું જગત પર્યાવરણના સંદર્ભમાં પૂર્વના દેશોનો દૃષ્ટિકોણ જાણવા માગે છે, કારણ કે આ વિષય વર્ષોથી લોકાચારને સ્પર્શતો આવ્યો છે.

પારિસ્થિતિક નૈતિકતામાં નીચેના સિદ્ધાંતોનો સમાવેશ થાય છે: જીવન-પૂરક તંત્રોને ટકાવી રાખવા માટે તેમનું રક્ષણ અને વૃદ્ધિ કરવી; રાષ્ટ્રની અંદર અને આંતરરાષ્ટ્રિય સ્તરે સંસાધનો અને ઉત્પાદોનું સમુચિત વિતરણ(વહેંચણી) કરવું; સંસાધનોના ઉપયોગ પ્રત્યે પ્રવર્તતી અસમાનતા ઘટાડવી; ઉપભોક્તાવાદની સામાજિક, આર્થિક અને પર્યાવરણીય પ્રચ્છન્ન કિંમત પ્રત્યેની જાગૃતિને બઢતી આપવી; સંસાધનોના વધુ પડતા ઉપયોગથી વિકસતાં રાષ્ટ્રો ઉપર પડતી અસરો બાબતે અન્ય રાષ્ટ્રો(લોકો)ને જાગૃત કરવા; કરકસર, ભ્રાતૃભાવને સ્વેચ્છાએ સ્વીકારવાં અને પ્રોત્સાહિત કરવાં; શાંતિ, સલામતી અને પર્યાવરણને ટકાવી રાખવા માટે સંસાધનોના વધુ પડતા ઉપયોગને અટકાવી આવા સંસાધનોની વૃદ્ધિ કરવી.

પારિસ્થિતિક નૈતિકતા સાથે એક હકીકત સંકળાયેલ છે કે માનવ-જાતનું ઉદ્ભવસ્થાન એક જ (આફ્રિકા) ગણાય છે. માનવ-જાતનો ભૂતકાળ પણ એકસરખો રહ્યો છે. ત્યાંથી માનવ-જાતનાં કેટલાંક જૂથો ફંટાયાં અને તે રીતે સંસ્થાનો ઊભા થયાં અને ખંડો બન્યા કારણ કે માણસ એકમાત્ર એવું પ્રાણી છે જે બુદ્ધિ અને જિજ્ઞાસાવૃત્તિ ધરાવે છે. કાળાન્તરે જનસંખ્યા વધી અને વસતીનો વિસ્ફોટ થયો; માણસની ઇચ્છા, આકાંક્ષા અને અપેક્ષાનો ગુણાકાર થવા લાગ્યો. પૃથ્વીતંત્રના ઘટકો જેવાં કે વાતાવરણ, જલાવરણ, સ્થળમંડળ જૈવવૈવિધ્ય સહિત જીવઘરનો સમય જતાં દુરુપયોગ વધતો ગયો અને માણસે વિનાશને વ્હાલો કર્યો. એવું લાગે છે. પરિણામે આપણો ગ્રહ પૃથ્વી સતત ભયના ઓથાર નીચે આવી ગયો છે. પૃથ્વી ઉપરના કેટલાક ભાગ જોખમમાં મુકાયા છે તો બીજા કેટલાક ભાગ તેથીય વધુ જોખમમાં મુકાતા જાય છે.

પર્યાવરણની ગંભીર અવનતિને લીધે તોળાઈ રહેલો ભય વૈશ્વિક પ્રત્યક્ષીકરણનો વિષય બનતો જાય છે. સ્ટોકહોમ પરિષદ (૧૯૭૨),રિયો પરિષદ(૧૯૯૨) અને કિયોરો પરિષદ (૧૯૯૯)માં લોકો માનવના સામાન્ય ઉદ્ભવની વિભાવનામાંથી સામાન્ય ભાવિ ઉપર આવી ગયાં. ઘણીબધી ચર્ચાઓ થઈ, પણ કોઈ વૈશ્વિક કે વિભાગીય વ્યૂહરચના ઘડાઈ લાગતી નથી. માનવનો સામાન્ય ઉદ્ભવ એક હકીકત છે પણ સામાન્ય ભાવિ દંતકથા જેવું લાગે છે. આ બધામાં સામાન્ય વર્તમાનની વાત તો વિસારે પડતી હોય તેવું લાગે છે. વર્તમાનની સમસ્યાઓ તો ઊભી જ છે.

પર્યાવરણને લગતી કોઈ સમસ્યાનો ઉકેલ વૈયક્તિક કે વિભાગીય સ્તરે નહીં પણ રાષ્ટ્રિય અને વૈશ્વિક સ્તરે શોધવાનો છે. ઉપરાંત જે વ્યૂહરચના નક્કી કરવામાં આવે તેને વ્યાવહારિક સ્વરૂપ આપવા ઘણાબધા સાર્થક પ્રયત્નો કરવાના રહે છે. આ વ્યવહાર સ્થાનિકથી વૈશ્વિક અને વૈશ્વિકથી સ્થાનિક પ્રકારનો હોવો જોઈએ. આ ઉભયમાર્ગી વ્યવહાર જ ટકાઉ વિકાસ યથાર્થ કરી શકશે. સંસાધનો અને ક્ષમતાની દૃષ્ટિએ પૃથ્વી પરિમિત તંત્ર છે.

પારિસ્થિતિક બિનસલામતી અંતે તો આર્થિક, સામાજિક અને રાજકીય બિનસલામતી ભણી દોરી જાય છે. વર્તમાન પેઢીની અંદર અને ભાવિ પેઢીની સુખાકારી માટે ટકાઉ વિકાસની વિભાવના વૈશ્વિક બની રહે તો સમગ્ર વિશ્વ એક કુટુંબ બની રહે.

આ બધા સારાંશને વાસ્તવિક્તામાં તબદીલ કરવાની તાતી જરૂરિયાત છે. આ સાથે કુદરતની વૈજ્ઞાનિક અને ટેકનિકલ જટિલતાઓને સમજવાની પણ એટલી જ જરૂરિયાત છે. તત્પશ્ચાત્ કુદરતે જે જંગી પરિસીમાઓનું પ્રદાન કર્યું છે તેના પ્રત્યે પૂજ્યભાવ પેદા કરવાનું કાર્ય છે. આ બાબતે કુદરત સાથે સંવાદિતાનો અભિગમ ધરાવનાર આદિવાસી-જાતિઓ પાસેથી ઘણું શીખવાનું રહે છે. આ બધું આંદામાન-નિકોબારના અંતરિયાળ અને એમેઝોનનાં જંગલોમાં આજે પણ જોવા મળે છે. લાંબા ગાળાની પારિસ્થિતિક સલામતી પ્રત્યેનો પડકાર લોકોને નજીક લાવશે અને તે રીતે વૈશ્વિકતાની ભાવના મજબૂત થશે. તે માટે ખાસ કરીને ઔદ્યોગિક રાષ્ટ્રોએ ભૂતકાળમાં કરેલી ભૂલો સુધારવી પડશે. તમામ સ્તરે પારિસ્થિતિક ધર્મ માટે સંસ્કારિતા, નૈતિકતા, આચારસંહિતાને વિકસાવવાની જરૂર છે. ટૂંકમાં, વિચાર વિશ્વનો કરો અને વર્તો સ્થાનીય રીતે.

અપાર વૈવિધ્ય વચ્ચે ભારતે ટકાઉ સમાજ તૈયાર કરવા માટે પર્યાવરણીય સંવાદિતા, આર્થિક ક્ષમતા, સંસાધનો સંરક્ષણ, જાતીય સમાનતા, સામાજિક ન્યાય અને સ્વનિર્ભરતા માટે તૈયાર રહેવું પડશે. આ બધી બાબતે મહાત્મા ગાંધી એક પ્રેરક બળ છે. આ પ્રેરણાથી કલ્યાણકારી પારિસ્થિતિક અને કલ્યાણકારી અર્થવ્યવસ્થાનો સમન્વય થઈ શકે તેમ છે.

ઉદ્ભવ, ઉત્ક્રાંતિ અને વિલોપન કુદરતનો સ્વાભાવિક ક્રમ છે. તે પરિવર્તન, પુનઃસયોગ અને પસંદગીના આધારે થાય છે. જ્ઞાન, માહિતી, સમજ, નૈતિકતા અને જાતિશાસ્ત્ર ટકાઉ વિકાસની પાયારૂપ ચાવી છે એટલે કે વર્તમાન અને નવી વ્યવસ્થા વચ્ચે ગુણાત્મક પરિવર્તન આવશ્યક છે. જે વિસંવાદિતાને સંવાદિતા, નિરક્ષરતાને સાક્ષરતા, ગરીબીને આર્થિક સ્વાતંત્ર્ય, મોટાથી નાના પરિવાર, નાદુરસ્તથી તંદુરસ્તી, જાતીય અસમાનતાથી સમાનતા, સામાજિક અન્યાયથી ન્યાય, અસંસ્કારિતાથી સંસ્કારિતા, સંસાધનોના વ્યયથી સંરક્ષણ, અંધશ્રદ્ધામાંથી બૌદ્ધિક શ્રદ્ધા ભણી લઈ જાય. આવા સંક્રાંતિકાળે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીએ મુખ્ય ભૂમિકા અદા કરવાની છે. અર્થાત્ પારિસ્થિતિક દર્શનની જરૂર છે. તે માટે માણસે આર્થિક અને પર્યાવરણીય રીતે સમતા અને સમજ કેળવવાં રહ્યાં. આ દૂષિત દુનિયાથી બચવું હોય તો વાસ્તવિક્તાનો સ્વીકાર કરીને ટકાઉ વિકાસનો ખયાલ કરવો રહ્યો. તે માટે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી આધારિત પરિવર્તનો માટે ધરખમ તાકાતની આવશ્યકતા રહેશે.

ભારત જેવા વિકસતાં રાષ્ટ્રો વિકસિત પણ છે. ઔદ્યોગિક રાષ્ટ્રોની સાપેક્ષતાએ ભારત વિકસિત અને અવિકસિત રાષ્ટ્રોની સાપેક્ષતાએ વિકસિત રાષ્ટ્ર છે. આ વિધાન વિરોધાભાસી લાગતું હોવા છતાં સાચું છે. ભારત પાસે વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનો પાયો સારો છે. પર્યાવરણીય નીતિશાસ્ત્ર અને આધુનિક વિજ્ઞાન પ્રૌદ્યોગિકીનો સમન્વયકારી અભિગમ સમસ્યાઓ ઓછી કરશે. ભારત જેવા રાષ્ટ્રોએ સૌપ્રથમ જનસંખ્યા સ્થિર કરવાની છે અને પછી નિયંત્રણ કરવાનું છે, કારણ કે વધુ પડતી જનસંખ્યા વિકસતાં રાષ્ટ્રો માટે પર્યાવરણીય, સામાજિક અને આર્થિક સમસ્યાઓ ખડી કરે છે.

કુદરત જેમ કૃપાળુ છે તેમ ક્રૂર પણ બની શકે છે. કોઈ પણ જાતિ કુદરતને પ્રતિકૂળ હોય તે રીતે વધશે તો તેના વિલોપન માટે તેની પાસે ઉપાયો છે! ભૂતકાળમાં કુદરતે માણસના દિમાગમાં આદરયુક્ત ભય અને સન્માન જાગૃત કર્યાં હતાં, પણ આજે તે વલણ રહ્યું નથી. અત્યંત દુઃખની વાત છે કે માનવજાત માને છે કે પ્રકૃતિનો સ્વચ્છંદીપણે ઉપયોગ કરવા પોતે હકદાર છે, કારણ કે માણસ ઉત્ક્રાંતિની સીડીના છેક ઉપલા પગથિયે ઊભો છે. આ બધું કરીને માણસ એમ સમજે છે કે તે કુદરતની ઉપરવટ જઈને તે મહાજાતિ બનવા માગે છે અને કુદરતી પસંદગીની ક્રમ-પ્રક્રિયાને ફગાવે છે. માનવજાત કુદરતને સમજે અને કુદરતના કાનૂનો પ્રત્યે આદર રાખે અને જરૂરિયાત પૂરતું વાપરી લોભ-વૃત્તિમાંથી વિમુક્ત થશે તો તેવા સંજોગોમાં માણસ સુવિધા માટે પ્રયત્ન કરશે પણ મોજશોખ માટે નહીં. માણસ અપવ્યયથી અળગો રહેશે તો પર્યાવરણની સમસ્યાઓ આપોઆપ દૂર થશે.

માણસ ૨૦મી અને ૨૧મી સદીના ત્રિભેટે આવ્યો છે. પ્રત્યેક જાતિએ પોતાના ભાવિનો ખયાલ કરવાનો છે. પરિદૃશ્ય અતિ વિકરાળ છે, પણ હજુ બધું હાથમાંથી ગયું નથી. પૃથ્વીની પૂર્વસ્થિતિ પ્રાપ્ત કરવાનું મુશ્કેલ નથી. લોભવૃત્તિનો ત્યાગ કરો અને જરૂર પૂરતો ઉપભોગ કરો. એકવીસમી સદી માટે આ મહામંત્ર છે. આ મહામંત્રનું પાલન પર્યાવરણને સૌમ્ય બનાવશે. આર્થિક અને સામાજિક વિકાસ ટકાઉ બનશે. આ મંત્રની દિશા માણસને નિરામય બનાવશે. ❐

હલ્દીઘાટી યુદ્ધની એક પુનઃ સમીક્ષા

હસમુખ વ્યાસ

મેવાડના ઈતિહાસમાં જ નહિ સમગ્ર ભારતીય ઈતિહાસના સંદર્ભમાં પણ મહારાણા પ્રતાપનું વિશેષ મહત્ત્વ અદ્યાપિ યથાવત્ છે. સર્વપ્રથમ જેમ્સ ટોડે તેના 'રાજસ્થાનના ઈતિહાસ' ગ્રંથમાં મહારાણા પ્રતાપનું ભાવપૂર્ણ સજીવ અને પ્રેરક વિવરણ આપેલું છે. આમ છતાં પ્રસ્તુત ગ્રંથ તેની ઐતિહાસિકતાના કારણે તેમાં વર્ણિત-નિરૂપિત કથાઓ-પ્રસંગોની પુનઃસમીક્ષા કરવાનું, તદવિદોને, ઉપલબ્ધ પુરાવાઓને આધારે, અવાર-નવાર મન થયાં કરે છે.

ગોહિલ (રાજસ્થાની ગુહિલ) શાસક અંબાપ્રસાદની ૧૨મી પેઢી બાદ ગુહિલ રણસિંહ મેવાડની ગાદીએ આવેલ. તેના નાના પુત્ર માહપથી ગુહિલવંશની રાણા શાખાનો આરંભ થયો. મૂળ તે સિસોદા ગામના જાગીરદાર હોવાના કારણે પછીથી તે સિસોદિયા (રાણા) તરીકે પ્રસિદ્ધ થયા. આ વંશમાં રાણા ઉદયસિંહની સોનગરી રાણીથી કંભલગઢમાં પ્રતાપનો જન્મ થયો. જ્યેષ્ઠ સુદ-૩ રવિવારઃ વિ.સં.૧૫૯૬.

જાન્યુઆરી ૧૫૬૨માં અકબરે અજમેરની તીર્થયાત્રા દરમ્યાન સાંગાનેરના પડાવ પર આંબેરના રાજા કછવાહા ભારમલે અકબરની આધીનતા સ્વીકારી ને યાત્રાથી પરત આવીને સાંભરમાં ભારમલની પુત્રી સાથે વિવાહ કરી અકબરે રાજસ્થાનના રાજપૂત ઘરાનાઓ સાથે નજીકનો સંબંધ સ્થાપવાની એક નવી પરંપરા શરૂ કરી. ભારમલના પુત્ર ભગવંતરાવ, પૌત્ર કુંવર માનસિંહ અને તેનાં અન્ય સગાં-સંબંધીઓને ઉપયુક્ત સૈનિકપદોએ નિયુક્ત કરી અકબરે આ રીતે વિશ્વનીય યોગ્ય રાજપૂત સાહસી યોદ્ધાઓને સેના-નાયકોની શક્તિ પ્રાપ્ત કરી. આ સમય દરમિયાન ઉદયસિંહનો નાનો પુત્ર શક્તિસિંહ પણ પિતા સાથે કોઈ કારણસર અણબનાવ થતાં અકબરની સેવામાં રહ્યો. કછવાહા ભારમલ સાથેના વિવાહ સંબંધ બાદ અકબરને આશા હતી કે ભારમલની જેમ રાજસ્થાનના અન્ય રાજવીઓ પણ તેની અધીનતા સ્વીકારશે, પરંતુ તેમ થયું નહિ. મેવાડના રાણા ઉદયસિંહે તો ઊલટાનું અકબરના વિરોધી માળવાના બાજબહાદુરને આશ્રય આપતા અંતતઃ અકબરે ઑગસ્ટ ૧૫૬૭માં ચિત્તોડ પર આક્રમણ કર્યું. આ આક્રમણની ભીંસથી મેવાડના પ્રમુખ સરદારો ને સેના-નાયકોની સલાહસૂઝ ને આગ્રહથી ઉદયસિંહે સહકુટુંબ ચિત્તોડ છોડ્યું. ચિત્તોડના રક્ષણની જવાબદારી પાછળ કિલ્લામાં રહેલા જયમલ મેડતિયા ને પત્તા સિસોદિયાએ સંભાળી. માંડલગઢથી નીકળી અકબરે ઑક્ટોબર ૨૩,૧૫૬૭ ચિત્તોડ પહોંચી કિલ્લાને ઘેરી લીધો. ચાર મહિના સુધી આ ઘેરો રહેતા કિલ્લામાં ખાદ્યસામગ્રીની તીવ્ર તંગી સર્જાતા છેવટે ૨૩-૨-૧૫૬૮ની રાત્રિએ ચિત્તોડનો ત્રીજો ને છેલ્લો જોહર થયો ને પ્રાતઃકાળે દુર્ગના દરવાજા ખોલી રાજપૂતોએ કેશરિયા કર્યા. ઘમાસાણ યુદ્ધ થયું, જેમાં મોટા ભાગના રાજપૂતો કામ આવ્યા. આમ, બપોર બાદ નિર્જન-ભેંકાર ચિત્તોડ પર અકબરનો અધિકાર સ્થપાયો.

ઈ.સ.૧૫૭૨માં ઉદયસિંહના અવસાન બાદ ૨૮-૨-૧૫૭૨માં ગોગુન્દામાં પ્રતાપ મેવાડની ગાદીએ આવતા મેવાડના ઈતિહાસમાં એક સર્વથા નૂતન અધ્યાયનો આરંભ થયો. ચિત્તોડના પરાજય બાદ મેવાડના જનસાધારણ તથા રાજ્યશાસનમાં જે એક પ્રકારની નિરાશા, નિરુત્સાહ અને નિષ્ક્રિયતા વ્યાપી ગયેલ તે પ્રતાપના પ્રેરણાપ્રદ અસીમ ઉત્સાહ, અદમ્ય સાહસ ને અડગ ધૈર્યના ફલસ્વરૂપ દૂર થવાં લાગ્યાં. મેવાડના પશ્ચિમી ક્ષેત્રોમાં હજુ મોગલોનો પ્રવેશ થયો ન હતો. કુંભલગઢ ને ગોગુન્દાને મુખ્ય કેન્દ્ર બનાવી પ્રતાપ મેવાડના બાકીના ભાગમાં શાસનવ્યવસ્થા સુવ્યવસ્થિત કરવા લાગ્યો. પહાડી વિસ્તારોમાં વસતી ભીલ ઈત્યાદિ જાતિઓના તમામ વયસ્ક ધનુર્ધારીઓને સંગઠિત કરી તેને મેવાડી સેનાનો એક સુશક્ત હિસ્સો બનાવાયો. કુંભલગઢને સૈનિકસામગ્રીથી સુસજ્જ અને ખાદ્યાન્નથી ભરપૂર કરી તેને સેનાનું પ્રમુખ કેન્દ્ર બનાવી સમગ્ર સૈન્યવ્યવસ્થા સુદૃઢ કરી. અરવલ્લી પર્વતશ્રેણી તમામ પહાડી-ઘાટીઓ વિશેષતઃ ગોગુન્દાની સુરક્ષા માટે તેમણે તમામ આવશ્યક જરૂરિયાતોનું આયોજન કર્યું.

ચિત્તોડવિજય બાદ લગભગ પાંચ વર્ષ સુધી અકબરે મેવાડ તરફ ખાસ કંઈ લક્ષ આપેલ નહિ. આથી જ આ દરમ્યાન રાજસ્થાનની પરિસ્થિતિમાં બહુ મોટું પરિવર્તન થવા પામ્યું, જેનો પ્રભાવ આગળ જતાં મેવાડ પર પણ પડ્યો.

જ્યારે પ્રતાપે મેવાડની રાજગાદી સંભાળી ત્યારે મેવાડના ઉત્તર-પૂર્વ અને દક્ષિણ-પૂર્વના લગભગ તમામ પ્રદેશ-વિસ્તારો પર મોગલોનું સંપૂર્ણ આધિપત્ય થઈ ગયેલું. એકમાત્ર મેવાડના નવા રાણા પ્રતાપ જ એવા હતા જેમણે અકબરની અધીનતા સ્વીકારેલી નહિ. પરંતુ સ્વાધીનતા સંરક્ષણ- સંગ્રામમાં પ્રતાપે ખુદને એકાકી અનુભવ્યો ને સમગ્ર રાજનૈતિક પરિસ્થિતિ અતિ-વિકટ તેમજ સંકટપૂર્ણ જ દેખાઈ. આ પરિસ્થિતિમાં પ્રતાપ આગળ બે જ વિકલ્પ હતાઃ કાં તો અકબરની પૂર્ણ અધીનતા સ્વીકારી અન્ય રાજપૂત રાજાઓની જેમ શાહી દરબારમાં ઉપસ્થિત થઈ શાહી સેવા કરે અથવા અધીનતા ન સ્વીકારી વિરોધમાર્ગ અપનાવી જીવનભર મુસીબતો અને વિપત્તિઓનો દૃઢતા અને ધૈર્યપૂર્વક સામનો કરે.

પ્રતાપના રાજયગ્રહણના સમયથી જ અકબર તેની ગતિવિધિઓને ધ્યાનપૂર્વક જોઈ- અવલોકી રહ્યો'તો. ગુજરાત પર વિજય માટે જ્યારે તે નીકળેલો ત્યારે તેણે (અકબરે) જલાલ-

ખાન કોરજીને પ્રતાપ પાસે મોકલેલ. જલાલખાનની પ્રતાપ સાથેની આ મુલાકાત ઔપચારિક પણ આગળના સંપર્કોની ભૂમિકા માત્ર હતી. ગુજરાતવિજય બાદ એપ્રિલ ૧૫૭૩માં જ્યારે અકબર ત્યાંથી ફત્તેપુરસિક્રી આવતો હતો ત્યારે તેણે મેવાડ પ્રતિ ધ્યાન આપવું મુનાસિફ માન્યું. અકબરને ઊંડે-ઊંડે આશા હતી કે સંભવતઃ થોડા સમય બાદ પ્રતાપ સંઘર્ષ વિના જ તેની અધીનતા સ્વીકારશે. આથી સિદ્ધપુરથી તેણે માનસિંહના સેનાપતિપદ નીચે એક મુગલસેના ઇડર-ડુંગરપુર થઈ ઉદયપુર તરફ થઈ ત્યાંથી રાજધાની જવા રવાના કરી. આ દરમ્યાન જે કોઈ અધીનતા સ્વીકારી લે તેને માનસહિત શાહી દરબારમાં લઈ આવવાનો પણ તેણે(અકબરે) આદેશ આપેલો. ડુંગરપુરથી માનસિંહ આવશ્યક નાનકડી સેના લઈ ઉદયપુર તરફ આગળ વધ્યો ને બાકીની શાહી સેનાને અજમેર મોકલી દીધી. આ સમયે પ્રતાપ ગોગુન્દામાં હોઈ તેણે ત્યાંથી આવી ઉદયપુર નજીક માનસિંહનું આદરપૂર્વક સ્વાગત કર્યું. માનસિંહે અકબરના આદેશાનુસાર વિભિન્ન પ્રકારે પ્રતાપને સમજાવ્યો અને પોતાની સાથે શાહી દરબારમાં આવવા આગ્રહ કર્યો. પ્રતાપે પણ તેનો સ્પષ્ટ ઇન્કાર તો ન કર્યો પણ તેને તેના હિતચિંતકો તેમ નહિં કરવા દે તેમ જણાવ્યું ને વિદાયના ભોજન દરમ્યાન જે અપ્રિય ઘટના ઘટી તેનાથી પ્રતાપ ને માનસિંહ વચ્ચે ઘેરું વૈમનસ્ય સર્જાયું. રાજધાની પહોંચી માનસિંહે યથાતથ ઘટના અકબરને વર્ણવી. આ પછી પણ સપ્ટેમ્બર ૧૫૭૩માં અકબરે અમદાવાદથી રાજા ભગવાનદાસને એ આશયે પ્રતાપ પાસે મોકલ્યો કે ભગવાનદાસ જેવા વયોવૃદ્ધ અનુભવી રાજપૂત રાજવીનો પ્રતાપ પર ચોક્કસ કંઈક પ્રભાવ પડશે. તે ગોગુન્દા પહોંચ્યો ત્યારે પ્રતાપે પણ તેનું યથોચિત્ત સ્વાગત કર્યું. પરંતુ તેમનાય સમજાવવા છતાં પ્રતાપ અકબરના દરબારમાં ઉપસ્થિત થવા તૈયાર થયો નહિ. આમ, ભગવાનદાસ પણ વિફળ થઈ ફત્તેપુર પાછો ફર્યો. આ પછી લગભગ બે મહિના બાદ ગુજરાતથી રાજધાની પાછા ફરતા રાજા ટોડરમલ પણ વચ્ચે પ્રતાપને મળેલ, પરંતુ તે પણ એકલો જ પાછો ફરેલ. આમ, પ્રતાપને અધીનતા સ્વીકારવા માટે અકબર ખૂબ જ વ્યગ્ર હતો એમ કહી શકાય. એક તબક્કે તો તેમણે મેવાડમાં જ રહી અકબરની અધીનતા સ્વીકારવા જણાવેલ. આમ છતાં પ્રતાપ તૈયાર ન થતાં છેવટે મેવાડ-મુગલ સંઘર્ષ અનિવાર્ય થઈ રહ્યો અને પરિણામ સ્વરૂપ જે યુદ્ધ થયું તે હલ્દીઘાટીનું યુદ્ધ. આ યુદ્ધનાં સ્થળનામ, બંને પક્ષની સૈન્યસંખ્યા, સમય તેમજ પરિણામ વિષે પુનઃ સમીક્ષા કરવાનો અહીં ઉપક્રમ છે.

યુદ્ધ-સ્થળનો નિર્ણય

જે સ્થળના નામ પરથી પ્રસ્તુત યુદ્ધ પ્રખ્યાત બન્યું એ હલ્દીઘાટી રાજસ્થાનના અરવલ્લી પર્વતની એક વિખ્યાત ઘાટી છે. પ્રાચીનકાળથી પર્વતમાળાઓનું વ્યાપક સામરિક અને રાજનૈતિક મહત્ત્વ રહ્યું છે. રાજસ્થાનમાં અરવલ્લી પર્વતનું સામરિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ સુરક્ષાત્મક સ્થાન રહ્યું છે. આ પહાડી પર અનેક દુર્ગ-કિલ્લાઓ બંધાયા છે. તેની અનેક દુર્ગમ પહાડીઓ અને ઘાટીઓએ સદીઓ પર્યન્ત સંબંધિત શાસકોને પ્રાકૃતિક સંરક્ષણ પૂરું પાડ્યું છે. આવી જ એક ઘાટી તે હલ્દીઘાટી. તેનો પ્રાકૃતિક રંગ અથવા અહીંની માટી હલ્દી અર્થાત્ હળદર જેવી પીળાશ પડતી હોઈ આ નામથી તે ઓળખાય છે. અહીં એક સ્પષ્ટતા પ્રારંભમાં કરી લઈએ કે ઘાટ અને ઘાટી બંને 'માર્ગ'-સૂચક હોવા છતાં બંને વચ્ચે ભૌગોલિક સ્વરૂપની દૃષ્ટિએ તફાવત છે. ઘાટના પ્રમાણમાં ઘાટી એકદમ સાંકડી ને દુર્ગમ હોય છે. અહીં એ યાદ રહે કે અસલ નામ 'હલ્દીઘાટી' છે, નહિ કે કેટલાક કહે છે તેમ 'હલ્દીઘાટ.'

જેમ્સ ટોડે પ્રથમ 'હલ્દીઘાટીનું યુદ્ધ' તરીકે નામ આપેલ જો કે 'વીરવિનોદ'માં પણ 'હલ્દીઘાટીની લડાઈ' નામ અપનાવેલ છે. પરંતુ ખરેખર આ યુદ્ધ હલ્દીઘાટી અંતર્ગત થયું જ નહોતું. તત્કાલીન ઇતિહાસકારોએ આ નામથી તેનો ઉલ્લેખ પણ કર્યો નથી એટલું જ નહિ, પણ મેવાડના પ્રાચીન ઇતિહાસ ગ્રંથોમાં પણ આ ઉલ્લેખ નથી. તો ખરેખર આ યુદ્ધ ક્યાં લડાયેલ તેના સંદર્ભ તપાસીએ-

રાજસ્થાનના એક પ્રખ્યાત દોહા મુજબ -

ગોગૂંદારે ઘાટ પર મથિયો ઘાણ મથાણ.

અર્થાત્ જ્યાં આ યુદ્ધ થયેલ તે સ્થળ 'ગોગૂંદા કે ઘાટ'- ગોગૂંદાના ઘાટ નામથી પ્રસિદ્ધ હતું.

'રાજપ્રશસ્તિ'(ઉદયપુરથી લગભગ ૬૦કિ.મી. ઉત્તરે આવેલ રાજસમદના કિનારે રણછોડ ભટ્ટે લખેલી ૨૫ કાળા પથ્થરો પર ઉત્કીર્ણ)માં 'ખમણોર ગામે પ્રતાપ અને માનસિંહ વચ્ચે ભીષણ યુદ્ધ થયું'- એમ લખેલ છે. આ કવિના 'અમરકાવ્ય'માં પણ કહેવાયું છે કે 'ખમણોરની વચ્ચે એટલો રક્તપાત થયો કે બનાસનું પાણી લાલ થઈ ગયું.'

સાંદૂ માલા મહારાણા પ્રતાપના સમકાલીન ચારણ કવિ હતા. તેના 'ઝલણા મહારાણ પ્રતાપસિંહજી રા'માં 'હલ્દીઘાટીના મેદાનમાં પ્રતાપ તેના અશ્વારોહી દળ સાથે આવી પહોંચ્યો' પણ 'ભયંકર ઘાત-પ્રતિઘાત' ખમણોરના મેદાનમાં જ થયો અર્થાત્ યુદ્ધસ્થળ ખમનોર જ હતું.'

પ્રતાપના અનુજ શક્તિસિંહ વિષે ગિરધર આસિયા દ્વારા લિખિત 'સગત રાસો'માં પણ 'ખમણોર નામના સ્થળે યુદ્ધ થયું' એવો ઉલ્લેખ મળે છે.

ડૉ. ગૌરીશંકર ઓઝા સ્પષ્ટ લખે છે કે 'હલ્દીઘાટીથી થોડે દૂર ખમણોરની નજીક બંને સેનાઓ વચ્ચે ભીષણ યુદ્ધ થયું. ડૉ. ગોપીનાથ શર્માના મતે અત્યારે જે 'બાદશાહ બાગ'નામથી ઓળખાય છે તે ઘાટીથી બરાબર નીચે આવેલ આ બાગની એક

બાજુ ખમણોર અને બીજી તરફ ભાંગલ ગામ આવેલ.

આમ, હકીકતે 'હલ્દીઘાટી' અંતર્ગત નહિ પણ ખમણોર ગામની સમીપ આ યુદ્ધ લડાયેલ.

હલ્દીઘાટીથી લગભગ ૧૪ કિ.મી. દક્ષિણ-પશ્ચિમે લોશિંગ ગામે મેવાડી સેનાએ પ્રથમ પડાવ નાખેલો જે પ્રતાપની રણ-ચતુરાઈનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણી શકાય; કેમ કે આ ગામ સામરિક દૃષ્ટિએ સુદૃઢ અને સુરક્ષિત પ્રાકૃતિક કિલ્લા સમાન હતું. પરંતુ પ્રતાપ એ છોડી આગળ નીકળ્યો એ એના માટે હાનિકારક પુરવાર થયું. જ્યાં શાહી સેનાનો પડાવ હતો ત્યાં સુધી પહોંચવા ઘાટીમાં થઈ જવું પડતું અને એ માર્ગ અતિ સાંકડો હતો. માનસિંહ એમાં પ્રવેશવા ઈચ્છતો ન હતો. કેમ કે એક અશ્વારોહી માંડ નીકળી શકે તેવા ૩ કિ.મી. લાંબા આ માર્ગમાં તેની સેનાએ એક-બેની કતારમાં થઈ આવવું પડે તેમ હતું. જો આ સાંકડા માર્ગમાં માનસિંહની સેના પ્રવેશી હોત તો તેને ભારે પડી જાત. પરંતુ રાજપૂતોએ ધીરજ જાળવી નહિ ને શત્રુ પર તૂટી પડવાની ઉતાવળમાં પ્રતાપ આ દુર્ગમ માર્ગે થઈ ખમણોર ગામની નજીકની સમતલ ભૂમિમાં આવી ગયો.

બન્ને સેનાની ક્ષમતા

બંને સેનાની ક્ષમતા અથવા બંને સેનાની સૈનિક-સંખ્યા વિષે પણ વિભિન્ન મતમતાંતરો પ્રચલિત છે. રાજસ્થાની ખયાલો અનુસાર માનસિંહની અર્થાત્ શાહી(મુગલ) સેનામાં ૮૦,૦૦૦ અને રાણાની સેનામાં ૨૦,૦૦૦ અશ્વારોહી હતા. મુહણોત નૈણસી માનસિંહની સેનાની સંખ્યા ૪૦,૦૦૦ અને રાણાની ૯-૧૦ હજાર વચ્ચે બતાવે છે. ટોડ અનુસાર રાણા પાસે ૨૨,૦૦૦ વીર રાજપૂતો હતા. પરંતુ આ બધી સંખ્યા અતિશયોક્તિપૂર્ણ છે; 'ચતુર ચૌગુણા મૂરખ દશ ગુણા' (કોઈ વાતને ચતુર ચાર ગણી ને મૂર્ખ દશ ગણી દર્શાવે છે) સૂત્રને અનુરૂપ છે. સમકાલીન મોગલ ઈતિહાસકાર અને યુદ્ધ દરમ્યાન શાહી સેનામાં ઉપસ્થિત બદાયૂની પણ માનસિંહની સેના ૫,૦૦૦(પાંચ હજાર) બતાવે છે. આમાંના મોટા ભાગના સૈનિકો મધ્ય એશિયાઈ હતા. રાજપૂત સૈનિકોમાં માનસિંહની કછવાહા શાખાના વિશેષ હતા. તો રાણાના પક્ષે ૩,૦૦૦(ત્રણ હજાર) સવાર અને ૪૦૦ ભીલ હતા. યદુનાથ સરકારના મતે શાહી સેનામાં ૧૦,૦૦૦ અને મેવાડી સેનામાં ૩,૦૦૦ સૈનિકો હતા. બદાયૂનીએ ભીલોનો ઉલ્લેખ કર્યો નથી. સંભવતઃ તેઓ(ભીલો) સેનાની અંતિમ હરોળમાં હતા. વળી, તેઓએ યુદ્ધમાં ખાસ કંઈ ભાગ પણ લીધેલો ન હોઈ આમ બન્યું હોય તે સ્વાભાવિક છે. મોગલોની પાસે નાની શક્તિશાળી તોપો પણ હતી તો રાણા પાસે પરંપરાગત શસ્ત્રો તલવાર, ધનુષ્ય, બાણ,ભાલા વગેરે હતાં. બંને પક્ષે યુદ્ધનિપુણ હાથી પણ હતા. ડૉ. ગૌરીશંકર ઓઝા અને આધુનિક ઈતિહાસકારો ૮,૦૦૦(શાહી) અને ૩,૦૦૦ (મેવાડા) સંખ્યા સ્વીકારે છે, જે યુદ્ધમેદાનના વ્યાપ સાથે પણ ઉપયુક્ત લાગે છે.

યુદ્ધતિથિ

પરંપરાગત મતે આ યુદ્ધ જૂન ૧૮, ૧૫૭૬માં થયેલ એમ સ્વીકારવામાં આવેલ હોવા છતાં આમાંય મતૈક્ય નથી!

જેમ્સ ટોડ જુલાઈ ૧૫૭૬ કહે છે.

ડૉ. ગૌરીશંકર હી. ઓઝા જૂન ૧૫૭૬ દર્શાવે છે.

'અકબરનામા' અનુસાર જૂન ૧૮, ૧૫૭૬ છે તો, યદુનાથ સરકાર રઘુવીરસિંહ તથા આશીર્વાદલાલ શ્રીવાસ્તવ આ તિથિ સ્વીકારે છે.

'વીર થિનાદ' ૩૧ મે ૧૫૭૬ કહે છે, તો ડૉ. ગોપીનાથ શર્મા ૨૧ જૂન ૧૫૭૬.

સારાંશ એ કે ૧૮ જૂન ૧૫૭૬ તિથિ બહુમતીને સ્વીકાર્ય છે.

પ્રતાપ સાથે કોણ-કોણ હતું?

આગળ નોંધ્યું તેમ પ્રતાપ સાથે ૩,૦૦૦(ત્રણ હજાર) સવારો હતા. આ ઉપરાંત સામંતો-સરદારોમાં આ પ્રમાણે હતાઃ

ગ્વાલિયરના રામસિંહ અને તેના પુત્ર શાલિવાહન, ભવાનીસિંહ, તથા પ્રતાપસિંહ. ભામા શાહ અને તેનો ભાઈ તારાચંદ, ઝાલા માનસિંહ, ઝાલા બીદા, સોંનગરા માનસિંહ, ડોડિયા ભીમસિંહ, રાવત કૃષ્ણદાસ ચૂડાવત, રાવત નેતસિંહ, રાવત સાંગા રાઠોડ, રામદાસ(ચિત્તોડ લડાઈનો પ્રસિદ્ધ નાયક જયમલ્લનો પુત્ર), પુરોહિત ગોપીનાથ, પુરોહિત જગન્નાથ, મેરપુરનો રાણા પુંજા બચ્છાવત, મહેતા જયમલ, મહેતા રતનચંદ, ખેતાવત રાઠોડ, શંકરદાસ, જૈસો ચારણ. આ ઉપરાંત હકીમખાન સૂર પણ હતો.

પરિણામઃ કોની હાર-કોની જીત?

પ્રસ્તુત યુદ્ધનું પરિણામ મહત્ત્વનું છે. આની ચર્ચા કરતાં પહેલાં યુદ્ધનો પ્રારંભ, ગતિ વગેરે વિષે ટૂંકમાં નોંધીએ.

માનસિંહ અને પ્રતાપ બંનેએ પોતપોતાની સેનાઓની વ્યૂહરચના પરંપરાગત કરેલી. સૈન્યગોઠવણ પૂછી પણ બંને પક્ષ પ્રથમ તો એકબીજાની પહેલની રાહ જોઈ રહેલ- અને પછી પહેલ કરી પ્રતાપે. રાણાના યોદ્ધાઓએ અચાનક આક્રમણ કરી દીધું. સૂર્યોદય બાદ સવારના ત્રણ કલાકે મેવાડી સેનાનો હાથી મેવાડી ધ્વજા લહેરાવતો ઘાટીના મુખેથી નીકળ્યો ને પાછળ હતી સેનાની અગ્રિમ પંક્તિ 'હરાવલી'- હકીમખાન સૂરના નેતૃત્વમાં, બદાયૂની કે જે સ્વયં આ યુદ્ધ દરમ્યાન ઉપસ્થિત હતો તેમણે યુદ્ધનો પ્રત્યક્ષ અહેવાલ વિગતવાર આપ્યો છે જે તટસ્થ કહી શકાય તેવો છે. આથી જ તો ડૉ. ગૌરીશંકર હી. ઓઝાએ તે યુદ્ધનું સંપૂર્ણ વિવરણ તેમના પ્રસિદ્ધ ગ્રંથમાં ઉદ્ધૃત કરેલ છે. પ્રારંભમાં રાજપૂતોના ઝંઝાવાતી આક્રમણ સામે શાહી સેનામાં નાસભાગ થવા માંડેલ ને જ્યારે (મુગલ) પાછળ રાખેલી સુરક્ષિત સેના આગળ વધીને

ચોતરફ એ વાત ફેલાવવામાં આવી કે શહનશાહ અકબર ખુદ ઘોડા પર ચડી આવી પહોંચેલ છે (અલબત્ત નાસતી શાહી સેનાને અટકાવી-ઉત્સાહિત કરવાની આ એકમાત્ર ચાલ હતી) આનાથી શાહી સેનામાં નવું જોશ ઉત્પન્ન થયું ને પાછા વળી આગળ વધી ભયંકર રીતે લડવા લાગી. રાણા ઝનૂનપૂર્વક વીરતાથી લડતા હતા. અનેક ઘા થયેલ. તેની પાસે તેનું રાજસી છત્ર હોઈ શત્રુઓનું સીધું નિશાન તે હતા; અને જ્યારે તેઓ શત્રુઓથી ભયંકર રીતે ઘેરાઈ ગયા ત્યારે ઝાલા સરદાર બીદા (ઉર્ફે માનસિંહ)એ પ્રતાપનું (રાજસી) છત્ર પોતાની ઉપર લઈ 'હું રાણા છું' એમ ઘોષિત કરી શત્રુઓને લલકાર્યા. બીદાની આ ચતુરાઈ કામ આવી ગઈ કેમ કે મોગલ સૈનિકો 'જેના પર છત્ર હોય તે રાણા' એમ માનતા-સમજતા હોઈ પ્રતાપને છોડી છત્રધારી બીદાની પાછળ થયા. આ બાજુ ઘાયલ લોહી નીંગળતા પ્રતાપને સ્વામીભક્ત સામંતોને સૈનિકોએ ચેતકની લગામ હાથમાં લઈ મોં ફેરવી દીધું. પાછળ જ હલ્દીઘાટી હતી. આમ, ઘાયલ ને લગભગ મૂર્છિત પ્રતાપને સુરક્ષિત સ્થાને લઈ જવાયા. ઝાલા બીદા કામ આવ્યા. પ્રતાપ જ્યારે યુદ્ધસ્થળ છોડી જઈ રહ્યા હતા ત્યારે તેની સાથે એક કથા પણ પ્રચલિત થયેલ છે. 'રાજપ્રશસ્તિ'માં પણ તે અંકિત છે. કથા મુજબ પ્રતાપ જ્યારે મેદાન છોડી જઈ રહ્યા હતા ત્યારે બે મુગલ સૈનિકોએ તેનો પીછો કરેલો. પ્રતાપનું જીવન સંકટમાં જોઈ પ્રતાપના ભાઈ શક્તિસિંહ કે જે એ સમયે મુગલપક્ષે હતો તેણે બંને સૈનિકોનો પીછો કર્યો ને પ્રતાપની નજીક પહોંચી પ્રથમ તો બંનેને હણી નાખ્યા ને પછી પ્રતાપને પોકાર્યો, 'ઓ! નીલા ઘોડા રા સવાર! ' બંને ભાઈ એક ઝરણાના કિનારે મળ્યા, ભેટ્યા ત્યારે ચેતક આ દૃશ્ય જોતાં-જોતાં સદાને માટે આંખો મીંચી ગયો. આ પછી શક્તિસિંહે પ્રતાપને પોતાનો અશ્વ આપી ત્યાંથી રવાના કર્યો ને પોતે મૃત મુગલ સૈનિકોનો અશ્વ લઈ શાહી સેનામાં આવી ભળી ગયો.' આ કથા તદ્દન કાલ્પનિક છે. આ ઘટનાનો મેવાડની કોઈ ખ્યાતોમાં ઉલ્લેખ નથી. મેવાડ ઇતિહાસના મર્મજ્ઞો આને અવિશ્વસનીય માને છે; પરંતુ રાણાનું આ રીતે યુદ્ધભૂમિ પરથી હટી જવાથી મેવાડી સેનાનું મનોબળ તૂટતા ધીમે ધીમે તે મેદાન છોડી જતી રહી ને જે દિવસે શરૂ થયેલું એ જ દિવસે બપોરના મોગલોની જીતની સાથે સમાપ્ત પણ થઈ ગયું.

આ યુદ્ધમાં કોના પક્ષે કેટલી ખુવારી થઈ તે પણ નિશ્ચિત નથી છતાં શાહી સેનાના લગભગ ૧૫૦ સૈનિકો અને રાજપૂતો ૩૫૦ મરાયા એમ નોંધવામાં આવેલ છે. એક મત મુજબ રાજપૂતોની સંખ્યા બંને પક્ષની ગણવામાં આવેલ છે; કેમકે શાહી સેનામાં પણ કછવાહા રાજપૂતોની સારી સંખ્યા હતી જ. મોગલ સેના એક રીતે જોઈએ તો યુદ્ધ જીતી હતી તો પણ યુદ્ધમાં પ્રતાપની જ પ્રબળતા રહેલી. મુગલોનું લક્ષ્ય તો એક માત્ર પ્રતાપ જ હતો, જે ન જીવતો પકડી શકાયો કે ન મારી શકાયો. પીછેહઠ કરી રહેલ પ્રતાપ કે તેની સેનાનો પીછો કરવાનું સાહસ પણ શાહી સેના દાખવી શકી નહિ એ જ પ્રતાપની જીત ગણી શકાય. આમ, પરિણામવિહીન આ યુદ્ધ બરાબરીમાં સમાપ્ત થયું ગણાય. તો, બીજી રીતે કહીએ તો પ્રતાપ આ લડાઈ હારેલો. ઊલટાનું અહીંથી અકબર-પ્રતાપ વચ્ચેના ટકરાવનો ખરો પ્રારંભ થયો ગણી શકાય! ડૉ. રઘુવીરસિંહે યથાર્થ જ કહ્યું છે: 'પરાજિત હોને પર ભી હલ્દીઘાટી કે ઇસ યુદ્ધને રાણા પ્રતાપ કી કીર્તિ કો અધિક સમુજ્જવલ બના દિયા તથા રાજસ્થાન કી સ્વાધીનતા કે એકમાત્ર ક્રિયાત્મક સમર્થક રાણા પ્રતાપ હી પરાજયપૂર્ણ સ્મૃતિવાલા યહ યુદ્ધક્ષેત્ર ભી સ્વતંત્રતાદેવી કી બલિવેદી પર મરમિટનેવાલે ઉન સ્વામિભક્ત, દેશપ્રેમી વીરોં કે પુનીત રુધિર સે સીંચા જા કર રાજસ્થાન કી થર્મોપિલી ઔર સમૂચે ભારત કે સ્વતંત્રતા-પ્રેમીઓં કે લિએ એક પુણ્ય-પવિત્ર તીર્થ-સ્થાન બન ગયાં.'

હલ્દીઘાટી યુદ્ધ ને માનસિંહ
શું માનસિંહને પ્રતાપ પ્રત્યે કૂણી લાગણી હતી?

હલ્દીઘાટીના યુદ્ધના અંતે માનસિંહે અકબરને જે અહેવાલ મોકલેલો તેનાથી અકબરને સંતોષ થયેલ નહિ. આથી તેણે પોતાનો એક વિશ્વાસુ પ્રતિનિધિ તપાસ કરવા મોકલેલો. જે કંઈ વિગત-માહિતી અકબર પાસે પહોંચેલી તેનાથી એ માનસિંહ પ્રત્યે એટલો અપ્રસન્ન થયેલો કે તેણે (માનસિંહે) તેની સેના જ્યાં હોય ત્યાં રાખી પરત બોલાવી લીધેલી એટલું જ નહિ, કેટલાક દિવસો સુધી દરબારમાં આવવાની રજા પણ આપેલ નહિ. અને આ (હલ્દીઘાટી યુદ્ધ) બાદ થયેલાં મેવાડ પરના અન્ય એક પણ આક્રમણમાં તેને (માનસિંહને) મહત્ત્વનું સ્થાન અર્થાત્ સેનાપતિપદ સોંપાયેલ નહિ.

આમ થવાનું કારણ શું? એક મતાનુસાર માનસિંહને પ્રતાપ પ્રત્યે કૂણી લાગણી હોવાનું માનવામાં આવે છે. આની થોડી વિગતે ચર્ચા કરીએ. સમગ્ર રાજપૂતાનામાં એકમાત્ર પ્રતાપ જ એવો હતો જેણે સમ્રાટ અકબરની અધીનતા સ્વીકારી ન હોઈ તેના પ્રત્યે (પ્રતાપ) સમગ્ર રાજપૂત-જાતિમાં વિશેષ શ્રદ્ધા-આદર હતાં. માનસિંહે જાણીજોઈને પ્રતાપનો કે પીછેહઠ કરી રહેલી સેનાનો પીછો કરેલો નહિ. તે ઇચ્છત તો પ્રતાપને જીવતો કે મૃત પકડી શકત પણ તેમ ન કર્યું કેમ કે એક તો મુસ્લિમ-વિધર્મી બાદશાહ (અકબર)ને પુત્રી પરણાવવાથી આંબરનું કુળ સમગ્ર રાજપૂતોમાં હીણપત ભર્યું સ્થાન પામ્યું હતું; હવે જો પ્રતાપને તે પકડે, કે જે 'હિન્દૂઆ સૂર્ય' કહેવાતો તો તેની ભર્ત્સના માનસિંહ અને પછીથી આવનારી તેની પેઢીઓને સહેવી પડત. આ કારણસર સંભવતઃ માનસિંહ પ્રત્યે કૂણું વલણ-વર્તન દાખવેલ. અકબરની સમજમાં પણ આ વાત આવી ગયેલી. આથી જ તો પછીથી મેવાડ પરની એક પણ ચડાઈ દરમ્યાન તેમણે માનસિંહને સેનાપતિ પદ સોંપેલ નહિ. અલબત્ત, આ અર્થઘટન છે; આનો કોઈ આધાર- પુરાવો નથી, અને તે હોઈ પણ શકે નહિ! □

યુરોપાયન

પ્રવીણ ન. શેઠ

બ્રુસેલ્સમાં 'અ પૅલેસ ડેસ ઇન્ડીસ' નામનું એક ભારતીય રેસ્તોરાં આવેલું છે. અમારી એસ.ઓ.ટી.સી. પ્રવાસ એજન્સી દ્વારા અહીં અમે ૪૨ પ્રવાસીઓએ જેની અપેક્ષા નહોતી રાખી એટલું સારું, સરસ શાકાહારી ભારતીય ભોજન માણ્યું. શરીફ બંદલી નામના એક મૂળ ભારતીયે, એમના કુટુંબીઓ સાથે, રાજસ્થાની ફ્લેવરવાળા શાક, દાળ, ભાત, ચપાટી, દહીં, ફરસાણ, તાજા શેકેલા પાપડ, સલાડ વગેરેનો રસથાળ ધર્યો. ને તે પછી ડેઝર્ટ તરીકે આઇસ્ક્રીમ. આખા દિવસની અમારી નગરયાત્રા પછી આવું ભોજન ખૂબ જ આવકાર્ય બન્યું. આવા 'મેન્યુ' સાથે આ રેસ્તોરાં સવારે 'ક્વીક લંચ' આપે છે, તે પણ સ્થાનિક ગોરી વસતીમાં ઠીક ઠીક લોકપ્રિય બન્યું છે. અમેરિકા કે લંડન જેવામાં આવું 'વેજિટેરિયન મેન્યુ' - ખાસ કરીને શાક-ભાજી, સલાડ અને તાજા પાપડ નિયમિત મેળવીને ભારતીય સ્વાદરસિયાને પીરસવા એ સામગ્રીસુલભતાને કારણે હવે સરળ બન્યું છે. પણ બ્રુસેલ્સ જેવા શહેરમાં પણ આવું ભોજન મળ્યું, તે અમારે માટે વધારે આસ્વાદ્ય અને મૂલ્યવાન બની ગયું.

બેલ્જિયમથી જર્મનીની ઉત્તર સરહદમાં પ્રવેશ્યા પછી પહેલું શહેર કોલોન આવ્યું. ત્યાં સેંટ પીટર અને વર્જિન મેરિને સમર્પિત થયેલ મોટું દેવળ(કથિડ્રલ) નજર સમક્ષ તરત તરી આવ્યું. ત્રિકોણાકારના ઊંચા 'ફસાડ', (આગળના ભાગના દેખાવ)ને કારણે પ્રભાવિત કરી ગયું. દૂરથી આ કથિડ્રલ તેને ૫૧૫ ફુટ ઊંચાઈ ઉપર તીણા થતા આકારના ખ્રિસ્તી સંતોની મૂર્તિઓથી સુશોભિત દ્વાર કમાનોને કારણે પ્રભાવી બન્યું છે. તો અંદર બે માણસની બાથમાં ન આવી શકે તેવા ૨૫ થાંભલાઓ બંને બાજુ દેખાય છે. તેની દીવલોમાં વિરાટ મોઝેક ચિત્રો અને રંગીન ભાતની કાચની બારીઓ દર્શકને ભવ્ય લાગે જ. સેંટ પીટર અને વર્જિન મેરિની પ્રતિમાઓ, તેમની સમક્ષ મુલાકાતીઓ દ્વારા એક પછી એક મુકાતા મીણદીવાઓ આખા માહોલને એક શાંત ગરિમા અર્પે છે. (આવા માહોલનો અનુભવ પછી રોમ, વેનિસ, પીઝા, અને પૅરિસના કલાત્મક દેવળ-સ્થાપત્ય ધરાવતાં ભવ્ય-ગંભીર કથિડ્રલોમાં પણ થવાનો હતો.)

જર્મની: ઑટોબાનનું મૉડેલ

કોલોનના બજારવિસ્તારમાં ચાલો તો થોડે થોડે અંતરે ચોક જેવી મોટી ખુલ્લી જગાઓ આવે. તેની ફરસબંધી પણ ચીજો વેચાય. તો આવા કોઈ ચોકમાં કોઈ સમૂહ વાદ્ય વગાડતાં હોય અને તેના સૂર પર નાચતા હોય. જેવું ઈંગ્લન્ડમાં કેમ્બ્રિજ-ઑક્સફર્ડમાં આવા ખુલ્લા ચોકમાં, સૂર્યપ્રકાશના મહિનાઓમાં જેમ લોકો મળે, બેસે, સૂર્યપ્રકાશ માણે અને ખુલ્લામાં લંચ કે સ્નેક લેતાં હોય તેવા લોકજીવનની અનૌપચારિક સામાજિકતા પછી સ્વિત્ઝર્લૅન્ડ અને ઇટલીમાં પણ જોવા મળી.

અમારો બસકોચ હવે પેલા વિશ્વખ્યાત ઑટોબાન પર દોડતો હતો. ઓટૉબાન એટલે વાહનોને, વિના ટ્રાફિક અવરોધ, ખૂબ ઝડપે ચલાવવા માટેનો મહામાર્ગ. ઑટોબાનની બંને બાજુએ, ટ્રાફિકના સ્વરૂપ પ્રમાણે બે થી ચાર લેન હોય. યુરોપમાં આવા માર્ગ પર ૧૩૦ માઇલની ઝડપે કાર ચલાવવી એ સામાન્ય છે. જર્મનીમાં ઑટોબાન પર હો તો વાહનને કોઈ 'સ્પીડ લિમિટ' નહિ. સિવાય કે અમુર અંતર પૂરતી ગતિમર્યાદાનું બોર્ડ કોઈ બિન્દુ પર મુકાયું હોય. પેટ્રોલ-ડીઝલ રસ્તા પર ઢોળાય નહિ તેના કડક નિયમો. થોડું ટીપું પણ ઢોળાય તો ભારે દંડ થાય. ઑટોબાન પર કોઈક વાર પીળા રંગનો પટ્ટો આવે, તો તેનો અર્થ એવો થાય કે આવા પટ્ટાની ડાબી બાજુ માત્ર નાની કાર જ ચલાવી શકાય. અમેરિકામાં બે સ્તરના આવા રાજમાર્ગો હોય છે, જ્યારે અહીં આવા માર્ગ ચાર સ્તરના બનેલા હોય છે. આમ તો ઑટોબાન હિટલરનો વિચાર. એણે ત્રીશીના દશકામાં જર્મનીમાં વાહનો વધતાં જાય છે અને તેથી ઝડપી વાહનવ્યવહારને સુકર કરવા આવા ખાસ રસ્તાઓ બંધાવેલા. પણ એ તો આ બહાને તેણે વિચારેલ યુદ્ધ આવી પડે તો વજનદાર ટૅન્કો સહિતનાં લશ્કરી વાહનોની ઝડપી અવરજવર માટે આવા રસ્તાઓ બાંધવાની શરૂઆત કરી હતી પણ પછી તો યુદ્ધોત્તર જર્મનીમાં મોટરકાર અને બીજાં વાહનો ખૂબ વધ્યાં, ત્યારે ઑટોબાનના મૂળ વિચારને અદ્યતન બનાવાયો અને તેને પરિણામે જર્મની, સ્વિત્ઝર્લૅન્ડ, ઇટલી જેવા નાના પ્રમાણમાં નાના ભૂવિસ્તારમાં થયેલા બેહદ વાહનવિસ્ફોટ અને આવશ્યક નાગરિક પરિવહન માટે ઑટોબાન આશીર્વાદરૂપ બન્યા.

વળી, પુલ પર આવતાં પુલોની ઊંચાઈ બતાવાય છે, જેથી ક્યાં કેટલી ઊંચાઈનાં ટ્રક, માલવાહક વાહનો જઈ શકે, તે પણ સૂચવાય છે. યુરોપના આ ભાગમાં કાર સિવાય જે જાહેર બસકોચ જાય, તે ચલાવનાર ડ્રાઈવર પર થાક કે તાણ વધે તો તે અકસ્માત કરી બેસે, તેવી સંભવિતતા વધુ રહેતી હોય છે. એ ધારણાને આધારે કોચ-બસમાં ફરજિયાત 'બ્લૅક બૉક્સ' મૂકવાનાં. આ બૉક્સની વ્યવસ્થા એવી હોય છે કે ડ્રાઈવરે ક્યારે કોચ ચાલુ કર્યો, તેને કેટલા કલાક એકધારી રીતે ચલાવ્યો? ક્યારે માર્ગમાં 'બ્રેક'(આરામ) લીધો? ડ્રાઈવરે રોજ વધુમાં વધુ આઠ કલાક (વચમાં આરામ લઈને) ચલાવવાની! આમ નહિ કરનારનું લાઈસન્સ રદ થાય અને શિક્ષા થાય તે જુદી. (ભારતમાં હાઈવે પર વધુ પડતા અકસ્માત થાય છે, તે માટે તેઓ દારૂ પીએ છે



ર્‌હાઇન ફોલ્સ (જર્મની) પાસે લેખક અને તેમનાં પત્ની સુરભિબહેન

અથવા તો વધુ પડતા કલાકો પર્યન્ત-મુખ્યત્વ રાત્રે-મોટાં વાહનો ચલાવે છે, તે કારણો જાણીતાં છે. પણ નિયમબદ્ધ સમાજ તરીકે ભારત ક્યાં જાણીતું છે? એ તો 'ફન્કશનલ ઍનાર્કી'નું વિશેષણ મેળવી ચૂક્યું છે! ઑટોબાન પર આટલા બધા વાહનોની આવજાને કારણે આનું જે પ્રદૂષણ થાય, તેને ઓછું કરવા જર્મની, ઇટલી, ફ્રાન્સમાં ધોરી માર્ગની બંને બાજુ વૃક્ષો ઉગાડવામાં આવે છે. જર્મનીમાં ઑટોબાનની આજુબાજુ લગભગ ૬૦ થી ૭૦ મીટર સુધીની જમીન પર ઊંચા વૃક્ષો ઝેરી ગૅસને શોષી લેવા માટે ઉછેરાયાં છે.

અમે સાંજે હાઇડલબર્ગ પહોંચ્યા. અહીં યુરોપની જૂનામાં જૂની અને પ્રતિષ્ઠિત યુનિવર્સિટી આવેલી છે. કોલોનનો ૯૦ ટકા કરતાં વધુ વિસ્તાર બીજા વિશ્વયુદ્ધમાં શત્રુ-દેશોના બૉમ્બમારાથી તારાજ થઈ ગયો હતો, તેથી ત્યાં ઘણા વિસ્તારો નવી ઢબે તૈયાર થયેલા દેખાય છે. જ્યારે આ મધ્યયુગીન શહેર એકંદરે બૉમ્બ-મારાથી બચી ગયું હતું. યુનિવર્સિટીનાં મકાનો કિલ્લાઓની યાદ આપે તેવા હજુ ઊભાં છે, તો આ નગરના અંદરના રસ્તાઓ પહેલાંના ભરૂચના પથ્થરમઢ્યા અને ઢાળવાળા વિસ્તારની યાદ આપે. વચ્ચે ચોક જેવા વિસ્તારમાં મળતાં સાઈડવોક (ફૂટપાથ) પર બેઠાં બીઅર-વાઇન માણતાં લોકો પણ દેખાય. જર્મનો પહેલાં બીઅર બહુ ઢીંચતા હતા. પણ તેની તેમના વજન અને સ્વાસ્થય પર દેખીતી કહી શકાય તેવી અવળી અસરનો વ્યાપક અનુભવ થયો. છેલ્લા દશકામાં રેડ વાઇન લેવાય તો તે હૃદય માટે ગુણકારી છે, એવી આરોગ્યમાહિતી અને માન્યતાને આધારે તેઓ વાઇન પીનારા બન્યા છે. અમેરિકામાં વાઇન બનાવવા માટે વિખ્યાત નાપા અને સોનામાં ખીણમાં દ્રાક્ષના બગીચાઓ સપાટ જમીન પર પથરાયેલા છે. વિરાટ અમેરિકાની જેમ જર્મની-ફ્રાન્સ-ઇટલીમાં આવી જમીન સુલભ ન હોવાથી તે માટે ડુંગરોનો વધુ ઉપયોગ થયો છે.

હાઇડલબર્ગમાં પણ અમારા ટુર મૅનેજરે ઇન્ડિયન પૅલેસ નામના ભારતીય રેસ્તોરાંમાં સાંજનું ભોજન રાખ્યું હતું. આ તંદુરી રેસ્તોરાં અનિલ પટેલ નામના ભાઈ ચલાવે છે. ગણપતિની ત્રણ અને સરસ્વતીની એક મોટી ધાતુની પ્રતિમાઓ તથા એક ઊંચે ધાતુની સુરવાઈ મુલાકાતીઓનું તરત ધ્યાન ખેંચે છે. ઉપર આખા ડાઈનિંગ હૉલમાં લાકડાની કોતરણીવાળી છત એના ભારતીય ડેકોરને પૂર્ણ કરે છે. અહીં જ રેસ્તોરાં ચલાવનાર અમેરિકાના ચીની વાનગીના રેસ્તોરાંની યાદ આવે તેમ જલદી જલદી પીરસે. જેઓએ ભોજન પૂરું કરી લીધું હોય એવું લાગે, તેમની પાસેથી 'આર યુ ડન' કહીને જે રીતે થાળી ઊપાડતા હતા, તેમાં જાણે તેઓ ઉતાવળમાં હોય, તેવું અમારામાંના કેટલાકને કઠ્યું. કદાચ, તેમને ત્યાં આવવા લાગેલા સ્થાનિક જર્મન ગ્રાહકો માટે જગા તૈયાર રાખવાનો તેમને ખયાલ હશે! (અમદાવાદની ખાડિયા ચાર રસ્તા પાસેની પેલા લોકપ્રિય પુરોહિત ભોજનગૃહની સ્ટાઇલ યાદ આવી ગઈ!) લોકો કામના દિવસો દરમિયાન ફાસ્ટફૂડ ખાદ્ય કેન્દ્રોમાં જતાં હોય છે. પણ સાંજે તો નિરાંતે ડીનર લેવા રેસ્તોરાંમાં જતા હોય; તેવું પર્યાવરણ અહીં જોવા મળ્યું નહીં.

જર્મનીમાં બીજે દિવસે સવારે ર્‌હાઇન નદી પર ક્રુઝ લેવા પહોંચ્યા. આખા જર્મનીમાં નાની કારો જ દોડતી જોવા મળે, બી.એમ.ડબ્લ્યુ તો લકઝરી ગણાય. ટ્રાફિકને ખયાલમાં રાખીને તથા બળતણ ખર્ચ ઓછો આવે તે દૃષ્ટિએ નાની કારનો અહીં મહિમા છે. અમે ત્યાંથી લોરેલેઈ થઈને બોપાર્ડ પહોંચ્યા. અમારી બોટ આવવાની વાર હતી. પણ ર્‌હાઇનના કિનારે જ ક્યાંય સુધી હરિયાળા પાર્કમાં રંગીન ફુલક્યારીઓવાળો રમણીય માર્ગ અમને આવકારતો હતો. પાર્કને બીજે છેડે અવનવી આકર્ષક ચીજોની દુકાનો અને ફુલાચ્છાદિત હોટલો હતી. તે સાન્તા બાર્બરા જેવા સહેલાણીનગરની યાદ આવે તેવું આ નગર હતું. પછી ર્‌હાઇન ક્રુઝ લીધી.

ર્‌હાઇનની ક્રુઝ

ર્‌હાઇન નદીની એક બાજુ હોટલો, બીજી બાજુ ડુંગરો અને તેના ઢાળ પરના વાઇનના બગીચાઓ; વચ્ચે કિલ્લાઓ આવ્યે જતા હતા. તેની બંને બાજુ ટ્રેનમાર્ગ પણ બાંધેલો છે. નદીના પ્રવાહની બંને દિશામાં ક્રુઝમાં બેઠાં બેઠાં હરિયાળા પહાડોની હારમાળાનાં બદલાતાં દૃશ્યો પણ પ્રવાસીઓ ઝડપતાં હતાં. ક્રુઝમાં પહેલાં જર્મન ગીતો અને પછી નૃત્ય કરનારાઓએ મનોરંજન કર્યું. એક જર્મને ૧૦ થી ૧૨ ફુટની ભૂંગળ જેવા વાજિંત્રને ફુંકથી વગાડીને પ્રવાસીઓને પણ તેમ કરવા પ્રેર્યા. તેણે સારી એવી રમૂજનું વાતાવરણ ઊભું કર્યું. ક્રુઝમાં સામાન્ય પીણાં-નાસ્તાની અને ટૉઇલેટની વ્યવસ્થા હોય છે. એક કલાકની ર્‌હાઇન સહેલ તાજગીભરી રહી. ત્યાંથી અમે સેંટ ગોર આગળ ઊતર્યા. ત્યાં અમારો કોચ તૈયાર હતો. તેમાં બેસીને બપોરે ર્‌હાઇન ફૉલ્સ જોવા ગયા.

ર્‌હાઇન નદીમાં ઘૂઘવાતો ધોધ નદીમાં જ ઉપરના સ્તર પરથી નીચે સ્તર પર ફીણીઆં મોજાં રૂપે વહે છે. યુરોપનો એ સૌથી મોટો ધોધ છે. જો કે ઊંચાઈમાં તે નાયગરાનો ૧૦મો ભાગ થતો હશે. (ક્રમશઃ)

વસિયો

પ્રફુલ્લ રાવલ

સ્મૃતિમંજૂષા ખોલીને બેઠો છું ત્યારે બાલભેરુઓની લાંબી વણઝાર દેખાય છે. એ સહુનું સ્મરણ મારા આયુવનને ઉપવનમાં પરિવર્તિત કરી રહ્યું છે. હું થઈ જાઉં છું કિશોર. અલ્લડ કિશોર. અને સાંભળું છું અતીતના કલશોર. ત્યારે હતી માત્ર મસ્તી. જીવનસમજનો સ્પર્શ થયો નહોતો. રમવું - ભરપુર રમવું એ જ માત્ર પ્રવૃત્તિ હતી. તોફાન વગરનો દિવસ ફિક્કો લાગતો હતો. સાંજે બા ઘાસતેલમાં બોળી રાખેલો પાટો તૈયાર રાખતી. જ્યાં વાગ્યું હોય ત્યાં પાટો બાંધી આપતી. ન વાગ્યું હોય ત્યારે બાને આશ્ચર્ય થતું. સંધ્યાટાણે થતી પ્રાર્થનામાં હાજર રહેવું એ ઘરનો નિયમ હતો. ગેરહાજર રહું તો બા બોલતી નહીં - બીજાં દિવસની સવાર સુધી. એ રાતે હું જાણે અનાથ બની જતો! ઘર ભર્યુંભર્યું ન્હોતું. અભાવના સૂર ઘરમાં પડઘાતા રહેતા હતા. પણ જે થોડું પ્રાપ્ત થતું એનો ઓચ્છવ માણવો એ માતૃદત્ત સંસ્કાર હતા. પરિસર ચોખ્ખો હતો. કશો ય આભાસ નહીં. દંભ કોસો દૂર હતો. મહોલ્લો એ જ પરિવાર. ત્યાં બધું જ ખુલ્લું રહેતું. દુઃખ ખુલ્લું તો સુખ પણ ખુલ્લું; અંગત રહેતી માત્ર મનની અવ્યક્ત લાગણી. ક્યારેક મારા એ સમયનો મને દ્વેષ કરવાનું મન થાય છે. ઉપનિષદે ક્યાં આત્મદ્વેષ કરવાની ના પાડી છે!

વાત તો વસિયાની એટલે કે વસરામની કરવી છે. વસિયો બાજુના મહોલ્લામાંથી અમારા મહોલ્લામાં રહેવા આવ્યો ત્યારે ત્રીજા ધોરણમાં ભણતો હતો. કારણ તો આજે ય ચોખ્ખું સમજાતું નથી, પણ વસિયા તરફ ભીની લાગણી હતી. એની ટેવ-કુટેવ વચ્ચે પણ એ ગમતો હતો. મહોલ્લામાં રહેવા આવ્યો એટલે નજીક આવવાનું બન્યું. ઘરમાં પ્રતિબંધ હતો એની સાથે વાત કરવાનો પણ. ક્યાંક હું અસંસ્કારી ન થઈ જાઉં! કુછંદે ન ચડી જાઉં! પણ એથી તો બોલવાનું વધી ગયું. કદાચ ન માનવું એવું મારું મનોવલણ પ્રવૃત્ત થયું હશે! વયમાં એ મારા કરતાં મોટો. ચારેક વર્ષ મોટો હશે. હાડ મોટું. હતો ય સશક્ત. સહુનું કામ દોડીને કરતો. જ્ઞાતિનો ઠાકોર. પણ પાસેની હવેલીના ઠાકોરજી જોડે રિસામણાં કરી બેઠેલો.'સાલો, એ પણ કંઈ કામનો નથી.' એમ બોલતો રહેતો. એનું ય કારણ હતું. એની માને ઠાકોરજીના મંદિરે કામે જતાં ખીલી વાગેલી અને ધનુર થયેલું. એ ધનુર એને લઈ ગયું વસિયાથી દૂર... દૂર... અતિદૂર, જ્યાં વસિયો ન જઈ શક્યો અને થઈ ગયો એકલો. આજીવન કોઈની સંગતિ ન પામી શક્યો. પામ્યો તે પણ અલ્પકાળની. એકલતાનો પ્રવાસી બની ગયો. એ જ વસિયાની સાચી ઓળખ બની રહી.

ભણવાનું એના ઘરમાં જરાય મહત્ત્વ નહીં એટલે ભણવા મોડો બેઠેલો. ભણતર એને બહુ ચડ્યું નહીં. માંડ પાંચ ચોપડી ભણ્યો અને લાગી ગયો કામે. બાપ બીજી લાવેલો એટલે કાકા કહેરભાઈ સાથે રહેતો. મિલમાં કાકાનું ભાત આપવા જતો. વહેલો જતો ત્યારે ચાલતા સંચાને મુગ્ધતાથી જોતો રહેતો. અને એમ જ સાંચા હલાવતો થઈ ગયો. હું તાલુકાશાળા છોડીને છઠ્ઠા ધોરણમાં હાઈ સ્કૂલમાં ભણવા ગયો ત્યારે વસિયો મિલનો કારીગર બની ગયો હતો. હું મૅટ્રિક પાસ થયો ત્યારે વસિયાનાં લગ્ન થઈ ગયાં હતાં. વસિયો બની ગયો વસરામજી. મિલની બદલી ભરતો એટલે લગ્ન પછી કાકાથી જુદો રહેવા માંડ્યો. તે ય અમારા મહોલ્લામાં. હું ભણીને શિક્ષક થયો ત્યારે એ વિધુર થઈ ગયો. પછી બીજું લગ્ન કર્યું અને....

વસિયો એટલે વાવાઝોડું. હતો યે ઝોડ જેવો. થાક જાણે એને લાગતો જ નહીં. પણ નાહવાનો ભારે આળસુ. બે-ત્રણ દિવસે બોરિંગે નાહવા આવે. પાણીની ચકલી નીચે ઊભો ઊભો ક્યાંય સુધી નાહતો રહે. અમે બધાં નાહીને કપડાં બદલતાં હોઈએ તો ય એ નાહતો જ હોય. પાસે સાબુ તો હોય જ નહીં. ઠીકરું લઈને ઘસવા માંડે શરીર. એમ ચોખ્ખો થાય. તનનો મેલ દૂર કરે. ઘરે આવીને શરીર પર તેલની માલિશ કરે. દીવેલ ચોપડેલા મલખમના થાંભલા જેવો ચમકે.

નવોઢા અમરતકાકીને મન વસિયો જ જીવનની સીમા હતો. એને બરાબર સાચવતી બોલતી રહેતી -'મા વિનાનું છોકરું શોષવાય તો ખરું ને! મારે ક્યાં કશું છે? અત્યારે એ જ મારા ઘરની વસ્તી. એ જ મારો સૂરજ ને ચાંદો. એનો કાકો ક્યાં નવરો પડે છે રમવામાંથી! ઘરમાં કો'ક માણહ તો હોવું જોઈએ ને!' લાડ પણ ખાસ્સાં કરાવે. કાકી ટોકે નહીં. આથી રમવાનું વસિયાને સહજ થઈ ગયું હતું. બધી રમતો રમે. પણ કાલાંટાણીમાં કાકી સાથે કાલાં ફોલે અને કાકી-ભત્રીજો દિવસની બે ઘડી પૂરી નાખે. છાપની રમત એને ખૂબ પ્રિય. એમાં હારજીત થતી. આ છાપની રમતે એને પાનાંની રમતે ચડાવી દીધો. પૈસા જીતે અને વાપરે. કુસંગે બીડી પીતો થઈ ગયો. બાલભેરુઓમાં એ એક જ જુદો. પણ ક્યારેક પાનાં મૂકીને હુતુતુ કે સાતતાલી રમવા આવે. રમે પણ આવેશથી. હાર એને ગમતી નહીં. જીત એ જ લક્ષ્ય. મહોલ્લા બહાર રમવા જઈએ ત્યારે વસિયો અમારી સાથે હોય તો હૂંફ રહેતી. તાલુકાશાળાની આંબલી પર એ સડસડાટ ચડી જતો. કાતરાં તોડી લાવતો. સહુને આપે. એનું ભાવચક સદાય ગતિશીલ રહેતું. વસિયાને વાઘ-સિંહનું આકર્ષણ ભારે હતું. આથી ગામમાં સરકસ આવતું ત્યારે પાંચ-સાત વાર જોવા જતો. સરકસની વાત હોંશથી કરે. પણ ઝુલાનો ખેલ જોતાં એ ઊભો થઈ જતો. એને થતું હમણાં પેલી છોકરી પડશે. પણ છોકરી પડતી નહીં.

વસિયો દેખાવે શાંત પણ ભારે તોફાની. તોફાન તો એવાં કરે કે ઝઘડા થાય. મારામારી કરે. હાથનો છુટ્ટો. એક વાર હોળીની રાતે વસિયાને બાધાવાડાની નેળમાં ઝઘડો થયો અને એણે સામેવાળાને છરી ભોંકી દીધી. એ એનું પહેલું પરાક્રમ. પછી તો પરાક્રમની ગાથા લંબાતી ગઈ. કાકીને વિકલ્પ દેખાયો તે એને પરણાવી દેવાનો. કાકાએ ફંડમાંથી લોન લઈને લગ્ન કરાવ્યાં. વસિયો સત્તરનો હતો. હજુ તો મૂછનો આછો દોરો ફૂટ્યો'તો. લગ્નટાણે કાકાએ હોંશમાં ગામમાં વરઘોડો કાઢ્યો હતો. વસિયો ગામના રાજમાર્ગ પર ફર્યો ઘોડી પર. હાથમાં તલવાર અને માથે સાફો. વચ્ચે ઝગમગતી લાઈટ. ઘોડી નાચતી રહેતી અને વસિયો મલકતો રહેતો. પત્ની રતન ડાહી અને સમજુ. સાચ્ચે જ રતન. રવિવારની રજા હોય ત્યારે વસિયો રતનને લઈને સિનેમા જોવા જતો. વસિયો ગૃહસ્થ બની ગયો. બધું જ ભૂલી રતનમય બની ગયો. ચાર વર્ષે એ સગર્ભા થઈ. બંને સુખી હતાં. પરંતુ એ સુખ તો મહોરું પહેરીને આવ્યું હતું! આ દામ્પત્યજીવનનું આયુષ્ય ઝાઝું ન રહ્યું. સુવાવડમાં રતન મરી ગઈ. અને વસિયાએ ગુમાવી દીધું પોતાનું નૂર. એવા મૃત્યુટાણે સૂનમૂન ઓટલા પર બેઠેલા વસિયાના ચહેરા પર લાચારી જાણે છાનીમાની આવી બેસી ગઈ હતી! જીવનના બધા જ અરમાન જાણે ઓલવાઈ ગયા હતા! રહી હતી પાસે એકલતા. એ જ જન્મજાત એકલતા. પણ એ જ એની મૂડી હતી. કાકાએ આઘુંપાછું કરીને પરણાવ્યો હતો. પત્ની વગરનો થતાં વળી કાકા સાથે રહેવા માંડ્યો. હવે તો કાકી પણ માતૃત્વ પામી હતી. વસિયા પર ભાવ ઓછો ન્હોતો, પરંતુ ભાવનદીનાં વહેણ પેટનાં જણ્યાં તરફ વહેતાં થઈ ગયાં હતાં. પહેલાં ચાર વાગે મિલમાંથી આવતો ત્યારે કાકી નાહવાનું પાણી કાઢી આપતી. ચા બનાવી આપતી. હવે એને કહેવું પડતું કે જાતે કરવું પડતું. બરાબર અમારી સામે મેડા પર કેહરભાઈ રહેતા એટલે વસિયાની પ્રવૃત્તિથી વાકેફ થવાતું. ક્યારેક સાંજે મહોલ્લાના ઝાંપે ઊભો હોય. એકલો થાંભલે હાથ દઈને બીડીના લાંબા કસ ખેંચતો હોય. મોંમાંથી ધુમાડા અવકાશમાં ઠાલવતો રહેતો. મારો સ્કૂલેથી પાછા આવવાનો સમય. થોડી વાત થાય. પણ ચહેરા પર ઝાઝું નૂર ન વર્તાય. પેલું તોફાની માનસ ક્યાંક પગેરું કરી ગયું હતું. થોડો સમય પસાર થયો. એની ઉદાસીને દૂર કરવા કાકા-કાકીએ પુનઃ પરણાવ્યો. વસિયાના જીવનનું બીજું સત્ર શરૂ થયું, જેમાં હતી નરી વેદના. પત્ની મળી તે તદ્દન કર્કશા. પાછી એદી. વસિયો સવારે મિલમાં જાય ત્યારે ઊઠે નહીં. ક્યારેક ભાત પણ ન મોકલે. થોડું ભણેલી. એટલે ભણતરનો ભાર લઈને ફરે. નાની વાતનું વતેસર કરી મૂકે. વસિયો કંટાળીને ઘરબહાર જતો રહે. પીએ કે રમે. તો ય પેલી એનું પોત પ્રકાશતી રહે અને વસિયાનો હાથ

(અનુસંધાન પૃ. ૫૪૩ પર)

લઘુકથા

તુર્કનું ભાગ્ય

અમૃતલાલ વેગડ

એક તુર્ક એટલો બધો ગરીબ હતો કે એની પાસે એની પત્ની સિવાય કંઈ જ ન હતું. એ એની પત્નીને ખૂબ જ પ્યાર કરતો હતો, પણ એની સુખસગવડ માટે કંઈ કરી શકતો નહોતો. એક દિવસ એ બોલ્યો,'હે ખુદા, તું જુએ છે કે હું કેટલી તનતોડ મહેનત કરું છું, તેમ છતાં મેં જિંદગીમાં કદી સુખ ન જોયું.'

એક ફિરસ્તાએ એની દર્દભરી દાસ્તાન સાંભળી. એનું દિલ પીગળ્યું. એણે કહ્યું,'તું નાહક ખુદાનો વાંક કાઢી રહ્યો છે. સુખ તારા ભાગ્યમાં જ નથી.' તુર્ક નારાજ થઈને બોલ્યો,'શું કહ્યું?'

'ચાલ, હું તને ત્રણ વરદાન આપું છું. તું તારી કોઈ પણ ત્રણ ઇચ્છાઓ પૂરી કરી શકે છે. તું જે માગીશ, એ મળશે. હવે તો તું સુખી થઈશ ને?' આટલું કહીને ફિરસ્તો ચાલ્યો ગયો. તુર્ક અને એની સ્ત્રીની ખુશીનું શું કહેવું! તુર્કે કહ્યું,'હવે આપણા સારા દિવસો આવશે. આપણી ખરી જિંદગી તો હવે શરૂ થશે.'

તુર્કની સ્ત્રીએ નખરાં કરતાં કહ્યું,'તમને ત્રણ વરદાન મળ્યાં છે. એક મને આપોને!'

'એમાં કઈ મોટી વાત છે! એક તું લઈ લે. મારે માટે બાકીનાં બે પૂરતાં છે.'

ત્યાં તો તુર્કે જોયું કે એની સ્ત્રી એક અત્યંત સુંદર યુવતી બની ગઈ છે, જાણે કોઈ પરી ન હોય! એ બોલી,'હું બેહદ ખૂબસૂરત બની ગઈ છું ના? મેં મારા વરદાનનો ઉપયોગ કરી લીધો છે. હવે તમને મારા સલામ! હું જઈ રહી છું. બગદાદનો શાહજાદો મને મેળવીને ન્યાલ થઈ જશે. હવે હું તમારી સાથે નહીં રહી શકું.'

તુર્કની આંખો આગળ અંધારું છવાઈ ગયું. કળ વળતાં ગુસ્સાથી બરાડ્યો,'ખુદા તને દુનિયાની સૌથી બદસૂરત ઓરત બનાવી દે!'

અને એ પરી ડાકણ બની ગઈ!

બંને એકબીજાંની સામે ટગર ટગર જોઈ રહ્યાં. એકાએક એની ઓરત ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. કહેવા લાગી,'મારા માલિક, જૂના દિવસો યાદ કરો. હું તમને કેટલો પ્યાર કરતી હતી!' એ એના પગે પડી ચોધાર આંસુએ રડવાં ને વીનવવાં લાગી,'મહેરબાની કરીને મને પહેલાં જેવી બનાવી દો!'

તુર્ક ના ન પાડી શક્યો. એણે કહ્યું,'ખુદા, મને મારી સ્ત્રી જેવી હતી એવી જ પાછી આપો.'

ત્યાં જ પેલો ફિરસ્તો પાછો આવ્યો. એણે કહ્યું,'ખુદા તારી ઇચ્છા જરૂર પૂરી કરશે.' એમ કહીને એ એની સ્ત્રીને અડ્યો, એટલે એ જેવી પહેલાં હતી, એવી જ થઈ ગઈ.

તુર્ક બબડ્યો,'ફિરસ્તાએ ઠીક જ કહ્યું હતું. સુખ મારા નસીબમાં જ નથી.'

ફિલ્માકાશ-૩૧

ઓહો, ૧૯૩૭માં આવ્યા કેટલા બધા નવા ચહેરા!

રજનીકુમાર પંડ્યા

૧૯૩૭ની સાલની 'પ્રભાત ફિલ્મ કંપની'ની વાત પૂરી થતાં સાથે જ માસ્ટર વિનાયકની સંસ્થા 'હંસ પિક્ચર્સ'ની કેટલીક ફિલ્મોની વાતો સંક્ષિપ્તમાં કરી લેવી જોઇએ, કારણ કે તેના સ્થાપક માસ્ટર વિનાયક એ બીજું કોઈ નહીં પણ શાંતારામના જ કઝીન હતા. પિતરાઈ કે મસિયાઈ બંનેને કઝીન કહેવાય. પણ એ સ્પષ્ટ નથી થતું કે એ બંને કઈ સગાઈથી કઝીન હતા. શાંતારામની અટક વણકુદ્રે હતી જ્યારે વિનાયકની કર્ણાટકી. એ રીતે વિચારતાં એ બંને મસિયાઈ કે મામા-ફોઈના હોય તે વધુ શક્ય છે. માસ્ટર વિનાયક આપણને એ રીતે પણ યાદ આવે છે કે તેમની પુત્રી નંદાએ શાંતારામની જ ફિલ્મ 'તૂફાન ઔર દિયા'થી હીરોઇન તરીકે ફિલ્મક્ષેત્રે પદાર્પણ કરીને પછીનાં વર્ષોમાં શાંત-સૌમ્ય અભિનેત્રી તરીકે સારું નામ કાઢ્યું હતું. મનમોહન દેસાઈ સાથેના નિકટના સંબંધો પછી ફિલ્મોમાંથી તેણે સન્યાસ લીધો હતો, પણ પહેલાં બેબી નંદા અને પાછળથી નંદા તરીકે પ્રતિષ્ઠિત થનારી આ હીરોઇનને અભિનયના સંસ્કાર તેની ગળ-થૂથીમાંથી મળ્યા હતા તેમ કહી શકાય.

માસ્ટર વિનાયકનું પૂરું નામ હતું વિનાયક દામોદર કર્ણાટકી. ૧૯૦૬માં જન્મેલા વિનાયકના મોટાભાઈ વાસુદેવ કર્ણાટકી પણ ફિલ્મોના કૅમરામૅન હતા. નાના વિનાયકને પેંઢારકર પરિવારમાં દત્તક લેવામાં આવ્યા અને ત્યાં તેમને સાવકા ભાઈ રૂપે એમનાથી અનુક્રમે છ અને ચાર વર્ષ મોટા બાબુરાવ અને ભાલજી પેંઢારકર મળ્યા, જે બંને પણ આગળ જતાં ફિલ્મ-જગતની નામાંકિત હસ્તી બન્યા.

શરૂઆતમાં શિક્ષકની કારકિર્દી સ્વીકારનારા વિનાયક નાનપણમાં 'મેળા' નામે ઓળખાતા મહારાષ્ટ્રના પરંપરાગત તમાશામાં ભાગ લેતા ત્યારથી જ એમનામાં અભિનયની પ્રતિભા વરતાતી હતી. આ 'મેળા'ની સ્ક્રિપ્ટ લખનારા વળી ભાઈ ભાલજી પેંઢારકર રહેતા ને એમાં ક્યારેક બાબુરાવ પણ જોડાતા. આમ, આ ત્રિપુટી નાનપણથી જ લોકરંજન પરત્વે સજાગ બની; અને આ રીતે સ્વયંશિક્ષણ મેળવતી થઈ. પણ વિનાયકને પહેલી તક મળી ૧૯૩૨ની પ્રભાતની પહેલી સવાક ફિલ્મ 'અયોધ્યા ચા રાજા'માં. રાજા હરિશ્ચંદ્રની કથા ધરાવતી આ મરાઠી-હિંદી ફિલ્મમાં દુર્ગા ખોટેને પહેલી જ વાર હીરોઇન તરીકે ચમકવાનો મોકો મળ્યો. તો રાજાના પાત્રમાં હતા ગોવિંદરાવ તાંબે, જેમણે એ ફિલ્મનો સંગીતપક્ષ પણ સંભાળ્યો હતો. આ ફિલ્મમાં વિનાયકે નારદમુનિની યાદગાર ભૂમિકા ભજવી અને પ્રેક્ષકપ્રિયતા હાંસલ કરી. પ્રભાતની અને કોલ્હાપુર સિનેટોનની કેટલીક ફિલ્મોમાં



માસ્ટર વિનાયક

અભિનય આપ્યા પછી તેમણે ૧૯૩૫માં પોતાની નિર્માણસંસ્થા હંસ પિકચર્સની સ્થાપના કરી, અને પહેલી જ ફિલ્મ બનાવી 'વિલાસી ઈશ્વર'. મૂળ મરાઠીમાં પણ હિંદીમાં તેનું નામ રાખ્યું 'નિગાહે નફરત'. એમાં અવૈધ સંતાન અને એને ગોદ લેવાની હિમાયતનું નિરૂપણ હતું. ફિલ્મ ઠીક ઠીક ચર્ચાસ્પદ રહી. પણ માસ્ટર વિનાયકને એ યુગના બીજા સ્તરના નિર્માતાઓની જેમ સાહિત્યકારો પ્રત્યે વિશેષ લગાવ હતો. તેથી બીજી ફિલ્મ મરાઠીના સુવિખ્યાત સાહિત્યકાર વિ.સ.ખાંડેકર (કે જેમને પાછળથી જ્ઞાનપીઠ ઍવૉર્ડ મળ્યો હતો)ની વાર્તા ઉપરથી ફિલ્મ 'છાયા' બનાવી અને એમાં નવી અભિનેત્રી લીલા ચીટનીસને હીરોઇન તરીકે અભિનયનો પ્રથમ વાર અવસર આપ્યો. નહીંતર ત્યાં સુધી આ ગ્રેજ્યુએટ મહિલાએ જૂનિઅર કલાકાર તરીકે જ બે-ત્રણ ફિલ્મોમાં કામ કર્યું હતું.

આ રીતે માસ્ટર વિનાયકને નવા નવા ચહેરાઓને ચમકાવવાનો શૉખ હતો. આપણને જાણીને નવાઈ લાગશે કે એમણે મશહુર ગાયિકા લતા મંગેશકરને પોતાની ફિલ્મ 'પહીલી મંગલા ગૌર'(૧૯૪૨) અને આશા ભોંસલેને 'મોઝે બાલ'(૧૯૪૩)માં અભિનય કરવાની તક આપી હતી.

આ ફિલ્મ 'છાયા' (મરાઠી)માં પણ તેમણે અનંત મરાઠે જેવા ભવિષ્યમાં અત્યંત મશહુર બનનારા મરાઠી અભિનેતાને ચમકાવ્યા હતા. અનંત એ ઋણ જીવનભર ભૂલ્યા નહોતા.

પોતાની નિર્માણસંસ્થા હંસ પિકચર્સની સ્થાપના એમણે પોતાના સાવકા ભાઈ બાબુરાવ પેંઢારકર તથા કૅમરામૅન પાંડુરંગ નાઈકની સાથે મળીને કરી, અને પહેલી ફિલ્મ 'વિલાસી ઈશ્વર' જેવી મામા વરેરકર જેવા સુપ્રસિદ્ધ નાટ્યકારની વાતો પરથી, તેમની જ પાસે પટકથા લખાવીને કરી, તેમ 'છાયા' પણ ઉપર લખ્યું તેમ સાહિત્યકાર વિ.સ.ખાંડેકરની વાર્તા ઉપરથી તેમની જ પાસે સ્ક્રિપ્ટ લખાવીને બનાવી. એ પછી તેમણે આપણે જે સાલની વાત કરીએ છીએ તે ૧૯૩૭માં જે બે હિંદી ફિલ્મો 'ધર્મવીર' અને 'પ્રેમવીર' બનાવી તે પણ મરાઠીના મૂર્ધન્ય સાહિત્ય-કાર પી.કે.અત્રેના વ્યંગ નાટકો ઉપરથી બનાવી હતી. માસ્ટર વિનાયકનો સાહિત્યપ્રેમ એટલો ઊંચી કક્ષાનો હતો કે શેકસપિયરના જગમશહુર નાટક 'મૅકબેથ'ની ફિલ્મ પટકથામાં વિ.સ.ખાંડેકર

પાસે રૂપાંતરણ કરાવીને ૧૯૩૮માં ફિલ્મ 'જ્વાલા' બનાવી હતી.

૧૯૩૭ની ફિલ્મોની વાત કરીએ તો ઉપર જણાવી તે 'ધર્મવીર' અને 'પ્રેમવીર' ફિલ્મો બંને બૉક્સ ઑફિસ પર ઘણી સફળ રહી હતી. પણ તે બંને અલગ અલગ મિજાજ ધરાવતી ફિલ્મો હતી તે નોંધપાત્ર ગણાય. 'ધર્મવીર'માં બાબુરાવ પેંઢારકર એક એવા દંભી દાનેશ્વરી બનતા હતા કે જે ગંગાજળને નામે દારૂ પીતા હતા અને આશ્રિત સ્ત્રીઓને ભોળવતા હતા. આની સામે વિરોધાભાસમાં માસ્ટર વિનાયક દીનાનાથ નામે એક સીધાસાદા 'કૉમન મૅન'ની ભૂમિકા કરી હતી જે મૅટ્રિકમાં આઠ વાર નાપાસ થયો હતો, પણ જેને કસ્તુરી (રત્નપ્રભા)નામની છોકરી પ્રેમ કરતી હતી. દંભી દાનેશ્વરીના ભાંડાફોડનાં નિમિત્ત અંતે દીનાનાથ જ બને છે. પરિણામે લોકનજરમાં એ હિરો સાબિત થાય છે. છતાં એના મગજમાં કોઈ રાઈ ભરાતી નથી. 'વિલાસી ઈશ્વર' (હિંદી નામ 'નિગાહે નફરત')માં જેમ નવોદિત શોભનાએ પોતાનું હીર બતાવી આપ્યું હતું તેમ 'ધર્મવીર'માં રત્નપ્રભાએ લાજવાબ અભિનયકલા દર્શાવી હતી.

એ પછી થોડા જ મહિને આવેલી, માસ્ટર વિનાયક દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'પ્રેમવીર' એ હાસ્યપ્રધાન ફિલ્મ હતી. એમાં માસ્ટર વિનાયકે ભાતભાતના વેશપલટા કરીને દર્શકોને ભરપૂર મનોરંજન પૂરું પાડ્યું હતું. એક નોંધપાત્ર વાત એમાં એ હતી કે આમાં પણ મૂળ મેહરૂન્નિસા નામધારી અભિનેત્રીએ નવું નામ આશાલતા ધારણ કરીને ફિલ્મની હીરોઈન તરીકે સુંદર કામ કર્યું હતું. આશાલતા પાછળથી સંગીતકાર સ્વ. અનિલ બિશ્વાસનાં જીવનસંગિની બન્યાં હતાં.

એક આડવાત કરવી અહીં જરૂરી સમજું છું કે આશાલતાનું અસલ નામ મહેરૂન્નિસા મુસા ભગત હતું અને તેઓ ખોજા કોમનાં હતાં. ૧૯૩૬માં 'ધરમ કી દેવી' ઉપરાંત અનિલ બિશ્વાસે જે બીજી પાંચ ફિલ્મોમાં સંગીત આપ્યું હતું તેમાંથી 'બુલડૉગ' અને 'શેર કા પંજા'માં તેઓ હીરોઈન હતાં, અને તેમણે એમાં બે ગીતો પણ ગાયાં હતાં. આને કારણે અનિલ બિશ્વાસ અને એમની વચ્ચે પરિચય વધ્યો- એ ઉપરાંત એ દિવસોમાં મુંબઈમાં એક ડ્રામેટિક ક્લબની પણ સ્થાપના થઈ, જેમાં લીલા ચીટનીસ ઉપરાંત અનિલ બિશ્વાસ અને આ મેહરૂન્નિસા પણ કામ કરતાં હતાં. આખરે પરિચય પ્રેમમાં અને પ્રેમ પરિણયમાં પરિણમ્યો. બંને ૧૯૩૭ના વર્ષમાં જ લગ્નબંધનથી જોડાયાં. થોડો સમય વધુ સમુસૂતરું ચાલ્યું. બાળકો પણ થયાં. પણ ધીરેધીરે બંને વચ્ચેનો રુચિભેદ સ્પષ્ટ થયો. શરાબ, રેસ અને જુગારના શોખીન મહેરૂન્નિસાના સ્વાભાવનો નિર્વ્યસની અને સંગીત-સાહિત્યના શોખીન અનિલદા સાથે કોઈ રીતે મેળ બેસે તેવો નહોતો. છેવટે મેહરૂન્નિસાએ એક પાર્ટીમાં નશામાં ચકચૂર થઈને અનિલદાને અને બીજા ઉપસ્થિતોને ગાળાગાળી કરી તે પછી જુદાઈ તો શરૂ થઈ જ ગઈ, પણ તેમણે અનિલદાને નાણાંકીય ઘસારો આપવાનું ચાલુ રાખ્યું. અંતે જે હતું તે બધું આ પત્નીના નામે લખી આપીને અનિલદાએ આશાલતા ઉર્ફે મેહરૂન્નિસાથી છુટકારો મેળવ્યો.

ખેર, આપણે જોયું તેમ ૧૯૩૭ની સાલ આ રીતે ઘણા નોંધપાત્ર બનાવોથી ભરેલી હતી. એમાં હજુ એક ઉમેરો થઈ શકે - અને તે બનાવે તે અભિનેતા ડૅવિડ (પૂરું નામ ડૅવિડ અબ્રાહમ)ના ફિલ્મી દુનિયામાં પ્રવેશનો. એક સાવ સામાન્ય પોષાક ચિત્ર (કૉસ્ટ્યુમ ફિલ્મ) 'જમ્બો, ધ એપ મૅન' યાને 'શેર-એ-જંગલ'માં ડૅવિડની પ્રથમ વાર અભિનય કરવાની તક મળી. અવિવાહિત રહેલા ડૅવિડ અબ્રાહમે ચુમ્મોતેર વર્ષની વયે ફિલ્મોમાંથી નિવૃત્તિ લીધી. પછી ૧૯૮૨ના જાન્યુઆરીની બીજીએ ભત્રીજીને ત્યાં કૅનેડામાં અવસાન થયું. મારી કૅનેડાયાત્રા દરમ્યાન મને ત્યાં હેમિલ્ટન શહેરના કબ્રસ્તાનમાં આવેલી એમની કબરનાં દર્શન કરવાની તક મળી હતી.

ન્યૂ થીએટર્સના સમોવડિયા ગણાય તેવા બૉમ્બે ટોકીઝની પણ ચાર ફિલ્મો ૧૯૩૭માં આવી હતી. તે હતી 'ઈઝ્ઝત', 'જીવનપ્રભાત', 'પ્રેમકહાની' અને 'સાવિત્રી'.

આ ચારે ચાર ફિલ્મોના દિગ્દર્શક ફ્રાંઝ ઓસીન હતા અને સંગીતકાર સરસ્વતીદેવી. ચારેચારમાં ગીતકાર જમુના સ્વરૂપ કશ્યપ 'નાતવાં' હતા પણ એકમાત્ર 'જીવનપ્રભાત'માં હિરો કિશોર શાહુ હતા. બાકીના ગણમાં અશોકકુમાર. જ્યારે એક માત્ર 'પ્રેમકહાની'માં હીરોઈન હતાં માયાદેવી, બાકીનાં ત્રણેત્રણમાં દેવિકારાણી, મતલબ કે બૉમ્બે ટોકીઝનાં જ અધિષ્ઠાત્રી.

અલબત્ત, આ ચારેચારમાંથી વધુમાં વધુ નોંધપાત્ર ફિલ્મ હતી 'જીવનપ્રભાત'. 'ઈઝ્ઝત' સામાજિક પ્રકારની હતી પણ વિવેચકોએ એની ફોટોગ્રાફીનાં વખાણ કર્યાં છતાં એ જોઈએ તેવી સફળ રહી નહીં. એના કારણમાં કહેવાય છે બે જાતીઓનો ટકરાવ ઉપરાંત એની કહાણી એક ભીલ દંપતીના કથાનક ઉપર આધારિત હતી અને એ પાત્રોમાં અશોકકુમાર-દેવિકારાણી સમુચિત અભિનય કરી શક્યાં નહીં. એના કરતાં 'જીવનપ્રભાત' એમાં નવા હિરો કિશોર શાહુ હોવા છતાં બૉમ્બે ટોકીઝની કમાણી કરાવી આપનારી નીવડી હતી. સંગીતકાર સરસ્વતી-દેવીએ પોતે એમાં એક શાસ્ત્રીય રાગ ઉપર આધારિત હોરી ગીત 'હોરી આઈ રે કાન્હા' ગાયું હતું, જે ખાસ્સુ લોકપ્રિય થયું હતું. અરે, પ્રમાણમાં અજાણ્યા એવા ગાયક બલવન્ત સિંગનાં ગીતો પણ લોકજીભે ચડ્યાં હતાં. અહીં એક વાત ફરી વાર યાદ દેવડાવવી જરૂરી સમજું છું કે



સંગીતકાર સરસ્વતીદેવી


મુમતાઝ અલી

ભારતના પ્રથમ મહિલા સંગીતકાર ગણાતાં જન્મે પારસી એવાં સરસ્વતીદેવીનું મૂળ નામ મિસ ખુરશીદ હોમજી હતું. અને તેમનું મૃત્યુ અડસઠની વયે ૧૯૮૦ની દસમી ઑગસ્ટે મુંબઈ ખાતે જુહુની આરોગ્યનિધિ હૉસ્પિટલમાં પગના ફ્રેક્ચરને કારણે થયું. ત્યારે તેમના એક વખતના પ્રખ્યાત અભિનેત્રી બહેન માણેક (પડદા ઉપર નામ ચંદ્રપ્રભા) હાજર હતાં.

ખેર, 'જીવનપ્રભાત'ની સફળતાનું બધું શ્રેય હીરોઇન કરતા પણ વધુ હિરો કિશોર શાહુને મળતું હતું. ૧૯૧૫ની બાવીશમી ઑક્ટોબરે દુર્ગમાં જન્મનાર કિશોર શાહુ નાગપુર યુનિવર્સિટીના સ્નાતક હતા. મૂળભૂત રીતે વાર્તાકાર, નાટ્યકાર અને કવિ જીવ તેવી કિશોર શાહુ પોતાના અણીદાર નાકનકશા અને કમાનદાર ભવાંને કારણે વિશેષ દર્શનીય અસર ઉપજાવી શક્યા હતા. તેમની સંવાદ બોલવાની છટા પણ નિરાળી હતી. નિર્માતા-નિર્દેશક તરીકે પણ અનેક ફિલ્મો બનાવી, જેનાં ઉલ્લેખ સમયક્રમાનુસાર આગળના પ્રકરણોમાં આવશે. પુત્રી નૈના શાહુ સાથે અમેરિકાના પ્રવાસે જઈ રહ્યા હતા ત્યારે, ૧૯૮૦ની ઑગસ્ટની બાવીસમીએ તેમનું અવસાન હૃદયરોગના ભારે હુમલાથી બૅંગકોકના ઍરપોર્ટ ઉપર જ થયું. વહીદા રહેમાનના પતિ તરીકે તેમની 'ગાઇડ' (૧૯૬૫)ની ભૂમિકા આજની પેઢીનાં લોકો પણ યાદ કરે છે.

'જીવનપ્રભાત'ની વાર્તા કંઇક અંશે નાટકીય છતાં સામાજિક સંદેશ આપનારી હતી. બૉમ્બે ટોકીઝની અગાઉની અત્યંત સફળ ફિલ્મ 'અછૂત કન્યા'ની જેમ આમાં પણ ઉચ્ચ બ્રાહ્મણ કુળમાં જન્મેલી ઉમા (દેવીકારાણી) નીચલા સામાજિક સ્તરના કુંભારના પુત્ર રામુ (કિશોર શાહુ) તરફ હૃદયનો ઝુકાવ બતાવે છે. એનાં મા-બાપને આ મંજૂર નથી. તેઓ તેનાં લગ્ન નંદલાલ (મુમતાઝ અલી) સાથે કરી નાખે છે. આ પછી તેનો ખોળો ન ભરાતા નંદલાલ બીજાં લગ્ન કરે છે. ઉમા આઘાત પામીને પિયર પાછી ફરે છે ત્યારે તરત જ પોતે ભારે પગે હોવની એને જાણ થાય છે. આ ઘટનાને કારણે શંકાનાં અનેક વમળો સર્જાય છે. થોડા નાટકીય ઘટનાક્રમ પછી નંદલાલની બીજી પત્ની પદ્મા (ચંદ્રપ્રભા) સ્વેચ્છાએ ખસી જાય છે અને ફિલ્મ સુખાંત બને છે.

પ્રમાણમાં મરજાદી કહેવાય એવા એ યુગમાં શંકાસ્પદ સગર્ભાવસ્થા અને સંતાન ખાતર કરાતાં બીજા લગ્ન જેવી વિચારોદ્દીપક ઘટનાઓને કારણે આ ફિલ્મે સારી ચકરાર જગાવેલી. નંદલાલનું ખલ નહીં છતાં ખલનાયક જેવું પાત્ર ભજવનાર મુમતાઝ અલી હકીકતમાં સારા ડૅન્સર હતા. બૉમ્બે ટોકીઝના બહુ માનીતા અને લોકપ્રિય કલાકાર હતા. ઉપરની બધી જ ફિલ્મોમાં તેમની ભૂમિકા હતી. હાસ્યઅભિનેતા મેહમુદના તેઓ પિતા અને હાલના ગાયક લકી અલીના તેઓ દાદા થાય. તેમની પુત્રી સ્વ. મીનુ મુમતાઝ પણ થોડા સમય માટે ૧૯૫૫ થી ૧૯૬૫ દરમ્યાન ફિલ્મોમાં ચમકી હતી. મુમતાઝ અલી હજુ દસેક વર્ષ પહેલાં જ અવસાન પામ્યા. છેલ્લે પુત્ર મહેમુદની જ બનાવેલી સુંદર ફિલ્મ 'કુંવારા બાપ'(૧૯૭૪)માં તેમણે બહુ સારી અને નાની ભૂમિકા ભજવી હતી, અને એમાં નૃત્ય પણ કર્યું હતું. 'સીમા' (૧૯૫૫)માં તેમણે 'હમે ભી દે દો સહારા' ઉપર સરસ શેરીનૃત્ય હાર્મોનિયમનો સાથ લઈને કર્યું હતું. પણ જૂની પેઢીનાં લોકો તેમને 'ઝૂલા' (૧૯૪૧)ના 'મૈં તો દિલ્હી સે દુલ્હન લાયા રે બાબુજી' ગીતના નૃત્યકાર તરીકે યાદ કરે છે. નૃત્યનિર્દેશક તરીકે ફિલ્મોદ્યોગમાં તેમની ભારે નામના હતી. બૉમ્બે ટોકીઝના સંગીત-નૃત્યવિભાગમાં તેઓ પન્નાલાલ ઘોષ જેવા મહાન વાંસળીવાદકના પુરોગામી હતા.

બૉમ્બે ટૉકીઝની બાકીની બે ફિલ્મોની વાત આવતા અંકે.

(ક્રમશઃ)

લઘુકથા

જીવને ટાઢક!

ભાનુપ્રસાદ પંડ્યા

ધૂળેટીનો રંગ-ઉમંગ ઉછાળતો એ દિવસ હતો. નગરને છેવાડે 'નુક્કડ' જેવી વસાહતમાં છોકરાં, યુવાનો અને યુવતીઓ સૂનમૂન બેઠાં હતાં! દૂર નગરના મહોલ્લાઓમાં શોરબકોર સંભળાતો હતો. ગુલાલ અને રંગપિચકારીઓ રમઝટ બોલાવતી હતી. આ નાનકડા વાસમાં સ્મશાન જેવી શાંતિ! એક નાનું છોકરુંય ચોકમાં ફરકતું નથી! આનુંય એક કારણ હતું. હજી ગઈ ધૂળેટીનો જ એ દિવસ સાંભરતો હતો. તે દિવસે વસાહતમાં હોળી-ધૂળેટીનું પર્વ કેવી ધામધૂમ ને ધમાલથી ઉજવાતું હતું! નાનાં ટાબરિયાંથી માંડીને મોટેરાં-ગલઢેરાં સૌ હરખની હેલીએ ચઢ્યાં હતાં. રંગની તો ડમરી છવાઈ ગઈ હતી. બંગલાઓમાંય ન સમાય એવા હરખનું ઘોડાપૂર જાણે આવ્યું હતું! પણ મિલમજૂર બાધરજીનો દીકરો સોમલો રંગ ઉછાળતો ધાબેથી પડ્યો! માથું નીચેના પથ્થરિયા પગથિયા ઉપર! શ્રીફળની કાચલી વધેરાઈ ગઈ જોઈ લ્યો! સોપો પડી ગયો! આખો વાસ ચોધાર આંસુડે રડ્યો. એ માતમ કેમ ભુલાય? સોમલો સામે જ નજરે તરતો હતો! આ ધૂળેટીએ એ માઠું સંભારણું સૌને ગમગીન બનાવતું હતું. કોઈની મગદૂર હતી કે ગુલાલની મૂઠી ભરે? પણ એક જ ક્ષણમાં બાધરજી પોતાના ઘરમાંથી દોડતા બહાર આવ્યા! બેય મૂઠીમાં ગુલાલ ભર્યો હતો! 'છોકરાંવ, અલ્યા જવાનિયાં - હાલો... હાલો... બેઠાં છો શું મોં વાળીને? હોળી ખેલીએ!' - એમ બોલતા સૌની ઉપર ગુલાલ ઉછાળવા લાગ્યા ! 'હાલો, ખેલો ધૂળેટી સૌ, એમ કરશો તો જ મારા સોમલાના જીવને ટાઢક વળશે!'

અને આખો વાસ ફરીથી રંગડમરીથી છવાઈ ગયો!

ભારતનાં રાજ્યોઃ ૨૫

ઉત્તરાંચલ

ડૉ. જયકુમાર ર. શુક્લ

ભારતની ઉત્તરે, હિમાલય પર્વતની તળેટીમાં આવેલા આ રાજ્યની આંતરરાષ્ટ્રિય સરહદે ઉત્તરમાં તિબેટ (ચીન) અને પૂર્વમાં નેપાળ આવેલાં છે. તેની ઉત્તર-પશ્ચિમે (વાયવ્ય ખૂણે) હિમાચલ પ્રદેશ તથા દક્ષિણે ઉત્તરપ્રદેશનાં રાજ્યો આવેલાં છે. આ રાજ્યનો વિસ્તાર ૫૩,૪૮૩ ચોરસ કિ.મી. અને તેની વસતી ૮૪,૭૯,૫૬૨ છે. તેનું પાટનગર દહેરાદુન છે, તથા આ રાજ્યની મુખ્ય ભાષાઓ હિંદી, ગઢવાલી તથા કુમાઉની છે. રાજ્યનો મોટા ભાગનો વિસ્તાર પહાડી છે. ત્યાં જંગલો આવેલાં છે. પ્રવાસન તથા જંગલોની પેદાશની બાબતમાં આ રાજ્ય સોનાનાં ઈંડાં મૂકતી મરઘી સમાન છે. આ રાજ્યમાં સૌથી વધુ યાત્રાનાં સ્થળો આવેલાં હોવાથી લાખો પ્રવાસીઓ પ્રતિવર્ષ આ રાજ્યની મુલાકાત લે છે.

ઈતિહાસઃ ઉત્તરાંચલ રાજ્યના ઉલ્લેખો પ્રાચીન હિંદુ ધર્મગ્રંથોમાં કેદારખંડ, માનસખંડ તથા હિમાવંત તરીકે થયેલા જોવા મળે છે. આ પ્રદેશ ઉપર કુષાણો, કુનિંદા, કનિષ્ક, સમુદ્રગુપ્ત, પૌરવો, કટુરીઝ, પાલો, ચન્દ્રો તથા પવારો અને છેલ્લે અંગ્રેજો એક પછી એક રાજ્ય કરી ગયા. ત્યાંનાં વિવિધ ધાર્મિક સ્થળો તથા અનેક તીર્થોને કારણે ઘણી વાર તે દેવભૂમિ તરીકે ઓળખાય છે. ઉત્તરાંચલના ઉચ્ચપ્રદેશો પ્રવાસીઓ તથા યાત્રીઓને સુંદર પ્રાકૃતિક દેખાવોથી પ્રફુલ્લિત કરે છે.

હાલનું ઉત્તરાંચલ રાજ્ય, ૧૯૦૨માં અસ્તિત્વમાં આવેલા 'આગ્રા અને અવધના (બનેલા) સંયુક્ત પ્રાંત'નો એક ભાગ હતો. ૧૯૩૫માં તેનું નામ ટૂંકાવીને 'યુનાઈટેડ પ્રોવિન્સીઝ' રાખવામાં આવ્યું. જાન્યુઆરી ૧૯૫૦માં સંયુક્ત પ્રાંતનું નામ ઉત્તરપ્રદેશ કરવામાં આવ્યું. ત્યારબાદ ૯ નવેમ્બર, ૨૦૦૦ના રોજ ભારતના ૨૭માં રાજ્ય તરીકે ઉત્તરાંચલના નવા રાજ્યનો ઉદ્ભવ થયો.

ઉદ્યોગોઃ રાજ્યમાં ૪૧,૨૧૬ નાના પાયાનાં ઉદ્યોગોનાં એકમો આવેલાં છે. તેમાં ૩૦૬ કરોડ રૂપિયાનું રોકાણ થયેલું છે. તે ઉદ્યોગોમાં ૧,૫૩,૨૩૦ લોકોને રોજગારી મળે છે. આ રાજ્યમાં આવેલા ૧૯૧ મોટા ઉદ્યોગોમાં રૂ. ૨૬૯૫ કરોડનું રોકાણ થયું છે અને તેમાં ૫૦,૮૦૨ લોકો રોજગારી મેળવે છે. હરિદ્વારમાં (જ્વાલાપુર) જાહેરક્ષેત્રનું ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ, હૃષિકેશમાં ઈન્ડિયન ડ્રગ ઍન્ડ ફાર્માસ્યુટિકલ્સ તથા નૈનિતાલમાં ભારત પમ્પ ઍન્ડ કૉમ્પ્રેસર, ઈંડિયન ટેલિફોન ઈન્ડસ્ટ્રીઝ તથા કાચના ઉદ્યોગો વિકસ્યા છે. આ રાજ્યના મોટા ભાગના ઉદ્યોગો જંગલોની પેદાશો પર આધારિત છે.



સિંચાઈ અને ઊર્જાઃ આ રાજ્યની ૫,૧૯,૮૦૬ હેક્ટરથી પણ વધારે જમીન સિંચાઈ હેઠળ છે, જે રાજ્યની ખેતી હેઠળની કુલ જમીનના ૫૬ ટકા થાય છે.

આ રાજ્યમાં જળવિદ્યુત યોજનાઓ વાસ્તે ઘણી સારી સુવિધાઓ ઉપલબ્ધ છે. યમુના, ભાગીરથી, ગંગા, રામગંગા અને શારદા નદીઓ ઉપર અનેક જળવિદ્યુત યોજનાઓ કરવામાં આવી છે. તેમાંથી પેદા થતી વીજળી, રાજ્યનાં ૧૫,૬૬૯ ગામોમાંથી ૧૨,૩૧૫ ગામોમાં પહોંચાડવામાં આવી છે.


ખેતીઃ ઉત્તરાંચલની વસતીના આશરે ૯૦ ટકા લોકો ખેતી ઉપર આધાર રાખે છે. રાજ્યમાં ખેતી હેઠળની જમીનનો વિસ્તાર ૧૨,૬૧,૯૧૫ હેક્ટર છે.

વાહનવ્યવહારઃ ઉત્તરાંચલ રાજ્યમાં મેટલ્ડ માર્ગોની કુલ લંબાઈ ૧૬,૬૫૨ કિ.મી. છે. તેમાંથી જાહેર બાંધકામ વિભાગના માર્ગોની લંબાઈ ૧૨,૭૦૬ કિ.મી., સ્થાનિક સંસ્થાઓ દ્વારા બાંધેલા માર્ગોની લંબાઈ ૧,૩૫૩ કિ.મી. અને અન્ય એજન્સીઓ દ્વારા બાંધેલા માર્ગોની લંબાઈ ૨,૫૯૩ કિ.મી. છે.


રેલવેઃ રાજ્યનાં મુખ્ય રેલવે સ્ટેશનો દહેરાદુન, હરદ્વાર, રૂડકી, કોટદ્વાર, કાશીપુર, હલ્દવાની તથા કઠગોદા છે.

જૉલી ગ્રાન્ટ (દહેરાદુન), પંતનગર (ઉધમસિંહનગર) અને નૈની-સેની (પિથોરાગઢ)માં ઍરસ્ટ્રિપ્સ આવેલી છે.

ઉત્સવોઃ આ રાજ્યોમાં વિવિધ ઉત્સવો તથા મેળા ઉજવવામાં આવે છે. હિંદુઓનું વિશ્વપ્રસિદ્ધ તીર્થ હરિદ્વાર આ રાજ્યમાં આવેલું છે. દર બાર વર્ષે ત્યાં કુંભમેળો તથા દર છ વર્ષે અર્ધ કુંભમેળો યોજવામાં આવે છે, ત્યારે સમગ્ર દેશમાંથી લાખો શ્રદ્ધાળુઓ ત્યાં ગંગાસ્નાન, પૂજા તથા ભગવાનનાં દર્શન માટે આવે છે. હરિદ્વારમાં દક્ષેશ્વર મહાદેવનું મંદિર, બિલકેશ્વર, ગીતાભવન, માયાદેવીનું મંદિર, હરકી પૈડી, મનસાદેવી મંદિર, શાંતિકુંજ વગેરે મહત્ત્વનાં ધાર્મિક સ્થળો



દક્ષ પ્રજાપતિ મંદિર, કનખલ



લક્ષ્મણઝૂલા, હરિદ્વાર

આવેલાં છે. રાજયમાં આવેલ ચંપાવતમાં દેવીધૂરા મેળો તથા પુરણગીરી મેળો, અલમોડામાં નંદાદેવી મેળો, ચમોલીમાં ગૌચર મેળો, ઉત્તરકાશીમાં વૈશાખી તથા માઘમેળો, બાગેશ્વરમાં ઉત્તરાયણનો તહેવાર, જોનસર વાવડમાં વિષ્ણુમેળો, રૂડકીમાં પીરાણે-કાલિયાર અને દર બાર વર્ષે યોજાતી નંદાદેવી રાજ જાટ યાત્રા, નૈનિતાલ તથા અલમોડામાં પાનખરનો ઉત્સવ લોકો ખૂબ શ્રદ્ધા, ભક્તિભાવ તથા પરંપરા જાળવીને ઊજવે છે.

પ્રવાસન: ઉત્તરાખંડનાં પવિત્ર અને સમગ્ર ભારતવર્ષમાં પ્રસિદ્ધ ચાર ધામ - ગંગોત્રી, યમુનોત્રી, બદ્રીનાથ અને કેદારનાથ ઉપરાંત હરિદ્વાર, હૃષિકેશ, હેમકુંડ સાહેબ, નાનકમઠ વગેરે તીર્થો આ રાજયમાં આવેલાં છે. તેથી પ્રતિવર્ષ લાખો શ્રદ્ધાળુઓ આ તીર્થોની યાત્રાએ આવીને કૃતાર્થ થાય છે. કુમાઉં પ્રદેશમાં થઈને કૈલાસ માનસરોવરની યાત્રાએ જવાય છે. વિશ્વવિખ્યાત વેલિ ઑફ ફ્લાવર્સ, પિંડારી ગ્લૅલિયર, રૂપકુંડ, ધ્યારા બુગ્યાલ, ઓલી વગેરે સ્થળો આ રાજયમાં આવેલાં છે. જૂનથી સપ્ટેમ્બર સુધી પ્રતિવર્ષ, જુદાં જુદાં ૩૦૦ પ્રકારનાં ફૂલ વેલિ ઑફ ફ્લાવર્સમાં ઊગે છે.

નૈનિતાલ હવાખાવાનું પ્રસિદ્ધ ધામ છે. તે ૬,૩૫૬ ફીટની ઊંચાઈ પર આવેલું છે. ૧૯૪૭ સુધી અંગ્રેજો સંયુક્ત પ્રાંતનું પાટનગર ઉનાળામાં ત્યાં લઈ જતા હતા. મસુરી પણ ઘણું જાણીતું હવાખાવાનું સ્થળ છે. ઉનાળામાં ત્યાં બે લાખ જેટલાં લોકોની વસતી થઈ જાય છે, જયારે ત્યાંની કાયમી વસતી ૩૨,૦૦૦ની છે. તેથી ઉનાળામાં ત્યાં પાણીની તંગી, કચરાના ઢગલા તથા ટ્રાફિકની સમસ્યાઓ પેદા થાય છે.

વિશિષ્ટતાઓ: હરિદ્વાર પાસે કાંગડીમાં સ્વામી દયાનંદ સરસ્વતીના અનુયાયી સ્વામી શ્રદ્ધાનંદે ઉચ્ચ શિક્ષણ માટે ગુરુકુળ સ્થાપ્યું છે. ત્યાં વેદમંદિર, પુરાતત્ત્વ સંગ્રહાલય, આયુર્વેદ ફાર્મસી તથા આયુર્વેદિક કૉલેજ અને ઇસ્પિતાલ જોવાલાયક છે.

સ્વામી સત્યમિત્રાનંદજીએ સ્થાપેલ સાત માળના ભારતમાતા મંદિરમાં ભારતના સંતો, સતીઓ, મહાપુરુષો વગેરેની મૂર્તિઓ સ્થાપવામાં આવી છે.

સ્વર્ગાશ્રમમાં આવેલ ગીતાભવનમાં દેવ-દેવીઓની મૂર્તિઓ છે. દીવાલ ઉપર ભગવદ્‌ગીતાના શ્લોકો પથ્થર ઉપર કોતરીને લખવામાં આવ્યા છે. અહીં એક હજારથી વધારે ઓરડા છે. રામાયણના કથા-પ્રસંગોની સુંદર છબીઓની હારમાળા પણ છે. અહીં સવાર-સાંજ પ્રાર્થના અને પ્રવચનો થાય છે.

જગદ્‌ગુરુ શંકરાચાર્યે ભારતમાં ચાર આશ્રમો સ્થાપ્યા હતા. તેમાંનો એક ઉત્તરમાં બદ્રીનાથમાં આશ્રમ સ્થાપ્યો હતો. તેમાં સેકન્ડના દસ લાખમા ભાગ જેટલી ચોકસાઈથી સમય માપી શકે તેવું ક્વાર્ટ્ઝ ઘડિયાળ, ઉપગ્રહ ટ્રેકિંગ કૅમરા વગેરે સાધનો ઉપરાંત એક સમૃદ્ધ ગ્રંથાલય તથા સંશોધન માટેનાં સાધનો બનાવવા માટેની પાંચ વર્કશૉપ ત્યાં આવેલી છે. ❑

અનુસંધાન] વસિયો [પૃ. ૫૩૮ થી

ઊપડે. એવો ઊપડે કે ગાલ થઈ જાય લાલચોળ. પેલી બબડતી રહે. વસિયો વધુ વિફરે તો લાકડી લઈને ઝૂડે. આમ તો વસિયાનો ક્રોધ એવો કે કોઈ વચ્ચે ન પડે. એની કાકી પણ નહીં. પરંતુ મારી બાનું માને. બા જાય અને વસિયાના હાથમાંથી લાકડી પડાવી લે. વસિયો નીચું મોં કરીને બહાર જતો રહે. અને પેલીની લૂલી ચાલતી રહે. પાછો આવે ત્યારે થાકીને સૂઈ જાય. હવે તો મિલમાં કાયમી થઈ ગયો હતો. પગાર સારો આવતો હતો. પણ એકલતા ખંડિત થતી નહોતી. ક્યારેક પહેલી પત્ની રતનને યાદ કરે. મારી પાસે દિલ ખોલીને વાત કરે. બાકી મૌન રહે. એણે મનમાં ભંડારી દીધી હતી પોતાની વ્યથા. અચાનક કાકા કહેરભાઈનું મૃત્યુ થયું. કાકીનાં છોકરા નાના. તેની જવાબદારી માથે આવી. કાકીને સાથે રાખવા પાસેના મહોલ્લામાં સહેજ મોટું મકાન ભાડે રાખ્યું. પછી અમારો સંબંધ ઓછો થવા માંડ્યો. હું મારી પ્રવૃત્તિમાં રત રહેતો. વસિયો દૂર થતો ગયો. એવામાં મિલ બંધ પડી અને વસિયાએ આજીવિકાર્થે ગામ છોડ્યું. સાથે છૂટી ગયું અમારું ભાવનું ચક્ર. એ તદ્દન ભુલાઈ ગયો. વર્ષો ગતિ કરતાં રહ્યાં. લગભગ ત્રીસ વર્ષ પછી ભોગાવાના કાંઠે રાણકદેવીના મંદિર બાજુએ ગાડી પાર્ક કરીને, નીચે ઊતરીને, શેરડીના કોલા પાસે કુટુંબ સાથે ઊભો હતો ત્યારે છાપરીની પાટલી પર બેઠેલો પોતાની ઓળખ મને આપવા મથતો'તો. એની વાણી ઊઘડતી નહોતી. મેં પણ થોડીક ક્ષણો એની આંખમાં તરતો ભાવ જોવામાં પસાર કરી અને પછી એના કુતૂહલને જવાબ આપતો બોલ્યો:'વસરામજીને?'

'હા, તમે તો પરફુલભાઈ જ ને!' એનું બોખું મોં આનંદમાં હસતું હતું. પછી એ અતીતની પોથી ફેરવતો ફેરવતો પરિતોષ પામતો રહ્યો. અમારી વાતનું આશ્ચર્ય મારું કુટુંબ અનુભવતું હતું. કેવા લઘરવઘર માણસ સાથે હું વાતો કરતો હતો તન્મય થઈને! પણ એમને સહુને ક્યાં ખબર હતી કે વિગત સમય એનો સોહામણો કર પસવારતો પસવારતો શાતા આપી રહ્યો હતો, મને અને વસિયાને. ❑

જીવન–એક નાટક કે:....?

મુનિકુમાર પંડ્યા

.....ના તંત્રીશ્રીએ તેમના સામાયિકમાં અમારો હવે પછીનો નવા વર્ષનો પ્રથમ અંક 'હાસ્યવિશેષાંક હશે' એવી જાહેરાત આપવાની સાથે ગુજરાતના હાસ્યલેખકોને પોતાની હાસ્યરચના મોકલી આપવા જાહેર નિમંત્રણ પણ આપ્યું હતું.

એક રાત્રે હું હાસ્યલેખ લખવા બેઠો, પેન ખોલી કાગળ ઉપર અક્ષરો પાડવાનો આરંભ કર્યો. શું લખું? કેવી રીતે લખું? આ હાસ્ય બહુ વિચિત્ર બાબત છે. 'ચાલો આપણે હસીએ' એવો નિર્ણય કરીને હસી શકાતું નથી. ગંભીરતા સહેલાઈથી ધારણ કરી શકાય છે. પરાણે ગંભીર બનવામાં ઓછી તકલીફ પડે છે. પણ પરાણે હસવામાં બનાવટ તરત ખુલ્લી પડી જાય છે. હાસ્ય આણ્યું આણી શકાતું નથી, ગાંભીર્ય આવી શકે છે. શોક મોઢા ઉપર લાવી શકાય છે.

અને આટલી સરળતા હોવા છતાંય કોઈ સામયિક એવી જાહેરાત કરતું નથી કે 'અમારો આગામી અંક 'કરુણાંક' તરીકે પ્રકટ થશે. કરુણ(રસના) લેખકોને પોતાની ગંભીર કૃતિ મોકલી આપવા માટે જાહેર અનુરોધ કરીએ છીએ. 'હાસ્યરસનાં શ્રેષ્ઠ પુસ્તકો'ને વર્ષોવર્ષ ઇનામો મળતાં રહે છે. 'કરુણરસનાં શ્રેષ્ઠ પુસ્તકો' માટે આવી કોઈ જોગવાઈ કરવાનું વિચારાયું નથી. હાસ્યલેખ અંગેનું મારું ચિંતન ચાલતું હતું એવામાં પત્ની મારા રૂમમાં આવ્યાં. મને પૂછ્યું,'કેમ આજે તમે આટલા ગંભીર બની ગયા છો?'

'હાસ્યલેખ લખવા માટે વસ્તુ ગોઠવી રહ્યો છું.'

'તો તો ઠીક. મને તો થયું કે વળી પાછો તમારે ઑફિસમાં ડખો થયો હશે. આજે ય તમારે ઑફિસ જવાનું મોડું થયેલું ને?'

ઑફિસમાં સમયસર ન પહોંચવાની મારી ટેવ ખરી. જો આગલા દિવસે મને ખબર પડી જાય કે આવતી કાલે બૉસ નથી આવવાના તો નિરાંતે ઑફિસ જાઉં. ક્યારેક વળી મારી ટેવની વિરુદ્ધ હું વહેલો ઑફિસે પહોંચ્યો હોઉં તો બૉસની ચૅમ્બર પાસેથી ચાહી કરીને પસાર થાઉં. એનું ધ્યાન મારા ભણી ખેંચવા પ્રયાસ કરું.

એક વાર હું જરા તકલીફમાં મુકાઈ ગયો. ઑફિસે મોડો પહોંચ્યો. ઘરે કાંઈ ગરબડ થઈ હોય કે પછી ગમે તે કારણ હોય પણ તે દિવસે બૉસ વહેલા આવી ગયેલા. મસ્ટર પોતાની ચૅમ્બરમાં મંગાવી લીધેલું.

'માર્યા ઠાર.'

'મિસ્ટર જોશી. ઘડિયાળમાં જોયું? કેટલા વાગ્યા?'

'સૉરી સર. મારા સનને નોટબુક બાંધી દેવામાં મારે જરા મોડું થઈ ગયું.'

એ જ ક્ષણે હેડક્લાર્કે ચૅમ્બરમાં પ્રવેશ કર્યો. બૉસને ફરિયાદ કરતાં કહ્યું, 'સર, બે દિવસ અગાઉ જે સ્ટેશનરી મંગાવેલી એમાંથી એક ડઝન કાગળ ક્યાંક ચોરાઈ ગયા લાગે છે.'

'હં'- બૉસ એટલું જ બોલ્યા ને મારી સામે તીક્ષ્ણ નજરે તાકી રહ્યા. ક્લાર્કે પણ બૉસની નજરનું અનુકરણ કર્યું.

જવા દો. પછી શું થયું એની વાત હું અહીં કરવા નથી માગતો; પણ સર્કસમાં સિંહના પાંજરામાં આવી જનાર માણસની દશાનો અનુભવ કરતાં મેં બૉસની કૅબિન છોડી.

મૂળ વાત તો એ કે હાસ્યલેખ માટે વસ્તુની શોધ કરી રહ્યો હતો. હસાવવું કેવી રીતે? સંસ્કૃતમાં એક શ્લોક છે; 'घटंभित्वा पटंछित्वा...... એનું ભાષાન્તર છે:

'ઘડો ફોડી વસ્ત્ર છોડી ગર્દભ પીઠ પે ચડી
યેન કેન પ્રકારેણ પ્રસિદ્ધિ મેળવે નર.'

આ બધી ક્રિયાઓથી હાસ્ય તો જન્મે પણ એ જાતના ભોગે. મારી પાસે એક જૂનું હાસ્યરસનું પુસ્તક છે. વિવિધ હાસ્ય રચનાઓના એ સંગ્રહમાંથી હાસ્યના જુદાજુદા પ્રસંગો અને સંવાદો જોડીને એક હાસ્યલેખ તૈયાર કરવાનું મેં વિચાર્યું. એ લેખનું મથાળું શું રાખવું એના વિચારમાં હું પડ્યો. પત્નીની સલાહ ઠીક પડશે એમ ધારીને મેં શું મથાળું રાખવું એ પૂછ્યું.

'પેટમાં છોકરું ને નામ પાડ્યું હીરો.'

'આવડું લાંબું મથાળું તું સૂચવે છે?'

'ના, મથાળું નથી સૂચવતી પણ હજી તો તમે લેખ લખ્યો નથી ને મથાળું નક્કી કરો છો એ શેના જેવું ગણાય એ કહેવત ટાંકીને સમજાવું છું.'

'સંતાનના જન્મ અગાઉ નામ ન પાડી શકાય એ વાત ખરી પણ લેખ લખવામાં તો અગાઉ મથાળુ બાંધવું પડે તો જ મુદ્દો ખીલે બંધાય અને પછી એ મુદ્દાની આસપાસ લખાણ આપમેળે ગૂંથાતું જાય.' લેખકના લેવાતા ઇન્ટર્વ્યૂમાં લેખક જવાબ આપતા હોય એવી ઢબથી મેં કહ્યું.

પત્ની મારો પ્રથમ વાચક(વાચિકા?) છે. લેખ લખીને સૌથી પ્રથમ હું એને વંચાવું છું. કોઈ વાર તો પ્રેમપત્રની પેઠે મારા લેખની એ જ એક માત્ર વાચક બની રહે છે.

'મારો તો એવો વિચાર છે કે છાજલીમાં પેલું હાસ્યરસનું જે જૂનું પુસ્તક પડ્યું છે એમાંથી કેટલુંક આડુંઅવળું લઈને એને મારીમચડીને એક સ્વતંત્ર(!) લેખ તૈયાર કરવો. તારું શું કહેવું છે?'

સહધર્મચારિણી સહધર્મમાં સામેલ થઈ નહીં. કઈ ભારતીય

સ્ત્રીએ પતિના ખોટા કાર્યમાં સહકાર આપ્યો છે? મંદોદરી અને ગાંધારીનાં દૃષ્ટાંતો આપણે જાણીએ છીએ. પાશ્ચાત્ય સાહિત્યમાં લેડી મૅકબેથ જેવાં દૃષ્ટાંતો મળી આવે છે, જે પતિના ખોટા કાર્યમાં સાથ આપે છે.

ધર્મપત્ની ગયાં. હું લેખ માટેના મુદ્દાઓ વિચારવા લાગ્યો.

અમે મિત્રો મળીએ છીએ. હસવા માટે મળીએ છીએ. મળીને હસીએ છીએ. એકબીજાને અવનવી રમૂજો સંભળાવીએ છીએ. જુદાં જુદાં સામયિકોમાં, વર્તમાનપત્રોમાં આવેલી રમૂજોની વાત કરીને આનંદ માણીએ છીએ. કોઈ વાર કોઈની ઑફિસમાં અથવા ઘરે કાંઈ અવનવી હાસ્યપ્રેરક ઘટના બની હોય તો એમાંથી હાસ્ય લૂંટીએ છીએ. ચારપાંચ મિત્રોની અમારી ટોળકી(સારા અર્થમાં ટોળકી) સાંજે મળે ત્યારે બધા પોતપોતાની પાસેની આવી રમૂજો સંભળાવે. 'બધી દિશાઓમાંથી અમને હાસ્યની પ્રાપ્તિ થાય છે.'

એક વાર નવરાત્રીના દિવસોમાં અમે મિત્રો બાજુના ગામડે ભવાઈ જોવા ગયેલા. મારી ઑફિસના પટાવાળા લવજીએ મને આમંત્રણ આપેલું. ભવાઈમાં લવજી બૈરાનો વેશ ભજવતો.

લવજીને મેં પૂછ્યું:'કેમ અલ્યા લવજી, તું ભવાઈમાં સ્ત્રીનો વેશ શા માટે લે છે?'

'શાબ્ય, મારી માને છોકરાં ઊઝરતાં નો'તાં, ઈ ણે મારા જલમ કેડ્યે માતાજી પાંહે જીભ કચરેલી કે જો મારો દીકરો જીવશે તો હે માતાજી દર નોરતે તમારા પાહે આવીને અસ્ત્રીનાં લૂગડાં પે'રીને રમશે!'

લવજીના નાના એવા એ ગામડામાં ચોરાની પાસે ચૉકની વચ્ચે મંડપ બાંધેલો હતો. એક બાજુ માતાજીની માંડવી પધરાવેલી. ભવાઈ શરૂ થવામાં હતી. માંડવીની પડખે હાર્મો-નિયમ, તબલા અને મંજીરા લઈને બે ચાર જણા બેઠા હતા.

'આવો શાબ્ય, આવી ગ્યા?' - માંડવીની પાસે ઊભેલી કોઈ સ્ત્રીએ અમને આવકાર આપ્યો.

'આ બાઈ તો....' હું એનો ચહેરો ઓળખવા મથી રહ્યો. એનો ચહેરો જાણીતો લાગ્યો. અવાજેય પરિચિત હતો:'તું... તમે.. લવજીનાં બહેન? એના જેવો જ ચહેરો લાગે છે તે!'

'ના શાબ્ય. તમે ઓળખી નો શક્યા? હું પંડ્યે જ લવજી!'

અરે હા, આ તો લવજી જ. એની આછી દાઢી અને વાંકડી મૂછ ગાયબ હતાં.

અમને બેસવા માટે પડખેના એક ઘરેથી નાની ખાટલી લવજીએ મંગાવી. એની ઉપર ગોદડી પાથરીને અમને બેસાડ્યા.

એક પછી એક વેશ આવવા લાગ્યા. ગણપતિનો વેશ અને બ્રાહ્મણ કીબાનો વેશ. આ બંને પૂરા થયા. કાનગોપીનો વેશ શરૂ થયો. લવજી પાછળના ભાગમાંથી બીડી પીતો પીતો અમારી પાસે આવ્યો. એની સાથે રાજાના પોષાકમાં એક ભાઈ હતા.

'લવજી તું કે તો'તો ને કે હમણાં રામલીલા ચાલે છે. અને આ તો કાનગોપીનો વેશ છે.' - મેં પૂછ્યું.

'આ ટાણે કાનગોપીનું રીલ દેખાડીએ છીએ. થોડા દા'ડા કેડ્યે ઈ વેહ ભજવશું. આ રીતે ઈની જાહેરાત અમે કરીએ.'

'ને શરૂઆતમાં ગણપતિનો ને બ્રાહ્મણ કાબાનો ને એ બધા વેશ આવ્યા એ?' - મારા એક મિત્રે પૂછ્યું.

'ઈવડા ઈ તો કરવા જ જોઈ ગણેશપરમેશરને પરથમ પેલાં યાદ કરવાના. બામણ કાબાનો વેહ પણ કાઢવાનો.'

'દરરોજ?'

'હા, હ ન રોજ ઈ તો હોય જ.'

'તો એ બધા કંપલસરી વેશ કાં?' મેં પૂછ્યું, મિત્રો હસી પડ્યા. લવજીય હસી પડ્યો. ઑફિસમાં અમારી ભેગો કામ કરતાં એ પણ થોડા ઘણા અંગ્રેજી શબ્દો સમજતો થઈ ગયેલો.

'તું શેનો વેશ લેવાનો છે, લવજી?'

'હું હમણે વિદૂષકની બાયડી થવાનો છંવ પછેં વાલી ને પછેં સીતા!'

'વાલી અને સીતા બંને કેવી રીતે?' - અમને આશ્ચર્ય થયું.

'વાલી તમે કો'છો ઈ રામાયણ માયલો નઈ. આ તો એક જાતનું પૈસાનું ઊઘરાણું કરવાનું હોય છે. ઈમાં જોવા આવનારાઓ પોતાની વ્હાલી ગવરાવે. ઈના પૈસા બેહે. ચડાવો થાય. તમે જો જો તો ખરા, ને આ મારી પાંહે ઊભો સે ઈ પશો દશરથ થવાનો સે.' સીતા થનારાએ ભાવિ દશરથ સાથે અમારી ઓળખ કરાવી.

દશરથ થનારો પસો-પરશોત્તમ ઉશ્કેરાટમાં હતો. હાથ મસળતાં મસળતાં આમતેમ નજર કરીને કોઈને શોધી રહ્યો હતો. તેણે પૂછ્યું,'ઓલ્યો મનકો હજી લગણ કાં ન દેખાણો?'

'કોણ મનકો રાવણ થવાનો સે ઈ?'

'હા ઈ રાવણ.'

'રાવણ થાવા માટે તો મનકાએ દિ'આથમ્યો તયુંની તૈયારી કરી મેલી'તી. દશેય માથાં રેડી હતાં. પણ ઈમાં એવું થયું કે ભૂલથી ત્રીજા મોઢે બીડી પીવાઈ ગઈ. મોઢું દાઝી ગ્યું. ઈને રફૂ કરાવવા દરજી કને લઈ ગ્યો સે.'

'ટાણાસર મનકો રાવણ આવી જાય તો સારું. નીકર સીતા-હરણ અધૂરું રહી જાહે.' દશરથના મોઢા ઉપર સીતાહરણ અટકી પડશે એની ચિંતા દેખાતી હતી. આ બધા ભવાયાનો એ નાયક લાગ્યો.

'તો ઈમ કરીએ. અશોકવાટિકામાં સીતા હડમાનના મેળાપનો ખેલ પે'લા ભજવી દઈ, પસે મોડેથી અથવા કાલ્ય રાતે સીતાહરણ રાખશું.'

'ભલે તયેં થવા દ્યો. પણ હડમાન હાજર સે? આપડો રવલો?'

'આ રિયો બાપલા' - હનુમાન રૂપધારી રવજી થોડે દૂર ઊભો હતો એ વાનર નકલ કરતો ઠેકતો ઠેકતો આવી પહોંચ્યો:'હુકમ કરો. સેવક હાજર સે.' - ભવાઈના લહેકામાં તે બોલ્યો. ને ઊમેર્યું:'પણ થોડા વધારે પૈસા તમારે આપવા જોશે.'

'વધારે શીના વળી?'

'શીના તે આ મોંઘવારી જોતા નથી? તમે બે દા'ડા મોર્ય વધારે પૈસા આપવાનું વચન નો'તું આપ્યું?'

'જો રવલા તારે કામ કરવું હોય તો કર્ય નીકર હાલતો થા. તારા રોખા તો કૈંક હડમાનજી હું મારા ગૂંજામાં રાખીને ફરું સું.' પશા નાયક ઊર્ફે રઘુકુલરીતિ વચનપાલક દશરથ ખિજાયા.

'તો આયાંય તમારી મંડળીની કિને પડીસે. પાંહેના ગામમાં મને સામેથી રમવા બરકે જ સે. ઈ લોકો તો મને રામનો વેશ આપવાનું કે'તા'તા.'

'બન્યો રામ તું તો. એક તો વાંદર્યા જેવું ડાચું ને પાસો રામ બનવા હાલી નીકળ્યો.'

'તો આપડે ય આ હાલ્યા.' - રવલો હનુમાન પીઠ ફેરવીને ચાલવા માંડ્યો. પાછળથી દશરથે કહ્યું:'અલ્યા એય, મારું પૂંસડું પાસું આપતો જા.'

'એ આ તમારું પૂંસડું.' - કહેતાંકને રવલાએ કેડે બાંધેલું ચીંથરાનું ગૂંથેલું પૂંછડું કાઢીને પછાડ્યું.

'હવે નવો હડમાન ગોતવો પડશે. એક તો રાવણનાં ઠેકાણાં નથી એમાં આ રવલાએ વળી નવી રામાયણ ઊભી કરી.' દશરથ બોલ્યા.

'તો પસેં ઈમ કરીએ.'- પરશુરામનો વેશ ભજવનારાએ ઉપાય બતાવ્યો:'હું હડમાન બનીશ. હડમાનજીની ઘોડ્યે મને મોઢું ફૂલાવતાં ય આવડે સે. જુઓ.' કહીને પરશુરામે મોઢું ફૂલાવીને હનુમાનજીની મુખમુદ્રા ધારણ કરી.

દશરથે નવા હનુમાનજીને ધારીધારીને નિહાળ્યા. ખાસ તો એના મુખારવિંદને નિહાળ્યું અને સંતોષ વ્યક્ત કર્યો.

'પણ વળી પાસી આમાં એક ઉપાધિ સે!' 'શું?'

'મોઢું ફૂલાવ્ય એટલે તું હડમાનજી રોખો લાગે તો સે પણ ઈમ ફૂલાવેલા મોઢે તને સંવાદ બોલવા ફાવશે?'

તરત લક્ષ્મણજી બનનારાએ કહ્યું:'ઈ સંવાદ બોલસે તયેં હું મોઢું ફૂલાવીને ઊભો રહીશ.'

એક બાજુ ગરબીની પાછળ આમ વાતો ચાલતી હતી અને બીજી બાજુ માંડવા નીચે એક પછી એક વેશ રજૂ થતા હતા.

વિદૂષકનો વેશ આવ્યો. લવજી અમારી પાસેથી છૂટો પડીને ગરબી પાછળની એક ઓરડીમાં તૈયાર થવા ગયો. બધા ત્યાં તૈયાર થઈ થઈને પડમાં રમવા આવતા.

વિદૂષક અને એની બંને પત્નીઓનો પ્રવેશ થયો. ત્રણેય જણ નાચતાં અને ગાતાં ગાતાં આવ્યાં:

બંને સ્ત્રીઓ:'પાપી પીટ્યો આવ્યો ખાવાનું કાંઈ નો લાવ્યો
મારા રોયા રઝળવાની ટેવ સે!'

વિદૂષક:'વાલી હું તો આવ્યો ખાવાનું ખૂબ જ લાવ્યો
રાંડ ગાંડી બોલ્યાની તારે ટેવ સે.'

બંને સ્ત્રીઓ:'તારા બાપે ઘોડું લીધું સવાગજનું ભાઠું
જેમતેમ કરીને ચડવા ગ્યો ત્યાં ભાંગી નાખ્યું ઠાઠું
મારા રોયા રઝળવાની ટેવ સે!'

વિદૂષક:'તારા બાપે ભેંસ લીધી મોટા શીંગડે મોહ્યો
દોણું લઈને દોવા બેઠો ત્યાં પોકે પોકે રોયો.
રાંડ ગાંડી બોલ્યાની તારે ટેવ સે.'

બંને સ્ત્રીઓ:'મારા રોય રઝળવાની ટેવ સે.'

વિદૂષક:'રાંડ ગાંડી બોલ્યાની તારે ટેવ સે.'

ત્રણેય જણાં આ રીતે ગાતાં ગાતાં થોડી વાર સુધી નાચ્યાં અને ત્યાર પછી રિસામણાં-મનામણાં શરૂ થયાં. બંને સ્ત્રીવેશધારી માંડવાના સામસામા ખૂણે જઈને પ્રેક્ષકો ભણી મોઢું રાખીને ઊભા રહ્યા. લવજી અમે બેઠા હતા એ બાજુ પર આવીને ઊભો. અમારી હાજરીથી એને પોરસ ચડતો હતો. વિદૂષક એને મનાવવા આવ્યો:'વહાલી, તમે માની જાઓ.'

અમને પ્રભાવિત કરવા લવજીએ અંગ્રેજીમાં ફટકાર્યું:'આઈ ડોટ નો.'

વિદૂષક નાચતો કૂદતો બીજા સ્ત્રીવેશ ધારી પાસે ગયો અને તેને મનાવવા લાગ્યો:'તમે તો મોટાં છો. તમે પહેલાં માની જાઓ.'

બીજાએય લવજીના અનુકરણમાં અંગ્રેજીમાં જવાબ આપ્યો:'હું પણ આઈ ડોટ નો!'

રિસામણાં-મનામણાં થોડી વાર ચાલ્યાં. આખરે બંને માની ગયાં અને પછી મુખ્ય વેશની જાહેરાત કરવામાં આવી:'આ સભાની મધ્યે આજે સીતા વનવાસ ભજવાશે!'

'સીતાવનવાસ' શરૂ થાય એ પહેલાં વ્હાલી ગવરાવવાનું શરૂ થયું. પ્રેક્ષકો ઉત્સાહમાં આવી ગયાં. એમને પણ આમાં સામેલ કરવામાં આવતાં. વિદૂષકની પત્ની બનેલા લવજીએ જાહેરાત કરી:'જે ભાઈઓને વાલી ગવરાવવી હોય એણે પાંચ રૂપિયા આપવા જોશે. આમાં ચડાવો થશે. જે વધારે પૈસા આપશે એની વાલી ગવાશે.'

એવામાં પ્રેક્ષકોમાંથી એક છોકરો આવીને પાંચ રૂપિયાની નોટ લવજીને આપી ગયો. મગનભાઈ પાનવાળાએ પૈસા મોકલેલા એના નામની વ્હાલી ગવરાવવાનું ફરમાન હતું.

લવજીએ મંડપ વચ્ચે ઊભા રહીને કહ્યું:' આ પાંચ રૂપિયા મગનભાઈના વાલી ગવરાવવાના આવ્યા સે. જો કોઈ સાત રૂપિયા આપીને ગાયન કટ કરાવશે તો ઈના નામની વાલી ગવાશે.'- કહીને તેણે તાલબદ્ધ રીતે લલકાર્યું:'એ... આ મગનભાઈના પાંચ રૂપિયા જો કોઈ સાત રૂપિયા આપશે તો

ગાયન થશે કટ. નીકર મગનભાઈનો રઈ જાશે વટ. બોલો માતાજી લેખે. એ...'ને એણે ગોળગોળ નાચતાં ગાવું શરૂ કર્યું:

'હું તો તમારી વહાલી મગનભાઈ
આવો તો નાતરું કરીએ મગનભાઈ
એ... ઈ... પરણ્યો લાવે ટોપરાંને
મગનભાઈ લાવે ગો.... ળ....
ટોપરાં ચાવું તો કૂચા વળે... ને
ગોળ તમારો ગળ્યો રે મગનભાઈ
આવો તો નાતરું કરીએ મગનભાઈ.'

પ્રેક્ષકોની વચ્ચે બેઠેલા મગનભાઈને મેં જોયા. બોખા મોઢાવાળા, માથું તો શું નેણ પણ ધોળી થઈ ગયેલી એવા મગનભાઈ મૂછે તાવ દેતા હતા. અને આ બાજુ મંડપમાં દોદળા શરીરવાળો તાજી મૂંડેલી મૂછોવાળો લવજી એની વ્હાલી બનીને ગામના ચૉકની વચાળે નાચતો હતો. જુગતે જોડી મળી. પણ એ તો ક્ષણભર. તરત જ પ્રેક્ષકોમાંથી કોઈ ઊભું થયું:' આ આપડા સાત રૂપિયા. મગનભાઈનું ગાણું કરો કટ.' - કહીને તેણે મગનભાઈ બેઠા હતા તે તરફ જોઈને ખોંખારો ખાધો.

એ જ ઘડીએ લવજીએ મગનભાઈને પડતા મૂક્યા અને સાત રૂપિયા આપનારા જેરામ દરજીનું નામ જોડીને ગાવા માંડ્યું;

'હું તો તમારી વાલી જેરામભાઈ.'

આ કાર્યક્રમ એકાદ કલાક ચાલ્યો. લવજી એક પછી એક ગવરાવનારાની વ્હાલી થતો ગયો. ઊઘરાણામાં ઠીક ઠીક પૈસા ભેગા થયા.

છેલ્લે 'સીતાવનવાસ' - મુખ્ય ખેલ - નો આરંભ થયો. વિદૂષકની પત્ની બનેલો, અનેક આદમીઓની વ્હાલી બનેલો લવજી સતી સીતાના પાઠમાં આવ્યો. બંને હાથમાં એક્કેક સળગતા કાકડા સાથે નાચતાં નાચતાં તેણે મંડપમાં એક ચક્કર લગાવ્યું. દરમ્યાન તબલાં વગાડનાર મંડપની વચ્ચે એક માચી મૂકી ગયો. લવજી ધબ્બ દઈને 'હા, રામ'- કરતોક માચી ઉપર બેસી પડ્યો. તેના ભારથી માચી હચમચી ઊઠી.

તરત જ પ્રેક્ષકોમાંથી એક આદમી ઊભો થયો ને મોટા અવાજે બરાડ્યો:'એઈ લવજીડા સમાખ્યે બેહજે. મારી માચી નો ભાંગે ઈનું ધ્યાન રાખ. નીકર કાલ્યથી રમવાને નઈ આપું.'

સહેજ પણ વિક્ષુબ્ધ થયા વિના સહનશીલતાની મૂર્તિ સમાન સીતા બનેલ લવજી પોતાના ભાગે આવેલ સંવાદ બોલવા માંડ્યો:'હા રામ, હા રામ, તમે ક્યાં સો. હું તમારા વિના તડપું સું.'

તબલાં-પેટીવાળાની બાજુમાં નવા હનુમાનજી બેઠા હતા. આજે એ ભવાયો નટુ પહેલવહેલો જ ખેલમાં હનુમાન બન્યો હતો. ક્યારનો પડમાં આવવા ઉતાવળો થઈ રહ્યો હતો. રાજુભાઈ તબલચીએ તેને મંડપમાં જવાનો ઈશારો કરતાં જ હડપ કરતોકને તે સીતામાતા પાસે જઈ પહોંચ્યો. હાથમાંની વીંટી તેને આપીને બોલ્યો:'લ્યો માડી, મારા બાપાએ મેકલી સે!'

'તું? તું કોણ? બટા તારી ઓળખાણ આપ. તને કોણે વીંટી લઈને મોકલ્યો?'

'ઓલ્યા રાજુભાઈ તબલચીએ!'

'અરે અરે એય એમ નથી બોલવાનું'- ગરબીની પાછળ હાથમાં સંવાદનાં કાગળિયાં લઈને ઊભેલ પ્રૉમ્પ્ટર ઊંચા અવાજે બોલી ઊઠ્યો.

સીતાને લાગ્યું કે આ સંવાદ મારે બોલવાનો હશે એમ પ્રોમ્પ્ટર સૂચવે છે. તેણે કહ્યું:'અરે અરે એમ નથી બોલવાનું!'

*

'તમે લખો છો કે ઝોકે ચડી ગયા?' - અચાનક પત્નીનો અવાજ સંભળાયો. હું ઝબકી ઊઠ્યો. ક્યો વિષય પસંદ કરવો એના વિચારમાં ને વિચારમાં જ હું તંદ્રાવશ થઈ ગયો હતો. ભવાઈ-લવજી-મિત્રો બધું એકાએક અદૃશ્ય થઈ ગયું. રહી ગયાં હું, મારી પેન અને કાગળ.

તો આ ભવાઈ વિશે લખું? કેવા કેવા ગોટાળા એમાં ચાલતા હોય છે! અને છતાં સ્વાભાવિક્તાથી જ ભજવનારાઓ અને પ્રેક્ષકો આવું બધું ચલાવી રહે છે. 'જીવન નાટક છે.' - એમ કહેવાયેલું છે, પણ જીવન એક ભવાઈ સમાન નથી લાગતું શું? કેવું અને કેટલું લોલે લોલ દરેક જગ્યાએ ચાલે છે! આપણે ચાલવા પણ દઈએ છીએ.

અને મેં હાસ્યલેખ લખવાનું શરૂ કર્યું. ❑

તા. ૧-૭-૨૦૦૩ થી તા. ૩૧-૭-૨૦૦૩ દરમિયાન

'કુમાર ટ્રસ્ટ'ને મળેલાં દાન

૧. મોદી ઍન્ડ મોદી ચૅરિટેબલ ટ્રસ્ટ મુંબઈ હ.કે.ઓ.મોદી	રૂ. ૩,૦૦૦
૨. શ્રી કનક રાવળ (અમેરિકા)	રૂ. ૩,૦૦૦
૩. એક કુમારપ્રેમી તરફથી	રૂ. ૨,૦૦૦
૪. રેડિઅન્ટ એન્જિનીઅરિંગ વર્ક્સ, મુંબઈ	રૂ.૧.૦૦૦
હ. દિનેશ પંડ્યા	રૂ. ૯,૦૦૦

જયન્ત પાઠકને નરસિંહ મહેતા અવૉર્ડ


આદિકવિશ્રી નરસિંહ મહેતા કવિશ્રી જયન્ત પાઠક

'આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ ટ્રસ્ટ' દ્વારા વર્ષ ૨૦૦૩નો નરસિંહ મહેતા અવૉર્ડ આગામી શરદપૂર્ણિમાએ સૂરત ખાતે કવિશ્રી જયન્ત પાઠકને અર્પણ થશે. નિર્ણાયકો હતા : સર્વશ્રી નિરંજન ભગત, તખ્તસિંહ પરમાર અને હરિશ્ચંદ્ર જોશી. ડૉ. જયન્ત પાઠકને અભિનંદન.

ઍન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

સોમવાર, ૨૦મી માર્ચ ૧૯૪૪
પ્રિયતમ કિટી,

આજે સવારે પીટરે મને સાંજે ફરી ઉપર આવવા માટે પૂછ્યું. એણે સમ ખાઈને કહ્યું કે મારા ઉપર જવાથી એને કોઈ પ્રકારની ખલેલ પહોંચતી નથી. ને પછી ઉમેર્યું કે જ્યાં એક વ્યક્તિ માટે જગ્યા હોય ત્યાં બેને પણ સમાવી શકાય. મેં એને કહ્યું કે રોજ સાંજે તો હું આવી શકું નહિ કારણ કે મારાં માબાપને એ પસંદ નથી. પણ પીટરે કહ્યું કે એની મારે ચિંતા કરવી નહિ. એટલે મેં જવાબ આપ્યો કે એક શનિવારે સાંજે હું આવીશ. ને મેં એને પૂછ્યું કે બહાર ચંદ્ર ક્યારે દેખાય છે એ જો મને કહે તો સારું.

'ભલે, એમ તો આપણે નીચે જઈને પણ ચંદ્ર જોઈ શકીએ.' એ સાથે હું સંમત થઈ. ચોરબોરનો મને ડર લાગતો નથી.

દરમ્યાનમાં મારા આ ખુશનૂમા વખત પર દુઃખના ઓળા પડ્યા છે. ઘણા વખતથી મને શંકા હતી કે માર્ગટ પણ પીટરને પસંદ કરે છે. પણ કેટલો એની ખબર નથી. પણ પરિસ્થિતિ હવે જરા વિષમ બની ગઈ છે. હવે હું જ્યારે જ્યારે પીટરને મળવા જાઉં ત્યારે અજાણતાં હું માર્ગટને દુઃખ પહોંચાડું છું અને આશ્ચર્ય થાય છે કે એવું એ જરાય બતાવતી નથી. હું તો ઈર્ષાથી ગાંડી જ થઈ ગઈ હોત. પણ ઊલટું માર્ગટ તો કહે છે કે મારે આથી દુઃખી થવું નહિ.

'મને એ વાતનું લાગી આવે છે કે આ બધામાં તું જ એક એકલી પડી ગઈ છો.' મેં કહ્યું.

'મને તો એની ટેવ પડી ગઈ છે.' જરા કડવાશ સાથે એણે જવાબ આપ્યો.

આ વાત પીટરને કહેવાની મારામાં હિંમત નથી. વખત આવ્યે કહીશ, હમણાં તો એ સિવાય અમારે ઘણી બધી વાતો કરવાની છે.

કાલે રાતે મમ્મીએ મને જરા ઠપકો આપ્યો, જેની મને જરૂર હતી. મમ્મી તરફનું મારું બેધ્યાન અને વૈમનસ્ક વલણ આટલું બધું તાણવું સારું નહિ. મને એમની ઘણી વાત ગમતી નથી પણ તેમ છતાં મનમાં આવે તે બધું બોલી ન નાખતાં જરા મૈત્રી બાંધવાનો પ્રયત્ન કરવો જોઈએ.

પીમનું વર્તન પણ પહેલાં જેવું રહ્યું નથી. મારી સાથે બાળક સાથે થાય એવો વ્યવહાર ન કરવા માટે પ્રયત્નશીલ છે પણ એમનું વર્તન તદ્દન ટાઢું થઈ ગયું છે. આગળ શું થાશે એ તો વખત આવ્યે જ ખબર પડશે! એમણે મને કહ્યું છે કે જો હું બીજગણિતનો અભ્યાસ બરાબર નહિ કરું તો યુદ્ધ પછી મારા માટે વધારાના ટ્યુશનની વ્યવસ્થા થશે નહિ. એમ તો ખરેખર શું થાય છે એની હું રાહ જોઈ શકું, પણ મારે એમ કરવું નથી, ફરી અભ્યાસ શરૂ કરવો છે. મને એ માટે એક નવા પુસ્તકની જરૂર છે.

અત્યાર માટે આટલું જ પૂરતું છે. બાકી હું પીટરને મન ભરીને જોઉં છું અને મન મારું છલકાઈ જાય છે!

લિ. ઍન.મે.ફ્રેંક

માર્ગટ કેટલી ભલા સ્વભાવની છે એની આ છે સાબિતી. આજે ૨૦મી માર્ચ ૧૯૪૪; મને એનો આ પત્ર મળ્યો.

ઍન, કાલે મેં તને કહ્યું કે હું તારી ઈર્ષા કરતી નથી એ સંપૂર્ણ સત્ય તો નહોતું. વાત આમ છે : મને તારી ઈર્ષા આવતી નથી કે પીટરની પણ ઈર્ષા આવતી નથી. પણ મને એક જ વાતનું દુઃખ છે કે તમારી જેમ મને મારા મનની વાતો કહેવા માટે કોઈ મળ્યું નથી અને નજીકના ભવિષ્યમાં મળે એવી શક્યતા પણ નથી. પણ એટલે જ હું અંતરથી એમ ચાહું છું કે તમે બંને એકમેક પરના વિશ્વાસને માણો. સામાન્ય છોકરીને સહજ મળી શકે એવી ઘણી બધી ક્ષણો તેં ગુમાવી છે.

બીજી બાજુ એ વાત પણ એટલી જ સાચી છે કે હું પીટર સાથે આટલો સંબંધ બાંધી શકી નહોત. કારણ કે મને એ વ્યક્તિ પોતીકી લાગે તો જ હું એને મારા મનની વાત કહી શકી હોત. મારી થોડી વાત સાંભળીને પણ મને સંપૂર્ણ પણે ઓળખી શકે એવી વ્યક્તિ હું ચાહું છું અને એટલે જ મને એવું લાગે છે કે બૌદ્ધિક દૃષ્ટિએ એ વ્યક્તિ મારાથી ઉપર હોવી જોઈએ અને મારી એ અપેક્ષા પીટર પૂરી કરતો નથી. પણ તારી પીટર પ્રત્યેની લાગણી હું સમજી શકું છું.

માટે તારે મનમાં લગાડવાની કાંઈ જરૂર નથી. કારણ કે મારે માટે નિર્માણ થયેલી વ્યક્તિને તું છીનવી રહી હોય એવું કાંઈ છે નહિ. એ વાત તસુભર પણ સાચી નથી. તમે જ એકબીજાની મૈત્રી માટે યોગ્ય છો.

મારો જવાબઃ
પ્રિયતમ માર્ગટ,

તારો લાગણીસભર પત્ર મળ્યો. પણ આ જે કાંઈ થયું છે ને થઈ રહ્યું છે એનાથી હું સંપૂર્ણપણે ખુશ નથી. અને મને નથી લાગતું કે મને ક્યારેય ખુશી મળી શકે.

હાલ તો, તું માને છે એવો વિશ્વાસ મારી અને પીટર વચ્ચે છે નહિ. એટલું જ કે રાતના આછાં અંધારામાં બારી પાસે ઊભા રહીને તમે દિલને જેટલું મોકળું કરી શકો એટલું દિવસના અજવાળામાં થઈ શકતું નથી. મોટે અવાજે લાગણી વ્યક્ત કરવા કરતાં ધીમે સાદે હળવેથી એને વહેતી મૂકવી વધુ સહેલી છે. મને લાગે છે કે એક બહેનને ભાઈ તરફ જેવી લાગણી થાય એવી લાગણી તારામાં પીટર પ્રત્યે જાગી છે. મારી જેમ તું પણ એને મદદ કરવા ઉત્સુક છે એવું મને લાગે છે. એક દિવસ તું પણ એમ કરી શકીશ. અલબત્ત, આ અમારી એકબીજાંમાં વિશ્વાસ મૂકવાની વ્યાખ્યા નથી. મારું માનવું છે કે વિશ્વાસ તો બંનેએ એકબીજામાં મૂકવાનો હોય. એ જ કારણ છે કે પપ્પા અને હું એકબીજાની નજીક આવી શક્યાં નથી. પણ મારે એ વાતમાં પડવું નથી. તને મારી સાથે બીજી કોઈ વાત કરવી હોય તો મને જરૂર પત્ર લખજે કારણ કે રૂબરૂ બોલવા કરતાં મારે માટે કાગળ પર ઉતારવું બહુ સહેલું છે. તું તો જાણે છે કે તારું મને કેટલું માન છે. અને મારી એટલી જ ઇચ્છા છે કે પપ્પાની અને તારી થોડીક ભલમનસાઈ મારામાં ઊતરે; કારણ કે તમે બંને આ વાતમાં ખૂબ સરખાં છો.

લિ. ઍન.

બુધવાર, ૨૨મી માર્ચ ૧૯૪૪

પ્રિયતમ કિટી,

મને માર્ગટનો પત્ર કાલે રાત્રે મળ્યો.

પ્રિય ઍન,

કાલનો તારો પત્ર મળ્યો. વાંચ્યો ને મને અનુભૂતિ થઈ કે પીટરને મળીને વાતો કરતાં તું તારી જાતને દોષી સમજે છે. આ વાતે મને બેચેન કરી મૂકી છે. પણ તારે આમ સમજવાને કોઈ કારણ નથી. મારા હૃદયમાં હું જાણું છું કે આ દુનિયામાં એવું કોઈ જરૂર છે જે મારો વિશ્વાસ મેળવવા ઝંખે છે (જેમ હું એને ઝંખું છું) અને એ સ્થાન પીટરને આપવું મારે માટે શક્ય નથી.

છતાં, તેં લખ્યું છે તેમ, મને પીટર તરફ એક ભાઈ... એક નાના ભાઈ જેવી લાગણી જરૂર થાય છે. આ લાગણી આપણે વ્યક્ત પણ કરીએ છીએ અને આગળ જતાં એવો પ્રેમ કદાચ પેદા થાય અને કદાચ ન પણ થાય પણ હાલ તો એવો પ્રેમ થતો નથી એટલું નક્કી. માટે તારે મારી ખાતર દુ:ખી થવાની કોઈ જરૂર નથી. હવે તને જે સખ્ય માણવા મળ્યું છે તે બને તેટલું માણી લે.

દરમ્યાનમાં, અહીં બધું જ મનભાવન બનતું જાય છે. કિટી, મને લાગે છે કે આ ગુપ્ત નિવાસમાં એક સાચો પ્રેમ પાંગરી રહ્યો છે. લાગે છે કે ગુપ્તનિવાસીઓ મશ્કરીમાં અમારા લગ્નની વાતો કરતાં તે જો લાંબો વખત રહ્યાં તો સાવ તથ્ય વિનાની નહીં રહે. યાદ રાખજે, હું એને પરણવા માંગું છું એવી કોઈ વાત નથી હોં. કોને ખબર મોટો થતાં એ કેવો રહેશે. કે ત્યારેય અમે એકબીજાંને પ્રેમ કરતાં હોઈશું કે નહિ.

હવે મને ખાત્રી થઈ ગઈ છે કે પીટર પણ મને ચાહે છે. એ પ્રેમ કેવો છે એના મને ખબર નથી. હું નક્કી નથી કરી શકતી કે એને એક સાચા મિત્રની જરૂર છે કે કોઈ એક છોકરી તરફ હોય એવું આ આકર્ષણ છે કે પછી એક બહેન તરફ હોય એવું છે. જ્યારે એણે મને કહ્યું કે એનાં માબાપ વચ્ચેના ઝગડા વખતે હું એને હંમેશાં મદદરૂપ થઈ પડી છું ત્યારે ખરે જ મને ખૂબ આનંદ થયો. આ અમારી મૈત્રીની ગ્વાહી આપતું એક પગલું હતું. કાલે મેં એને પૂછ્યું કે મારા જેવી બીજી ડઝન ઍનો રૂમમાં આવે તો એ શું કરશે. એનો જવાબ હતો : 'એ બધી જ જો તારા જેવી હોય તો એને વાંધો નથી.' એને આગતા-સ્વાગતા કરવી ગમે છે અને મને લાગે છે કે ખરેખર મને મળવું પણ એને ગમે છે. આજકાલ એ ફ્રેંચ પાછળ ખૂબ મહેનત કરે છે. રાતના સવાદસ સુધી અભ્યાસ કરે છે.

હું જ્યારે જ્યારે એ શનિવારની રાતનો વિચાર કરું છું, અમારા એ શબ્દો અને એ ધીમા સાદનો વિચાર કરું છું ત્યારે ત્યારે એક સંતોષની લાગણી હું અનુભવું છું અને ફરી એવો જ વખત આવે તો હું એ જ શબ્દો એ જ રીતે બોલીશ-કશા જ ફેરફાર વીના. કેટલો દેખાવડો છે એ, હસતો હોય કે શાંતિથી બેઠો હોય એ કેટલો સુંદર ને ગમી જાય એવો લાગે છે! જ્યારે એણે જાણ્યું કે હું ઉપર-ઉપરથી લાગું છું એવા છીછરા સ્વભાવની નથી, પણ એના જેવી જ સ્વપ્નીલ છું અને એની જેમ જ અનેક પ્રશ્નોથી ઘેરાયેલી છું ત્યારે એને સાનંદાશ્ચર્ય જ થયું!

કાલે રાત્રે ધોવા-વીંછળવાનું કામ પત્યા પછી હું રાહ જોતી બેઠી કે ક્યારે એ મને ઉપર આવવા કહે. પણ એવું કાંઈ થયું નહિ. હું જ નીકળી ગઈ. એ જ નીચે આવ્યો અને શ્રી ડસેલને યાદ દેવરાવ્યું કે રેડિયો સાંભળવાનો વખત થયો છો. અને બાથરૂમની આસપાસ આંટા મારીને એણે વખત કાઢ્યો. પણ જ્યારે ડસેલભાઈએ ખૂબ વાર લગાડી ત્યારે એ પાછો ઉપર જતો રહ્યો. પોતાના રૂમમાં આંટા મારીને એ વ્હેલો જ સૂઈ ગયો.

એ આખો વખત હું બેચેન હતી. વારે વારે બાથરૂમમાં જઈ ઠંડા પાણીએ મોઢું ધોયું. થોડુંક વાંચ્યું, વધુ વખત દિવાસ્વપ્નો જોવામાં કાઢ્યો. ઘડિયાળ સામે જોઈને રાહ જોતી રહી, જોતી રહી કે ક્યાંય પગરવ સંભળાય છે? છેવટે થાકીને હું પણ વ્હેલી સૂઈ ગઈ.

વિચાર આવ્યો આજે રાતે તો ન્હાવું જ પડશે ને આવતી કાલે?

પણ હજી આવતી કાલ તો કેટલી દૂર છે!

લિ. ઍન.મે.ફ્રેંક

મારો જવાબઃ

પ્રિયતમ માર્ગટ,

મને લાગે છે કે આગળ ઉપર જે થાશે એની તો રાહ જોવી રહી. થોડા વખતમાં જ મારે ને પીટરે નિર્ણય પર આવવું પડશે કે પહેલાંની જેમ જુદાં પડી જવું કે શું કરવું. ભવિષ્યમાં શું થશે એ હું કહી શકતી નથી.

પણ એટલું નક્કી કે મારે પીટર સાથે મિત્રતા થઈ ગઈ તો એને તારી એના પ્રત્યેની લાગણી વિશે જરૂર કહીશ. આવી તારી ઇચ્છા નથી એ હું જાણું છું પણ એની હું પરવા કરવાની નથી. પીટર તારી બાબતમાં શું વિચારે છે એની આજે મને ખબર નથી પણ વખત આવ્યે એ પણ પૂછી જોઇશ. એમાં મને કાંઈ જ ખોટું લાગતું નથી. ઊલટું અમે મળીએ ત્યાં તું પણ આવી શકે છે. એનાથી અમને કોઈ જ પ્રકારની ખલેલ નહિ પડે. કારણ કે અમારી વચ્ચે વણબોલી સંમતિ એટલી જ છે કે અમે સાંજે અંધારું થયા પછી જ મળીશું.

તું નિરાશ થતી નહિ. હું પણ મારાથી બનતો પ્રયત્ન એ વિચાર ન લાવવા માટે કરું છું પણ એ હંમેશાં સહેલું હોય છે એવું ય નથી. અને કદાચ તું માને છે એથી જરાક વ્હેલા જ તારા પણ સારા દિવસો આવશે.

લિ.ઍન

ગુરુવાર ૨૩મી માર્ચ ૧૯૪૪,

પ્રિયતમ કિટી,

અહીં પરિસ્થિતિ રાબેતા મુજબની થતી આવે છે. અમને રેશનકાર્ડ લાવી દેવાવાળા ભાઈ પણ જેલમાંથી છૂટ્યા છે.

ગઈકાલથી મીપ આવવા માંડી છે તો હવે માંદા પડવાને એના વરનો વારો છે... એ જ ટાઢ વાઈને તાવ. બેપની તબિયત સારી છે પણ ઉધરસ ગઈ નથી. અને શ્રી ક્લાઈમનને તો લાંબા વખત સુધી આરામ લેવો પડશે.

ગઈકાલે નજીકમાં જ એક વિમાન તૂટી પડ્યું. વૈમાનિક અને અના સાથીદારો પેરાશૂટથી નીચે ઊતરી ગયા. વિમાન એક સ્કૂલના મકાન પર પડ્યું. સારા નસીબે સ્કૂલમાં છોકરાંઓ નહોતાં. થોડી આગ લાગી જેમાં એકબે માણસો મરી ગયાં. વૈમાનિકો અને બાકીનાઓ નીચે ઉતરતા હતા ત્યારે જર્મનોએ એમની પર ગોળીબાર કર્યો. આવું અઘોરી કૃત્ય જોનાર બધાંના આક્રોશનો પાર ન રહ્યો. અમે બહેનો તો એકદમ ડરી ગયાં હતાં. ગોળીબારના અવાજ જ મને ગમતા નથી.

હવે મારી વાતઃ

ગઈકાલે હું પીટર સાથે હતી ત્યારે કોણ જાણે કેમ પણ સેક્સની વાત નીકળી. મેં તો ઘણા વખત પહેલાં જ નક્કી કરી લીધું હતું કે આ બાબતમાં કેટલીક વાતો એને પૂછી લેવી. એને બધી જ ખબર છે. મેં જ્યારે એને કહ્યું કે મને ને માર્ગટને તો કાંઈ જ ખબર નથી ત્યારે એના આશ્ચર્યનો પાર ન રહ્યો. મેં એને માર્ગટ, મમ્મી ને પપ્પા વિશે વાત કરી ને કહ્યું કે હવે તો આ વાતમાં કાંઈ પણ પૂછવાની હું હિંમત કરી શકતી નથી. એ મને બધી જ વાત કરવા તૈયાર થયો. એણે ગર્ભનિરોધક સાધનો વિશે વાત કરી એટલે હિંમત કરીને મેં પૂછી જ લીધું કે છોકરાઓ મોટા થઈ ગયા છે એની ખબર કેવી રીતે પડે? એ થોડો વિચારમાં પડી ગયો અને એણે કહ્યું કે આ વાત એ મને રાતે કહેશે. જૅકીની આપવીતી મેં એને કહી ને પછી હું બોલી કે આ બાબતમાં છોકરાઓ સામે છોકરીઓ જરા દૂબળી જ પડે છે. ત્યારે મને ખાતરી આપતાં એણે કહ્યું કે આ બાબતમાં એનાથી હું નિશ્ચિંત રહી શકું છું.

એ રાતે એણે મને છોકરાઓ વિશે માંડીને વાત કરી. થોડીક શરમ તો આવી પણ એની સાથે વાત કરીને સારું પણ લાગ્યું. અમે તો કોઈ દિવસ કલ્પના પણ નહોતી કરી કે એ કોઈ છોકરી સાથે ને હું કોઈ છોકરા સાથે આવી અંગત વાતો કરીશું. હવે મને લાગે છે કે મને બધી જ ખબર પડી ગઈ છે.

એ રાતે બાથરૂમમાં મેં માર્ગટ સાથે એના બે મિત્રો નામે બ્રૅમ અને ટ્રીસ વિશે વાતો કરી.

આજે સવારે બ્રેકફાસ્ટ થઈ ગયા પછી પીટરે મને આંચકો જ દીધો. મને ઉપર બોલાવીને એણે કહ્યું, 'કાલે રાતે બાથરૂમમાં તું ને માર્ગટ શું બોલતાં હતાં એ બધું મેં સાંભળ્યું. તને તો હું શું ને કેટલું જાણું છું એ શોધી કાઢીને એની પર હસવામાં જ રસ હતો ને!'

હું તો આભી જ બની ગઈ! એને મેં ખૂબ સમજાવ્યો. એને કેવું લાગ્યું હશે એ હું સમજી શકતી હતી. પણ એની વાત સાવ જ ખોટી હતી!

'ના પીટર, આવું ખોટું કામ હું કરું જ નહિ.' મે કહ્યું, 'મેં તને વચન આપ્યું છે કે એ વાત હું કોઈને નહિ કરું અને નહિ જ કરું. આવું નાટક કરવું એ તો અયોગ્ય છે... ના પીટર આવું કરવું એ મારી મજાકની વ્યાખ્યામાં નથી બેસતું. આ તો વિશ્વાસઘાત છે. ખરેખર, મેં એને કાંઈ જ કહ્યું નથી તું મારામાં વિશ્વાસ રાખ.' મારી વાત એ માની તો ગયો પણ ફરી કોઈ વાર મારે આ બાબતમાં સ્પષ્ટતા કરી લેવી પડશે. આજનો આખો દિવસ મેં આ જ ચિંતા કરી. એ તો સારું થયું કે એણે સીધે સીધી વાત કરી નાખી. આ વાત લઈને મનમાં ને મનમાં ધૂંધવાતો રહ્યો હોત તો શું થાત! કેટલો સરળ છે.

હવે તો મારે એને બધી વાત કહેવી જ પડશે.

લિ. ઍન (ક્રમશઃ)

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

મતદાનનો અધિકાર

તા.૧૮-૮-૯૯. ભારતના રાજ્યબંધારણે આપણને કોઈ ખાસ અધિકાર આપ્યો હોય તો તે મતદાનનો અધિકાર. પણ આ મતદાનનો અધિકાર મળ્યો એટલે મને શું મળ્યું? આમ જુઓ તો ગ્રામપંચાયત કે મ્યુનિસિપાલિટી, ધારાસભા કે લોકસભામાં કોણ બેસશે તે વિષે સમાજ મારો અભિપ્રાય માગે છે અને હું મતદાન દ્વારા તે અભિપ્રાય વ્યક્ત કરું છું. ઓહો, આ દૃષ્ટિએ જોઈએ તો મતદાનનો અધિકાર મને આપીને સમાજે મારું કેટલું બધું બહુમાન કર્યું છે! એટલે આ બહુમાન સમજીને મારે મતદાન કરવા તો જવું જ જોઈએ. પરંતુ મતદાન દ્વારા વ્યક્ત થતો મારો અભિપ્રાય આડેધડ બંધાયો નથી, પણ જવાબદારીપૂર્વક કરેલી વિચારણાને અંતે બંધાયો છે તે મારે જોવું રહ્યું. આ કેમ કરવું?

હવે કોઈ પણ જાતના વ્યવસાય માટે તાલીમ અને પરીક્ષણની વ્યવસ્થા હોય છે. તો પછી આ ધારાસભા કે લોકસભાના સભ્ય થવા માટે કોઈ તાલીમની વ્યવસ્થા ખરી? આમ જુઓ તો ધારાસભા કે લોકસભાના સભ્ય થવું એટલે રાજ્યકર્તા થવું. જે કામ પહેલાં રાજાઓ અને તેમના પ્રધાનો કરતા તે કામ હવે ચૂંટાયેલા ધારાસભ્યો કરે છે. આઝાદીની શરૂઆતનાં ૧૫-૨૦ વર્ષોમાં તો નેહરુ અને સરદાર પટેલની દેખરેખ નીચે, આઝાદીની લડતમાં ઘડાયેલા કાર્યકરો ચૂંટણીમાં ઊભા રહેતા. તેમને રાજકીય તાલીમ અનાયાસે લડત દરમિયાન મળી ચૂકી હતી. ચૂંટણીમાં ઊભા રહેનારાની તાલીમનો પ્રશ્ન શરૂઆતમાં ઊઠ્યો જ ન હતો. પણ આજકાલ તો એ જૂની પેઢીએ વિદાય લીધી છે. એટલે મતદાનના અધિકારનો ઉપયોગ કરતી વખતે મારી એ ફરજ થઈ પડે છે કે હું જે ઉમેદવારને મત આપું(એટલે કે એ ઉમેદવાર રાજ કરવા માટે લાયક છે તેવો અભિપ્રાય આપું) તે ઉમેદવારને મારે ચકાસી લેવો જોઈએ. આ કેમ કરવું તે મારે જ નક્કી કરવું રહ્યું.

*

અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી

તા.૫-૯-૯૯. અલીગઢની મુસ્લિમ યુનિવર્સિટીમાં ત્રણ દિવસ સાપેક્ષતાની પરિષદમાં હું જઈ આવ્યો. અમારા ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગમાં એક પ્રોફેસર ઇઝહાર હુસેન ૧૯૬૦ થી ૧૯૬૫ સુધી રીડર હતા. હુસેન ત્યારે પૅરિસથી જ્યોમેટ્રિમાં પીએચ.ડી. કરીને તાજા જ ભારત આવેલા હતા. અમારે ત્યાં રીડરની જગ્યાના ઇન્ટર્વ્યૂમાં તે આવ્યા હતા. નિષ્ણાત તરીકે દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર હતા. ઇન્ટર્વ્યૂ દરમિયાન દિલ્હીના આ પ્રોફેસરે મને કહ્યું,'તમે આ હુસેનની શું કામ ચિંતા કરો છો. તેને તો મુસ્લિમ યુનિવર્સિટી(અલીગઢ)માં નોકરી મળી જશે.' મેં કહ્યું,'હું હુસેનની ચિંતા નથી કરતો. હું તો મારા ગણિત-વિભાગની ચિંતા કરું છું માટે હુસેનને નીમવા માગું છું.' આમ હુસેન અહીં પાંચ વર્ષ માટે નિમાયા. પાંચ વર્ષ અહીં રહી પછી શ્રીનગર ગયા અને ત્યાંથી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં પ્રોફેસર થયા. આમ, અલીગઢના ગણિત વિભાગ સાથે, પ્રો. ઇઝહાર હુસેનને કારણે મારો નાતો છે.

હું તો અત્યાર સુધીમાં ચારેક વાર અલીગઢ જઈ આવ્યો છું પણ આ વખતે ગયો ત્યારે એક વાત તરત જ નજરે ચઢી. વખત જતાં જમાનાની અસર બધી જ યુનિવર્સિટીઓમાં થાય છે પણ આ મુસ્લિમ યુનિવર્સિટીમાં તે પ્રમાણમાં ઓછી દેખાય છે. ગણિત વિભાગના વડા સાથે વાત ચાલતી હતી ત્યારે હું ટ્રેનમાં આવ્યો પણ ઍરોપ્લેનમાં ન આવ્યો તેના અનુસંધાનમાં તેમણે કહ્યું,'કદાચ અમદાવાદમાં ઍરપોર્ટ નહિ હોય!' દેશનાં ૭ મોટાં શહેરોમાંનું એક અમદાવાદ છે તેની તેમને ખબર નથી! તેનું મોટું કારણ અહીં પ્રવર્તતી કૂપ-મંડૂક વૃત્તિ. યુનિવર્સિટીના ગણિત-વિભાગમાં ૩૧ શિક્ષકો કામ કરે છે. તેમાં ૨૯ મુસ્લિમ અને બે બિનમુસ્લિમ. જો કે આમાં મુસ્લિમ યુનિવર્સિટીનો બહુ વાંક નથી. દેશની અન્ય યુનિવર્સિટીઓમાં પેલી, દિલ્હીના પ્રોફેસરની વૃત્તિ ('તમે હુસેનની શું કામ ચિંતા કરો છો, તેને તો મુસ્લિમ યુનિવર્સિટીમાં નોકરી મળી જશે.') ઘણી જોર કરે છે એટલે પીએચ.ડી. થયેલા મુસ્લિમ યુવાનને અલીગઢ સિવાય કોઈ યુનિવર્સિટી નોકરીએ ન રાખે! આ સામાન્ય અવલોકન છે. પણ તેમાં અપવાદો પણ છે. બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં એક મુસ્લિમ બહેન ગણિતની રીડર છે. તેણે અમારી પરિષદમાં અડધા કલાકનું ભાષણ આપ્યું. પણ ભાષણ કરતાં પહેલાં મને પગે લાગીને આશીર્વાદ માગ્યાં! કેવો સરસ અપવાદ!!

*

(૧) સાયન્સ ઍકૅડેમી

તા.૧૩-૯-૯૯. સર સી.વી.રામને સ્થાપેલી 'ઇન્ડીઅન ઍકૅડેમી ઑફ સાયન્સીઝ' સાથે મારો ઘણો જૂનો નાતો છે. મારા વિશ્વવિખ્યાત થયેલ ૬ સંશોધન-પત્રોમાંનાં બે આ ઍકૅડેમીએ છાપ્યાં છે. (૧૯૪૩ અને ૧૯૫૧માં) અને તેથી રિટાયર થયા પછી ઍકૅડેમીની વાર્ષિક સભામાં હું અને મારાં પત્ની બંને જઈએ છીએ. ઍકૅડેમીના હૈદરાબાદ અધિવેશનમાં અમે ગયાં હતાં ત્યારે મારાં પત્ની તો હૈદરાબાદમાં વસતી મારી પુત્રીને ત્યાં રોકાયાં હતાં. એટલે અધિવેશનમાં જે કોઈ મળે તે પૂછે,'કેમ આ વખતે

લ ફોન્તેનની બોધકથા

અનુ. સાંકળચંદ પટેલ

માછલીનું બચ્ચું

એક માછીમારે નદીમાંથી માછલીનું એક બચ્ચું પકડ્યું. તેને બજારમાં વેચવું હોય તો વેચાય પણ નહિ, એટલું તો નાનું હતું. માછલીના બચ્ચાને જોઈને માછીમારે કહ્યું: 'કાંઈ વાંધો નહિ. ટીપે-ટીપે જ સરોવર ભરાય છે. આ નાની માછલીથી ઉત્તમ ભોજનનો કે ઉત્સવનો આરંભ તો થયો છે. એને થેલીમાં મૂકી દઉં.'



માછલીના બચ્ચાએ શિષ્ટાચારપૂર્વક કહ્યું : 'આપ મને લઈ જઈને શું કરશો? હું તો અડધો કોળિયો ભરાય એવડું પણ નથી. મને મોટું થવા દો, એ પછી ફરીથી મને પકડી જજો. ત્યારે કોઈ ધનવાન માણસ મારી મોંઘી કિંમત આપીને ખરીદી પણ લેશે. અત્યારે તો તમે મારા જેવી બીજી સો માછલીઓ પકડશો, ત્યારે ભોજનની એક થાળી તૈયાર થશે. આપ મારી વાત માની જાઓ. અત્યારે મને પકડવાથી તમને કોઈ લાભ થવાનો નથી.'

માછીમારે અવાજ મોટો કરીને ઉત્તર આપ્યો:

'કોઈ લાભ થવાનો નથી? તું મને ઉપદેશ આપે છે? અરે, તું તો આજે જ કઢાઈમાં જઈશ. અને આજે જ હું તને રાંધીને ખાઈ જઈશ.'

જે બે વસ્તુઓ મળવાની આશા હોય છે, તેના કરતાં જે એક વસ્તુ મળી ગઈ હોય છે, તે પેલી બે વસ્તુઓ કરતાં વધુ મૂલ્યવાન હોય છે. કેમકે જે વસ્તુ મળી ગઈ છે તે તો નિશ્ચિત છે; જ્યારે જે વસ્તુ મળવાની આશા છે તે તો અનિશ્ચિત છે.

શ્રીમતી વૈદ્ય નથી આવ્યાં?' ઍકૅડેમીના વૈજ્ઞાનિકોને મારા માટે તો લાગણી હોય પણ મારાં પત્ની માટે પણ એવી જ લાગણી છે. હા તો પછી ઈન્ડીઅન ઍકૅડેમી ઑફ સાયન્સીઝ સાથે મારે કેવો

પ્રસંગકથા

વધારે કે ઓછું નહિ

કરસનદાસ લુહાર

વિયેતનામના એક સમયના રાષ્ટ્રપતિ હો ચિ મિન્હ ક્રાંતિકારી કવિ અને જનસમાજને સંપૂર્ણપણે સમર્પિત એવા સેવાભાવી, સાદગીસભર વ્યક્તિ હતા.

તેઓ રાષ્ટ્રપતિ બન્યા એ પછી પણ મોટા મહેલમાં રહેવાને બદલે જર્જરિત નાનકડી ઝૂંપડીમાં રહેતા હતા. તાડછામાંથી બનાવેલી હૅટ અને ટાયરના ચંપલ પહેરતા હતા.

ગાંધીજી અને ગાંધી-વિચારધારા પ્રત્યે એમને અનન્ય શ્રદ્ધા હતી. વર્ષો પહેલા હો ચિ મિન્હ ભારત આવેલા. તેમના સન્માન સમારંભમાં હો ચિ મિન્હને આપણા દેશના નેતાઓએ ગાંધીજી સાથે સરખાવ્યા. હો ચિ મિન્હને આ જરા પણ ગમ્યું ન હતું. તેમણે પોતાના પ્રતિભાવમાં જણાવ્યું : 'અહીં મહાત્મા ગાંધી સાથે મારી સરખામણી થઈ છે, તે મને યોગ્ય લાગ્યું નથી. ક્યાં મહાત્મા ગાંધજીનું ભવ્ય વ્યક્તિત્વ અને ક્યાં હું? હા, હું ક્રાંતિકારી અચૂક છું. અને પ્રત્યક્ષ કે પરોક્ષપણે હું ગાંધીજીનો શિષ્ય છું; તેનાથી જરા પણ વધારે કે ઓછું નહિ.'

વિશિષ્ટ સંબંધ છે!

(૨) પસ્તીનાં પાનાં

મારા પુસ્તક 'પસ્તીના પાનાં'એ ઠીક ઠીક રંગત જમાવી છે. મારા વિદ્યાર્થી (અત્યારે તો મોટો ઑફિસર છે.)ને મેં એક નકલ આપી હતી. તે, તેણે તેની પત્નીએ, દીકરા-દીકરીએ તો વાંચી પણ તેના ફ્લૅટનાં બધાં પડોશીઓએ વાંચી અને તેની ઑફિસના કારકુનોએ પણ વાંચી. જો કે આ વાત સાંભળ્યા પછી મને મનમાં થયું કે ગુજરાતીઓને સારું સાહિત્ય તો વાંચવું ગમે છે, પણ પૈસા ખર્ચીને ચોપડી ખરીદીને વસાવવી અને વાંચવી તેમાં થોડાં ઊણાં પડે છે.

બે દિવસ પહેલાં, કામદાર-વીમા યોજનાના એક ડૉકટરનો મારી ઉપર ફોન આવ્યો. તેમણે ટાઈમ્સ ઑફ ઇન્ડિયામાં પસ્તીનાં પાનાંનો રિવ્યૂ વાંચ્યો હતો. તેમનાં દીકરી જમાઈ આ મે મહિનામાં જ અમેરિકા ગયાં હતાં તેથી 'Letters from Father to Daughter'વાળાં પસ્તીનાં પાનાંમાં તેમને રસ પડ્યો હતો. મેં તેમને કૉમ્પ્લિમેન્ટરી કોપી આપવાને બદલે ગુર્જર ગ્રંથરત્નનું સરનામું આપ્યું, જ્યાંથી પુસ્તક ખરીદી શકાય! (ક્રમશઃ)

લઘુકથા

કરિશ્મા એક સમબાજુ ત્રિકોણનો

બહાદુરભાઈ જ. વાંક

આગમના કોઠારરૂમમાંથી કંઈક વસ્તુ લેવા માટે એક શિષ્ય રાત્રિના નવેક વાગ્યે રૂમમાં દાખલ થયો. લાઇટની સ્વિચ ઑન કરી ઝડપથી તે રૂમમાં આગળ વધવા જતો હતો ત્યાં અચાનક લાકડાના ઘોડા સાથે તેનું કપાળ જોરથી અફળાયું. થોડી વાર તેને તમ્મર ચઢી ગઈ. સારું એવું લાગી જતાં કપાળમાંથી લોહી નીકળવા માંડ્યું. એટલે પોતાનું કામ પડતું મૂકીને તે ઝડપથી બહાર આવ્યો. રસોડામાં જઈને કપાળ ઉપર થોડી હળદર દબાવીને લગાડી દીધી.

ઓસરીમાં આરામખુરશીમાં બેઠેલા ગુરુ બજુવાની નજર તેના ઉપર પડી. ગુરુએ તેને પાસે બોલાવીને પૂછ્યું:'કપાળમાં શું વાગી ગયું?'

'કોઠારરૂમનો લાકડાનો ઘોડો કપાળમાં જરા વાગી ગયો.' પોતાની વેદનાને છુપાવતાં શિષ્યે જવાબ આપ્યો.

'કોઠારરૂમમાં લાઇટ હતી છતાં તું લાકડાના ઘોડા સાથે અથડાઈ પડ્યો?' ગુરુએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હા.. જી. ઉતાવળમાં મને કંઈ ખયાલ ન રહ્યો.'

'તું તો અવારનવાર હોશની-સભાનતાની વાતો તો બહુ કર્યા કરે છે....છતાં ઘોડો વાગી ગયો?'

'હા જી.. આપની વાત સાચી છે. આમાં હું કઈ રીતે ભૂલ કરી બેસું છું. એ જ કંઈ મને સમજાતું નથી.'

'રૂમમાં દાખલ થયો ત્યારે શેના વિચારમાં હતો?' ગુરુએ પૂછ્યું.

'એ તો કંઈ યાદ નથી. પણ કંઈ ને કંઈ વિચારોમાં તો હતો જ.' શિષ્યે નિખાલસ કબૂલાત કરી.

'વિચારો શું છે એનો તો તને ખયાલ છે ને?'

'હા જી... આપના શબ્દો મને બરાબર યાદ છે. આપણા અહ્‌મમાંથી નીકળતો ધુમાડો એટલે આપણા વિચારો...'

'બસ, તારું માત્ર કપાળ લાકડાના ઘોડાએ નહીં, પણ તારા જ વિચારોએ રંગી નાખ્યું છે, એ વાત હવે સમજાય છે તને?'

'હા જી... બરાબર સમજાય છે.'

'બીજું ઉછીનું કે ઉધાર જ્ઞાન સમય પડ્યે ક્યારેય પણ ખપમાં આવી શકતું નથી, એ પણ હવે તને સમજાય છે?'

'હા જી... એ પણ હવે બરાબર સમજાય છે.'

હવે શિષ્યને તેની બેહોશીનું મૂળભૂત કારણ સમજાવતા ગુરુ બોલ્યા:'રૂમની સ્વિચ ઑન કરતી વખતે એકસાથે એકસરખી રીતે તારું ધ્યાન સ્વિચ-પ્રકાશ ઉપર અને તારી સ્વયંની જાત ઉપર હોત તો તને રૂમના પ્રકાશનો બોધ થઈ જાત, અને લાકડાના ઘોડા સાથે અથડાઈ પડવાનો તારા માટે પ્રશ્ન જ ઉપસ્થિત ન થાત- મારી વાત તને સમજાય છે?'

'હા જી... સમજાય છે એટલું જ નહીં, પણ એનો હવે અનુભવ પણ કરી રહ્યો છું - વિચારો હંમેશાં પ્રત્યક્ષ ઉપર-દર્શન ઉપર પડદો પાડી દે છે.'

'તને બધું સમજાય છે છતાં વિશેષ સમજાવું..' ને સમબાજુ ત્રિકોણનું દૃષ્ટાંત આપીને સમજાવતા બજુવા બોલ્યા : 'ત્રિકોણનું શિરોબિંદુ તે આપણી આંખ બની રહે, ને દૃષ્ટિની એક બાજુ એકસરખી રીતે વસ્તુ તરફ અને બીજી બાજુ સ્વયં આપણી જાત તરફ ગતિ કરી શકે તો ત્રીજા દ્રષ્ટાની બાજુનું અનાયાસે જ નિર્માણ થઈ જાય. હવે હું તને પ્રશ્ન પૂછું છું. જ્યાં ચેતનાની આવી સમતોલ અવસ્થાનું નિર્માણ થાય ત્યાં શું કંઈ પણ અનિષ્ટ દુ:ખદાયક ઘટના ઘટી શકે ખરી?'

આનંદની લાગણી અનુભવતા શિષ્ય બોલ્યો:'હવે હું આપની વાતને બરાબર સમજી શકું છું.'

'મારી વાતને સમજી શક્યો હો તો સારું..' ને બજુવા તેને આદેશ આપતા બોલ્યા:'તું કોઠારરૂમનું બારણું ફરીને બંધ કરવાનું તો ભૂલી ગયો છે. તો હવે બારણું તો બંધ કરી આવ.'

શિષ્ય બારણું બંધ કરવા કોઠારરૂમ તરફ વળ્યો. ગુરુ બજુવા પણ તેની પાછળ પાછળ.. શિષ્યે કોઠારરૂમની સ્વિચ ઑફ કરીને બારણું બંધ કર્યું. પાછળ જુએ છે તો ગુરુ ઊભા હતા. તેને આશ્ચર્ય થયું.

'કેમ આપ અહીં ઊભા છો?' શિષ્યે પૂછ્યું:' તેં બારણું બરાબર બંધ કર્યું છે કે નહિ એ હું જોવા માગું છું.' જરા સ્મિત સાથે ગુરુએ જવાબ આપ્યો.

બારણા ઉપર હાથ ફેરવીને ગુરુ બોલ્યા:'તેં બારણું પણ પૂરેપૂરું ક્યાં બંધ કર્યું છે? જરા જો જોઈએ.'

બારણા ઉપર હાથ ફેરવતા શિષ્ય બોલ્યો:'આપની વાત સાચી છે. બારણું તો મેં બરાબર હોશપૂર્વક બંધ કરવા પ્રયત્ન કરેલો છતાં... મને કંઈ સમજાતું નથી.'

'બારણું બંધ કરતી વખતે તારું ધ્યાન બારણું બંધ કરવામાં જેટલું હશે એથી વિશેષ તારું ધ્યાન તારા કપાળ ઉપર વાગી ગયેલ જગ્યા ઉપર હશે એમ મને લાગે છે...'

શિષ્ય નિખાલસ એકરાર કરતા બોલ્યો: 'આપની વાત સાચી છે... મારું વિશેષ ધ્યાન કપાળના દુ:ખાવા ઉપર જ હતું... તેની વેદનામાં જ હું...'

'માથાની સ્થૂળ વેદનાને કારણે મેં તને હોશને જાળવી રાખવા નિમિત્તે આપેલી સૂક્ષ્મ સમજને પણ તું ભૂલી ગયો એનું મને દુ:ખ થાય છે.'

'દુ:ખ તો મને પણ થાય છે.' શિષ્ય બોલ્યો. બધું સમજાય છે એમ કહેતો રહ્યો ને સરવાળે પાછું બધું જ ભૂલીને ફરી ફરી એ જ ભૂલ કરી બેઠો ને?'

(અનુસંધાન પૃ. ૫૫૬ પર)

પર્યાવરણ-૫

વૈશ્વિક મંથન અને સ્થાનિક પુનર્ઘટન

સોપાન-૫ : સાથસંગાથ

-પ્રો. આર.વાય.ગુપ્તે-

ભારતમાં પર્યાવરણની હરિત ક્રાંતિ લાવવામાં સૌથી મોટી મુશ્કેલી એ છે કે આપણી પાસે વિસ્તૃત ફાજલ જમીન ઉપલબ્ધ નથી. મોટા ભાગની ઉજ્જડ કે વેરાન લાગતી જમીન ખાનગી યા સરકારી માલિકીની છે. જે સરકારી માલિકીની છે તેની ઉપર પણ લેભાગુ કબજો જમાવી બેઠા હોય છે. ડુંગરરાળ પ્રદેશની બિન-ઉત્પાદક જમીન ઉપર પણ ઢોર(ઘેટાં-બકરાં) ચારનારા - सब भूमि गोपालकी ગણીને-વિકાસ ને આડે આવતા હોય છે. જમીનની અછત, માનવવસ્તી મોટી અને જમીનની પોષણક્ષમતા - carrying capacity - કરતાં વધુ પાળેલાં ઢોરની સંખ્યા વગેરે પર્યાવરણના વિકાસને બદલે વિનાશને નો'તરે છે. સ્થાનિક લોકોની અજ્ઞાનતા જો આને માટે જવાબદાર હોય તો તે ક્ષમ્ય છે, પરંતુ જ્યારે તેમાં ગંદું રાજકરણ હાથ મિલાવે છે ત્યારે આખી યોજના નિષ્ફળ નીવડે છે. પ્રજાનો સાત્ત્વિક સાથ-સંગાથ વગર રાષ્ટ્રવિકાસનું કોઈ પણ કાર્ય સફળ થઈ શકે નહિ.

આપખુદ સત્તા ક્યારેક આવકારદાયક બને છે. જો વન-ઉછેર કે હરિતીકરણ માટે જે પ્રદેશ મુકરર કરવામાં આવ્યો હોય તે મિલિટરી વહીવટ તંત્રને સોંપી દેવામાં આવે તો ૧૦ થી ૧૫ વર્ષના ગાળામાં ગુજરાતના મોટા ભાગના ડુંગરાળ પ્રદેશો પુનઃહરિત થઈ જાય. પરંતુ બીજી રીતે આપણને તેની ભારે કિંમત ચૂકવવી પડે. આપણો વિકાસનો વેગ ચીન, રશિયા વગેરે દેશો કરતા ધીમો છે તેનાં કારણો આપતા પં. જવાહરલાલ નેહરુએ કહેલું કે, 'આપણો દેશ લોકશાહી ગણતંત્ર છે, તેમાં લશ્કરી કે આપખુદ સત્તાને સ્થાન નથી. લોકશાહી રાજ્યવ્યવસ્થામાં તમામ સ્તરનાં લોકોએ નીતિમત્તા અને પ્રામાણિક્તાનું સ્વયં પાલન કરવું જોઈએ. અહિંસા અને ત્યાગભાવના વિના શિક્ષણમાં 4-Dનું તત્ત્વ આવી શકવાનું નથી. (શિક્ષણમાં 4-D એટલે ધર્મ-પરાયણતા).'

સાથ-સંગાથ

કોઈ પણ પ્રકલ્પ પરિપૂર્ણ કરવા સંબંધિત જનતાનો સાથ-સંગાથ હોવો આવશ્યક છે. સાથ એટલે પ્રત્યક્ષ સાથે કામ કરનાર અને સંગાથ એટલે સાથે રહી પ્રોત્સાહન આપનારા. આમ, આપણે વિવિધ પ્રકારના માનવીઓ પાસેથી વિવિધ પ્રકારની મદદની અપેક્ષા રાખીએ છીએ. તન, મન અને ધનની એક જ વ્યક્તિ કે સમાજ પાસે આપણે અપેક્ષા રાખતા નથી. દરેક વ્યક્તિ કે સમાજ યથામતિ, યથાશક્તિ આ મહાયજ્ઞમાં આહુતિ આપે તો આપણું વિકાસનું કોઈ પણ કાર્ય સફળતાથી પાર પડે.

સાથસંગાથમાં સમાજની વ્યક્તિઓ પાસેથી માત્ર લેવાની ભાવનાથી સાથ કર્યો નથી. वसुधैव कुटुंबकम्‌ની ભાવનાથી અરસપરસ મદદરૂપ થઈ પર્યાવરણનો વિકાસ સાધવાનો છે. લોકસંપર્ક,લોકજાગૃતિ અને લોક-ભાગીદારીથી ધ્યેય સિદ્ધ કરવાનો છે. શરૂઆતમાં બુનિયાદી શાળાઓમાં તાલીમ પામેલા પર્યાવરણપ્રેમીઓ પાયાની કામગીરી બજાવશે. ગુજરાતમાં બુનિયાદી શાળાઓ અને ગ્રામવિદ્યાપીઠો અસ્તિત્વમાં છે. ગૂજરાત વિદ્યાપીઠનાં ગ્રામિણ કેન્દ્રો પણ નિસર્ગની પુનઃસ્થાપનામાં મોટો ફાળો આપી શકે તેમ છે.

જમીનસંપાદનથી માંડીને જમીનને ઉપજાઉ બનાવવા સુધીની અનેક ક્રિયાઓ સરકારને હસ્તક છે. કાયદાની જોગવાઈ, સરકારી યંત્ર-વ્યવસ્થાને કામે લગાડવી અને સ્થળ ઉપર સંરક્ષણ કે અન્ય સમસ્યા હલ કરવા માટે સરકારી તંત્રનો સહકાર અને આર્થિક મદદની જરૂર રહેવાની. રેવન્યૂ ખાતું, ખેતીવાડી ખાતું, સિંચાઈ વિભાગ, જાહેરબાંધકામ ખાતું, પોલીસ ડિપાર્ટમેન્ટ અને વનવિભાગની સંયુક્ત કામગીરી વડે આખો પ્રકલ્પ પૂરો થઈ શકે.

ગ્રીન ક્રૉસ સોસાયટી શિક્ષણ સંસ્થાઓનો તેમજ સ્થાનિક ગ્રામીણ જનતાનો સંપર્ક સાધી આખા પ્રકલ્પનું આયોજન કરી તેની અસલ બજવણી કરવા સરકાર પાસે જરૂરી રજૂઆત કરશે. ગુજરાતનું 'ડુંગરા હરિત કરવાનું' એટલે કે પર્યાવરણનું પુનર્ઘટન કરવાનું સ્વપ્ન બધાંના સાથ-સંગાથથી શક્ય છે. (ક્રમશઃ)

એજન્ટોને

'કુમાર'નું લવાજમ સ્વીકારતાં એજન્ટોએ 'કુમાર'નું ફક્ત એક જ વર્ષનું લવાજમ રૂ.૧૫૦ સ્વીકારવાનું હોય છે. બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષનું લવાજમ ગ્રાહકોએ અમોને - 'કુમાર ટ્રસ્ટ'ને સીધું મોકલવાનું હોય છે અને બે વર્ષ, ત્રણ વર્ષ કે પાંચ વર્ષના લવાજમ ઉપર એજન્ટોને કોઈ જ કમિશન આપવામાં આવતું નથી. લવાજમની પૂરી રકમ અમોને મોકલવાની હોય છે તેની સૌ એજન્ટોએ ખાસ નોંધ લેવી.

'કુમાર ટ્રસ્ટ' ૧૪૫૪, રાયપુર ચકલા,
અમદાવાદ-૩૮૦૦૦૧

सत्यमेव जयते

ભારતનું રાજ્યચિહ્ન - સત્તાવાર પ્રતીક

કોણ ક્યાં, ક્યારે અને કેવી રીતે ઉપયોગ કરી શકે?
ક્યાં, ક્યારે, કેવી રીતે ઉપયોગ ન કરી શકાય?

ભારતનું રાજ્યચિહ્ન કે સત્તાવાર પ્રતીક ભારત ઉપર ઈસ્વી સન પૂર્વે ૨૭૨ થી ૨૩૨ સુધી રાજ કરનાર સમ્રાટ અશોકના સારનાથ સિંહસ્થંભ ઉપરથી એમાં ફેરફાર કરી તૈયાર કરવામાં આવ્યું છે. પ્રાચીન સિંહસ્થંભ ઉત્તર પ્રદેશમાં વારાણસી નજીકના સારનાથ મ્યૂઝીઅમમાં સુરક્ષિત છે. સિંહસ્થંભ ઉપર કુલ ચાર સિંહ છે, જે અંડાકાર મણકાની ઘોડી ઉપર સવાર છે. મણકાની ઘોડી નકશીકામવાળા પટ્ટાથી સુશોભિત છે, જેના ઉપર એક સિંહ, છલાંગ મારતો અશ્વ, એક બળદ અને એક સિંહ નજરે પડે છે અને એની મધ્યમાં ધર્મચક્ર છે. મણકાની ઘોડી ઘંટ આકારના કમળ ઉપર મઢેલી છે.

આ મૂળ પ્રાચીન કૃતિમાંથી ભારતનું જે પ્રતીક તૈયાર કરવામાં આવ્યું છે તેમાં સિંહસ્થંભ ઉપર, મણકાની ઘોડી ઉપર ત્રણ સિંહ જડવામાં આવેલા છે. અંડાકાર આધારરૂપ ઘોડીની મધ્યમાં ધર્મચક્ર છે, જેની જમણી બાજુએ એક બળદ છે અને ડાબી બાજુએ છલાંગ મારતો એક અશ્વ છે. મૂળ સિંહસ્થંભમાં છેક નીચે કમળનું જે ફૂલ છે એને પ્રતીકમાં સ્થાન નથી અપાયું. સિંહસ્થંભ ઉપર ભારતનો મુદ્રાલેખ 'સત્યમેવ જયતે' દેવનાગરી લિપિમાં સિંહની રેખાકૃતિ નીચે લખવામાં આવ્યો છે. આ મુદ્રાલેખ પ્રાચીન પવિત્ર ગ્રંથ 'મુંડકોપનિષદ'માંથી લેવામાં આવ્યો છે.

સત્તાવાર પ્રતીક - રાજ્યચિહ્નની હૂબહૂ પ્રતિકૃતિ ઉપસાવવા માટે એની બે સ્ટાન્ડર્ડ ડિઝાઈન માન્ય કરવામાં આવી છે. આમાંથી પ્રથમ ડિઝાઈન સરળ સ્વરૂપની છે અને એનો ઉપયોગ સ્ટેશનરી, સીલ અને ડાઈ પ્રિન્ટિંગમાં થાય છે. મોટા કદની બીજી ડિઝાઈનનો ઉપયોગ મોટા કદનું પ્રતીક ઉપસાવવામાં થાય છે. રાષ્ટ્રિય ચિહ્નની તમામ નકલ ચુસ્તપણે એની મૂળભૂત ડિઝાઈન મુજબની જ હોવી જરૂરી છે. એની ફોટોગ્રાફિક ડિઝાઈન રસ ધરાવતાં લોકો 'મેનેજર, ફોટોલિથો વિંગ, ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા પ્રેસ, નવી દિલ્હી' પાસેથી મેળવી શકે છે. આ પ્રતીકની સ્ટાન્ડર્ડ ડાઇઝના નમૂના 'ચીફ કન્ટ્રોલર ઑફ પ્રિન્ટિંગ ઍન્ડ સ્ટેશનરી', નવી દિલ્હી પાસેથી મેળવી શકાય છે.

દેશમાં આસામ, બિહાર, ગુજરાત, મહારાષ્ટ્ર, નાગાલૅન્ડ, રાજસ્થાન અને પશ્ચિમ બંગાળી સરકારોએ પણ રાજ્યનું પ્રતીક અપનાવ્યું છે. આંધ્રપ્રદેશ, હરિયાણા, કેરળ, મધ્યપ્રદેશ, કર્ણાટક, ઓરિસ્સા, પંજાબ અને તામિલનાડુની સરકારોએ અપનાવેલાં પ્રતીકોમાં પણ દેશના પ્રતીકનો સમાવેશ કરવામાં આવ્યો છે. ચંદીગઢ અને હિમાચલ પ્રદેશ સિવાયના તમામ કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારો અને વહીવટી તંત્રો પણ આ પ્રતીકનો ઉપયોગ કરે છે. ચંદીગઢના કેન્દ્રશાસિત પ્રદેશે રાષ્ટ્રિય પ્રતીકનો એના દ્વારા અપનાવેલા પ્રતીકમાં સમાવેશ કર્યો છે.

રાજ્યનું આ ચિહ્ન - સરકારી પ્રતીક - ભારતનું સત્તાવાર સીલ પણ છે. જો કે સત્તાવાર સીલ તરીકે આ પ્રતીકનો ઉપયોગ ભારતના રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, કેન્દ્રીય મંત્રીઓ, અન્ય મંત્રીઓ તથા કેન્દ્ર સરકારના અધિકારીઓ, વિદેશોમાંના ભારતના દૂતાવાસો, ગવર્નર, લેફટનન્ટ ગવર્નર, કેન્દ્રશાસિત પ્રદેશોના ચીફ કમિશનરો અને વહીવટકારો અને જે રાજ્ય સરકારો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોએ આ પ્રતીક અપનાવ્યું હોય એના મંત્રીઓ, સરકારી વિભાગો અને વહીવટીતંત્રો પૂરતો મર્યાદિત છે. કેન્દ્ર સરકારની કચેરીઓ જેમને એના પોતાના વિશિષ્ટ ચિહ્નોનો ઉપયોગ કરવાની છૂટ આપવામાં આવી હોય એ પણ પોતાના સીલમાં આ પ્રતીકનો ઉપયોગ કરી શકે છે.

મંત્રીઓની ડેમિ-ઑફિશ્યલ સ્ટેશનરી ઉપર જ્યારે રાજ્યનું પ્રતીક છાપવામાં આવે કે એમ્બૉસ કરવામાં આવે ત્યારે એ કાગળની ડાબી બાજુએ છેક ઉપરના ભાગમાં ભૂરા રંગમાં હોવું જોઇએ. 'ગૃહમંત્રી' કે પછી 'ગૃહમંત્રાલય'નું લખાણ જમણી બાજુના ખૂણામાં છેક ઉપર છપાયેલું હોવું જોઇએ. અધિકારીઓની આવી સ્ટેશનરી લાલ રંગમાં છાપવામાં આવેલી કે એમ્બૉસ થયેલી હોવી જોઇએ. અલબત્ત, જો કોઈ અધિકારીને અન્ય રંગના ઉપયોગની સ્પષ્ટ છૂટ અપાઈ હોય તો આ અધિકારી અન્ય રંગનો ઉપયોગ કરી શકે છે. જો કે અધિકારીઓનાં નામ આવી સ્ટેશનરી ઉપર છાપી શકાતાં નથી. સંસદસભ્યોમાં લોકસભાના સભ્યોએ આ પ્રતીક સાથેની સ્ટેશનરી લીલા રંગમાં, જ્યારે રાજ્યસભાના સભ્યોએ લાલ રંગમાં છપાવવાની રહે છે. સંસદસભ્યોને આવી સ્ટેશનરી ચીફ કન્ટ્રોલર ઑફ પ્રિન્ટિંગ ઍન્ડ સ્ટેશનરી દ્વારા પૂરી પાડવામાં આવે છે, પણ એમાં એમનાં નામ-સરનામાં નથી હોતાં.

જો સંસદસભ્યો ઇચ્છે તો એમનાં નામ-સરનામાં સાથેની સ્ટેશનરી કેન્દ્ર સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા માન્ય કરાયેલા ખાનગી પ્રિન્ટિંગ પ્રેસમાં છપાવી શકે છે.

સંસદસભ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોની ધારાસભાઓનાં સભ્યો અને દિલ્હીની મેટ્રોપોલિટન કાઉન્સિલનાં સભ્યો માન્ય પ્રતીક અને નામ-સરનામાં સાથેની સ્ટેશનરી છપાવે ત્યારે પણ, એમને એમનાં નામ નીચે એમના વ્યવસાયનો ઉલ્લેખ કરવાની - જેમ કે 'એડવોકેટ/તંત્રી' વગેરે છૂટ નથી.

પિત્તળનાં સીલ અને રબર સ્ટૅમ્પની ડિઝાઇન લંબગોળ હોય છે, જેના મધ્યમાં પ્રતીક હોય છે. આ સીલ/સ્ટૅમ્પની બહારની ધાર અને અંદરની ધાર/રેખાની વચ્ચે બંધનકર્તા મંત્રાલય/કચેરીનું પૂરું નામ કે પછી એ શક્ય ન હોય તો એનું સંક્ષિપ્ત નામ કોતરવામાં આવેલું હોય છે. જે કચેરીઓ/અધિકારીઓને ગોળાકાર પિત્તળના સીલનો ઉપયોગ કરવાની છૂટ અપાઈ હોય એ એનો ઉપયોગ ચાલુ રાખી શકે છે. ગોળાકાર રબર સ્ટૅમ્પ વાપરવાની છૂટ વિદેશોમાંના ભારતીય મિશન/પોસ્ટ તેમજ વિદેશ મંત્રાલયને પાસપોર્ટ, ડિપ્લોમેટિક આઇડેન્ટિટી કાર્ડ, વીસા કે એન્ટ્રિ પરમીટ જેવા ખાસ હેતુ માટે છે.

રાષ્ટ્રપતિ ભવન, રાજભવન કે રાજનિવાસનાં વાહનોમાં જ્યારે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, રાજ્યના રાજ્યપાલ કે કેન્દ્રશાસિત પ્રદેશના ઉપરાજ્યપાલ કે એમનાં પત્ની પ્રવાસ કરી રહ્યાં હોય ત્યારે એના ઉપર રાજ્યનું પ્રતીક પ્રદર્શિત કરવાની જોગવાઈ છે. આ જ પ્રમાણે જ્યારે અન્ય દેશોના વડા કે એમનાં પત્ની તેમજ વિદેશોના અન્ય ચોક્કસ અતિથિઓ-રાજકુમાર-રાજકુમારી રાષ્ટ્રપતિ ભવનની ગાડીઓમાં પ્રવાસ કરતાં હોય ત્યારે એના ઉપર પણ પ્રતીક પ્રદર્શિત કરી શકાય છે. માત્ર ખૂબ જ મહત્ત્વની જાહેર ઇમારતો જેવી કે રાષ્ટ્રપતિ ભવન, રાજભવન, રાજનિવાસ, સર્વોચ્ચ અદાલત, વડી અદાલતો, કેન્દ્રીય સચિવાલય, રાજ્યોનાં સચિવાલયો, સંસદભવન, વિધાનસભા ઉપર પણ રાજ્યચિહ્ન પ્રદર્શિત કરી શકાય છે. વિદેશોમાંના ભારતીય દૂતાવાસ, કોન્સ્યુલેટ્સ વગેરે ઉપર પણ સંબંધકર્તા દેશના નિયમોને અધીન રહી સત્તાવાર પ્રતીક પ્રદર્શિત કરી શકાય છે.

વધુમાં રાજ્યનાં પ્રતીકોનો સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલાં પ્રકાશનો, નિર્માણ કરાયેલી ફિલ્મો, ચલણી નોટો, સિક્કા, પ્રોમિસરી નોટ, સરકારી ચંદ્રકો , સનદો, સત્તાવાર સમારંભોનાં આમંત્રણ કાર્ડ, વિદેશોમાંના ભારતીય મિશનના અધિકારીઓ દ્વારા મોકલવામાં આવતાં નવા વર્ષનાં તેમજ ગ્રીટિંગ કાર્ડ, રાષ્ટ્રપતિ ભવન/રાજભવન/રાજનિવાસ તેમજ વિદેશોમાંનાં મિશનોમાં ઉપયોગમાં લેવાતી ગ્લાસવેર ક્રૉકરી અને કટલરી, પોલીસ અને એક્સાઇઝ કૉન્સ્ટેબ્યુલરીના બેજીઝ, કૉલર્સ, ગણવેશના બટન અને રાષ્ટ્રપતિ ભવન તેમજ વિદેશોમાંનાં ભારતીય મિશનોના ચોથા વર્ગના સ્ટાફના ગણવેશ ઉપર ઉપયોગ કરી શકાય છે.

સશસ્ત્ર દળોના ગણવેશ તથા બેજીસ ઉપર આ પ્રતીકનો ઉપયોગ સંરક્ષણ મંત્રાલય દ્વારા આ અંગે બહાર પાડવામાં આવેલી સૂચનાઓ મુજબ થઈ શકે છે.

શાળાનાં પાઠ્યપુસ્તકો, ઇતિહાસ, કલા અથવા સંસ્કાર વિશેનાં પુસ્તકો કે કોઈ પણ સામયિકમાં રાજ્યના પ્રતીકનાં મૂળ, એનું મહત્ત્વ, ઉપયોગ વગેરે અંગેના લખાણના ભાગરૂપે આ પ્રતીક છાપી શકાશે. જો કે સરકારી પ્રકાશન સિવાયના કોઈ પણ પ્રકાશનના ટાઇટલ કે કવર કે પછી એના પ્રથમ પાના ઉપર આ પ્રતીકનો ઉપયોગ નહીં કરી શકાય.

કેન્દ્ર સરકાર દ્વારા, ધી એમ્બ્લેમ્સ ઍન્ડ નેમ્સ (પ્રીવેન્શન ઑફ ઇમ્પ્રોપર યુઝ) ઍક્ટ, ૧૯૫૦ની કલમ ૩ હેઠળની શરતો અને નિયમો સિવાય, કોઈ પણ વ્યાપાર અથવા વ્યવસાય માટે અથવા તો કોઈ પણ પેટન્ટના ટાઇટલમાં કે પછી કોઈ પણ ટ્રેડમાર્ક અથવા ડિઝાઇનમાં રાજ્યના સત્તાવાર ચિહ્ન-પ્રતીકનો ઉપયોગ નહીં થઈ શકે. આવા હેતુઓ માટે પ્રતીકનો અમાન્ય ઉપયોગ આ કાયદા હેઠળ ગુનો છે.

ખાનગી લોકો, સંસ્થાઓ, રમતગમતનાં મંડળોને સરકારની પરવાનગી મેળવ્યા સિવાય એમના લેટરહેડ્સ, સીટ, ક્રેસ્ટ, બેજ અને હાઉસ ફ્લૅગ ઉપર કે પછી બીજા કોઈ પણ અન્ય હેતુ માટે રાજ્યના સત્તાવાર પ્રતીકનો ઉપયોગ કરવાની છૂટ નથી. ❐

(સાભાર: પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો, ભારત સરકાર અને 'ગુજરાત')

અનુસંધાન] કરિશ્મા એક સમબાજુ ત્રિકોણનો [પૃ. ૫૫૩ થી

શિષ્ય કંઈ પણ જવાબ આપી શક્યો નહીં.

'બારણું બંધ કરતી વખતે તારું ધ્યાન બારણા ઉપર અને એ જ માત્રામાં તારી સ્વયંની જાત ઉપર હોત તો તારી કપાળની વેદના પણ તારા માટે પ્રસાદ બની જાત અને અદૃશ્ય થઈ જાત. વધું શું કહું?'

'મારી કપાળ ઉપરની વેદના કેવી રીતે અદૃશ્ય થઈ જાત એ વાત હજુ સમજાતી નથી.'

'આટલું સમજાવવા છતાં સમબાજુ ત્રિકોણની પાયાની બાજુ- દ્રષ્ટાના કરિશ્મા વિશે તું કશું જ સમજી શક્યો હોય તેમ મને લાગતું નથી. એટલે હવે વધારે શું સમજાવું?' હસતા હસતા મર્મમાં ગુરુએ ઉમેર્યું:'તેં તો મને પણ માથાનો દુઃખાવો કરી દીધો.'

❐ ❐

ભારતીય સંસ્કૃતિમાં ચિત્ર-શિલ્પ-શાસ્ત્રોમાં



હાથીની મહત્તા



કનુ નાયક

પ્રકૃતિપ્રેમી કલાકાર કલાભાવકને પોતાની કલાકૃતિ દ્વારા પ્રકૃતિ સાથે મુલાકાત કરાવી આપે છે. દરેકના જીવનમાં પ્રકૃતિ દર્શન તથા બારીક નિરીક્ષણ શક્ય નથી. કલાકાર પ્રકૃતિના ભીતરની વાસ્તવિક્તાઓનો આવિષ્કાર કરે છે અને દર્શકને તેનો આસ્વાદ કરાવે છે. પ્રકૃતિમાં વિહરતાં-વિચરતાં પશુપંખીઓની પણ એક દુનિયા છે. તેમનાં સંવેદના, સંવનન, પ્રેમ કે આક્રોશના વિશિષ્ટ વ્યવહારનું બાહ્ય નિરીક્ષણ કલાકારની દૃષ્ટિમાં નોંધાઈ જાય છે, અને કલાસ્વરૂપે ચિત્ર-શિલ્પમાં પ્રકટ થાય છે. ભાવક તેને રંગે-રૂપે માણે ત્યારે કલાકારને એક આત્મસંતોષ મળે છે.

ભારતીય ચિત્ર-શિલ્પમાં જો કોઈ પશુ વધુ પ્રિયપાત્ર બની રહ્યું હોય તો તે હાથી છે. હાથીનું સ્થૂળ શરીર, તેની ઉપયોગિતા, યુદ્ધમાં કે શોભાયાત્રાઓમાં કે વજનદાર વસ્તુઓ ખસેડવામાં જોઈએ ત્યારે તેનું મહત્ત્વ અનેક ગણું વધી જાય છે. ચિત્ર કે શિલ્પકારોને તેનો બાહ્ય આકાર ગમે છે, કારણ કે ઘોડો, કૂતરો, ઊંટ વગેરે પ્રાણીઓનું અસ્થિમજ્જાતંત્ર બાહ્ય આકૃતિમાં ભાગ ભજવીને તેની સરળતામાં બાધા નાખે છે. ત્યારે હાથીનાં ઢીંચણ કે ખૂંધ તદ્દન જુદાં પડીને તેના બાહ્ય આકારની સરળતા, સુંદરતા અને સ્થૂળતામાં બાધક બનતાં નથી. જૂના શિલ્પકારોએ તો તેનું વલણ અને સ્થિતિનું નિરૂપણ કરવામાં સઘન અભ્યાસને કોરાણે મૂક્યો છે. જૂનાં શિલ્પાંકનોમાં ક્રિયાત્મક ભાવ જોઈ શકાય, પણ અસ્થિમજ્જાતંત્રનો અવબોધ ન થાય. કેટલાંક અર્ધશિલ્પોમાં (હાફ રિલીફ) તો સઘનતા બતાવવા જેટલું ઊંડાણ પણ ન જોવા મળે. હાથી પર નાનીમોટી કથાઓ પ્રચલિત છે, તેમાંથી ઉમદા હાથીની યાદશક્તિ, ચતુરાઈ, આક્રોશ જેવા સ્વભાવોનું દર્શન થાય છે. 'હાથી ને દરજી'ની વાર્તા પરથી હાથીમાં રહેલી આંતરિક ખુન્નસની પ્રતીતિ થાય છે. તેની કાદવ, ધૂળ, પાણી ઉડાડવાની શક્તિથી તે બીજાને હંફાવી શકે! પોતાના મહાવત કે રખેવાળને એ તુરંત ઓળખી શકે. જમીન પર ફેંકેલા રૂપિયા જેવા સિક્કા ઝીણા હોવા છતાં ઝીણી આંખેથી સૂંઢ તેનો હાથ હોય તેમ કામ કરી આપે. પુરાણોમાં તેનો ઉલ્લેખ થાય છે તે શું ઓછું છે?

ઇન્દ્રનું વાહન ઐરાવત એ હાથીનું પુરાકલ્પન છે. સાત સૂંઢવાળો સફેદ હાથી વાસ્તવિક દુનિયામાં કદાચ અસ્તિત્વ ન ધરાવતો હોય પણ પુરાણો તો તેને અકલ્પ્ય મહત્ત્વ આપે છે. 'સમુદ્રમંથન'ની કથામાં જ્યારે સફેદ હાથીનો ઉદ્ભવ થયો ત્યારે ઇન્દ્રને તે ભેટ મળ્યો. કદાચ એ ઐરાવત જ હશે! લક્ષ્મીજી સાથે બે હાથીઓ જોવા મળે ત્યારે એમ જ લાગે કે સમૃદ્ધિથી હાથીઓ તેને નવરાવી રહ્યા છે! અહીં હાથીઓનો વૈશ્વિક જળ સાથે સંબંધ નોંધપાત્ર છે. જળ ફળદ્રુપતાનું પ્રતીક. ફળદ્રુપતા હોય ત્યાં જ લક્ષ્મી હોય. હાથી પાળવો કે પોતાની તહેનાતમાં રાખવો એ સામાન્ય જનનું કામ નહિ; લક્ષ્મી જેની પાસે હોય તેવા અમીર, ઉમરાવ કે રાજામહારાજાઓનું કામ. ટૂંકમાં, લક્ષ્મી સાથે હાથીનું સહઅસ્તિત્વ યથાર્થ રીતે યોજાયું છે. આઠે દિશાઓનો દિગ્ગજ - દિશાઓના રક્ષક તરીકે હાથીની નિયુક્તિ કરી પુરાણોમાં અનિષ્ટથી બચવા તેને મહત્ત્વ અપાયું છે. આ આઠ હસ્તિના નામઃ ઐરાવત, પુંડરીક, વામન, કુમુદ, અંજન, પુષ્પદંત, સાર્વભૌમ અને સુપ્રતીક. ઇન્દ્રનો ઐરાવત તેમાં ગણાયો છે; તેની નોંધ લેવા જેવી છે. આ વિષે એમ જણાવાયું છે કે બ્રહ્માએ જ્યારે બ્રહ્મનું ઈંડું (બ્રહ્માંડ) ફોડ્યું, ત્યારે તેમાંથી ગરુડ જન્મ્યો, અને તેના કોચલામાંથી ઐરાવત, તેની પત્ની, અને બીજાં સાત દંપતીઓ સર્જ્યાં. આ આઠ સર્જન એ જ 'દિગ્ગજ'. આખા વિશ્વને ટેકો આપનાર આ આઠ દિશાઓ સૂચક બની જાય છે. આ કથાઓ શ્રવણભોગ્ય તો ખરી છતાં વૈજ્ઞાનિક રીતે પણ સાચી ઠરાવી શકાય.

સાહિત્યમાં રૂપક-અલંકાર તરીકે ઘણે સ્થળે હાથીનો ઉલ્લેખ થતો રહ્યો છે, તેનું કારણ તો તેનું સામર્થ્ય, શક્તિ અને સરળ દેહસૌષ્ઠવ તો ખરું જ. તેની ચાલ જેવી ચાલ ધરાવતી સ્ત્રી 'ગજગામિની' કહેવાય તે ઓછા મહત્ત્વની વાત છે? આમે ય હાથીમાં સ્ત્રી જેવી સંવેદના, ચાતુર્ય અને સૂક્ષ્મ દૃષ્ટિ ક્યાં નથી હોતી? ચાતુર્યભર્યાં અને હેરતભર્યાં કામો હાથી પાસેથી માનવોએ કરાવ્યાં છે. ખીલાઓ ભર્યા-ગઢના દરવાજાઓ હાથીઓએ તોડી પોતાના શિરમોર સમા રાજાઓને વિજય અપાવ્યો છે, તે તો ઇતિહાસ બોલે છે.

બૌદ્ધધર્મમાં જાતક કથાઓ ઘણી લોકપ્રિય નીવડી છે. બોધિસત્ત્વ તરીકે ભગવાન બુદ્ધની પૂર્વજન્મ કથામાં રાજકુંવર તરીકે તેમનો ઉલ્લેખ આવે છે. બાજુના પ્રદેશમાં જ્યારે દુષ્કાળ પ્રવર્તી રહ્યો હતો ત્યારે કરુણાથી પ્રેરાઈને આ રાજકુંવરે પોતાનો સફેદ હાથી ત્યાં મોકલાવ્યો, જે હાથી વરસાદ લાવવાનું સામર્થ્ય


ધરાવતો હતો. પરિણામે રાજકુંવરને રાજદ્રોહના આરોપસર સજા ભોગવવી પડી. બુદ્ધના જન્મ પહેલા તેની માતાના સ્વપ્નમાં એક સફેદ હાથી ગર્ભમાં અવરોહણ કરતો દેખાય છે. ચક્રવર્તીના લક્ષણ તરીકે અને ઈન્દ્રના વર્ષાગમનના આયુધ તરીકે સફેદ હાથી પૂજનીય રહ્યો છે. જૈનધર્મમાં પણ મહારાણી ત્રિશલાદેવીનાં સ્વપ્નમાં દેખાયેલો હાથી ભગવાન મહાવીરના ચક્રવર્તી ગુણોનો દ્યોતક બની રહેલો. અહીં પૌરાણિક અને ધાર્મિક કથાઓનો ઉલ્લેખ કરવાનું કારણ એ કે આગળ જે ચિત્ર-શિલ્પ-સ્થાપત્યની વાત કરવાના છીએ તેમાં હાથી અવિચ્છિન્ન વણાઈ ગયો છે.

સિંધુ નદીની સંસ્કૃતિમાં ડોકિયું કરીએ તો મોહેં-જો-દડો ની મૃણમુદ્રાઓ હાથીની હસ્તિ બાબત સારો પ્રકાશ પાડે છે. એક મુદ્રામાં હાથી પોતાની લાંબી સૂંઢ ખાણ ખાવાના લંબચોરસ પાત્રમાં નાખી રહ્યો છે, તેવું પ્રતીકાત્મક દૃશ્ય છે. ઉપરની કિનારી પર તત્સમયની લિપિમાં લખાણ સ્પષ્ટ છે. ઈ.સ.પૂ.૩૦૦૦ થી ૨૦૦૦ના ગાળાની આ કૃતિ, તે સમયે હાથીને કઈ અમૂલ્ય કક્ષાએ મૂકેલી છે, તેનો સહેજે અણસાર આપે તેમ છે. માનવો સાથે ભળી ગયેલું આ પ્રાણી તે વખતની ઉત્તમ નગરરચનામાં પ્રતિષ્ઠાસહ મહાલ્યું હશે, ત્યારે જ તો મુદ્રામાં સ્થાનાપન્ન થયું હશે ને!


મોહેં-જો-દડોનું
મુદ્રાંકન-હાથી ખાણપાત્ર


પ્રાગૈતિહાસિક કાળ છોડી ઐતિહાસિક કાળમાં પ્રવેશ કરીએ તો ઇ.સ.પૂ.૩૨૨-૧૮૫માં મૌર્યકાળમાં પ્રવેશ કરીને જોતાં તો 'અશોકસ્તંભ' તરફ નજર જાય. અશોકચક્રની ચારબાજુએ મુકાયેલાં ચાર પ્રાણીઓ અશ્વ, વૃષભ, મૃગ તથા હાથીનું શિલ્પાંકન છે, એ વખતની અન્ય કૃતિઓમાં પણ હાથી દેખાય છે. 'ચક્રવર્તી' તરીકેની બૌદ્ધધર્મની માન્યતા બાબત આગળ વાત થઈ ગઈ છે. ચંદ્રગુપ્ત મૌર્ય યુદ્ધને લાયક ઘણાં હાથીઓની ભેટ સેલ્યુકશને આપેલી. સેલ્યુકશે સફળતાપૂર્વક તેનો ઉપયોગ કરેલો નોંધાયેલ છે.

ઈ.સ.પૂર્વ ૧૮૫-૨૮ના વર્ષો દરમિયાન જે શુંગ અને કાણ્વવંશ સત્તા પર આવ્યો તે દરમિયાનનાં પુરાસ્થાપત્યો સાંચી, ભરહુત, ઉદયગિરિનાં શિલ્પોમાં હાથીનું મહત્ત્વ સમજીએ. સાંચીમાં એક ગોળાકારમાં અર્ધશિલ્પ જોવા મળે છે, જેમાં મહાવત ઢળતા છાપરા જેવા તબેલામાંથી બહાર કાઢતો જણાય છે. સાંચીમાં યુદ્ધનાં દૃશ્યોમાં હાથી અવશ્ય દેખાય છે. એક દૃશ્યમાં નગરના બંધ દરવાજા પાસે હાથીનું બળ કામે લગાડતા દેખાય છે. સાંચીના શિલ્પકારોએ હાથીને બળવાન, સમૃદ્ધ અને લયબદ્ધ રૂપાકૃતિમાં જ્યાં જ્યાં ગોઠવ્યો છે ત્યાં શિલ્પસંયોજન ઘનિષ્ઠ પ્રતિભાવ આપે છે. સાંચીના તોરણદ્વાર પર અને અજંતામાં ચિત્રાંકન દ્વારા થયેલું છદ્દંત જાતકનું દૃશ્ય જોઈ શકાશે. તેનાં બોધિસત્ત્વ પોતાના છ દાંત રાણીની ઈર્ષાવૃત્તિને તૃપ્ત કરવા કાઢી આપે છે. સાંચીના ઉત્તર દરવાજે હાથીને શાલભંજિકાની જેમ આધારસ્તંભ તરીકે શણગારી મૂક્યો છે. આવી જ કૃતિ ઈલોરા ને કૈલાસમંદિરમાં જોવા મળી છે. ધૌલી ગામના મંદિરમાં છે. ભરહુતમાં બોધિવૃક્ષને નમસ્કાર કરતા હાથીઓનું ટોળું અર્ધશિલ્પમાં કંડારાયેલું છે. હાથીઓમાં પણ સંવેદના અને લાગણીઓ હોય છે, અને પોતાના ભાગ્યવિધાતા તરફ આટલા વિનમ્ર હશે તે તો અહીંયાં જ નોંધી શકાય! ઉપરાંત ભરહુતની કેટલીક આલંકારિક ભાતોમાં હાથી વણાયેલો જોવા મળશે, જો કે અન્ય પ્રાણીઓ પણ કંડારાયેલાં છે. ઉદયગિરિની એક ગુફામાં શ્રૃંખલાની શિલ્પપટ્ટી નજરે ચઢે છે. અહીં ભગ્ન અવસ્થાનાં શિલ્પો હોવાં છતાં હાથીઓ પ્રતિભાવાન તથા ગતિનો અવબોધ અવશ્ય કરાવે. આમ, બીજી સદીનાં શિલ્પોમાં હાથીનું અસ્તિત્વ અને મહત્ત્વ સુંદર રીતે પરખી શકાય.


મહાવત હાથીને તબેલાની
બહાર હાંકે છે.
- સાંચી બીજી સદી

અમરાવતીનાં અર્ધશિલ્પો ઈ.સ.પૂર્વ ત્રીજી સદીની મહત્તા પ્રકટ કરે છે. ગોળાકારમાં સંયોજિત એક શિલ્પાંકનમાં એક ગાંડાતુર હાથીને પકડવાનું દૃશ્ય છે. મહેલ અને માર્ગ પર અસંખ્ય માનવો આ દૃશ્ય જોઈ રહ્યાં છે. સંયોજન એટલું ઘનિષ્ઠ છે કે (શિલ્પકારની) ટાંકણાથી સમગ્ર દૃશ્યની પરિકલ્પના કઈ રીતે તાદૃશ્ય કરવી તે મુશ્કેલીનો સહેજ વિચાર આવે.

ઈ.સ.ની બીજી સદીથી આગળ વધતાં અજંતા-ઈલોરાની ગુફાઓ યાદ આવે. અજંતાની ગુફાઓમાં જાતક કથાઓમાં બોધિસત્વ તરીકે હાથીની પ્રતિભા ઊપસે છે. ઉપરાંત ત્યાંની ફૂલવેલની તરાહોમાં હાથી જુદા જુદા અંગાભિનયમાં જોઈ શકાય છે. ગુફા ૧૯ની છતમાં નોંધપાત્ર છે. ઈલોરામાં તો પ્રચંડકાય હાથી ૩૨મી ગુફામાં એકલોઅટૂલો અખંડ શિલામાંથી કોતરી કઢાયેલો ઊભો છે. એકાદ ગુફામાં લક્ષ્મીની બંને બાજુ સૂંઢ દ્વારા અર્ચના કરતા હાથી સાથે 'ગજલક્ષ્મી'ની પ્રતિમા જોઈ શકાય. એકમાં ખુદ ઇન્દ્ર હાથીસહ ભગવાન બુદ્ધનાં દર્શન કરે છે. કાર્લાની ગુફામાં (ઈ.પૂ. ત્રીજી સદી) ઈલોરાની જેમ જ સ્વતંત્ર કોરાયેલો હાથી ઊભી સ્થિતિમાં જોવા મળી શકે છે.


રમતમાં ગૂંથાયેલા હાથી - અજંતાની
૧૯મી ગુફાછત પરની ભાત

કોલ્હાપુરમાંથી મળી આવેલી બીજી સદીની



હાથી પર ચાર સવારી - કાંસાની કૃતિ (પાલવંશ)

સાતવાહન કાળની કાંસાની મૂર્તિમાં બેઠેલો હાથી તેના આગળના પગ વાળી સુંદર રીતે બેઠેલો દેખાય છે. ઉપર બેઠેલા ચાર સવારમાં એક ઉમરાવ તેનાં પત્ની સાથે છે, જે અંકૂશથી હાથીના મસ્તક પર દબાવે છે. પાછળ દાસદાસી બેઠેલાં છે. હાથીના શરીર પર કરચલી વગેરે મૂકી તેની જાડી ચામડી અને અંગશાસ્ત્રનો ખયાલ અપાયો છે. બેઠક નીચે સુંદર ભાતવાળું વસ્ત્ર મૂકી સૌંદર્યવાન કૃતિ ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે. આવી જ હાથીની મૂર્તિઓ પાલવંશ(ઈ.સ.૭૫૦-૧૧૦૦) દરમિયાન ઘડાયેલી છે. એક ઊભા હાથી પર ચાર સવારો બેઠેલા છે. સવારોનાં અણીવાળાં નાક અને નેત્રો પાલવંશની પ્રતીતિ કરાવે છે. બેઠક નીચે બાંધેલું વસ્ત્ર સુંદર ભાતનું દર્શન કરાવે છે. બીજી એક હાથીની મૂર્તિમાં હાથી સૂંઢ વાળીને પ્રણામ કરતો હોય તેવો અંગાભિનય છે.

ઈ.સ.ની સાતમી સદીમાં પલ્લવ રાજા મહેન્દ્ર વર્મનના રાજ્યકાળ દરમિયાન મહાબલીપુરમ ખાતે 'સપ્તરથ' નામક મંદિરો સર્જાયાં. 'અર્જુન તપશ્ચર્યા' નામક અર્ધશિલ્પમાં એક મહારથી કંડારાયેલો છે. તેના ચાર પગની વચ્ચે બીજા નાના બે-ત્રણ હાથી બતાવી જંગલમાં હાથીઝૂંડ હોય છે, તેવો યથાર્થદર્શન પ્રયોગ જોવા મળે છે. આ જ સ્થળે 'નકુલ સહદેવ રથ' (મંદિર) પાસે સ્વતંત્ર કંડારાયેલો હાથી ઊભો છે, એક જ અખંડ પથ્થરનું શિલ્પાંકન શિલ્પકારની પૂર્વકલ્પન શક્તિનો ઘનિષ્ઠ પરિચય કરાવે છે.

હળેબીડ-બેલુરના હોયસળ તથા યાદવવંશ (ઈ.સ.૧૦૫૦-૧૩૦૦)ના રાજાઓ પણ હાથીના પ્રસંશકો હતા. અતિશય કારીગરીવાળા ચેન્ના કેશવ મંદિરમાં જોતાં હાથીની એક શ્રૃંખલા મંદિરની જગતી પર જોઈ શકાશે. અશ્વધર, સિંહધરની નીચે 'ગજધર'ની રચના થઈ છે. અહીં દરેક હાથી ગતિની સ્થિતિમાં સૂત્ર ધારણ કરેલા શણગારમાં કંડારાયેલા દેખાશે. હળેબીડના એક શિલ્પમાં યુદ્ધમદાંધ હાથી અસુરને પણ નીચે કચડી નાંખતો બતાવ્યો છે. અગિયારમી સદીના ગુજરાતનાં મંદિરોમાં પણ અશ્વધર, નરધરની સાથે સાથે 'ગજધર' દેખાશે. આ જ સદીમાં પૂર્વભારતમાં ગંગવંશ(૧૦૭૬-૧૧૪૮)ની સત્તા હતી. તેમના સમયમાં થયેલા કોનારકનું શિલ્પાંકન પણ હાથીને વિસર્યું નથી. અહીં યુદ્ધમસ્ત હાથી દુશ્મનને સૂંઢમાં ભીંસી નાખતો દેખાય છે, છતાં પોતે સ્થિર ઊભો છે. બીજું એક સુંદર શિલ્પસંયોજન તો હાથીને પકડવા માટે 'ખેડા' પ્રક્રિયાનું દર્શન કરાવે છે. પાળેલા હાથીની મદદથી જંગલી હાથી પકડવાનું આયોજન કરનાર મહાવતો કેટલા ચતુર હશે!

શિલ્પાંકનની અનેક નોંધો પછી ચિત્રોમાં હાથીનું સ્થાન કેટલું ઉન્નત રહ્યું છે, તેની વાત કરીએ. પ્રાચીન ભારતીય ચિત્રકલામાં રાજસ્થાનના ચિત્રકારોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. 'ભાગવત પુરાણ'ની કથામાંથી 'ગજેન્દ્રમોક્ષ'નું ચિત્ર લોકપ્રિય રહ્યું છે. 'ગજેન્દ્ર' જંગલનો રાજા મદાંધ બની, તોફાની હરકતો કરતો નદી તરફ આગળ વધે છે, ત્યારે તેની મગરૂરીને મહાત કરવા મગર નદીમાં તરતો આવી જાય છે. જળક્રિડા કરતા ગજેન્દ્રનો પગ મગરના મુખમાં એવો ફસાઈ જાય છે કે ગમે તેટલા પ્રયત્નો કરવા છતાં છૂટી શકતો નથી. દિવસો જતાં હાથી અશક્ત અને નબળો બની ભગવાનને સ્તુતિ કરે છે, ત્યારે વિષ્ણુ ભગવાન ગરુડ પર સવાર થઈ આવે છે. વિનમ્ર થયેલા હાથીને પોતાના પરમ ભક્ત તરીકે સ્વીકારી મગરના મુખમાંથી મુક્તિ અપાવે છે. આવાં ચિત્રોમાં હાથીને મોભાદાર, ભવ્ય અને મગરૂર ચીતરીને કલાકારોએ હાથીની શક્તિનો અને ભક્તિનો સરસ ખયાલ આપ્યો છે. રાજસ્થાનની બુંદી કલમનાં ચિત્રોમાં હાથીઓનાં યુદ્ધ, એકબીજા પાછળ દોડતા રહી હરાવવાની દશ્યલીલા તથા મહાવતો દ્વારા મદમસ્ત હાથીઓના દ્વંદ્વને મશાલ કે ટેટાથી છૂટા પાડવાના પ્રસંગો જોવા મળે તેમ છે. રાણા-મહારાણાઓ હાથીની સવારી-રમત અને રક્ષા પાછળ ઘેલા હતા તે ચિત્રોમાંથી જોઈ શકાય છે. મહેલોમાં હાથીનાં ચિત્રો તેની સાક્ષી પૂરે છે. મધ્યકાળનાં જૈન તાડપત્રો કે હસ્તલિખિત સચિત્ર ગ્રંથો મળ્યાં છે. તેમાં ગાય, ઘોડા, હાથી જેવાં પ્રાણીઓ ચિતરાયેલાં છે. દા.ત. 'કલ્પસૂત્ર' કે 'ઉત્તરાધ્યયન સૂત્ર'. પણ આ ગ્રંથોમાં કથાનાં પૂરક પાત્રો તરીકે તેઓ મુકાયાં છે, કે જ્યાં તેમની જરૂર પડી છે. વળી, તે નિર્જીવ લાકડાનાં રમકડાં જેવાં સ્થિર અને અચેતન લાગે. તેથી અહીં તેને વધુ મહત્ત્વ આપતા નથી. જૈન 'કલકાચાર્ય કથા' તાડપત્ર પર કરેલી, આ દૃષ્ટિએ નોંધપાત્ર છે. ઉપરાંત થંજાવુરના 'સરસ્વતી મહાલય' પુસ્તકાલયમાં 'ગજશાસ્ત્ર' નામક સચિત્ર પ્રાચીન હસ્તલિખિત ગ્રંથ છે જેમાં હાથી વિશેની માન્યતાઓ અને પ્રચલિત જ્ઞાનસામગ્રી સંગૃહીત છે.

મુગલો એ મૂળ તો ભટકતી ટોળીઓની જાત. આવી ટોળીઓ જંગલ-રણ-ડુંગરો વટાવી આગળ વધતી જાય. માર્ગમાં જાતજાતનાં પ્રાણીઓ મળે, કેટલાંક પાળેપોષે, કેટલાકનો શિકાર કરે. શિકાર કરતાં પહેલા સિંહ-વાઘ જેવાને હંફાવે. મુશ્કેલીઓમાં જીવવું, ખુલ્લા મેદાનોમાં જીવવું, તંબુ તાણી રહેવું તેમને મઝા લાગે! મુગલો 'બાદશાહો' થયા છતાં આ જાતીય વંશપરંપરાની ટેવો ભૂલ્યા નહોતા. હાથીઓનું મહત્ત્વ તેમણે અનેક ગણું વધારી મૂક્યું. 'બાબરનામા'માં બાબરના પક્ષી-પશુપ્રેમ વિશે અવારનવાર નોંધ લેવાઈ છે. ૧૬/૧૭ સદીમાં તૈયાર થયેલા 'આઈન-એ-



શિકાર કરવામાં હાથીઓની મદદ - મુગલ શૈલી(૧૭મી સદી)

અકબરી' - 'તુઝકે જહાંગીર' જેવા જીવનચરિત્ર ગ્રંથોમાં ચિત્રાત્મક વર્ણનો પણ સામેલ છે. 'કલિલ-વ-દિમ્ના' (જાતક કથા) - 'અન્વર-એ-સુહેલી (પંચતંત્ર)', 'ઐય્યારે દાનિસ' જેવા સચિત્ર ગ્રંથો મોગલોનો પશુ-પંખીપ્રેમ પ્રકટ કરે છે. છેલ્લા ગ્રંથમાં તો ૧૬૦ જેટલાં પ્રાણીચિત્રો છે, જેમાં હરણ, વાઘ, હાથી જેવાં પ્રાણીઓ કથાઓ દ્વારા વણાઈ ચૂકેલાં છે. સુંવાળું રેખાંકન, સ્ફૂર્તિલી અને વેગવંતી ચાલ, કેટલેક ઠેકાણે જાણે કે માનવ રીતરિવાજો-વ્યવહારો પ્રાણીઓમાં ન હોય તેવી જ સ્વાભાવિકતા! 'સિંહે ભરેલો દરબાર' જોતાં જ કંઇક વિસ્મય ઊપજે! આ ચિત્રોમાં અલબત્ત 'ઈરાની કલમ'ની અસર મજબૂત વણાઈ ગયેલી લાગે, છતાં ભારતીય ભૂમિની નીપજ તો ખરી જ.

સોળમી સદીમાં તૈયાર થયેલ ગ્રંથ 'આઈન-એ-અકબરી'માં (ઈ.સ.૧૫૭૦) અકબરની હાથી સાથેની ઘનિષ્ટતા બાબત ઘણી ઉલ્લેખનીય બાબતો છે. અકબરને તોફાની હાથી પર સવાર થવાનો, મદમસ્ત કરી લડાવવાનો, યુદ્ધના ધોરણે તાલીમ આપવાનો શૉખ હતો. અબુલ ફઝલ તેમાં લખે છે કે '૫૦૦ ઘોડા વચ્ચે એક હાથી બરાબરી કરી શકે તેવી ક્ષમતા રાખતો. હાથીનો ફૂંફાડો જો મદોન્મત્ત હોય તો સિંહ જેવો રહે તો લશ્કર વચ્ચે તો જાણે તોતિંગ દીવાલ! તેને હટાવવી કે હરાવવી અતિ મુશ્કેલ. હાથીને કિનખાબવસ્ત્ર, ગાદી, સાંકળો, છત્ર, ફૂમતાં અને ઘંટડી- કલગીથી શણગારી શોભાયાત્રા કાઢવાનું તેને ગમતું. હાથી પર બેસવાનું 'હાવડા' સિંહાસન જેવું પ્રતિભાવાન બનાવેલું. સૂંઢ પરના ચિતરામણથી હાથીની શોભા ઑર વધી જતી. અકબરના તબેલામાં ૧૦૧ હાથીઓ વિશેષ દેખસંભાળ નીચે રહેતા. તેમાંયે કોઈ તોફાને ચઢે તો અંકુશમાં રાખવાની નવી પ્રયુક્તિઓ તેણે શોધેલી. 'લોહલંગર', 'બાલંદ', 'ચરખી': આ તેણે શોધેલાં સાધનો. હાથીની તંદુરસ્તી કે અકસ્માત મૃત્યુ માટે મહાવત જવાબદાર ગણાતો. તેને માટે નાનીમોટી સજા પણ થતી. આમ છતાં રાજદરબારમાં તેનો દરજ્જો ઘણો ઊંચો લેખાતો.'

અકબરના સમયમાં આગ્રા, પન્ના, બસ્તરનાં જંગલો, વિદર્ભ, રોહતાસગઢ તથા ઝારખંડ, બંગાળ, ઓરિસાનાં જંગલોમાં હાથી મદમસ્ત રીતે ઘૂમતા. અકબર જંગલી હાથીઓને પકડવા અને પાળવા સ્વયં સાહસ કરતો. તેની હાથીની પરખ-શક્તિ અજબ હતી! તેનો દેખાવ, કાર્યશક્તિ, સૂઝબૂઝ અને જાતિ જોઈ તેનું મૂલ્યાંકન કરતો.

ભારતીય મુગલ શૈલીનાં ચિત્રોમાં હાથી કમનીય સૌંદર્ય તથા શૈલીથી પરિપૂર્ણ ચિતરાયા છે. તેમાં જરા આછી છાયા સાથેનું રેખાંકન પણ સઘન લાગે! ભારત કલાભવન(કાશી)માં સફેદ હાથીનું એક દશ્ય છે. અકબરે આવો એક 'ચંચલ' આદિલશાહ બીજા (બીજાપુર) પાસેથી ભેટ લીધેલો. ચિત્રમાં અકબરને ગમતો સફેદ હાથી ઉપર બતાવેલા ૩૧ શણગારોથી સજ્જ છે. તેની સરભરામાં ઊંટસવાર અને અશ્વસવાર કાર્યરત છે. અકબરની સાહસવૃત્તિને પ્રદર્શિત કરતું એક બીજા ચિત્રમાં હોડીઓ ઉપરથી હાથીઓને નદીની સામે પાર પહોંચાડવાનું દુસાહસ અકબર કરે છે ત્યારે તેમના ભારથી હોડીઓ એક બાજુ દબાઈને ડૂબી જવાના યોગમાં છે. જ્યારે રક્ષકો ચારે બાજુ હાવભાવ અને બૂમબરાડા સાથે બચાવની કોશિષ કરે છે. અહીં અકબર ભય વિના, અંકુશ હાથમાં રાખી મદોન્મત્ત 'હવાઈ' હાથીને યુદ્ધના ધોરણે ઉશ્કેરવાનું અને જુસ્સો વધારવાનું કામ કરે છે. આ ચિત્ર વિકટોરિયા-આલ્બર્ટ મ્યૂઝીઅમમાં સચવાયું છે.

અકબરની જેમ જહાંગીર પણ હાથીઓનો શોખીન રહ્યો. ભેટ મળેલા કેટલાક હાથીઓમાં 'આલમગુમાન' તેનો પ્રિય હાથી હતો, જેનું ચિત્ર 'નૅશનલ મ્યૂઝીઅમ' દિલ્હીમાં સુરક્ષિત છે. રાણા અમરસિંહનો (ઉદયપુર) 'આલમગુમાન' લાડકો હાથી હતો. શાહજહાંએ તેને યુદ્ધમાં જીતી, પકડી મંગાવેલો. ઈ.સ. ૧૬૧૪માં જહાંગીરે નવા વર્ષે તેના પર બેસી ઉત્સવ ઉજવેલો, અને છૂટથી રાજમુદ્રાઓનો 'ઉછાળો' કરેલો.

કોણ જાણે કેમ પણ અકબરને સફેદ હાથીનો મોહ વધુ હતો.

બોધકથા

યોજના પર પાણી ફરી વળ્યું!

મૂ.લે. સંત અમિતાભ — અનુ. રમેશ શાહ

મોટી મોટી અનેક ડિગ્રીધારી એક યુવક હતો. એનું દિમાગ યોજના-પ્રધાન હતું. એણે એક મહા-યોજના બનાવી બોધિસત્ત્વને મળ્યો. બોલ્યો:'એક યોજના સંબંધે આપની સાથે વિચાર-વિનિમય કરવા ધારું છું.'

બોધિસત્ત્વ:'જરૂર વિચાર-વિનિમય કરીએ; હરકત નહીં.'

યુવક:'યોજના આમ છે થોડા સમયમાં મારાં લગ્ન થશે પછી વ્યવસાય અને ઉદ્યોગ દ્વારા હું અબજોપતિ બનીશ. ઠાઠ-માઠ ભર્યું શાહી જીવન જીવીશ. મારી પાસે સુખ-સગવડનાં બધાં જ આધુનિક ઉપકરણો હશે. ત્યાર બાદ હું રાજનીતિમાં પ્રવેશ કરીશ. મોટી મોટી સંસ્થાઓનો અધ્યક્ષ બનીશ. મારું શાસન સ્થિર અને લોકપ્રિય હશે. પછી હું એક અલૌકિક પુસ્તક લખીશ. એમાં બધાં જ દર્શનનો નિચોડ હશે. વિશ્વની દરેક ભાષામાં એનો અનુવાદ થશે. આ પુસ્તક વિશ્વ-માન્ય બનશે. ગીતા-બાઈબલ જેવા ગ્રંથો કરતાં પણ મારા પુસ્તકનું વધારે બહુમાન થશે.

આટલી સિદ્ધિ મેળવ્યા બાદ બધું છોડીને હું અધ્યાત્મની સાધના કરીશ અને આપના જેવા સંત બની જઈશ. મારી આ યોજનામાં આપના તરફથી કાંઈ પણ સૂચન હોય તો એ હું ઉમેરીશ.'

બોધિસત્ત્વ:'યોજના તો ચિંતનપૂર્ણ છે. કોઈ પણ જાતની કમી નથી. પરંતુ એક વાત અવશ્ય ધ્યાનમાં લેવા જેવી છે. યોજનાની સમાપ્તિ સુધી તું ચિરંજીવી ન રહે તો યોજનાનું શું થશે?'

યુવક આ સાંભળી ચોંકી ઊઠ્યો. પછી જાતને સંભાળીને બોલ્યો:'તો તો યોજના પર પાણી ફરી વળે!'

બોધિસત્ત્વ:'અંતમાં તારે સંત બનવું છે તો અત્યારથી જ સાધનામાં લાગી જા અને સંત બન. આટલું લાંબું ઘૂમી-ફરીને પાછાં આવવું નિરર્થક છે.'

યુવક હસીને બોલ્યો:'પૂરી યોજના પર પાણી ફરી વળ્યું. સારું થયું. બંધ આંખોની યોજના હતી. આપે મારી આંખો ઊઘાડી!'

યોજના રદ થઈ. યુવક અધ્યાત્મની સાધનામાં લાગ્યો અને ખરેખર સંત બન્યો!

❑ ❑

આરાકાન (બ્રહ્મદેશ)ના રાજાને હરાવી તેની પાસેથી સફેદ હાથી જીતી લાવીશ, તેવી બડાશ મારતો માનસિંહ છેવટે ફાવ્યો કે નહિ તે જાણમાં નથી. આનંદ ખાતર કેટલીક વખત પિતાપુત્ર વચ્ચે 'હાથીયુદ્ધ' કરાવવાની સ્પર્ધા ચાલતી. અમીર ખુશરો નોંધે છે: 'આવી હાથીસ્પર્ધાને કારણે જહાંગીર અને ખુશરો વચ્ચે વિવાદ થયેલો જે ચરમસીમાએ પહોંચેલો. અકબરને આ પ્રસંગથી વિષાદ થયેલો.' બે હાથી વચ્ચે ભીંતપડદો રાખી સ્પર્ધા થતી. જેમાં દારૂ પાયેલો હાથી ભીંત તોડી સામસામે આવી જતા. બીજા હાથી તેની મદદે આવતા.

જહાંગીર ચિત્રપરીક્ષામાં ઘણો ઉસ્તાદ હતો. તે ચિત્રો જોઈ કલાકારની ખાસિયત તથા કલમને ઓળખી કાઢતો. રાજકાજ સંભાળ્યા પછી પણ તેનો કુદરત તરફનો પ્રેમ ઓછો નહોતો થયો. તેનામાં પિતૃસંસ્કારો ઊતરેલા ઉપરાંત લાગણીપ્રધાન હતો. મન્સુર નામનો ચિત્રકાર તેની તહેનાતમાં રહેતો. કાશ્મીર જેવા નિસર્ગપ્રધાન પ્રવાસે તે સાથે જ રહેતો. જહાંગીરને મનગમતાં પશુ-પંખી તે સત્વર ચીતરી લેતો. આજના જેવી છબીકલા તે સમયે નહોતી એટલે મન્સુર છબીકાર જેવું કામ કરી આપતો. જહાંગીરે તેને 'નાદીર-અલ-અસ્ર' (આ યુગનું વિસ્મય) ઉપનામ આપી બહુમાન કરેલું તેની નોંધ પણ જીવનચરિત્રમાં જોવા મળે છે.

મુગલોના વંશવારસોના સમય દરમિયાન જ ભારતમાં અંગ્રેજોનું આગમન થઈ ચૂક્યું હતું. તોપો અને બંદૂકોના યુદ્ધો સામે હાથી-ઘોડાઓનું યુદ્ધ કેટલું ટકે? ધીરે ધીરે રાજ-રજવાડાં ઓછાં થતાં ગયાં, અને હાથીઓનું રાજરખોપું કરનાર પણ જવલ્લે જ રહ્યા. હવે શિલ્પ અને ચિત્રોમાં હાથીનાં પરાક્રમની, ભવ્યતાની અને ગુણગૌરવની વાતો સાહિત્યમાં જ ધરબાઈ ગયેલી જોવા મળે! લાકડાં માટે જંગલો કપાતાં કપાતાં હવે પહેલાં જેટલાં ગીચ જંગલો પણ ક્યાં છે? હવે માત્ર મ્હૈસુર, આસામ અને ઉત્તરપ્રદેશનાં જંગલો બચ્યાં છે, જ્યાં વળી હાથીનાં ઝુંડ જોવા મળે. શોભાયાત્રા પૂરતો મંદિરો તેનો ઉપયોગ કરે છે. જ્યારે તેનાં શિલ્પો પણ આલંકારિક દૃષ્ટિએ ઘડાય છે, પછી ભલે તે મંદિર માટે પથ્થરનાં હોય કે મ્હૈસુરનાં ચંદનકાષ્ટનાં અથવા સીસમનાં હોય. હવેનાં ચિત્રોમાં હાથી એટલો બધો ખીલ્યો નથી; યુદ્ધના ધોરણે તો નહીં જ. ❑

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

ટૉમસ હેન્રિ હક્સલિ અને વિલિયમ મરિસ

ચાર્લ્સ ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંતનો પ્રબળ પુરસ્કર્તા ટૉમસ હેન્રિ હક્સલિ લંડન પાસેના પરગણામાં જન્મ્યો હતો (૧૮૨૫-૧૮૯૫). એક શિક્ષકનો પુત્ર એ પ્રાકૃતિક વિજ્ઞાનમાં નાની ઉંમરથી રસ ધરાવતો હતો. પુખ્ત વયનો થતાં તો તેણે પ્રવાસો દરમ્યાન પોતાના વિષય માટે ઘણું બધું જ્ઞાન મેળવી લીધું. એના પ્રાણીશાસ્ત્રવિજ્ઞાનનાં પુસ્તકે તેને ખ્યાત-નામ કરી દીધો. ડાર્વિનના સિદ્ધાંતનો જે પુરસ્કર્તા વર્ગ હતો અને એ દિશામાં વધુ કાર્યપ્રવૃત્ત હતો તે વર્ગમાં તેણે પણ ડાર્વિનના સિદ્ધાંતના પ્રસારમાં આગેવાનીભર્યો ભાગ લીધો. વિજ્ઞાનલક્ષી હલચલમાં તો તે નેતા બની ગયો અને ઉત્ક્રાંતિવાદના સિદ્ધાંતની સામે રૂઢિચુસ્ત - ધર્મચુસ્ત વર્ગમાં જે ભારે ઊહાપોહ પેદા થયો હતો તેમાં પણ તેણે ડાર્વિનપક્ષે ઊભા રહીને પડકારો ઝીલી લીધા અને આત્મવિશ્વાસપૂર્વક અભિનિવેશયુક્ત દલીલોથી ડાર્વિનના ઉત્ક્રાંતિવાદનો પ્રસાર કર્યો.

સમર્થ વ્યક્તિત્વ ધરાવતો હક્સલિ એના વિચારોમાં મૌલિક અને તેજસ્વી હતો. ડાર્વિને મોટે ભાગે એના સિદ્ધાંતે ઊભા કરેલા પ્રબળ પડકારોથી ઘણુંખરું વિમુખ અથવા અલાયદા રહેવાનું પસંદ કર્યું હક્સલિએ તો એ વાદવિવાદોમાં ઝુકાવી દીધું. એણે પ્રાકૃતિક વિજ્ઞાનને રોજિંદા જીવનવ્યવહાર સાથે જોડી આપવાનું કાર્ય કર્યું. સમાજનો એક મોટો અચલાયતન વર્ગ તેની સામે હતો. અલબત્ત, હક્સલિ આક્રમક બન્યો નહિ, પણ અચલાયતનમાં તેણે ગાબડાં તો અવશ્ય પાડ્યાં. એના વિચારોમાં - એની તાર્કિકતામાં એ બિલકુલ સ્પષ્ટ હતો. એના વિચારોમાં છીછરાપણું ક્યાંય નહિ. એણે પ્રાકૃતિક વિજ્ઞાન વિશે જે વિચારો રજૂ કર્યા તે પૂરા અભ્યાસની નીપજરૂપ હતા. રૂઢવિચારોનું રૂપાંતર કરનારો એ જાણે કે દૂત બની રહ્યો. પોતાના વિચારોના પાયા ઉપર જ એણે પોતાની ફિલસૂફી અથવા તો પોતાના સિદ્ધાંતો રચ્યા.

હક્સલિ જીવશાસ્ત્રવિજ્ઞાની તરીકે તો વિશિષ્ટ હતો જ અને પ્રાકૃતિક વિજ્ઞાનમાંય તેનો જીવંતરસ હતો. પણ પોતાના સિદ્ધાંતોને, વિચારોને એ સુંદર સાહિત્યિક ભાષામાં અભિવ્યક્ત કરી શકે એવો સફળ નિબંધકાર પણ હતો. એનું ગદ્ય સમર્થ અને ગૌરવપૂર્ણ હતું. એણે પોતાનાં લખાણોમાં ક્યારેય ધર્મસંસ્થાના આગેવાનો પર આક્રમકતા દાખવી નથી. એ આક્રમક નાસ્તિકવાદી ક્યારેય બન્યો નથી. કોઈ પણ ધર્મને એણે ધતિંગ તરીકે ગણાવ્યો નથી. એ ક્યારેય સાંકડા વૈજ્ઞાનિક વર્તુલમાં પુરાઈ રહ્યો નથી. એણે કલ્પના અને કલાવૃત્તિનો ય ક્યારે પણ અનાદર વ્યક્ત કર્યો નથી. હક્સલિ કદાચ નાની વયે કાર્લાઇલના પ્રભાવ નીચે આવ્યો હોય, જેમ જ્હોન સ્ટુઅર્ટ મિલ પર પણ કાર્લાઇલની ભૂરકી હતી. હક્સલિએ અંગ્રજી સાહિત્ય જ નહીં, યુરોપીઅન સાહિત્ય પણ સારી પેઠે વાંચ્યું-વિચાર્યું હતું, અને એ સારો ગણી શકાય તેવો ભાષાવિદ પણ હતો. એનાં લખાણો આ બધાંની ગવાહી પૂરે છે.

હક્સલિએ પોતાને અજ્ઞેયવાદી ગણાવ્યો છે, કારણ એ સમજતો હતો કે વિશ્વનાં જે અંતિમ રહસ્યો છે, જે બુદ્ધિથી અગ્રાહ્ય એવી કેટલીક રહસ્યમયતા છે ત્યાં મનુષ્યચિત્ત હજી પહોંચી શક્યું નથી.

ડાર્વિનના ઉત્ક્રાંતિવાદના સમર્થનને કારણે તેણે રૂઢિચુસ્ત અને ધર્મસંસ્થાના અધ્યક્ષોનો ઘણોબધો તિરસ્કાર, ઘણાં અપમાનો વેઠવાં પડ્યાં હતાં. એના વિચારોનાં અવળાં અર્થઘટનો કરવામાં આવ્યાં હતાં. તેમ છતાં જાહેરસભાઓમાં કે વિદ્વાનોની સાથે વાદવિવાદમાં એ પોતાના જ્ઞાન અને તર્કસંગત વિચારોથી ક્યારેક હળવી કટાક્ષમય શૈલીથી પોતાનું પ્રયોજન પાર પાડવા સમર્થ હતો.

પ્રચલિત શિક્ષણની બાબતમાં એનો મત આર્નલ્ડથી વિરુદ્ધ દિશામાં હતો. આર્નલ્ડ શિક્ષણમાં પ્રશિષ્ટ સાહિત્યના અભ્યાસનો પ્રબળ હિમાયતી હતો. હક્સલિનો અભિપ્રાય વિજ્ઞાનના અભ્યાસ પર હતો. એની દલીલ એ હતી કે પ્રશિષ્ટ સાહિત્યનો સઘન અભ્યાસ કર્યાં પછીય વિદ્યાર્થી જીવન અને જગત વિશેનો વ્યાપક દૃષ્ટિકોણ ખીલવી શકે નહિ. અને કેટલાય કિસ્સામાં શિક્ષણની વ્યાખ્યા આપતાં હક્સલિ નોંધે છે કે શિક્ષણ એટલે પ્રકૃતિના જે નિયમો છે તેના ઉપર બૌદ્ધિક્તાભર્યો અભિગમ. પ્રાકૃતિક નિયમો એટલે માત્ર પદાર્થો અને તેમનાં પરિબળો જ નહિ, પણ મનુષ્ય અને તેની રીતરસમો અને પ્રેમ-સંવાદ વગેરે લાગણીઓનું સમાયોજન અને માનવચિત્તની પ્રકૃતિના નિયમો સાથે સંવાદમાં રહેવાની પ્રબળ વૃત્તિ એ સર્વનો હું સમાવેશ કરું છું.

('The instruction of the intellect in the laws of Nature, underwhich I include not merely things and their forces, but men and their ways and the fashioning of the affections and of the will into an earnest and loving desires to move in harmony with those laws.')

હક્સલિએ મવાળ શિક્ષણ વિશે (Liberal Education) પોતાના જે વિચારો વ્યક્ત કર્યા તે તેના 'સાયન્સ ઍન્ડ કલ્ચર ઍન્ડ એધર એસેઝ' (૧૮૮૧)માં પ્રકટ થયા છે. એણે અમેરિકામાં પણ વ્યાખ્યાનો આપેલાં. હક્સલિનાં ઉપર્યુક્ત લખાણોમાં એક રસિક

હકીકતે વિવેચકોનું ધ્યાન ખેંચ્યું છે અને તે એ કે જ્હોન સ્ટુઅર્ટ મિલ અને હક્સલિ બંને વિક્ટોરિઅન યુગના શિક્ષણ-સંસ્કારના મહાન ઘડવૈયા; પણ બંનેના વિચારોમાં કેટલું બધું વૈષમ્ય! મિલનું ચિત્ત વિક્ટોરિઅન યુગનું વિશિષ્ટ રીતે બિનસાંપ્રદાયિક હતું અને તત્ત્વચિંતન તેમજ રાજકીય સિદ્ધાંતો પરત્વે અભિમુખ હતું, હક્સલિનું ય એવું જ ચિત્ત પણ તે પ્રાકૃતિક વિજ્ઞાનની દિશામાં ગતિમાન હતું. અને ત્રીજા વિક્ટોરિઅન કવિ-વિચારક આર્નલ્ડ વિશે કહીએ તો એ પ્રાચીન સંસ્કૃતિ(culture)નો પ્રબળ હિમાયતી અને એનું ચિત્ત આધુનિક યંત્રવિજ્ઞાનની સંસ્કૃતિમાં રુંધાતું હતું. એને ધાર્મિક અને સાહિત્યિક વારસો પુનઃસ્થાપિત કરવો હતો. મિલ અને હક્સલિ આધુનિક યુગમાં પ્રકટનારા નવી આશા અને ઉમંગના પુરસ્કર્તા છે, જ્યારે આર્નલ્ડ કેટલીક વાર એવા ઉત્સાહમાં ખેંચાતો જણાય ખરો, પણ અંતે તો એનું ચિત્ત અતીતનું જ આકર્ષણ અનુભવનારું (nostalgic) છે. આ ત્રણે મહાનુભાવો વિક્ટોરિઅન યુગમાં પ્રજામાનસ કેવા વિવિધ મનોભાવોના સંચાલન હેઠળ હતું તેની ઝાંખી કરાવે છે.

વિલિયમ મરિસ

રસ્કિને સામાજિક અને આર્થિક અભિગમોની ચર્ચા માટે કલાના માધ્યમનો પુરસ્કાર કર્યો હતો. વિલિયમ મરિસ (William Morris) રસ્કિનથીય આગળ નીકળી ગયો. તેણે શ્રમમાં આનંદની અભિવ્યક્તિ તરીકે કલાનો સિદ્ધાંત વિકસાવ્યો (the expression of joy in labour) અને તે દ્વારા સમાજવાદના સક્રિય પ્રચારમાં તે લાગી ગયો.


વિલિયમ મરિસનો જન્મ લંડન નજીકના કોઈ ગામમાં (૧૮૩૪). એનું શિક્ષણ થયું ઑક્સફર્ડમાં. પ્રારંભની કારકિર્દી દરમ્યાન તે ટ્રૅક્ટેરિઅન્સ (Tractarians) અને રોઝેટી (Rossetti)ના પ્રભાવમાં ખેંચાયો તે ઉપરાંત ચિત્રકાર બર્ન્સ-જોન્સ (Burns-Jones)નો પ્રભાવ પણ તેના ચિત્તમાં ઝિલાયો. એ સમયગાળામાં કલાસૌંદર્યાભિમુખોનું એક મંડળ 'બ્રધરહૂડ' (Brotherhood) અસ્તિત્વમાં હતું અને તેમનું મુખપત્ર 'ધી ઑક્સફર્ડ ઍન્ડ કેમ્બ્રિજ મૅગેઝીન' તરીકે પ્રકટ થતું હતું. મરિસે તેમાં કાવ્યો અને ગદ્યકથાઓ લખવાની પ્રવૃત્તિ શરૂ કરી. ધર્મસંસ્થાના કાર્યકર તરીકેની કારકિર્દી અસ્વીકારીને તેણે ચિત્રકળામાં ચિત્ત પરોવ્યું અને તેના અભ્યાસમાં ખૂંપી ગયો તથા જોતજોતામાં તે સુશોભનકળા (Decorative Art)માં પ્રમુખ કલાવિદ બની રહ્યો. પોતાની કલાત્મકતાનો પરિચય તેણે જૂની ઢબનાં સુશોભનોનાં રૂપાંતરોમાં દર્શાવી આપ્યો. ઓગણીસમી સદીની ત્રીસીમાં વિલિયમ મરિસ કલાક્ષેત્રે એક પ્રતિષ્ઠિત વ્યક્તિ બની રહ્યો.

મરિસ વાચનનો રસિયો હતો. માર્લબરો કૉલેજમાં એ ખડતલ, પ્રેમાળ સ્વભાવના, માયાળુ વિદ્યાર્થી તરીકે વિશિષ્ટ છાપ પાડે છે અને ખૂબ જ અભ્યાસમગ્ન બની રહે છે. ઈ.સ. ૧૮૫૬માં અભ્યાસ પૂરો કર્યા પછી એ આરામ અને આનંદની જિંદગી પસાર કરી શક્યો હોત. એ માટે સુવિધા હતી, પણ મરિસને માટે એ સ્વભાવની વિરુદ્ધ હતી. એ ફ્રાન્સમાં લટારે નીકળ્યો. ત્યાં બર્ન્સ-જોન્સ સાથે તેણે વ્યવસાય તરીકે 'ચર્ચ'ને ના પસંદ કરી દીધો. હવે તો કલા જ તેમની હૃદયસામ્રાજ્ઞી બનવાની હતી. બર્ન્સ-જોન્સ માટે ચિત્રકળા અને મરિસ માટે સ્થપતિની કારકિર્દી રાહ જોઈ રહી હતી.

લંડનમાં પણ સદ્ભાગ્યે એ બે મિત્રોને ભેગા રહેવાનું બન્યું. તે દરમ્યાન રોઝેટીનો પ્રભાવ સાકારરૂપે પ્રકટવા માંડ્યો અને એણે અગાઉ જે કાવ્યો રચ્યાં હતાં તે પુસ્તકરૂપે 'ધ ડિફેન્સ ઑવ્ ગીનીવર ઍન્ડ અધર પોએમ્સ' (The Defence of Gienevere and Other Poems) પ્રકટ થયાં. ❑

ચેસ-કૉર્નર : કોયડો- ૩૦

કાળું



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો.

(White to play and mate in two)

મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kh8, Qe7,Ra5,Bb5,Bf8,Nf3**

કાળાં : **Kg6,Bb5,Ng7,P-f4**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (**e-mail - shaharpi@ hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ ઑક્ટોબર ૨૦૦૩ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના જૂન ૨૦૦૩ના અંકમાં આવેલા કોયડા નં. ૨૮નો ઉકેલ :

(૧) **Key move Qc4** છે.

જો...... R(c7)xP	(2) Ng6 #
જો...... R(h6)xP	(2) Nd7 #
જો...... R(c7) ગમે ત્યાં	(2) Pd5 #
જો...... R(h6) ગમે ત્યાં	(2) Pd5 #

ઉપરોક્ત કોયડાનો સાચો ઉકેલ ૭ વાચક મિત્રોએ મોકલેલ છે, જે પૈકી માત્ર ૪ જ વાચકમિત્રોના ઉકેલ સાચા છે. પ્રો. રાવ જણાવે છે કે કોયડો સરસ છે. આવા કોયડાને short કોયડો કહેવાય છે અને તેમાં મહાત કરવાની બધી સ્થિતિને discovered ચેક-મેટ કહેવાય છે. બંનેમાંથી કોઈ પણ હાથીને pin કરવામાં આવે ત્યારે બીજો હાથી દખલગીરી કરી શકતો નથી. શ્રી હર્ષદ દવે જણાવે છે કે d8 ઉપરનો ઊંટ અફલાતૂન કામ કરે છે. તે હાથીને pin કરી દે છે. ઘોડા બંને હાથીને interpose ન થવા દઈને discover ચેક આપવામાં મહત્ત્વનો ફાળો આપે છે.

સાચો જવાબ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧)પ્રો. એ.આર.રાવ(અમદાવાદ),(૨)હર્ષદ મ. દવે (રાજકોટ),(૩) કલ્યાણભાઈ એમ. મુલિયા(સુરેન્દ્રનગર),(૪) કિરણભાઈ ન. શાહ(આણંદ)

-અર્પી શાહ

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

'મધુકર શ્યામ હમારે ચોર,' -'અય કાતિબે તકદીર મુઝે ઈતના બતા દે, ક્યું મુઝસે ખફા હૈ તૂં ક્યા મૈં ને કિયા હૈ,' વગેરે ગીત-ગઝલોના ગાયક કે.એલ.સાયગલથી કોણ અજાણ હશે? તેમાં એ વાજીદઅલીશાહ રચિત 'બાબુલ મોરા નૈહર છૂટ્યો ના જાય' ની ગઝલઠુમરી તેઓ ભૈરવી રાગમાં રજૂ કરે ત્યારે તેમાં અવધનો માહોલ ખડો થઈ જ જાય.

તેમાં વિવશતા, પ્રેમ, શ્રદ્ધા, કરુણા, દીનતા અને આત્મ-સમર્પણની ભાવાભિવ્યક્તિ તો સાયગલ જ આપી શકે! ફક્ત ૪૩ વર્ષે જીવનલીલા સંકેલી જનાર સાયગલને આજ પણ સૌકોઈ યાદ કરે છે. (સને ૧૯૦૪-૧૯૪૭)

મારી સગાઈ થઈ ત્યારે મારે માટે એક થ્રીપીસ સ્યૂટ સીવડાવવા મારા સાળા પ્રવીણભાઈ મીઠાઈવાળાએ તેના મિત્ર 'અલી'ને બોલાવ્યો હતો. ત્યારે તેમણે જણાવ્યું કે,'પુષ્કરભાઈ આ 'અલી' કે.એલ.સાયગલના 'જમાઈ' થાય! મને રોમાંચ થયો. મને સાયગલના પુત્રીને મળવાનું મન થયું. તેમણે જણાવ્યું કે 'સ્યૂટની ટ્રાયલ કે સ્યૂટને આપવા હું તેને મોકલીશ.'

કાશ્મીર રાજ્યના ન્યાય ખાતાના ઉચ્ચ અમલદાર શ્રી અમરચંદ સાયગલના પૌત્રી અને પત્નીને સર્વસહકાર આપનાર આશારાની એ પુત્રીના ચહેરા ઉપર કાશ્મીરની નાજુકાઈ ઝલકતી હતી. તેઓએ વાત કરી:

'હિન્દુસ્તાન રેકર્ડ કંપનીના માલિક ચંડીબાબુ સહાએ તેમના ગીત'ઝૂલના ઝૂલાઓ' અને 'હોરી હો, બ્રજરાજ દૂલારે'ની રેકર્ડ બનાવી તેના મહેનતાણા તરીકે બસો રૂપિયા આપેલા (સને ૧૯૩૨); તે રેકર્ડનું પાંચ લાખ નંગનું ત્યારે વેચાણ થયેલું. ત્યાર પછી તેમની રેકર્ડ માટે તેમને રૉયલ્ટી આપવાનો કરાર થયો. તેઓ ભણતા ત્યારે ઘર નજીક રહેતી એક ગાયિકાને સાંભળી તેની ઠુમરીને દોહરાવી દોહરાવી શીખેલા. પછીથી ઘણા વખતે તે ગાયિકાને મળ્યા ત્યારે તેમનાં ચરણસ્પર્શ કરી તેમને લાગેલા જીવલેણ દર્દના ઈલાજ માટે તેમણે ત્યારે રૂપિયા બે હજાર પૂરા આપેલા (સને ૧૯૪૩). આજે ૧૯૪૭ પછી બાપુજી ગયા પછી ખુવાર થયેલા અમારા કુટુંબની આ ફિલ્મવાળાઓએ કાંઈ દરકારે કરી નથી?'

'એમની અંતિમયાત્રામાં - (એમની ઈચ્છા મુજબ) તેના અવાજમાં ગવાતું હતું 'હમ જી કર ક્યા કરેંગે, જબ દિલ હી તૂટ ગયા'. પછી વાસ્તવિક્તા ઉપર આવી કહે:'દુલ્હેરાજા, આપ આ 'સ્યૂટ' પહેરી ખીલી ઊઠશો." હું સાયગલનાં પરિવાર સાથે હતો તેનો રોમાંચ હતો.

કંકાવટી

નવા સૌર કૂકરનાં શોધક સન્નારી

તંદુરસ્તી માટે ફાયદાકારક ને સસ્તી એવી સૌર કૂકરથી સૂર્યના પ્રખર



કિરણોને ઉપયોગમાં લઈને સ્વાદિષ્ટ પૌષ્ટિક ભોજન તેમજ વાનગી આપણે બનાવી શકીએ છીએ ને એ રીતે રસોઈ-ગૅસની મોંઘ-વારી ને તેના વપરાશની ઝંઝટથી ઊગરી શકીએ છીએ.

એના વપરાશથી પરંપરાગત બળતણ કે વીજળીનો વપરાશ થતો નથી. વળી, એનાથી ધુમાડા યા કોઈ પણ પ્રકારની દુર્ગંધનો ત્રાસ વેઠવો પડતો નથી. સૌર કૂકરમાં પકવવા માટે ખોરાક રાખ્યા પછી બીજાં કામ પણ આટોપી શકાય છે અને એ રીતે સમયની બચત થવા પામે છે, એમાં ગૅસ યા વીજળીનો ઉપયોગ કરવાનો ન હોવાથી કોઈ પણ જાતનો અકસ્માત થવા પામતો નથી.

તદુપરાંત મંદગતિથી ભોજન બનવાને લીધે તેમાં પૌષ્ટિક તત્ત્વો જળવાઈ રહે છે ને ઓછી ચરબીવાળા ખાદ્યપદાર્થ તૈયાર થાય છે. એમાં વળી તેલનો ઉપયોગ પણ ઓછો થતો હોય છે. દાખલા તરીકે જોઈએ તો ગુલાબજાંબુ ગૅસ પર બનાવીએ તો ૫૦ ગ્રામ તેલ વપરાય છે, પણ સૌર કૂકરમાં કરીએ તો માત્ર પાંચ ગ્રામ તેલ વપરાય છે. સમોસા ગૅસ પર કરીએ તો ૧૩૦ ગ્રામ તેલ જોઈએ, પણ સૌર કૂકરમાં તે કરીએ તો માત્ર પચાસ ગ્રામ તેલ જ જોઈએ છે. સૌર કૂકરમાં દાળ, ભાત, શાક, દહીંવડા, ઢોકળાં, બિસ્કીટ, કેક, મુરબ્બા, નાનખટાઈ, મેથીના લાડુ, બટાકાવડા આદિ તૈયાર થઈ શકે છે ને તે સ્વાદિષ્ટ પણ હોય છે.

હા, તેમાં રોટલી, રોટલા કે પૂરી તૈયાર થઈ શકતા નથી. વળી, રાતના સમયે સૂર્યના અભાવે યા વરસાદની વાદળિયા ઋતુના હવામાનમાં સૂર્યોદયના અભાવે એમાં રસોઈ પકવી શકાતી નથી.

હાલમાં નાગપુર યુનિવર્સિટીના ગૃહવિજ્ઞાન વિભાગના પ્રો. સાધના ગુપ્તાએ સામાન્ય સૌર કૂકરમાં સંશોધન કરી નવીન વિશિષ્ટ એવાં બીજાં ઉપકરણો યોજીને એમાં વધારાની સવલત ઉમેરી છે, એટલે તેનો ઉપયોગ કોઈ પણ વ્યક્તિ અંધ હોય તો પણ સરળતાથી કરી શકે છે.

ગૃહવિજ્ઞાનમાં અનુસ્નાતક કક્ષાએ સુવર્ણચંદ્રક મેળવનાર એમણે સૌરકૂકરમાં સુધારણાનો શોધવિષય રાખીને મૂળ સાદા સૌર કૂકરમાં જે કાચનો કોણ ઠીક કરવાનો હોય છે તેની આ નવીન સંશોધિત કૂકરમાં ઝંઝટ રાખી નથી. વળી, સુધારેલા નવીન કૂકરની સાથે ટ્રૉલી જોડેલી હોવાથી એમાં ખાદ્યસામગ્રી ભરપૂર પ્રમાણમાં રાખી શકાય છે. એમાં સંયોજેલાં ત્રણ વાસણમાં અલગ અલગ ખાદ્યચીજ રાખી શકાય છે. વર્ષાઋતુમાં યા વાદળિયા હવામાનમાં એમાં રાખેલી વિદ્યુત-જોડાણની સુવિધાથી એ સંશોધિત કૂકર ઉપયોગમાં લઈ શકાય છે. નેત્રહીન સ્ત્રી નંદિતા દુબેએ નાગપુરમાં આ સુધારેલ સૌરકૂકરનો પ્રયોગ કરીને તેમાં કામયાબી મેળવી છે.

- ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર

અડકો દડકો

શ્રદ્ધા ત્રિવેદી

નાનકડી નીરાને માટી રગદોળવી ખૂબ ગમે. તે ભાંખોડિયાં ભરતાં શીખી ત્યારથી જ ધૂળ-માટીમાં રમતી. નીરા નાની પણ એનો બંગલો મોટો. બંગલાની આસપાસ ખુલ્લી જમીન. એક બાજુએ તુલસીના ઝુંડેઝુંડ ને બીજી બાજુએ જાતભાતનાં ફૂલ! બંગલાના મુખ્ય દરવાજા પાસે લીલું છમ્મ ઘાસ! ને તેમાં વચ્ચોવચ બાંધેલો હીંચકો! સવાર પડી નથી કે નીરા ઘાસમાં ગઈ નથી! એક બાજુએ પાણીનો નળ! કોઈ ન હોય તો નીરા નળ ખોલી નાખે ને પાણી સાથે રમઝમ રમે ને કિલકિલ હસે! એ નળ ખોલે ને પાણી ધડ... ધડ... વહેવા માંડે કે અંદરથી દાદાજીની બૂમ પડી જ હોય: ‘કોણ છે? કોઈ જઈને નળ બંધ કરો. ને નીરાને લઈ આવો. તે માંદી પડશે. ને પાણી નક્કામું વહી જાય છે.’ જો કે નળમાંથી નીકળતા પાણીમાં નીરા હાથ નાખે, પાણી ઉડાડે ને બસ મજા કરે! નીરાની મમ્મી સુધાબહેનને ખૂબ ચિંતા રહે- નીરા માંદી પડશે તો? પણ નીરા તો જો પાણીમાં ના રમે તો માંદી પડે! પાણીમાં રમે ને રાજી થાય ને સાજીતાજી રહે! પછી તો એ માટીનો જે કાદવ થાય તેનાથી પણ રમે! આમ, પાણી ને માટીમાં રમતાં રમતાં તે મોટી થઈ. હવે તેને નિશાળે મૂકી. શરૂમાં તો તેને ત્યાં ગમ્યું નહીં. પણ એક દિવસની વાત છે. નિશાળમાં માટી આપવામાં આવી. ને માટીમાંથી રમકડાં બનાવતાં શિખવાડ્યું. નીરા તો ખુશખુશાલ! પહેલાં તો તેણે સાપ બનાવ્યો. ને પછી બનાવી છુકછુક ગાડી! પછી વિમાન! પછી હોડી ને હાથી! પછી બનાવ્યો સરસ મઝાનો ઘડો! બસ, પછી તો ઘરમાં કે નિશાળમાં!

તે માટીમાંથી કંઈક બનાવતી જ હોય!

એક દિવસ એને થયું:'હું મમ્મી બનાવું.' ને તેણે એક સ્ત્રી બનાવી! પછી એને સરસ સાડી પહેરાવી કપાળે ચાંદલો કર્યો ને મમ્મીને બતાવવા દોડી:'મમ્મી! મમ્મી! જો મેં મમ્મી બનાવી!' 'હેં! તેં મમ્મી બનાવી?... હાસ્તો તું આવી પછી જ તો હું મમ્મી થઈને! ત્યાં સુધી તો માત્ર સુધા જ હતીને! પછી હું નીરાની મમ્મી બની. તેં જ તો મને બનાવી મમ્મી!' કહી તેમણે નીરાને ખૂબ વહાલ કર્યું. એ પછી નીરાએ બનાવેલી મમ્મી જોઈ.

'અરે વાહ! તેં તો મને જ બનાવી છે હોં! કેવો સરસ ચાંદલો ચોટાડ્યો છે. ને આ રંગની લીટીઓ હાથે દોરી છે તે તો અદ્દલ બંગડીઓ જ લાગે છે. વાહ, મારી મીઠડી વાહ!' કહી સુધાબહેને નીરાને ઊંચકી જ લીધી પછી કહે:'હવે એક કામ કર. એક નાનકડી નીરા કર. નીરા વગર મમ્મી અધૂરી રહે.' 'હેં! હું મને બનાવું? વાહ! કેવું સરસ! પણ... ના... હું તો પરી બનાવીશ, ને એનું મોં હશે મારા જેવું.' - ને બસ પછી તો નીરાએ એક સરસ ઢીંગલી બનાવી. તેને પરી જેવું સફેદ લાંબું ફ્રૉક પહેરાવ્યું. ને પછી તેના હાથમાં મૂક્યો પેલો ઘડો! જાણે પરી પાણી વહેંચવા ના નીકળી હોય! ને તેણે જ એનું નામ પાડ્યું જળપરી! ... તેણે જળપરી સુધાબહેનને બતાવી... સુધાબહેનની આંખો હસી ઊઠી! પછી કહે:' આ જળપરી તો ખરેખર સરસ છે! પણ આપણે એનું નામ બદલીએ. તારુંય નામ આવે એવું નામ પાડીએ. એનું નામ જળપરી નહીં નીરપરી રાખીએ. નીરાએ બનાવેલી નીરપરી!' 'હા.. હા.. બહુ સરસ! આ મારી નીરપરી! સહુને પાણી આપે. એનો ઘડો સદાય ભરેલો જ હોય! એ એવો તો જાદુ જાણે કે ક્યારેય પાણી ખૂટે જ નહીં!... મમ્મી! એની આંખો કેવી ચમકે છે નહીં! એ કેવી ખુશખુશાલ લાગે છે!'

'હા, બરોબર મારી નીરાદીકરી જેવી! જા, એને તારા ટેબલ પર મૂકી રાખ. એને ખૂબ સાચવજે હોં!' 'હા! મા! એ જ્યાં સુધી આવી સરસ રહેશે ત્યાં સુધી આપણને ખૂબ પાણી મળશે! ખરુંને!' 'હા... હા.. તું કહે તે સાચું.' ને નીરાએ નીરપરીને મૂકી પોતાના ટેબલ પર! રોજ રાત પડે કે નીરા નીરપરીને વહાલ કરીને સુવાડી દે! ને પોતે સૂઈ જાય! સવાર પડે કે પોતે ઊઠે એટલે નીરપરીને ઊઠાડે ને પાછી ઊભી કરી દે! પોતે ખાય-પીએ તે બધું તે નીરપરીને ધરે. નીરપરી પર જરાક ધૂળ કે કચરો પડે કે નીરા દુઃખી દુઃખી થઈ જાય! બધું કામ બાજુએ મૂકીને નીરપરીને સાફ-સુથરી કરવા બેસે! નીરા કહે:'મમ્મી! પાણી પોતે જ નીરપરી કહેવાયને! આ નીરપરી બગડે તો મને ના ગમે. તો પાણી બગડે કે ઢોળાય તો મારી આ નીરપરીને ના ગમે. તને ખબર છે, મમ્મી? કાલે મેં નીરપરીના સામું જોયું તો તે હસી નહીં. તે તો મારી સામે જુએ જ નહીં! એ તો રસોડામાં જુએ. રસોડામાં લીલાબા રાંધતાં હતાં. નળમાંથી ધીમું ધીમું પાણી જાય. લીલાબા તો શાક સમારે. હું તો તરત સમજી ગઈ. મેં તો લીલાબાને કહ્યું:' લીલાબા! ખાલી ખાલી નળ ખુલ્લો ના રાખો. મારી નીરપરીને દુઃખ થાય છે.' લીલાબા પહેલાં તો કહે:' મૂઈ તારી નીરપરી! મારે વારે વારે હાથ ધોવા પડે તે નળ ક્યાં બંધ કરું?' પણ મેં તો જીદ કરી. તેમણે નળ બંધ કર્યો. ને જ્યાં તેમણે નળ બંધ કર્યો કે નીરપરી મારી સામું જોઈ હસી ઊઠી.' 'એમ કે! તો નીરા! આપણે પણ પાણી ખૂબ સાચવીશું. તારી નીરપરી હસતી જ રહે તેવું કરીશું.' ને ખરેખર નીરાના ઘરમાં નીરપરી સદાય હસતી જ રહેતી.

નીરાને બહેનપણીઓ સાતઃ હેમા, હીરલ, ગીતા, સ્મિતા, જાગુ, જ્યોતિ ને પ્રીતિ. બધાં રોજ નીરાને ઘેર રમવા આવે. નીરાએ બધાંને નીરપરી બતાવી. હેમાને તો તે ખૂબ ગમી ગઈ. રમી રહ્યાં પછી ઘેર જતી વખતે તે કહે: 'નીરા! હું નીરપરી મારે ઘેર લઈ જઉં? કાલે પાછી લાવીશ.' નીરાએ ચોખ્ખી ના પાડી. એટલે હેમાનું મોં ઊતરી ગયું. સુધાબહેને નીરાને સમજાવી કે,'આપને, તું બીજી બનાવજે.' પણ નીરા ના જ માની; કહે:'કાલે હું બીજી બનાવીને આપીશ પણ આ નહીં આપું.' ને ખરેખર તેણે બીજા દિવસે એક બીજી નીરપરી બનાવી ને હેમાને આપી. હેમા ખુશ થઈને ઘેર ગઈ ને નીરપરીને તેણેય પોતાના ટેબલ પર મૂકી. ને પછી બધાંએ નીરા પાસે નીરપરી માંગી. ને નીરાએ પણ હોંશથી નીરપરીઓ બનાવી ને દરેકને એક એક આપી. ને એમ બધાંને ઘેર નીરપરી પહોંચી ગઈ.

થોડા દિવસ પછી હેમા નીરપરી પાછી લાવી કહે:'નીરા! નીરા! જોને, મારી આ નીરપરી કેવી થઈ ગઈ? સાવ ઝાંખી ઝપાટ થઈ ગઈ છે. રંગ ઊડી ગયો. ને હસતી હતી તેને બદલે જોને, જાણે રડે છે?' 'હેં! આમ કેમ?' નીરા વિચારતી રહી. બીજે દિવસે હીરલ પણ તેની નીરપરી પાછી લાવી હતી. કહે:'નીરા! જો, જો, મારી નીરપરી યે જો! તેની આંખોની ચમક જતી રહી છે.' નીરા પહેલાં તો એ માની જ ના શકી કે પોતે બનાવી આપેલી તે જ આ નીરપરી છે? 'ઓ બાપ રે! આ નીરપરીઓ તો જુઓ! ઓળખી શકાતીયે નથી. કેવી હતી ને કેવી થઈ ગઈ?' તેનું હૈયું ભરાઈ આવ્યું. તે કશું બોલી જ ના શકી. ચૂપચાપ તેણે એ નીરપરીને પોતાના ટેબલ પર પોતાની નીરપરી સાથે મૂકી દીધી. બે દિવસમાં તો બધી જ પોતપોતાની નીરપરીને લઈને આવી. બધાંની નીરપરી સૂકાઈ ગયેલી ને સાવ ફિક્કી થઈ ગયેલી. ના મળે મોં પર નૂર કે ના આંખોમાં ચમક! નીરાના ટેબલ પર આઠ નીરપરીઓની હાર થઈ ગઈ. એકમાત્ર તેની જ નીરપરી સુંદર, હસતી ને સાજીતાજી હતી. બાકી બધી તો સાવ ઝાંખીઝપટ! તેજ વગરની!

તે રાત્રે નીરા નીરપરીને ઊંઘાડીને પોતેય ઊંઘી ગઈ. શરૂમાં તો તેને ઊંઘ ના આવી. પછી ઘણી વારે તે ઘસઘસાટ ઊંઘી ગઈ. ઊંઘમાં તેને લાગ્યું કે કોઈ તેને બોલાવે છે, તેને ઢંઢોળે છે ને કહે છે: 'નીરા!

ઓ નીરા! જાગને. મારે તારી સાથે વાતો કરવી છે. જાગને!' નીરા કહે:'કોણ છે? અરે નીરપરી તું? બોલ, મારે તારું જ કામ છે.' 'મને ખબર છે એટલે તો તને જગાડી. તું આ બીજી નીરપરીઓને જોઈને દુઃખી થઈ ગઈ છે ને! તારું દુઃખ મારાથી ખમાતું નથી.'નીરપરી બોલી.

'હા! ખરી વાત! મને એ નથી સમજાતું કે આ બધી નીરપરી આવી કેમ થઈ ગઈ? પણ સાંભળ, હવે છે ને હું આ બધી નીરપરીઓને સરસ રંગોથી રંગીશ, પછી સરસ કપડાં પહેરાવીશ.. એટલે એ હતી તેવી થઈ જશે. ખરેખરને? નીરપરી:'ના, એવું નથી. નીરપરીને તું રંગીશ તોય તે હતી તેવી નહીં થાય. સાંભળ! માણસ માદું જ હોય ને મોંઘાં કપડાં પહેરે તેથી કંઈ સાજું થયું ના ગણાય. એની માંદગી જવી જોઇએ. એમ આ નીરપરીઓ શાથી આવી થઈ તે જાણ. તે કારણ દૂર કર. તે આપોઆપ હતી તેવી થઈ જશે.' 'એમ? તો કહેને! શું કારણ છે?' નીરાએ પૂછ્યું.'ના, હું તને નહીં કહું. આ બધી મારી બહેનપણીઓએ મને બધી વાત કરી છે. તું સાંભળ. કાલે તારી બહેનપણીઓ આવેને એટલે દરેકને એમની નીરપરી તું પાછી આપી દેજે, ને કહેજે:''આજે તમારા સપનામાં નીરપરી આવશે. તમે તેને પૂછજોઃ 'નીરપરી, તું કેમ સૂકાઈ ગઈ છે?' બધાંને તેના જવાબો મળી રહેશે. તું દુઃખી ના થા. હવે શાંતિથી ઊંઘી જા.'' ને નીરા ઘસઘસાટ ઊંઘી ગઈ.

બીજે દિવસે સાતેય સહેલીઓ નીરાને ઘેર આવી રમી રહ્યાં પછી બધાં ઘેર જતાં હતાં ત્યાં નીરા કહે:' અલી, હેમા, હીરલ, પ્રીતિ બધાં ઊભાં રહો. લો, તમે બધાં તમારી નીરપરી ઘેર લઈ જાઓ. આજે જ્યારે ઊંઘવા જાવ ત્યારે નીરપરીને પૂછજો:'તું કેમ સૂકાઈ ગઈ છે? પછી ઊંઘમાં નીરપરી તમને જવાબ આપશે.' હેમા ને જાગુએ તે વાત ધ્યાનથી સાંભળી. 'હેં! ખરેખર! નીરપરી અમને કહેશે? તો તો બહુ સારું.' પણ હીરલ કહે:' એમ તે કંઈ નીરપરી બોલતી હશે? હમ્બગ.. હું કંઈ આ ઢીંગલી નથી લઈ જતી. છો પડી તારા ટેબલ પર.' નીરાને ખૂબ દુઃખ થયું. પણ તે કંઈ ના બોલી. હીરલ સિવાયના બધાં જ નીરપરીને પોતપોતાને ઘેર લઈ ગયાં.

બીજે દિવસે સાંજે પહેલી હેમા આવી. નીરા પૂછે એ પહેલાં કહે:'નીરા! નીરા! ગજબ કહેવાયને! તેં કહેલું તેમ રાતે મેં નીરપરીને પૂછ્યું. ને પછી ઊંઘી ગઈ. પછી તો સપનામાં નીરપરી આવી. ને મને કહે:' હેમા! તારા ઘરમાં પાણી કેટલું વેડફાય છે? તારા ઘરનો એકેએક નળ ટપક્યા જ કરે છે. કાયમ બધું ભીનું ભીનું જ હોય! ને પછી થાય છે મસી ને મચ્છર! ઘરમાં ચોખ્ખું લાગતું જ નથી. આ પાણી ટપકે છે ને તે જાણે મારું લોહી ટપકે છે. પછી હું ફિક્કી જ પડી જાઉં ને!' એમ કહી તે રોવા લાગી. હું તો એકદમ જાગી ગઈ. બાથરૂમમાં ગઈ તો નળ ટપક... ટપક... ટપક... મેં તો જોરથી નળ બંધ કર્યો. પછી ગઈ રસોડામાં. જોયું તો નળ.. ટપક... ટપક... ટપક. મને મમ્મી પર બહુ જ ખીજ ચડી. ગુસ્સામાં ને ગુસ્સામાં જોરથી નળ બંધ કર્યો. પછી જાજરૂમાં જઈને જોયું તો ત્યાં પણ એ જ હાલત! હું બધે ઠેકાણે નળ બંધ કરી પાછી આવી તો નીરપરી હસતી હતી!.. ને નીરા, મેં તો સવારમાં જ પપ્પા પાસે બધા નળ સરખા કરાવ્યા ને બધાંને કહી દીધુંઃ 'પાણી આમ ખાલી ખાલી જવા ના દો. પાણી આમ વહી જાય તો મારી નીરપરી સૂકાઈ જ જાયને!' ને આજે આખો દિવસ પાણી ટપક્યું નથી ને મારી નીરપરી! એ તો ચમકવા લાગી છે. બે-ચાર દિવસમાં તો એ હતી તેવી થઈ જશે.' 'એમ કે? સરસ! હવે તું પાણી સાચવજે હોં! નીરપરી સદાય હસતી રહેશે. હસતી નીરપરી કેવી સરસ લાગે છે નહીં?'

'હા...? ત્યાં તો જાગુ આવી. હેમા કહે:'જાગુ! તેં નીરપરીને પૂછ્યું હતું?' જાગુ કહે:'પૂછ્યું જ ને! તો મને નીરપરી કહે જાગુ, તારે ઘેર વાસણ સાફ કરવામાં તમે કેટલું બધું પાણી વેડફો છો? આ તારી મમ્મી! નળ ફૂલફટાક ચાલુ કરી દે છે. પછી તેની ધારમાં વાસણો ધરે. સરખો હાથ પણ ના ફેરવે. અ..ધ..ધ..ધ.. પાણી વપરાયને તોય વાસણ ચોખ્ખાં ના થાય. ને ગંદા ઘડા ને પ્યાલામાં મને રાખો. મને નથી ગમતું. બે તગારામાં પાણી લો. ઘસીને સાફ કરો. ઓછાં પાણીયેય વાસણ ચોખ્ખાં રાખો. મને તો ચોખ્ખાઈ ગમે ને વેડફાઈ જઉં તે તો જરાય ના ગમે. મને તો ઉબકા આવે છે!' હું તો આ સાંભળી સડક જ થઈ ગઈ. આજે મેં સવારે મમ્મીને બધું કહ્યું. હું તેની સાથે કામ કરવા લાગી. બે ડોલમાં પાણી ભર્યું. ઘસીને વાસણ સાફ કર્યાં. મેં નીરપરી સામું જોયું તો તેનું મોં પણ ચકચકિત!' ત્યાં તો ગીતા-પ્રીતિ એમ બધાંય આવ્યાં. બધી બહેનપણીઓ આ જ વાતો કરતી હતી ત્યાં નીરાના દાદા આવ્યા. નીરા તરત દાદા માટે પાણી લેવા ગઈ. દાદા કહે:'નીરા બેટા! અડધો પ્યાલો જ પાણી લાવજે.' નીરા અડધો પ્યાલો જ પાણી લાવી. ચકચકિત પ્યાલામાં ચોખ્ખું ચણાક પાણી! એટલે પ્રીતિ કહે:'નીરા, ખબર છે! મને નીરપરીએ આવું જ કહ્યું હતુ. જોઇએ તેટલું પાણી લો. તારે ઘેર તો બધાં પ્યાલો પાણી લો છો, બે ઘૂંટ પીવો છો ને બાકીનું ઢોળી દો છો! તમને પાણીની કિંમત જ ક્યાં છે? જેને મારી કિંમત ના હોય ત્યાં હું ક્યાંથી ખુશ રહું?' આ સાંભળી દાદા કહે:'ખરી વાત છે. તમને ખબર છે કે પાણી તો જીવન છે. તેને સાચવીને વાપરવાનું હોય. પાણી જો ગમે તેમ વેડફ્યો જ કરીએ તો? સાગરેય ખાલી થઈ જાય. પાણી શામાં ના જોઈએ? પાણી પીવું પડે, શરીર ચોખ્ખું રાખવા પણ જોઇએ, ઘર, વાસણ-કપડાં ચોખ્ખાં રાખવાં પાણી જોઇએ. જાજરૂ-બાથરૂમમાં જોઇએ. માની લો કે તમને થોડા દિવસ પાણી ના મળે તો?'

હીરલ બધાંની વાતો સાંભળતી હતી. તેણે જોયું કે બધાંની નીરપરી સરસ લાગતી હતી. માત્ર તેની નીરપરી નીરાના

ટેબલ પર ઝાંખી લાગતી હતી. દાદાની વાત તો તેણે ધ્યાનપૂર્વક સાંભળી.

પણ એક દિવસ તો ગજબ થયો. નીરાના ટેબલ પર હીરલની જે નીરપરી હતી તે સાજીતાજી થઈ ગઈ. તેની આંખોય ચમકવા લાગી. તે તરત જ હીરલને ઘેર ગઈ. તો હીરલ તેની મમ્મીને કહેતી હતીઃ'મમ્મી! આપણે કેટલું બધું પાણી વેડફીએ છીએ! આપણે નાહવા માટે નળ ખુલ્લો રાખી બે-બે-ત્રણ-ત્રણ ડોલ શરીર પર ઢોળ્યાં જ કરીએ છીએ. ને બગીચામાં નળ ખુલ્લો મૂકી દીધો કે બંધ કરવાની વાત જ નહીં. જો, પેલા ખૂણામાં કેટલો કાદવ થઈ ગયો છે. ને પાણી પીવું થોડું હોય તોય મોટા મોટા ગ્લાસ ભરીએ છીએ ને પછી અડધો પ્યાલો પાણી ઢોળી દઈએ છીએ. એટલે મારી નીરપરી ઝાંખી જ રહેને! મારી નીરપરી ક્યાંથી સારી રહે? હવેથી આ બગાડ બંધ!' આ સાંભવી નીરા દોડતી દોડતી હીરલને વળગી પડી ને કહેઃ'હીરલ! જો... જો.. તારી નીરપરીયે કેવી સરસ થઈ ગઈ છે? ચાલ, તારા ટેબલ પર મૂકીએ.'

હીરલની મમ્મીએ જોયું. નીરપરી ખરેખર ખૂબ સુંદર લાગતી હતી. હીરલ કહેઃ' નીરપરી! તું સદાયે આવી જ રહેજે હોં!'

'તે તો તારા હાથમાં છે! ચાલ, હવે મારે ઘેર રમવા જઈએ.' બંને જણ નીરાને ઘેર આવ્યાં. જોયું તો નીરાની નીરપરી તો હતી તેનાથીય સરસ લાગતી હતી! નીરાના આનંદનો પાર નહોતો. તે ને હીરલ ગોળ-ગોળ ઘૂમવાં લાગ્યાં. આ જોઈ નીરાની મમ્મી કહેઃ' જો, જો, પેલા... અરીસામાં જો. મને તો તું જ નીરપરી લાગે છે! મારી નીરપરી કેવી ખુશખુશાલ છે! નીરપરી! તું સદાયે આવી જ રહેજે હોં! ☐

અનુસંધાન] વાચકો લખે છે [પૃ. ૫૧૪થી

આંકડાને હેરફેર કરીએ તો જે ગુણાકાર મળે છે તે ગુણાકાર માટે ગુણકમાં પણ ફેર કરવો પડે. પણ મૂળ મુશ્કેલી ૩૭x૫૭ જેના ગુણાકારની છે. ૩૭x૫૭=૨૧૦૯ થાય છે. અને અહીં બીજો-ત્રીજો આંકડો સરખો નથી તેથી આ આંકડાની હેરફેર કરીએ તો ૯૦૧૨ થાય છે અને તેને ૩૭થી નિઃશેષ ભગાતું નથી. પણ જે ભાગાકાર આવે તેના આંકડાનો સરવાળો કરીએ તો ૫૭ના એકમ દશકના આંકડાના સરવાળા જેટલું મળે. એટલે થોડું વધુ કિલષ્ટ બને છે.

૩૭ ને ૮૧ વડે ગુણીએ તો ૨૯૯૭ થાય છે અને તેના હજાર અને એકમના આંકડા બદલાવતા ૭૯૯૨ થાય છે જે ૭૪૦૦ કરતા વધુ હોવાથી તેનો ગુણક ૨૦૦ થી ૩૦૦ વચ્ચે થાય. ૮૧નો આંકડો વ્યસ્ત કરીએ તો ૧૮ બને છે અને તેમાં ૧૯૮ ઉમેરતા ૨૧૬ થાય અને ૩૭ને ૨૧૬થી ગુણતા ૭૯૯૨ થાય છે. એટલે કે આ નિયમને અનુસરે છે.

જો કે ૩૭x૮૪ અને ૩૭x૮૭ના ગુણાકારમાં બીજો અને ત્રીજો આંકડો સરખો આવતો નથી અને તે આંકડાઓ છે ૩૧૦૮ અને ૩૨૧૯ અને તેથી એક અને હજારનો આંકડો બદલાવતા ૮૧૦૩ અને ૯૨૧૩ થાય, જેને ૩૭થી ભાગતા ૨૧૯ અને ૨૪૯ આવે. અને ૮૪ના આંકડાનો સરવાળો ૮+૪=૧૨ થાય અને ૨+૧+૯=૧૨ થાય. તેવી જ રીતે ૮૭ના આંકડાનો સરવાળો ૧૫ અને ૨+૪+૯=૧૫ થાય.

માર્ચ મહિનાના અંકમાં ૩૭x૧૦૨નો ગુણાકાર આપ્યો છે. અહીં પાછો બીજો અને ત્રીજો આંકડો સરખો છે અને તેથી હજાર અને એકમના આંકડા બદલતા ૪૭૭૩ આવે અને તે પહેલા ગુણાકાર કરતા ૯૯૯ વધુ છે અને તેને ૩૭ વડે ભાગતા ૨૭ આવે. આમ, ૩૭x૧૨૯ =૪૭૭૩ થાય છે. અહીં ગુણકના આંકડાઓનો સરવાળો ૧+૦+૨=૩ થાય છે જ્યારે ૧૨૯માં ૧+૨+૯=૧૨ અને પછી ૧+૨=૩ થાય છે.

આવું જ ૩૭x૧૦૫ના ગુણાકારમાં અને ૩૭x૧૦૮ના ગુણાકારમાં છે. ૩૭x૧૦૫=૩૮૮૫ અને હજારનો આંકડો અને એકમના આંકડાની અદલા-બદલી કરતા આંકડો આવે ૫૮૮૩. ૫૮૮૩માંથી ૩૮૮૫ બાદ કરતાં ૧૯૯૮ થશે અને તેને ૩૭થી ભાગતા ૫૪ આવશે. એટલે કે ૩૭x૧૫૯ =૫૮૮૩ થશે. ૧૦૫ના બધા આંકડાનો સરવાળો ૬ અને ૧૫૯ના બધા આંકડાનો સરવાળો ૧૫ થઈ પછી પાછો ૬ થઈ જશે.

૩૭x૧૦૮=૩૯૯૬ આંકડા બદલાવતા ૬૯૯૩ આવે અને ૬૯૯૩માંથી ૩૯૯૬ બાદ કરતા ૨૯૯૭ થશે જેને ૩૭થી ભાગતા ૮૧ આવશે એટલે કે ૩૭x૧૮૯=૬૯૯૩ થાય. ૧૦૮ના અંકોનો સરવાળો ૯ થશે અને ૧૮૯ના અંકનો સરવાળો પહેલા ૧૮ થશે અને હજી વધુ અંકોનો સરવાળો કરતાં ૯ થશે. આવું ૩૭ના આંકડાના ખૂબીભર્યાં ગુણાકાર વિશે કહી શકાય. - *ભરત જ. મહેતા, 'યુગ્મક', ૯, નીલકંઠનગર, યુનિ. રોડ, રાજકોટ-૫.*

*

વિવિધતાથી ભરપૂર 'કુમાર'એ સમાજને ઘડનારાઓના પરિચય કરાવનારું, અને સમગ્ર કુટુંબને ઉપયોગી વાંચન પૂરું પાડનાર માસિક છે, તે બાબત હવે અનુભવનો વિષય થયો છે. આપને તે માટે ઘણા ધન્યવાદ. - *સૂર્યકાન્ત પરીખ, એ-૨, મનાલી એપાર્ટમેન્ટ્સ, અમદાવાદ-૩૮૦૦૧૫.*

*

'કુમાર'ના જુલાઈ ૨૦૦૩ના અંકમાં ભગવત સુથારની 'દીવાલ' લઘુકથા લઘુકથાની વિભાવના અને ફૉર્મને સુપેરે દીપાવે છે. આ લઘુકથા વાંચી ઉચ્ચ કોટિની ચુનંદી લઘુકથા વાંચ્યાનો અહેસાસ થયો. - *બાબુલાલ ગોર, ૬૫, ભાનુશાલીનગર, કર્મભૂમિ એપાર્ટમેન્ટની સામે, ભુજ-૩૭૦ ૦૦૧.*

સાહિત્યસંપર્ક

રાજેન્દ્ર શાહને જ્ઞાનપીઠ અવૉર્ડ

કવિ રાજેન્દ્ર શાહને ઈ.સ. ૨૦૦૧નો જ્ઞાનપીઠ અવૉર્ડ એનાયત કરવાની તાજેતરમાં થયેલી જાહેરાતથી ગુજરાતી સાહિત્યજગતમાં આનંદની અદમ્ય લહેર વ્યાપી ગઈ છે.



'કુમાર'ને માટે તો આ આનંદ દ્વિગુણિત છે, કારણ કે એમની પહેલી પક્વ રચના 'હોળી-ધૂળેટી' 'કુમાર'માં પ્રકટ થઈ હતી, અને વળી કવિનો નિખાલસ એકરાર છે કે 'કુમાર'ની 'બુધસભા'એ એમનામાં રહેલી પ્રતિભાને પ્રોત્સાહિત કરી પ્રવૃત્ત કરી હતી.

જાન્યુઆરી ૨૮, ૧૯૧૩ના રોજ કપડવણજમાં જન્મેલા, ત્યાંથી મૅટ્રિક થઈ મુંબઈની વિલ્સન કૉલેજમાં એકાદ વર્ષ અભ્યાસ કરી, વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાંથી તત્ત્વજ્ઞાનના વિષય સાથે સ્નાતક થયેલા રાજેન્દ્ર શાહ લગભગ ૧૯૩૭માં અમદાવાદમાં સ્થિર થવા આવ્યા અને બૉબિનના ઉત્પાદક કારખાનામાં થોડો સમય ભાગીદારી કરી સ્વતંત્રપણે પાલડીમાં 'ગૃહસાધન' અને 'ઈંધન' નામે પ્રોવિઝન સ્ટૉર ચલાવ્યો. તે પૂર્વે થોડો સમય શિક્ષકની નોકરી કરી તથા જ્યોતિસંઘમાં પણ કામ કર્યું. એમનો આ અમદાવાદનો ૧૯૪૪ સુધીનો નિવાસ એમની કવનપ્રવૃત્તિ માટે અત્યંત ફળદાયી નીવડ્યો. સદ્ગત પિનાકિન્ ઠાકોરની સાથે બુધસભામાં ૧૯૩૭ આસપાસ પ્રવેશનાર શ્રી રાજેન્દ્ર શાહ શ્રીધરાણીની કાવ્યબાનીથી આકર્ષાયેલા. વ્યવસ્થિત છંદોજ્ઞાન એમને 'બુધસભા'માં લાધ્યું તે છંદઃપ્રભુત્વ સુધી પહોંચ્યું.

એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ધ્વનિ' ૧૯૫૧માં પ્રકટ થાય છે ત્યારે ગાંધીયુગની કવિતાના પ્રવાહથી તે જુદો તરી આવે છે, તેના વિષયવૈવિધ્ય, શૈલી-સ્વરૂપની તાજગી, કલ્પન-પ્રતીકની નવ્ય સૂઝસમજથી. 'આયુષ્યના અવશેષે', 'શ્રાવણી મધ્યાહ્ને', 'રહઃમિલન અભિલાષ', 'શેષ અભિસાર' જેવાં એમનાં પ્રથિતયશ કાવ્યોસમેત 'ધ્વનિ'ની અનેક રચનાઓ 'કુમાર'માં પ્રકાશિત થઈ હતી. એમની સર્જક પ્રતિભાનો સકલ વિશેષ 'ધ્વનિ'નાં કાવ્યોમાં નીખર્યો છે, અને તે 'કુમાર'નાં પાને, એટલે 'કુમાર' માટે આ પ્રસંગ સવિશેષ ગૌરવનો બની રહે છે. ત્યાર પછીનાં ૫૦ વર્ષમાં કવિના ૨૩ જેટલા કાવ્યસંગ્રહો પ્રકટ થયા છે. એમણે બાલકાવ્યો અને કાવ્યાનુવાદો પર પણ પોતાની કલમ સફળતાથી ચલાવી છે.

પ્રેમ, પ્રકૃતિ અને પ્રભુ જેવા સર્વ-સાધારણ વિષયો એમની કવિતામાં ના હોય તે તો બને જ કેમ? પણ આ સામાન્ય વિષયોને એમણે અસામાન્ય અભિવ્યક્તિ અને અભિવ્યંજનાથી રજૂ કર્યા છે. એમના કાવ્યોમાં છંદોગત અને શૈલીગત પ્રૌઢિ ધ્યાન ખેંચે છે. એમની કાવ્યબાની બહુધા તત્સમપ્રચુર અને અતિમધુર લાગવાની સાથે સાથે એમનાં તળપદ શબ્દો અને લહેકા પણ એટલા જ મધુર અને માર્મિક છે. પ્રકૃતિનાં કરાલભવ્ય અને તરલરમ્ય ચિત્રણો એમની ઝીણી નિરીક્ષણવૃત્તિ અને સહજસુંદર નિરૂપણપ્રવૃત્તિનાં દ્યોતક છે. પ્રેમનાં વિવિધ સ્વરૂપો એમણે સઘનતાથી કવ્યાં છે. પ્રભુ વિશેની એમની અભિધારણા ભારતીય છે અને સાકારની સર્જનલીલામાં એમનો વિશેષ આનંદ રહ્યો છે. આ સૃષ્ટિ એ સગુણની સવિસ્તર લીલા છે અને એ લીલામાં વિલસવું એ જ જીવનનો સાચો ચરમ આનંદ અને પરમ સંતોષ છે. આથી જ એમના જીવનમાં અને કવનમાં સર્વકાલીન પ્રસન્નતા છવાયેલી છે.

રમણીય દૃશ્યચિત્રો, સઘન ભાવાંકનો, વિચાર-મૌક્તિકો એમની કવિતામાં મનોહારી રૂપ ધારણ કરે છે. કવિ તરીકે એમની મુખ્ય ભૂમિકા કલાસૌંદર્યલક્ષી દાર્શનિકની રહી છે. ભારતીય દર્શનની રમ્ય અભિવ્યક્તિ એમની કવિતાને વધુ આસ્વાદ્ય બનાવે છે. એમની કવિતામાં પ્રાજ્ઞ કવિની પ્રબુદ્ધ વાણી છે તો બીજી તરફથી મુગ્ધ કવિનો મધુર મહેરામણ ઊછળે છે. એમની અનુગામી પેઢી પર એમની કવિતાએ ગજબની ભૂરકી નાખેલી. પણ એમની સકલ કવિતાનો સર્વસાધારણ અંશ ગુજરાતી કવિતા માટે નવીન પ્રસ્થાન છે, અને એટલે જ સ્વાતંત્ર્યોત્તર કાળના એ ઉત્તમ કવિ અને એમની કવિતા ઉત્તુંગ શિખર પુરવાર થાય છે.

આવા કવિનું જ્ઞાનપીઠ અવૉર્ડથી સન્માન થાય તે ગુજરાતી કવિતાનું બહુમાન છે. એમને 'કુમાર ચંદ્રક', રણજિતરામ સુવર્ણ ચંદ્રક, અરવિંદ ચંદ્રક, દિલ્હી સાહિત્ય અકાદમીનો પુરસ્કાર, નર્મદ ચંદ્રક, ભારતી ભાષા પરિષદ અવૉર્ડ, ધનજી કાનજી સુવર્ણ ચંદ્રક, ગુજરાત સરકાર તરફથી નરસિંહ મહેતા સન્માન, ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ગૌરવ પુરસ્કાર, નરસિંહ મહેતા સાહિત્યનિધિ ટ્રસ્ટ તરફથી નરસિંહ મહેતા અવૉર્ડ, એમ ગુજરાતી સાહિત્યનાં લગભગ તમામ ચંદ્રક-પારિતોષિકોથી એમની નવોજશ થઈ છે; હવે આ જ્ઞાનપીઠ અવૉર્ડથી એમણે ગુજરાતી કવિતાને ભારતીય કવિતાના ઇતિહાસમાં સુસ્થિર કરી આપી છે.

- ધીરુ પરીખ

અવલોકન

સુગમ-સિનેમા-સંગીત સર્જક બેલડી શંકર-જયકિશન વિશેનો અદ્વિતીય આકરગ્રંથ

શાસ્ત્રીય સંગીત અગાઉ રાજ-

ઘરાનાની ચીજ હતું. તે ઘણુંખરું અગમ રહેતું. જ્યારે ભવાઈવેશ, રામલીલાનાટક, લોકસમૂહના ચોકમાં છડેચોક લોકસુગમ સંગીત પ્રસરાવતાં. કાળક્રમે ફિલ્મસંગીતે, સુગમ સરિતાને લોક-શાહીના રાજઘાટો પર વહાવી સામાન્ય સંગીતરસિકોની જીભ અને દિલોદિમાગ પર આસન જમાવ્યું. પ્રથમ રેડિયો, રેકર્ડ અને આજે ટીવી-વીડિયો કલ્ચર જેવાં સમૂહ માધ્યમો સંગીતનું અહર્નિશ પ્રસારણ કરી જ રહ્યાં છે...

હિન્દી ફિલ્મ સંગીતનો ઇતિહાસ આર.સી.બોરાલ, પંકજ મલિક, અનિલ બિશ્વાસ, ખેમચંદ પ્રકાશ, ગુલામ હૈદર આદિ અગ્રજ સંગીતકારોની તરજોથી તરબતર થતો હતો ત્યાં ૧૯૪૪ના ગાળામાં લખનઊથી નૌશાદ નામનું 'રતન' મોજું 'અણમોલ ઘડી' જેવું 'અમર' સંગીત લઈ કેટલાક દાયકા જનમાનસ પર છવાઈ રહેલું. પણ ૧૯૪૯માં રાજકપૂરનું 'બરસાત' આવતાં, શંકર-જયકિશનના 'આવારા', 'બાદલ'નો 'સંગમ' એથી યે મોટું વાવાઝોડું છેક ૧૯૭૧ સુધી બાવીસ વર્ષ ટકી રહ્યું જે 'સદાબહાર ફિલ્મ સંગીતના સુવર્ણયુગનો પ્રારંભ' મનાય છે.

'આવારા હૂં' ગીત રશિયાની રગરગમાં પ્રવેશી રહ્યું. છેલ્લે બોરિસ યેલ્ત્સીને ભવ્ય સમારંભમાં 'મેરા જુતા હૈ જાપાની'ની પ્રસ્તુતિને પ્રતિષ્ઠા આપી. લતા મંગેશકરે એક જગાએ એસ.જે.ના સંગીતને રાજજીનું જ પ્રદાન મનાવવાની હઠ કરી, પણ રાજકપૂરે જાતે દૂરદર્શન પર નિખાલસ કબૂલાત કરેલી:'આઈ વૉઝ નેવર અ કમ્પોઝર. આઈ વૉઝ ઑલ્વેઝ અ કન્ડક્ટર.' (વિખ્યાત એસ.જે. બેલડીના અવસાન બાદ આર.કે. ફિલ્મ્સમાં સંગીત આપવા જનારાઓમાં એલ.પી.એ તો ત્યાં સુધી કહેલું કે આર.કે.ના આર્કાઇવ્ઝમાં એસ.જે. ની બાંધેલી તરજોનો જ મોટે ભાગે ઉપયોગ કરવોનો રાજનો આગ્રહ રહેતો.) રાજકપૂરની તો નવ જ ફિલ્મોનું સંગીત આ બેલડીએ સંભાળેલું, બાકીની ૮૧ ફિલ્મોના વિક્રમોનું શું? હિન્દી સિવાય ભારતની પ્રાદેશિક ભાષાની ૬ (છ) ફિલ્મોની કેટલાને જાણ છે? ગૈર-ફિલ્મી ગીતો જેમાં હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય જેવા કવિ-ગીતકારોની ૧૫ રચનાઓનું સંગીત કંપોઝ થયું છે એ કેમ વીસરાય? ૧૯૫૬ થી ૧૯૭૨ સુધી અર્થાત્ 'ચોરી ચોરી'થી આરંભી 'બેઈમાન' સુધી નવ-નવ ફિલ્મફેર ઍવૉર્ડ્ઝ કદાચ શંકર-જયકિશનને જ સાંપડ્યા છે. નૌશાદ, અનિલદા, બર્મન, રામચંદ્ર - અગાઉ કેટલી ફિલ્મો અજમાવી પાછળથી ઝળક્યા છે, જ્યારે એસ.જે. પોતાની પ્રથમ સંગીતકૃતિ 'બરસાત'થી જ સિક્કો રણઝણાવી ગયા. એમની પૂર્વે એક મધુર ધૂન સર્જતી બેલડી હુશ્નલાલ-ભગતરામની આવેલી અને એમનાં પગરખાંમાં જ ડગપગ મેલવા એસ.જે. આવ્યા હશે, પણ લોકખ્યાતિ ખૂંચવી.

પગરખાંને ફાડી પગનું પરમાણું વિશાળું પરિમાણ આ ઉભયે સિદ્ધ કરી દેખાડ્યું. શંકર-જયકિશનના સહાયક રહી, પાછળથી નામદામ કમાઈ શકેલા જાણીતા સંગીતકારોમાં મુખ્ય કલ્યાણજી-આણંદજી તેમજ લક્ષ્મીકાંત-પ્યારેલાલ ગણી શકાય. છતાં અસલની સૂરમુદ્રાઓને અને લયતાલ ભંગિમાઓને ભાગ્યે જ કોઈ આંબી શક્યું.

નૌશાદસાહેબના સદ્ધર અને કટ્ટર પ્રતિસ્પર્ધકોરૂપે શરૂઆતનાં શિખર સર કરનાર ગંભીર 'ગેંડા મહારાજ' શંકર અને રમૂજી 'ગૅ લૉર્ડ' જેવા જયકિશનનું સ્થાન અજર છે. અવિચલ રહેશે. એમના કરોડો સંગીતચાહકો, 'જોકર' રાજનાં સ્વાનસૉંગ સમાન ગાયન 'જાને કહાં ગયે વો દિન'ને ગુંજતા રહે છે ને સુજ્ઞો ભવભૂતિનું સ્મરણ કરી 'તે હિ નો દિવસા ગતાઃ' સ્મરતા રહે છે!

લખનાર એકદા મુંબઈની રૉક્સી ટૉકીઝ આગળ ટેવ મુજબ આછા વાળ પર કાંસકો ફેરવતો ભટકાઈ ગયો. એક કદાવર વ્હાઇટ શર્ટ- બ્લૅક પેન્ટ સજ્જ સજ્જન સાથે અને તે અન્ય કોઈ નહિ વિખ્યાત શંકરજી હતા! તરત સૂઝી એમની 'પટરાની' ફિલ્મની 'કભી તો આ' તરજ... વાતો સ્તુતિમાં પલટાઈ ને શંકરે ફેમસ લૅબૉરેટરી પર આવવાનું આમંત્રણ આપ્યું... દુર્ભાગ્યથી જઈ ના શકાયું પણ ગુજરાતના એક અન્ય સંગીતરસિક, કવિ શૈલેન્દ્રજીની વત્સલ ભલામણથી શંકર-જયકિશનના રેકોર્ડિંગ સ્ટૂડિઓ સુધી ક્યારનોય પહોંચી ગયો હતો એટલું જ નહિ, શૈલેન્દ્ર-હસરત, શશી-શમ્મી સાથે પણ ઘરેબો કેળવી શક્યો એ એસ.જે.ના અપૂર્વ ચાહક છે 'ઇસરો' આર્કાઇવઝના પ્રચાલક ડૉ. પદ્મનાભ જોષી. ચાહકે સંગીત સાંભળ્યું જ નહિ, પીએચ.ડીની જેમ ડૉ. વિક્રમ સારાભાઈએ 'સ્ટડી ઑન ઇનોવેટિવ લીડરશિપ ઍન્ડ ઇન્સ્ટિટ્યૂશન બિલ્ડિંગ' વિષય લઈ કર્યું, તેમ શંકર-જયકિશન પર અભ્યાસગ્રંથ આલેખ્યો. આ પૂર્વે ગુજરાતી ભાષામાં અજિત પોપટે નૌશાદનાં સંભારણાંને આધારે 'આજ ગાવત મન મેરો' જેવો રસાળ ચરિત્રપ્રધાન ગ્રંથ કરેલો, ડૉ. જોશીના બહેન-બનેવી સંગીતભવન ટ્રસ્ટના નિરૂપમા-અજિત શેઠે પંકજ મલિક, કાનનબાળા પર અધિકૃત પુસ્તકો રચ્યાં હતાં; પરંતુ પદ્મનાભે તો વિષ્ણુવત પોતાના ચરિત્રવિષયની પ્રત્યેક તરજમાં પ્રવેશી, ચૂક્યા વિના બધી જ ફિલ્મોનાં ગીત-સંગીતનું યાદગાર પ્રસંગો સાથે વિશ્લેષણ કરી એક વૈજ્ઞાનિકની વસ્તુલક્ષિતા પણ પ્રસ્તુત કરી છે. વિજ્ઞાનચાહકે સુગમ સિનેસંગીતના અવકાશમાં સ્વૈરવિહરી એસ.જે.ની સૂરાવલિનું પ્રેમભક્તિપ્રચુર સંશોધન રજૂ કર્યું છે. એમ કરતાં એમના આરાધ્ય કવિ શૈલેન્દ્રની 'ઉજાલા'યુક્ત 'મધુમતી' પ્રકૃતિને લેખ વીસર્યા નથી.

એવી જ રીતે શંકર-જયકિશનના સમૃદ્ધ ઍરેન્જર ડિસોઝા સેબેસ્ટિયન, દત્તારામ પુણ્યવાન જેવાની સાંગીતિક સહાયને નજરઅંદાજ કરી નથી. એસ. જે.ના શતક ઉપરાંત વાદ્યવૃંદવાદકોમાં સેબેસ્ટિયનનું કાઉન્ટર મૅલડિ, બૅકગ્રાઉન્ડ સ્કોર અને ઇન્ટરલ્યૂડ અંશોમાં પ્રદાન

જયકિશન કે શંકરજીથી ઓછું તો નહીં જ પણ કદાચ ક્યારેક તો એસ.જે.ને પણ વળોટી જાય એ પ્રકારનું હતું. આ ગ્રંથથી એ તથ્ય પણ સ્પષ્ટ થાય કે જેટલો સુયશ શંકર-જયકિશનને કાઉન્ટર મૅલડિના સર્જન માટે અપાય છે એમાં સૅબેસ્ટિયનનો પણ સિંહફાળો હતો. ઓ.પી.નય્યરના ઍરેન્જર પણ સૅબેસ્ટિયન અન્ય સંગીત-કારો સાથે હતા તે કરતાં અધિક રહ્યા. દત્તારામે ફિલ્મો લીધી, જ્યારે સૅબેસ્ટિયન એમની અંતર્મુખ પ્રકૃતિના કારણે બૅકગ્રાઉન્ડમાં જ રહ્યા ને ગુજરી ગયા તે પૂર્વે ને પછી પદ્મનાભને કિંમતી , ગુપ્ત સંગીતધન ભેટ દેતા ગયા. એમ તો શંકરે લેખક સાથેની ચર્ચામાં 'હરે કાંચ કી ચૂડિયાં'ના રેકોર્ડિંગકાળે પોતે પિયાનો પર બેસી ઑરકેસ્ટ્રા સમેત ધૂન બજાવેલી! (ગોવામાં સૅબેસ્ટિયન - લેખક 'જાને કહાં' ગાય અને તે વાયોલિન વગાડે એવી કસેટ પણ એક મૂલ્યવાન મ્યૂઝીઅમ પીસ છે. પતિ-પત્ની વચ્ચે મતભેદ પડે છે એવા એસ.જે. વચ્ચે પણ પડેલા. 'યે મેરા પ્રેમપત્ર પઢકર'ના 'સંગમ' સૂર માટે, તેમજ નવી ગાયિકા શારદાને જ તક આપવાના આગ્રહમાં જયકિશન, શંકરથી દૂર થયેલા. સાગરનું 'આરઝૂ' જયકિશનનું ફરજંદ છે.

શૈલેન્દ્ર શંકરના શુક-પોપટ હતા જાણે. 'તીસરી કસમ' ખાઈ લઈ દારૂના સથવારે શુક શૈલેન્દ્રના પ્રાણપંખેરું ઊડવા સાથે શંકરની સર્જનાત્મકતા પણ બાષ્પીભવન પામી. હસરતજીને જયકિશન સાથે વધુ ફાવતું. જયકિશને સૅબેસ્ટિયન-દત્તારામ-રાજકપૂર સાથે 'જોકર'નું બૅકગ્રાઉન્ડ પૂના પહોંચી ચાર દિવસમાં જ તૈયાર કર્યું હતું. આર.કે.ની ઘણી ફિલ્મોના પાર્શ્વ સંગીતની પ્રેરણા ઈવ્હાનોવિસીની સિમ્ફની 'વેઝ ઑફ ધ ડાન્યૂબ'માંથી સાંપડેલી. 'પટરાની'ના સેટ પર તોડા માટે મતભેદ ઊભો થયો તો કૃષ્ણ કુટ્ટીની નર્તનમંડળીના સભ્ય શંકરજીએ, વૈજયંતીમાલાને જાતે નૃત્ય કરી તોડાના તાલ અને ભાવ નિર્દેશેલા!

અસંખ્ય ફોટાઓ ધરાવતા, તેર પ્રકરણોમાં પ્રસરેલા આ પુસ્તકમાં ૧૪મું પ્રકરણ સંદર્ભસૂચિ દસ્તાવેજી દૃષ્ટિએ, આઠમું પ્રકરણ 'સંગીતસર્જનની પ્રક્રિયા'માં ઈન્ટ્રલ્યૂડ મ્યૂઝિકના રિહર્સલ સ્તરના પરિવેશ માટે, પણ ૭મું પ્રકરણ એસ.જે.ના વિશાળ ચાહકવર્ગ માટે સોનાની ખાણ નીકળશે! બાવીસ વર્ષની, 'બરસાત' થી 'જવાં મુહબ્બત' સુધીની સુહાની સંગીતસફરનો સિલસિલો, પ્રત્યેક ફિલ્મના ઉલ્લેખ, રાગ-રાગિણીઓનો પરિચય (જેમ કે 'આરઝૂ'માં ચારુકેશી જેવા વિરલ રાગનો, શંકરના 'સંન્યાસી'માં સમગ્ર ભૈરવીનો તેમજ 'સદાસુહાગન' રાગના શોખીન રાજની બધી ફિલ્મોમાં ભૈરવીનો વિનિયોગ) અહીં ભરપૂર મળશે. નૌશાદજીને ભારત સરકાર તરફથી 'પદ્મભૂષણ' મળ્યો છે, પણ એસ.જે.ને કદાચ 'પદ્મશ્રી' વહેલો મળેલો. 'જોકર'ની લૉંગ પ્લે, નૌશાદની જુદી જુદી ફિલ્મોના બૅકગ્રાઉન્ડ સ્કોરની જેમ જાણીતી છે પણ ક્લાસિકલ મ્યૂઝિક, વેસ્ટર્ન વાદ્યો સાથે બહાર આવેલી 'રાગઝ ઈન જાઝ સ્ટાઈલ' એકમાત્ર એસ.જે.ની કીર્તિ કમાલ ગણાય. આર.ડી.બર્મનની પણ આવી એક લૉંગ પ્લે આવી ગઈ.

સંગીતનો સાગર એટલો ગહન ગંભીર છે કે જેટલાં મોતી બહાર આવે એનાથી અધિક ભાવિમાં પ્રકટી ઝળકશે. ડૉ. પદ્મનાભ જોશીએ સંગીતમોતી મઢેલા શંકર-જયકિશનને ગ્રંથસ્વરૂપ સર્વસંગ્રહની રીતેભાતે આપ્યું, યાસીન-રજનીકુમાર જેવા સંગીતરસિક લેખકોએ સુપાત્રે પોંખ્યું પણ લેખનની પ્રેરણા જોશીને સૌપ્રથમ આપનાર 'કુમાર'ના તંત્રીશ્રી બચુભાઈ રાવત હતા જેમણે લેખકના દાદાજી ગોંડલના દીવાન પ્રાણશંકર જોશી વિશેનો લેખ 'કુમાર'માં પ્રસિદ્ધ કરેલો! ['શંકર-જયકિશનઃ સદા બહાર ફિલ્મ સંગીતના યુગસર્જક' પૃ. ૨૮૮, રૂ. ૨૫૦, પ્રકાશકઃ કાર્તિક પી. જોષી, એ-૧૦૧, અલૌકિક ઍપાર્ટમેન્ટ્સ, બોડકદેવ, જજીઝ બંગલા પાસે, અમદાવાદ ૩૮૦૦૧૫]

- રાધેશ્યામ શર્મા

ગાંધીસાહિત્યના અભ્યાસુ ચંદુભાઈ દલાલ વિશે બે પુસ્તકો


ગાંધીકાલીન અને ગાંધીવાદી ચંદુભાઈ ભગુભાઈ દલાલનું નામ ગાંધી-સાહિત્યના એક અભ્યાસુ તરીકે જાણીતું છે. એમણે આપેલાં ૩૦ પુસ્તકો પૈકી 'ગાંધીજીની દિનવારી', 'ગાંધીજીની દક્ષિણ આફ્રિકાની લડતનો ઈતિહાસ' (પાંચ ભાગમાં) તેમજ 'મહાદેવભાઈની ડાયરી' અને 'મહાદેવભાઈનું જીવન-ચરિત્ર' પુસ્તકો નોંધપાત્ર અને અભ્યાસુઓ માટે તો ઐતિહાસિક મૂલ્ય ધરાવનારાં છે. ચંદુભાઈ (જન્મ-૧૮૯૯, અવસાન-૧૯૮૦)એ એક સામાજિક નવલકથા તથા 'ભદ્ર' ઉપનામથી બે વાર્તાસંગ્રહો પણ આપ્યા છે. અમદાવાદની શહેર સુધરાઈમાં તેમજ ગૂજરાત વિદ્યાપીઠ અને ગાંધી આશ્રમમાં તેઓએ સેવા આપી હતી. સદ્‌ગતના પુત્ર કશ્યપ ચંદુભાઈ દલાલ અને મનુભાઈ પંડિતે ચંદુભાઈ વિશે બે પુસ્તકો સંપાદિત-સંકલિત કર્યાં છે, જે ચંદુભાઈની જન્મશતાબ્દી ગ્રંથમાળા લેખે રજૂ થયાં છેઃ(૧) ગાંધીજીની ફૂલવાડી અને (૨) જીવનચરિત્ર, સંસ્મરણો, ચિંતનાત્મક લેખો અને મુક્તકો.

'ગાંધીજીની ફૂલવાડી' પુસ્તકમાં મુખ્ય આઠ પ્રકરણ આપેલાં છે કે જે ગાંધીજીના જીવન-કવન ઉપર આધારિત છે. આ સંકલિત અંશો ચંદુભાઈ-લિખિત ગાંધી સાહિત્ય અને એ સિવાયના બીજા ગાંધી સંદર્ભસાહિત્યમાંથી તારવવામાં આવ્યા છે. અહીં ગાંધીજીની દિનવારી ઉપરાંત ગાંધીજીની વિનોદવૃત્તિ વિશેનું પ્રકરણ રસપ્રદ બન્યું છે. ગાંધીજીના જીવન-પ્રસંગોમાંથી ઝળકતી રસવિનોદ-વૃત્તિ અહીં માણવા મળે છે. પરિશિષ્ટનાં ચાર પ્રકરણમાં પણ ખાદી અને

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



પ્રદર્શન હૉલનાં કાર્ટૂન જોઈને હસો છો?
ચિતારે ચોતરફ ખાલી અરીસા ગોઠવ્યા છે!
- મકરન્દ દવે



દેહ દાતણના જેવો, મન મર્કટના સમુ
આત્મા કિન્તુ ગણું મારો વડો બ્રહ્માંડ જેવડો.
- જ્યોતીન્દ્ર દવે

મહાદેવભાઈ વિશે ઉપયોગી માહિતી રજૂ કરવામાં આવી છે.

આ જ સંપાદકોએ ચંદુભાઈ વિશે રજૂ કરેલા બીજા પુસ્તકની જોડણી શ્રી મહેન્દ્ર મેઘાણી વિનિયોજે છે તે રાખી છે, જ્યારે પ્રથમ પુસ્તકની જોડણી સામાન્ય અથવા પ્રચલિત અથવા વિદ્યાપીઠ કોશ મુજબની રાખી છે. બીજા પુસ્તકની જોડણી ઉકેલતા આંખોને તકલીફ પણ પડે છે. આ કમનસીબી વિશે સંપાદકલેખે કશ્યપ દલાલે વાચકો માટે ગર્ભિત ધમકી યા ચેતવણીના સૂરમાં એક નોંધ પણ મૂકી છે, જે આ મુજબ છે:'મારી સમજ તથા ધૂન પ્રમાણેની જોડણી આ પુસ્તકમાં કરી છે. માત્ર જોડણીને કારણે જ જો કોઈ વાચક આ પુસ્તક અધૂરું છોડી દેશે તો તેને હું અત્યંચ કમનસીબ ગણીશ.' (પૃ.૧) ગાંધીજી સાચી જોડણીના પ્રખર હિમાયતી હતા અને એમના વિચારોથી રંગાયેલા સદ્ગત ચંદુભાઈ વિશેનું પુસ્તક આવી જોડણીવાળું મળે ત્યારે જોડણી વિશે ગાંધીજીએ જે કહેલું એ યાદ આવે છે:'અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી ખોટી કરતાં આપણને શરમ લાગે છે. તેના કરતાં માતૃભાષાની જોડણીનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઈએ. હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી.'

ચંદુભાઈ વિશેના આ બીજા પુસ્તકમાં એમનું જીવનચરિત્ર, એમના પરિવાર, પાડોશી, સ્નેહીજનો, મિત્રો-પરિચિતો વગેરેનાં સંસ્મરણ આલેખનો, ચંદુભાઈના ચિંતનલેખોમાંથી ચૂંટેલા ૧૨ લેખ, તેમજ મુક્તક વિભાગમાં ચંદુભાઈનાં કાવ્યો પ્રકાશિત કરવામાં આવ્યાં છે. જીવનચરિત્રમાંથી ચંદુભાઈના જીવન- ઘડતર, સંઘર્ષ, સ્વાતંત્ર્ય માટેની કામગીરી જેવા અંશો જાણવા મળે છે. આ પુસ્તકમાં ચંદુભાઈની જુદા-જુદા સમયગાળાની શ્વેત-શ્યામ તસવીરો પણ મૂકવામાં આવી છે.[ચંદુભાઈ ભગુભાઈ દલાલ જન્મશતાબ્દી ગ્રંથમાળાઃ ગ્રંથ પહેલો 'ગાંધીજીની ફૂલવાડી', ગ્રંથ બીજો 'જીવન ચરિત્ર, સંસ્મરણો, ચિંતનાત્મક લેખો અને મુક્તકો' - સં. (પ્રથમના) મનુ પંડિત, અને બીજાના મનુ પંડિત તથા કશ્યપ ચંદુભાઈ દલાલ, બંનેના પ્ર. જીવનસ્મૃતિ સ્વાધ્યાય મંદિર, ૧૭, વસંતનગર, ભૈરવનાથ માર્ગ, મણિનગર, અમદાવાદ-૮, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ.(ગ્રંથ-૧) ૧૨૦, પૃ.(ગ્રંથ-૨) ૧૬૪, મૂલ્ય રાખવામાં આવ્યું નથી.] *- દિનેશ દેસાઈ*

❀કલાવાર્તા❀

વિશ્વના મહાન ચિત્રકારો-૧૯

વાન ગોઘ

'સારું ચિત્ર કરવું એ એટલું સહેલું નથી. એ તો હીરામાણેક મેળવવા જેટલું જ અઘરું છે. એનો અર્થ એ કે એ દુશ્કર છે. અને માટે તો જીવન હોમી દેવું પડે.'

\- વાન ગોઘ

ચિત્રકલા વિષે ઊંચી સમજ ધરાવનાર વાન ગોઘે સાચે જ જીવન હોમી દીધું. લોકોએ એને ગાંડો ગણ્યો ને તે અર્ધ ભૂખ્યો



રહી જીવ્યો. પ્રેમને માટે પણ અતૃપ્ત રહ્યો.

માત્ર ૩૭ વર્ષની ટૂંકી જિંદગી જીવ્યો. ૨૭મા વર્ષે તો એણે ચીતરવાનું શરૂ કર્યું. એ લગભગ સ્વશિક્ષિત હતો. થોડોક સમય ઈકોલ નૅશનલ દા બ્યુએક્સ આર્ટ સ્ટૂડિઓમાં કામ કરેલું. ચિત્રકાર તુબુસ લોત્રકે ને એમીલ બર્નાર્ડ ત્યાં મળેલા.

પૅરિસમાં છાયાવાદી કલાકારોને મળ્યો. મોને, માને, પીસારો, સીસ્લી વગેરેમાંથી રંગોની તેજસ્વિતા પામ્યો. પીસારોને તો તે બહુ માનથી જોતો. સેરાની જેમ તેણે રંગ સાથે સંબંધ બાંધ્યો. રંગોમાં તાજગી લાવવા, ઇમ્પ્રેશનિષ્ટોની અસરમાં ૧૮૮૭માં ૨૦૦ કૅનવાસ કર્યાં. તેનું બ્રશિંગ-કામ જગતમાં નિરાળું. ક્યારેક રંગો ટ્યૂબમાંથી સીધા વાપરતો. એનું ચિત્ર એટલે લાગણી અને રંગોનો ધોધ.

તેના વિષે બે પુસ્તકો લખાયાં છેઃ એક ઈરવીન સ્ટોનનું 'Lust for Life' અને તે આધારે વિનોદ મેઘાણીએ લખ્યું 'સળગતાં સૂરજમુખી'. વાન ગોઘના જીવનની સઘળી વિગતો તેના પત્રોને આધારે છે. વાન ગોઘના પત્રો ગ્રંથરૂપે પ્રકટ થયા છે. તેની ગણના સારા પત્રલેખક તરીકે થાય છે.

તેનો જન્મ હૉલૅન્ડમાં ૩૦માર્ચ ૧૮૫૩. ગામનું નામ ગ્રૂટ ઝુનડર્ટ તે બેલ્જિઅમની બોર્ડર પર આવ્યું. પિતા થીઓડોરસ અને માતા કૉર્નેલિયા, જેના કલાસંસ્કારોથી વાન ગોઘ ચિત્રાભિમુખ રહ્યો. તે એકાંતપ્રિય હતો. બાળપણમાં મિત્ર સાથે ન રમતાં ખેતરને ખોળે ચાલ્યો જતો.


વિન્સેન્ટના કાકાને હેગમાં ગૅલરિ હતી અને તેઓ આર્ટ ડીલર હતા. તેમના સંબંધો લંડન અને પૅરિસ સુધી હતા. પિતા પાદરી અને કાકા વહેપારી, જેથી તેની આસપાસનું વાતાવરણ ગંભીરતાભર્યું. ૧૬ વર્ષની ઉંમરે વિન્સેન્ટ કાકાની ગૅલરિમાં ગોઠવાયો. ચારેક વર્ષ તેમાં કામ કર્યું ને વળી ઈંગ્લન્ડની શાખામાં ગોઠવાયો. લંડનની ઑફિસમાં રહ્યો ત્યારે સાહિત્યનો સ્પર્શ પામ્યો. ફ્રેંચ, અમેરિકન, ઈંગ્લિશ લેખકો વાંચ્યા. ફાજલ સમયમાં તે મ્યૂઝીઅમમાં જતો. રાતે જાગીને મોડે સુધી બાઇબલ વાંચતો.

લંડનના રહેઠાણ દરમિયાન તેની લૅન્ડ લેડીની દીકરી ઉર્જુલાના પ્રેમમાં પડ્યો. તેણે તેના પ્રેમની માગણી કરી. પ્રેમની પ્રતીતિ કરાવવા મીણબત્તીએ હાથ બાળ્યો, પણ આ કદરૂપાને કોણ પરણે? પ્રેમ તો ન મળ્યો પણ ઘરમાંથી કાઢી મૂક્યો. એ સમયે લંડનની ગૅલરિમાંથી પણ પાણીચું મળ્યું. તે માનસિક રીતે અસ્વસ્થ થયો, અને તથા તેમાંથી બચવા ધર્મ અને ફિલૉસોફી તરફ વળ્યો.

લંડનથી ગૌપિલની ગૅલરિ પર પૅરિસ જાય છે. ત્યાંથી ય છૂટો થાય છે. પાછો ઈંગ્લન્ડ આવે છે ને રેમ્સ ગેટની નાની શાળામાં કામ કરે છે. વળી, માબાપ પાસે આવે છે કારકુન થઈ એક બુક શૉપમાં કામ કરે છે. છેવટે ૧૯૭૫માં અપોઈન્ટમેન્ટ વગર ખાણિયા વચ્ચે ઉપ-દેશક થવા માટે વગર અરજીએ બોરીંજે પહોંચી જાય છે.

બોરીંજે બેલ્જિઅમમાં આવ્યું. ત્યાં ખાણિયાઓ વસે. દુઃખી ખાણિયાઓ વચ્ચે તેમની જેમ જીવે છે. ખપાટિયાંની ખોલીમાં પાટે સૂએ છે. કપડેલત્તે ચીંથરે-હાલ. ખૂબ ભોગ આપે છે. કાયા બિહામણી બની જાય છે. બાળકો તેનાથી બીએ છે. તેનું જીવન હવે અંધકારમય થાય છે. ભાઈ થીઓ હવે પૅરિસની ગૅલરિમાં જોડાવાનો હતો તે તેને કહે છેઃ' તું હવે ચિત્ર કર.' બોરીંજેમાં તે ખાણિયાઓના સ્કેચ કરતો, જેમાંથી ભવિષ્યે 'પૉટેટો ઈટર્સ' ચિત્ર સર્જાયું. જેમાં રાત્રિના પ્રકાશમાં દુઃખી લોકો જમે છે. ૧૮૮૦માં તે બ્રુસેલ્સ ગયો અને ત્યાં ડ્રૉઈંગનો અભ્યાસ કર્યો ને મીલેની કોપી કરી (મીલેની મજૂરી કરતી સ્ત્રીની કોપી કરે છે.). મીલે તેનો પ્રિય ચિત્રકાર હતો. પૉટેટો ઈટર્સ તેનું ડાર્ક માસ્ટરપીસ ગણાય છે(૧૮૮૫).


૧૮૮૦નું વર્ષ બહુ અગત્યનું ગણાય. તે ચિત્રકાર થવાનું નક્કી કરે છે. તે તેનાં માતાપિતા સાથે રહે છે. દર-




મોન્તેમાત્રેની ટેકરીઓ (૧૮૮૦)



વિન્સેન્ટની પ્રખ્યાત ખુરશી



મકાઈનું ખેતર અને સરુવૃક્ષો



ઘાસિયા જમીન પર નાંગરેલી હોડીઓ

મિયાનમાં તેની કઝીન કીના પ્રેમમાં પડે છે. અને તે પછી સિએન(Sien) નામની વેશ્યા સાથે રહે છે. તે સગર્ભા હોવાથી દયાને કારણે તેને પોષે છે. ૨૦ મહિના પછી તેઓ છૂટાં પડે છે. તેના સંગમાં 'સૉરો' ચિત્ર લિથોગ્રાફ સર્જાય છે, તે ચિત્રમાંથી નર્યું દુઃખ નીતરે છે. આજે તે આર્મસ્ટડ્રામ મ્યૂઝીઅમમાં છે. વળી, એક મોટી ઉંમરની બાઈ સાથે પણ એ જોડાય છે.

વાન ગોઘ આ પ્રેમ પામવાની ભરમારમાં દુઃખી થાય છે. કુટુંબનો સાથ કઈ રીતે મળે? અંતે એક દિવસ પિતા સાથે ઝઘડી બરાબર ૧૮૮૧ની ક્રિસમસને દિવસે ઘર છોડી જાય છે. ખાલી ખિસ્સે બસ નીકળી પડ્યો. મદદ માટે તેની પાસે એક જ માણસ હતો. થીઓ. ભાઈ થીઓએ જીવનભર વિન્સેન્ટને દર માસે નાણાં મોકલ્યાં કર્યાં. માગેલા રંગો ને કૅનવાસ આપ્યાં કર્યાં. તેની પડખે રહ્યો.

તેને ચિત્રકાર મોવેની મુલાકાત થાય છે. તે તેને મદદ કરતો. વાન ગોઘ કહે છે,'તે ચિત્રકારના સ્વાંગમાં રૂઢિવાદી છે.' દુઃખી વાન ગોઘ ૧૮૮૩માં પાછો પિતા પાસે આવે છે . હવે ઝૂંપડાં, ખેતમજૂરો, વણકરો વગેરે ચીતરે છે. વણકરનું ચિત્ર પૂરા અભ્યાસવાળું છે. ૧૮૮૫માં આન્ટપર્વ આવે છે ને પિતાનું મૃત્યુ થાય છે.

૧૮૮૭માં વળી કલાના કેન્દ્ર પૅરિસ જવાનું મન થાય છે. થીઓ એ જ પ્રેમથી તેને આવકારે છે. હવે તે ૩૪ વર્ષની ઉંમરે પહોંચ્યો છે. તે છાયાવાદી ચિત્રકારોથી પ્રભાવિત થાય છે. પીસારો, દેગા, ગોગાં સીગનેકને મળે છે. પૅરિસની શેરીઓનાં પોર્ટ્રેટ્સ અને ફૂલોનાં ૨૦૦ જેટલાં ચિત્રો કરે છે. કામનો વિપુલ જથ્થો ઊતરે છે. પોર્ટ્રેટ લગભગ ૨૩ થાય છે. રેમ્બ્રાની જેમ તેણે સ્વને ખૂબ ચીતરેલ છે. કલાક્ષેત્રે અગાઉ રૂપાળી સ્ત્રીઓ ને રૂઆબદાર પુરુષો ચિતર્યા છે. જ્યારે વાન ગોઘે કદરૂપી જાતને ચીતરી.



રાત્રિએ કાફેની અગાશીમાં

વાન ગોઘને ચીતરવા હવે પ્રકાશ જોઈતો હતો. જપાનીઝ ચિત્રો જોઈ તે હવે સ્પષ્ટ થયો હતો. તુલુસ લુત્રેકના કહેવાથી તે આર્લ્સ જાય છે -૧૮૮૮ ફેબ્રુઆરી ૨૦. અહીં ફળઝાડની વાડીઓ ખીલેલી હોય છે. હવે તેની રેખાઓ તથા આકારને બરાબર પકડે છે. રંગોનું સામંજસ્ય હોય છે. આર્લ્સનો પુલ, સૂર્યમુખી, કાફે ઍટ નાઇટ, પોસ્ટમૅન રાઉલીન, પીયરે ટેગ્યુઇ ચિતરાય છે.

કાફે ઍટ નાઇટમાં પીળો રંગ પૂર્ણરૂપે ખીલી ઊઠે છે. રાત્રિનું ભૂરું આકાશ પીળા રંગને ખીલવે છે. 'બેડરૂમ ઍટ આર્લ્સ'માં પણ પીળા રંગને જુસ્સાથી વાપરે છે. તેમાં પીળી ખુરશી અને સૂરજમુખી ગોઠવ્યાં હતાં. બધુ બેવડું હતું.

વાન ગોઘ અહીં નવેક મહિના (સાઉથ ફ્રાન્સ) એકલો કામ કરે છે. ત્યાં તેની ઝડપી પ્રગતિ થાય છે, પણ ખૂબ દારૂ પીએ છે. ગુસ્સે થાય છે ત્યારે બૂમો પાડે છે. માનસિક રીતે તો વ્યસ્ત જ રહેતો.

વાન ગોઘની યોજના ચિત્રકારનું ગામ ઊભું કરવાની. પોતે આર્લ્સમાં યલો હાઉસમાં રહે છે. ત્યાં સાથે રહેવા ગોગાંને નોતરે છે. ગોગાં બુદ્ધિશાળી હતો. બંને સાથે રહે છે. કળા વિષે ગરમાગરમ ચર્ચાઓ કરે છે. લડી પડે છે. એક રાત્રે તો વાન ગોઘ છરો લઈને ગોગાંની પાછળ પડે છે,



અંગ્રેજ લેખક રુડિયાર્ડ કિપ્લિંગનું પોર્ટ્રેટ

ચાલાક ગોગાં બચી જાય છે પણ, વાન ગોઘ પોતાનો જ કાન કાપી નાખે છે, અને તે કાનને કપડે વીંટી વેશ્યાને મોકલી આપે છે. વેશ્યા તેના કાનને વખાણતી.

બે અઠવાડિયામાં તે સાજો થઈ પાછો આવે છે. પોતે પોતાનું 'કાનકટ્ટો' ચિત્ર કરે છે જે ખૂબ ઊંચી કોટિનું છે. પણ પાછો માનસિક હુમલો થાય છે. પડોશીઓ તેને ગાંડો ગણી ૮૦ જણની સહીઓ સાથે અરજી કરે છે :'આ ગાંડો અહીં ન જોઈએ.' આર્લ્સનો સમય હવે પૂરો થાય છે. તે અસલામ જાય છે. આ સમય એટલે ૧૮૮૯.

માત્ર ૩૭ વર્ષની ટૂંકી જિંદગી જીવનાર આ કલાકારને જાણે મૃત્યુની ખબર પડી ગઈ હોય તેમ પાછલાં વર્ષોમાં રાતદિવસ જાગી, ભૂખ ને દુઃખ ભૂલી ૮૦૦ ચિત્રો કર્યાં. ખૂબ ડ્રૉઈંગ કર્યાં. કેટલાંક ચિત્રો વારંવાર કર્યાં. રોજ એક ચિત્ર પૂરું કરે. ક્યારેક વધુ. તેનાં છેલ્લાં ચિત્રો હતાં, 'ધ ચર્ચ ઑફ અવર્સ', 'ધ ટાઉન હૉલ ઑફ અવર્સ', 'ડૉ. ગાશેત' ડોક્ટર તેને ને તેના કામને ચાહતો હતો. તેના સંગ્રહમાં તેનું કામ રહ્યું. ભાઈ થીઓના ઘરમાં તો ઢગ હતો.

વાન ગોઘ ૧૬મીમે ૧૮૯૦ના રોજ પૅરિસ આવે છે. અને આઉર્સમાં સ્થિર થાય છે. ડૉ. ગાશેત તેને પ્રેમથી સંભાળે છે. મિત્ર બની જાય છે. તેના મૉડેલ બનીને બેસે છે. માંદગી પછી હવે તે ચીતરવાનું શરૂ કરે છે. પણ હવે તેને માનસિક હુમલાની બીક લાગે છે. તે ભયમાં જીવે છે. નિરાશા તેના દિલમાં છવાઈ જાય છે. તેને હવે જીવવાનો અર્થ નથી લાગતો. જુલાઈના છેલ્લા રવિવારે જે તેણે થોડા દિવસ પૂર્વે ચીતર્યાં હતાં તે ઘઉંના ખેતરો તરફ જાય છે. તે ચિત્રનું નામ 'વીટફીલ્ડ વિથ ક્રો' હોય છે. બસ, ખેતર સમક્ષ ઊભો રહે છે. જગા નિર્જન છે. એક ઢગને ઓથે જાય છે ને પોતાની છાતી પર ગોળી દે છે.

લોહીનીતરતો, ઢસડાતો ચાલતો ઘેર આવે છે. તેના ભાઈને સમાચાર પહોંચે છે ને થીઓ દોડી આવે છે. પ્રેમાળ ભાઈ તેના હાથમાં તેનો હાથ લે છે. વિન્સેન્ટ કહે છે:'બધાના ભલા માટે મેં આ કર્યું છે.' ત્યાર પછી છ જ માસમાં થીઓ ગુજરી જાય છે. બંનેની કબર પાસપાસે થાય છે. જીવતાંય સાથે ને મરતાંય સાથે.

તેનું સૂત્ર હતું :

A painting to rest the brain
or imagination.

હરિત પંડ્યાઃનટુ પરીખ

કલાવૃત્ત

અમદાવાદ આર્ટ સોસાયટીનું પ્રથમ જૂથ પ્રદર્શન

'અમદાવાદ આર્ટ સોસાયટી' ચૅરિટેબલ ટ્રસ્ટ છે. સાંપ્રત માહોલમાં કલા અને કલાકારના સર્વાંગી જતન માટે તમામ પ્રકારની કલાઓના પ્રચાર, પ્રસાર અને વિકાસ માટે આ ટ્રસ્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે. ટ્રસ્ટ દ્વારા કલાકારોને પ્રોત્સાહન આપવું તેમજ નાનાથી માંડીને મોટા તમામ કલાકારોમાં રહેલી શક્તિઓને બહાર લાવી તેમના વિકાસમાં સહાયરૂપ થવું તથા આપણા વારસામાં મળેલ સાંસ્કૃતિક કલાઓનું જતન કરવું તે ધ્યેયને ધ્યાનમાં રાખીને આ સંસ્થા કાર્ય કરે છે. તેની અનેકવિધ પ્રવૃત્તિઓમાં વિવિધ દૃશ્ય-



શ્રી અરવિંદ પટેલ



શ્રી ભરત પટણી

શ્રાવ્ય કલાઓ તેમજ ઉદ્યોગ, વિજ્ઞાન, સાહિત્ય તથા સંસ્કૃતિના વિકાસ માટે શ્રી વિશેષ અભ્યાસ, ફેલોશિપ તેમજ વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન તથા સ્થાનિક રાજ્ય અને રાષ્ટ્રિય કક્ષાએ પ્રદર્શનો યોજી વિવિધ ક્ષેત્રના કલાકારને પુરસ્કારો આપવા તથા સેમિનાર, વર્કશૉપ, સંમેલન, સ્લાઈડ શૉ, વ્યાખ્યાન યોજવાં તે કામ મુખ્ય છે. આ સોસાયટીના પ્રમુખ શ્રી વલ્લભભાઈ સાવલિયા અનુભવી અને કાર્યદક્ષ વ્યક્તિ છે.

શ્રી બંસી ખત્રી



સોસાયટીના પ્રથમ જૂથ પ્રદર્શનના કલાકારો અમદાવાદના છે. રવિશંકર રાવળ કલાભવનની ગૅલરિમાં યોજાયેલા પ્રદર્શનમાં ભાગ લેનારા કલાકારો છેઃ સર્વશ્રી અરવિંદ પટેલ, બંસી ખત્રી, ભરત પટણી. હિંડોળ બ્રહ્મભટ્ટ, જાદવ પટેલ, જયેશ શુક્લ, જીતુ ઓઘાણી, મિલન દેસાઈ તથા સુરેશ પટેલ. મોટા ભાગના કલાકારોનાં ચિત્રો આકૃતિપ્રધાન છે તથા નાનાં-મોટાં કદનાં છે. બંસી ખત્રી, જીતુ ઓઘાણી, મિલન દેસાઈનાં ચિત્રોમાં સાંપ્રત પ્રવાહોનાં દર્શન થાય છે, હિંડોળ બ્રહ્મભટ્ટ તેની 'ચિત્રત્રયી' (ટ્રિપ્ટિક) રચનામાં કલાના ઈતિહાસમાંથી



શ્રી હિંડોળ બ્રહ્મભટ્ટ



શ્રી જાદવ પટેલ

દૃશ્યો લઈ, તેમની ઝેરોક્ષ પ્રિન્ટ્સ કઢાવી તેમને ચિત્રાવકાશમાં રજૂ કરે છે. તેમાં કલાકારોના ફોટાઓ પણ મૂક્યા છે. રચનાની ચારેબાજુ કોઈ પક્ષી માળો બાંધે તેમ



શ્રી જીતુ ઓઘાણી

સાચા ઘાસ-ડાળખીઓને મૂક્યાં છે તથા રંગોને ઉપરથી નીચે રેલાતા દર્શાવી એક નવું દૃશ્ય પરિમાણ સર્જ્યું છે.આ 'ચિત્રત્રયી' તેમણે વિશ્વ-વિખ્યાત કલાકાર ભૂપેન ખખ્ખરને અર્પણ કરી છે.

અરવિંદ પટેલનાં ચિત્રો સર્જનાત્મક લ'સ્ટિલ લાઈફ'ના સુંદર, કલાત્મક નમૂનાઓ છે. તેમાં તેમણે પવાલાં, અથાણાંની બરણીઓને ચિત્રાવકાશમાં એકરંગી પશ્ચાદ્‌ભૂ સામે મૂક્યાં છે. મુખ્ય રંગ બદામીનો વિનિયોગ ધ્યાનપાત્ર છે. બંસી ખત્રી તેમનાં ચિત્રોમાં કાર, નગ્ન માનવાકૃતિઓ, લૅમ્પ-પોસ્ટ તથા સાણસી, ચમચા, સમયયંત્ર વગેરેને ચિત્રાવકાશમાં સંયોજિત કરે છે. ભરત પટણીની ઊંચી કાળી સફેદ માનવાકૃતિઓ ભવ્ય લાગે છે. જાદવ પટેલ પેન્સિલ રંગોમાં પ્રકૃતિનાં દૃશ્ય કલ્પનોને ચિત્રાવકાશમાં તરતાં દર્શાવે છે. જયેશ શુક્લના સાધુઓના ચહેરાઓમાં તેમનું



શ્રી જયેશ શુક્લ

સેલ્ફ-પોર્ટ્રેટ છે. જીતુ ઓઘાણી ખીલીઓથી, ભવ્ય આકૃતિ દ્વારા માનવ સ્થિતિ આલેખે છે. મિલન દેસાઈ તેમનાં ચિત્રોમાં પેથાપુર જેવા સ્થાપત્યની દૃષ્ટિએ રસપ્રદ સ્થળને ફોટોગ્રાફ્સની મદદ લઈ તેની નીચે ગુજરાતીમાં વર્ણન મૂકી, દિશાસૂચક રેખાઓનો ઉપયોગ કરી તથા ઊભી ફિલ્મ પટ્ટીને સમયના પ્રતીકરૂપે યોજી પેથાપુરની ગલીનાં સ્થળ અને સમયનાં પરિમાણોને કલાત્મક રીતે રજૂ કરે છે. સુરેશ પટેલની કમ્પ્યૂટર ગ્રાફિક સંરચનાઓ અવકાશી ગ્રહોને દર્શાવી તેમાં માનવ ઇતિહાસના ગોરિલા, અમેરિકન પ્રમુખોની પર્વતમાં કોતરેલી મૂર્તિઓને, રોકેટને મૂકીને એક વૈશ્વિક, રહસ્યમય દૃશ્યસૃષ્ટિનું નિર્માણ કરે છે. તેમનાં ગ્રાફિક ચિત્રો જોતાં બેધડક કહી શકાય કે હવે કમ્પ્યૂટર પર સર્જાયેલી રચનાઓ હસ્તથી સર્જાયેલી ચિત્રરચનાઓ જેટલી જ કલાત્મક તથા સર્જનાત્મક બની શકે છે.

*

યુવા કલાકાર બિમલ ગજ્જર

બિમલ ગજ્જરે ૧૯૯૬માં ડિપ્લોમા ઈન અપ્લાઈડ આર્ટની પરીક્ષા પ્રથમ વર્ગમાં વલ્લભવિદ્યાનગર કલા કેન્દ્ર કૉલેજ ઑવ ફાઈન આર્ટમાંથી પસાર કરી. ૧૯૯૯માં અપ્લાઈડ આર્ટ (ઇલસ્ટ્રેશન)ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પસાર કરી. એમ. એસ. યુનિવર્સિટી વડોદરાથી પોસ્ટ ડિપ્લોમા ઈન એપ્લાઈડ આર્ટ્સ(ઇલસ્ટ્રેશન) ડિસ્ટિંક્શન સાથે પસાર કરી. પુસ્તકો માટે ઇલસ્ટ્રેશન કર્યાં છે. તેમણે બેસ્ટ સ્કેચિંગ ઍવૉર્ડ, ડ્રૉઈંગ માટેનું પ્રમાણપત્ર, ક્રિએટિવ ડિઝાઈનિંગ માટેનું પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યાં છે.

કન્ટેમ્પરરી આર્ટ ગૅલરિમાં તેમના વૈયક્તિક પ્રદર્શનમાં તેમણે પુષ્પચિત્રો, દૃશ્યચિત્રો, પક્ષીચિત્રો, વિશ્વવિખ્યાત કૃતિઓની



અનુકૃતિઓ રજૂ કર્યાં. ખાસ નોંધપાત્ર સિદ્ધિ વાસ્તવદર્શી શૈલીની ટેક્નિક પરનું તેમનું પ્રભુત્વ છે. તૈલરંગો, જળરંગો, પેન્સિલ જેવા માધ્યમોને તેમણે સૂઝ-સમજપૂર્વક વિનિયોગ કર્યો છે.

સમગ્ર પ્રદર્શન જોયા પછી મને સ્પષ્ટપણે લાગ્યું કે બિમલે ટેકનિક્ પરનું પ્રભુત્વ તથા કૌશલ જરૂર તેનાં ચિત્રોમાં દર્શાવ્યાં છે અને તેમની અનુકૃતિઓ પણ ઉચ્ચ કક્ષાની છે, છતાં તેમની સર્જનાત્મક વૈયક્તિક દૃષ્ટિનાં ક્યાંય તેમનાં ચિત્રોમાં દર્શન થતાં નથી. મોટા ભાગનાં ચિત્રો ફોટાઓ પરથી તૈયાર કર્યાં છે. તેમની પાસે વૈયક્તિક અભિવ્યક્તિ અપેક્ષિત છે.

-બંસીલાલ દલાલ

કલાસ્મૃતિ

ઈન્ટીરિઅર ડિઝાઈનર - સુનિતા કોહલી

સમગ્ર વિશ્વમાં સ્થાપત્યકલાના વિકાસ અર્થે આપણા દેશમાં ભવ્ય ઈમારતો થવા માંડી, જેમાં મહાનગરોમાં કલાત્મક



રચનાઓવાળાં મકાનો, બંગલા હવેલીઓ, હૉટલો, વેપાર-ઉદ્યોગન સ્થળો, આધુનિક સ્થાપત્યકલાની રચના સાથે ભારતીય કલાવારસાને પણ લક્ષમાં લેવા લાગ્યાં.

સ્થાપત્યની રચનાઓ સાથે ઈન્ટીરિઅર સ્પેસ વધારે રચનાત્મક સુંદર અને સગવડવાળી બને તેના માટે, ઈન્ટીરિઅર ડિઝાઇનરો, ડેકોરેટરો, ફર્નિચરના રચનાકારો મેદાનમાં આવ્યા. આ બધી શરૂઆત સન ૧૯૬૦ આસપાસ આપણા દેશમાં શરૂ થઈ, સન ૧૯૮૦માં પૂરબહારમાં ખીલી અને આજે સન ૨૦૦૩માં દરેક મોટા શહેરમાં, સુંદર મકાનોમાં, ઉત્તમ પ્રકારનાં ઈન્ટીરિઅર ડેકોરેશનની દૃષ્ટિથી થયેલાં ફર્નિચર જોવા મળે છે. પ્રજા અન્ય વિષયો સાથે, સ્થાપત્ય અને ઈન્ટીરિઅરના વિષયોનો પણ અભ્યાસ કરે છે. આવા વિષયોની શિક્ષણસંસ્થાઓ પણ મોટાં શહેરોમાં કાર્યરત છે.

ઈન્ટીરિઅર ડિઝાઈનક્ષેત્રે ભારતમાં ઘણાં નામ મશહુર થયાં છે. પુરુષપ્રધાન આ વ્યવસાયમાં આજે નારીજગતે પોતાનો સિક્કો જમાવેલ છે. તેમાં ન્યૂ દિલ્હીનાં સુનિતા કોહલીનું નામ અગ્રગણ્ય લેખાય છે. દેશ-વિદેશમાં તેમની રચનાઓ આદર નામી છે. સુનિતાબહેનના જીવનસર્જનમાં ડોકિયું કરવાથી 'કુમાર'ના વાચકવર્ગને આમાં પણ ગૃહ-સજાવટની રસિક માહિતીની જાણ થશે.

શ્રી સુનિતા કોહલીનો જન્મ સન



૧૯૪૭માં લખનઊમાં થયો હતો. શાળાભ્યાસ બાદ અંગ્રેજી માધ્યમમાં સ્નાતક થયાં. સાહિત્ય તેમજ યુરોપના ઈતિહાસ સાથે અનુસ્નાતક થયાં અને લખનઊની લોરેટો કૉલેજમાં ઈતિહાસનાં અધ્યાપક થયાં. ૧૯૭૧ માં આ જ શહેરના શ્રી રમેશ કોહલી સાથે લગ્ન-ગ્રંથિથી જોડાયાં. તેમના પરિવારમાં આજે ત્રણ બાળકો છે. કૉલેજના પ્રાધ્યાપક કાળ દરમ્યાન તેમને યુરોપનાં સાંસ્કૃતિક સર્જનો, ઈતિહાસ, કલા-સ્થાપત્ય અને સુશોભનમાં રસ પડ્યો. તેમના કહેવા પ્રમાણે યુરોપમાં બધી જ સદીઓમાં મહાન સર્જનો થયાં છે; પરંતુ ૧૮મી સદી કાબીલે દાદ છે. આ સદીએ વિશ્વને ઉત્તમ ચિત્રકારો, સ્થપતિઓ, ડિઝાઈનરો અને નવી શોધો આપી છે.

સુનિતાબહેને ડિઝાઈન, કલા કે સ્થાપત્યનો ખાસ અભ્યાસ કરેલ નથી. પણ પોતાની સંશોધન કરવાની ટેવ અને અભ્યાસને કારણે જાતમહેનતે સિદ્ધિનાં શિખર સર કર્યાં છે. બ્રિટિશરાજ વખતે દિલ્હી, કોલકતા, જોધપુર જેવી જગાઓએ વાઈસરૉય હાઉસ, ઉમેદભવન પૅલેસ, વિક્ટોરિયા મેમૉરિયલ જેવાં સ્થાપત્યો પ્રકાશમાં આવ્યાં. સાથે તેમાં ગોઠવવામાં આવેલ ઉત્તમ કક્ષાનું ઈન્ટીરિઅર તેમજ ફર્નિચર લોકોના જોવામાં આવ્યાં. મોટાં શહેરોનાં સુખી ધનાઢ્ય લોકો પણ ખરીદી શકતાં નથી અને આ પ્રકારની ચીજવસ્તુઓ બનાવનારા પણ ઓછા હતા. તે જમાનામાં ઈંગ્લન્ડની 'થૉનેટ' ફર્નિચર કંપનીની શાખાઓ મુંબઈ, કોલકતા અને ચેન્નાઈમાં શરૂ થયેલી. પણ ભારતીયોને માટે તે ચીજવસ્તુઓ અપ્રાપ્ય હતા. આ બધું જોઈજાણીને, સુનિતાબહેને લખનઊની રવિવારી બજારમાંથી જૂનું ફર્નિચર લાવીને તેની અનુકૃતિ કરાવવાનું શરૂ કર્યું, જેમાં ઈંગ્લિશ વિક્ટોરીઅન જમાનાનો ટચ જોવા મળતો હતો. આ ફર્નિચર લખનઊ તેમજ આસપાસનાં રસિક ધનાઢ્ય લોકોને પસંદ પડ્યું, અને સુનિતાબહેનનો વ્યવસાય જામ્યો. તેમના કોલકતાના પ્રવાસ દરમ્યાન તેમણે 'લાઝારસ' અને 'એડવર્ડીઅન' ફર્નિચરના નમૂનાઓ મેળવ્યા. અનુકૃતિ કરાવી ને લોકો સમક્ષ મૂક્યા અને પ્રસિદ્ધ પણ થયા. ત્યાર બાદ તેમણે મકાનોનાં ઈન્ટીરિઅર ડિઝાઈનનું કામ શરૂ કર્યું. સફળતા તેમને ન્યૂ દિલ્હીનાં લોકોને વિવિધતાવાળા લાકડાના ઉપયોગવાળું નાજુક છતાં મજબૂત ફર્નિચર તેમજ ભારતીય કલાવારસાના ઉપયોગથી સુસજ્જ મકાનો ગમવા માંડ્યાં. હવે તેમણે સંસ્થાકીય મકાનો, ઑફિસો, હૉટલો, રેસ્ટોરાંનાં કામ મળવા લાગ્યાં. કંઈક નવું ઐતિહાસિક તેમજ ગ્રાહક વર્ગને ગમી જાય તેવું ડેકોરેશન કરવાની તેમની સંશોધનવૃત્તિને કારણે તેઓ લોકોમાં ખૂબ જ પ્રિય થતાં ગયાં. આ સમય દરમ્યાન તેઓને પ્રથમ મોટું કામ ખાજુરાહોમાં ઑબેરોય હૉટલની આંતરિક રચના કરવાનું કામ મળ્યું જે લોકપ્રિય થયું.

સુનિતાબહેને પોતાની ઈન્ટીરિઅર ડિઝાઈનર તરીકેની કારકિર્દી દરમ્યાન સંપન્ન કરેલાં દેશ-પરદેશનાં કામોની યાદી ખૂબ જ માહિતીપ્રદ તેમજ રસિક છે. ન્યૂ દિલ્હીનું હૈદરાબાદ હાઉસ, જવાહરભવન,

(અનુસંધાન પૃ. ૫૮૦ પર)

કેરલ
દેશાટન-૫૪



કેરલનો સમગ્ર પ્રદેશ ઈશ્વરીય સૌન્દર્યના પ્રદેશ તરીકે ઓળખાય છે. અહીંની ભવ્ય નહેરો, તળાવો અને નદીઓનાં જળ ત્યાંની સ્થાનિક ભાષામાં 'અપ્રવાહી જળ' (બૅક વૉટર્સ) તરીકે પ્રસિદ્ધ છે, જે કેરલનું અનુપમ સૌન્દર્ય છે અને દુનિયામાં બીજે ક્યાંય એવું સૌન્દર્ય જોવા નહીં મળે. તળાવો, નહેરો અને લગભગ ૪૪ જેટલી નદીઓનાં પાણી ભેગાં થઈ અરબ સાગરમાં પ્રવાહિત થાય છે અને આ ઊંડો જલપ્રવાહ ૯૦૦ કિ.મી.થી વધારે પ્રદેશમાં ફેલાયેલો છે. અહીંનાં લોકો નૌકા બનાવવાના કામમાં, ચૂના-પથ્થરના ખોદ-કામમાં, ચોખા અને બીજા અનાજના ખેતીકામમાં તથા બતક-પાલનમાં લાગેલાં છે.

અહીં અલાપુઝાથી નૌકા દ્વારા શરૂ થતી સફર નાની નાની નહેરોમાં થઈને વેમબનાડ સરોવરમાં આવે છે. ત્યાંથી કુટ્ટાનડ થઈ કોચ્ચિ બંદરે સમુદ્ર સુધી પહોંચે છે. આઠ બાજુઓવાળું અશતપુડ્ડી સરોવર દક્ષિણના કોલમ જિલ્લાના ઘણા મોટા પ્રદેશમાં ફેલાયેલું છે, જે સૌથી મોટું 'બૅક વૉટર્સ'નું સ્થળ છે. કેટુવલોમ ઘણું પ્રખ્યાત જોવાલાયક સ્થળ છે, જ્યાં બધી જ આધુનિક સુખસગવડોવાળી નૌકાઓ તથા 'બૅક વૉટર્સ'નો હરિયાળો વિસ્તાર વિશ્વનું એક વિસ્મયકારી દશ્ય છે. ૧૪ એકર જેટલા વિસ્તારમાં આવેલું 'કુમારકોમ' નામનું પક્ષી-સંગ્રહાલય જોવાલાયક છે. રજાઓમાં પર્યટન માટે અત્યંત મનોહર સ્થળ છે. નિયમિત આવતાં પક્ષીઓ વૉટર ડક, કુકુજ, સાઈબિરિયન સ્ટૉકર્સ વગેરે છે.

('યોગક્ષેમ'ને આધારે)



આપણે આવળ બાવળ બોરડી,
કેસરઘોળ્યા ગલના ગોટા જી;
હલકાં તો પારેવાંની પાંખથી
મ્હાદેવથી યે પણ મોટા જી.
આપણા ઘડવૈયા બાંધવ ! આપણે.

('ધ્વનિ'માંથી)


— રાજેન્દ્ર શાહ

સ્વ. બાલકૃષ્ણ પટેલ

શ્રી બાલકૃષ્ણ પટેલ ગુજરાતના કલાક્ષેત્રે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તે પ્રથમ હરોળના પ્રયોગશીલ કલાકાર હતા. તે ચિત્ર કરે, નાટક કરે ક્યારેક મંડપ ડેકોરેશન પણ કરી લે. સ્વભાવે ટીખળી ને તોફાની. ઉંમર એમને નડે નહિ. મસ્તરામ થઈ જીવ્યા. પત્ની સવિતાબહેન સતત તેમનો પડછાયો રહ્યાં. મોટા દીકરાની વહુ યોગિની કલાશિક્ષક છે, અને તેનો દીકરો વળી ચીતરે છે. આમ, કલાના સંસ્કાર વહેતા રહ્યા છે. યોગિનીના પિતા પ્રતાપભાઈ ચિત્રકાર હતા.

મૂળ રહેઠાણ રંગીલા પોળ, શાહપુર. એમનો સ્ટૂડિઓ વિક્ટોરિયા ગાર્ટન નજીક. જ્યાં પૂર્વે કારખાનું હતું. પાછલી ઉંમરમાં તેઓ સેટેલાઈટ રોડ પર 'સત્યાગ્રહ છાવણી'માં રહ્યા. કામ પણ ત્યાં જ કરતા. મૃત્યુ પૂર્વે બે માસથી ચાલી શકતા નહિ.પથારીમાં પડ્યા પડ્યા પેન્સિલ ડ્રૉઈંગ કરતા. જીવનની છેલ્લી પળો સુધી ચિત્ર એમની સાથે હતું.


શાળાકાળમાં 'ઠોઠ નિશાળિયા' તરીકે તેમની ખ્યાતિ ખરી ! અભ્યાસ નૉન-મૅટ્રિક. સાત વિષયમાં કુલ ૮૫ ગુણ મેળવેલા! લડાયક હોવાને નાતે ક્યારેક માર પણ ખાય. કુસ્તી સારી કરે. શાહપુરના અખાડે જાય એટલે તે વિષયમાં ચૅમ્પિયન થયા. તેમના વડવાઓનો ધંધો હાથશાળનો હતો. બાલુભાઈની કારકિર્દીની શરૂઆત ધોળકાની કૉટન મિલમાં ક્લાર્ક તરીકે થઈ હતી.



શાળાસમયની નોટોના હાંસિયામાં ચીતરામણ કરે. ચિત્ર તરફનો લગાવ પૂરતો. પરિણામે મૅટ્રિક પછી શ્રી રવિશંકર રાવળ પાસે ગયા. પારસમણિના સ્પર્શે તેમના જીવનમાં વળાંક આવ્યો. બાદ કલાના નવા પ્રવાહોના સ્પર્શ માટે શ્રી બેન્દ્રે પાસે આવ્યા. (૧૯૫૭ આસપાસ) થોડો સમય નૉન કૉલેજ સ્ટુડન્ટ તરીકે કામ કર્યું. તે સમયે કલાકાર સંતોષ, શ્રી પારિમુ તથા શાંતિ દવેની મૈત્રી થઈ. શાંતિ દવે દિલ્હી ગયા ત્યારે તેમની પાસે અવારનવાર જાય ને દિલ્હીના જૂથ સાથે ભળી ગયેલા. ૧૯૫૭માં તેમને લખનઊ અકાદમીનો અવૉર્ડ મળેલો. શાંતિ દવેની

મૈત્રી કલાક્ષેત્રે ફળદાયી નીવડી.

અમારી મુલાકાત વડોદરા શિલ્પભવનમાં થયેલી. તેમણે ત્યારે એમનું સેલ્ફ પોર્ટ્રેટ બનાવેલું - ૨૦" x ૨૪" ના કદનું તૈલરંગોમાં, જાડા રંગમાં, મોટા ટચીઝ પૅચીજવાળું; જેમાં સેઝાંની



અસર હતી. તીરછી આંખે સ્વનું અચ્છું આલેખન કરેલું. પાછળથી ધંધાની રીતે ઘણાં બ્રોમાઈડ અને તૈલચિત્રો કરેલાં. એમની જીગર ખૂબ. એક વખત ૩૦ x ૪૦ના કદના એક જ પોર્ટ્રેટનો શો કન્ટેમ્પરરી ગૅલરિમાં કરેલો.

૧૯૬૯માં એમને નૅશનલ ઍવૉર્ડ મળેલો. ૧૯૭૮માં બીજી વખત નૅશનલ ઍવૉર્ડ મળ્યો. ૧૯૫૯ થી ૧૯૯૩ સુધી મુંબઈ, દિલ્હી, લખનઊ અને અમદાવાદ મળી ૧૪ વનમૅન શો કરેલા. ક્યારેક આખા ને આખા શો વેચાઈ જતા. ૧૯૯૩માં ગુજરાત સરકારે એમને શાલ-સરપાવથી નવાજેલા. પૂર્વેના કાળમાં ડ્રૉઇંગ કર્યાં. તેમણે કરેલાં ઘોડાનાં રેખાંકનો ખૂબ ગતિશીલ. રેખાઓ જીવંત. તે આકારની વાસ્તવિક્તા જાળવીને સ્પેસ સાથે રમત કરે છે. એમના ઘોડા હુસેનથી જુદા. હા, ક્યાંક પીકાસો દેખાય. પણ રેખા ખૂબ નાજુક. માનવપાત્રમાં ખૂબ ઋજુતા મૂકે. ઘોડામાં માનવીપણું મૂકી ચિત્રમાં લાગણી ઊભી કરે. શાહી સાથે પેસ્ટલનો ઉપયોગ કરી ચિત્રમાં રંગો ઉમેરે.

એમણે નિમંત્રણથી ઘણાં જૂથ પ્રદર્શનો કર્યાં. ૧૯૫૯માં એમણે જહાંગીરમાં શો કરેલો. પછી ચેમોલ્ડમાં અને દિલ્હીમાં. અરવિંદ મિલના દલાલ અને કસ્તુરભાઈ ગ્રૂપના શ્રી દિનુભાઈ અને તેમનાં પત્ની સુલોચનાબહેને બાલભાઈને પોતાના ભાઈ ગણેલા. તેમના સંગ્રહમાં બાલભાઈની કૃતિઓ ખરી. બંનેએ જીવનભર તેમનું ધ્યાન રાખેલું.

ગુજરાતમાં પહેલી ટેલિફિલ્મ 'રેવા' થઈ. તેમાં તેમણે તેના ક્રૂકેડ સસરાનો રોલ કરેલો. તેમણે 'કાબુલીવાલા' નાટકમાં કાબુલીવાલાનું પાત્ર ભજવેલું. તેમાં અશોક ભટ્ટ સાથે હતા. અશોક ભટ્ટ મીનીના પિતા બનેલા. દર્પણના રંગમંચ પર 'વૃક્ષ' નાટક કરેલું. એ જોતાં હું પ્રભાવિત થયેલો. એ નાટકમાં શ્રી કૈલાસ પંડ્યા અને દામિનીબહેન સાથે હતાં. 'મનસુખલાલ મજીઠિયા' નાટકમાં માણસ ઓગળી જાય છે ને ઝભ્ભો રહી જાય છે. તેમાં પણ મુખ્ય પાત્ર તેમનું હતું. તે કવિતાય કરે. 'રે મઠ'વાળાં સૌ તેમના મિત્ર. તેમની વિદાય પછી આર્ચર ગૅલરિમાં ઘોડાનાં રેખાંકનો પ્રદર્શિત થયાં.

શ્રી બાલભાઈ વીંચી કહે છે તેમ ધાબાંમાંય સૌંદર્ય જોતા. તેમનાં ચિત્રોમાં ધાબાં ને રેખાઓ રહેતી. રંગોના સ્તરની સપાટીની ભીતરથી રંગો પ્રકટતા ને કવિતા રચાતી. તેમનાં તાંત્રિક પેઇન્ટિંગમાં બિરંદેની અસર રહેતી. તે ડાલીને તો પચાવી ગયેલા. તેમને ગુરુ બેન્દ્રે માટે ખૂબ માન હતું. મળે ત્યારે ખૂબ ભાવથી માથું ઝૂકાવતા. એ ધૂળના માનવી હતા. ગરીબો સાથે જમીન પર બેસી જમે એવો ઝીંદાદિલ આદમી.

તેમની ચિર વિદાય તા. ૨૪-૬-૦૩ ના રોજ થઈ. તેમનું વિપુલ સર્જન એ તેમનું કાયમી સ્મરણ છે. તેમને ત્રણ પુત્રો ને ભર્યુંભર્યું કુટુંબ છે.

- નટુ પરીખ

*

ચિંતાની ચિતામાં બળતા પહેલાં

જે લોકો ખૂબ ચિંતા કરે છે તેઓ હકીકતે કાગનો વાઘ કરી નાખતા હોય છે. લગભગ ૧૦૦ માણસે ૯૦ ટકા માણસોની શારીરિક બીમારી માનસિક સમસ્યાઓને લીધે હોય છે. અહીં એક સવાલ ઊઠે કે શું ચિંતા જન્મથી જ લઈને આવ્યાં છીએ? સાઈકોલોજિસ્ટ ડૉ. બેવર્લી પોટ્ટરનું કહેવું છે, 'ના, આપણે ચિંતા લઈને જન્મ્યા નથી, પણ આપણે જેમ ચાલતાં, બોલતાં શીખીએ છીએ તેમ ચિંતા કરતાં શીખીએ છીએ અને એમ ધીરે ધીરે આપણને ચિંતા કરવાની આદત પડી જાય છે.' તેઓ થોડાંક સૂચનો જણાવે છે:

▲ તમને સતાવતી ચિંતા કાગળ પર ટપકાવી લો. એનાથી તમારા મનને થોડી મોકળાશ મળશે અને તેનાથી છૂટવાના ઉપાયો પણ. ▲ જે વસ્તુ કે સ્થિતિ તમે બદલી શકવાના નથી તેને માટે ચિંતા કર્યે રાખવી નિરર્થક છે. ▲ હંમેશા આશાવાદી વિચારધારા અપનાવો. નકારાત્મક, નિરાશાવાદી વિચારો હતાશા અને ગુસ્સાને જ જન્મ આપશે. ▲ દિવસનો અમુક સમય ફક્ત ચિંતા કરવા માટે અલગ રાખો, વધુ નહીં ફક્ત દસ મિનિટ. તેનાથી તમારી ક્ષુલ્લક ચિંતા ઘટશે અને તમને મનગમતી પ્રવૃત્તિ કરો અને ચિંતાને ભૂલી જાઓ. ▲ 'તમારે શું કામ કરવું જોઈએ', 'બીજાએ શું કરવું જોઈએ' અને 'શું થવું જોઈએ' એવી ચિંતા કરવાનું છોડી દો અને દરેક કાર્યને મન દઈને કરો. ▲ સદાય હસતા રહો. તમે હસતાં હશો તો સુંદર દેખાશો અને તમને પણ સારું લાગશે. ▲ નશીલી ચીજોથી દૂર રહો. એવી દવાઓ ન લો કે જેનાથી તમારી નાડી ઝડપથી ચાલવા લાગે. તમને હતાશા લાગે. બને ત્યાં સુધી કોફી પીવાનું પણ ટાળો. તેમાં કેફીનનું પ્રમાણ વધુ હોવાથી તે માનસિક અસ્વસ્થતાનું કારણ બને છે. ▲ હૂંફાળા પાણીથી સ્નાન કરો. તેનાથી તન, મન હળવું લાગશે. ▲ ઊંડા શ્વાસોચ્છ્વાસ લો. પ્રાણાયામ કરો. વધુ પડતી ચિંતાને કારણે

અનેક પ્રકારના શારીરિક અને માનસિક રોગો થાય છે એમ લંડનના બિહેવીઅર સ્પેશિયાલિસ્ટ ડૉ. સાઈમન ડાર્નલિનું કહેવું છે.

▲ ચિંતાને લીધે હથેળીમાં પરસેવો થવો,હૃદયની ધડકનો વધી જવી, પગ પાણી પાણી થઈ જવા, ઘડીએ ઘડીએ બાથરૂમમાં જવું એ ઘણું જ સામાન્ય છે. ▲ જેવો સતત ચિંતા કરતાં હોય છે તેમને અમુક રોગો થવાની શક્યતા વધી જાય છે. જેમકે આથ્રાઈટીસ, અસ્થમા, પેપ્ટિક અલ્સર, સતત માથાનો દુઃખાવો અને હૃદયરોગ. ▲ જ્યારે તમે સતત ચિંતા કર્યા કરો છો ત્યારે તમારી કાર્યશક્તિ, વિચારશક્તિની ક્ષમતામાં ઘટાડો થાય છે. કોઈ પણ કાર્યમાં ધ્યામ ચોંટતું નથી અને હતાશા, ગુસ્સાને કારણે બનતું કામ પણ બગડી જાય છે. ▲ ધીમે ધીમે જેમ ચિંતા મન પર હાવી થઈ જાય છે તેમ પરિસ્થિતિ વધુ વણસે છે. પછી તો તે વ્યક્તિ અમુક સંજોગો જે ચિંતા પેદા કરે તેને ટાળે છે. ધીરે ધીરે એ વ્યક્તિ સામાન્ય કાર્ય કરતાં પણ ડરે છે. દા.ત. ખરીદી કરવી અથવા અજાણી વ્યક્તિ સાથે વાત કરવી, ઘરમાં એકલા રહેવું, એકલા મુસાફરી કરવી વગેરે. ▲ જે લોકો ખૂબ ચિંતા કરે છે તે પછી દરેક નાનીમોટી બાબતોને તેની સાથે સાંકળી લે છે. ચિંતા એ ધીમું ઝેર છે. જે માણસને ખબર પડ્યા વગર મારી નાખી શકે છે. ▲ જો જો, સાવ જ ચિંતા કરવાનું બંધ ન કરતા. સંશોધકોનું કહેવું છે કે જીવનની દરકાર કરી શકીએ તેટલી ચિંતા સ્વસ્થ મન માટે જરૂરી પણ છે. ચિંતાની લગામ તમારા હાથમાં રાખો. ચિંતાને તમારા પર સવાર ન થવા દો. ચિંતા થવી એ સ્વાભાવિક છે, પછી એ સ્વાસ્થયની હોય, બાળકોની હોય કે પૈસાની હોય, પણ કેટલીક વ્યક્તિ માટે ચિંતા થવી એ તેમના હાથ બહારની વાત હોય છે અને બીમારીને આમંત્રણ આપે છે.

('દિવ્ય ભાસ્કર'માંથી ટૂંકાવીને સાભાર) *-દિવ્યાશા દોશી*

મહેમાન તરીકે કેવી રીતે વર્તવું

▲ સતત ટી.વી. ન જોયા કરો. તેનાથી કોઈના અભ્યાસ કે આરામમાં નડતર થઈ શકે છે. યજમાનની પસંદગી મુજબ ટી.વી. જોવું બહેતર છે. ▲ સંબંધના નાતે અભદ્ર મશ્કરી, નીચ દૃષ્ટિકોણવાળી વાતચીત ન કરશો. ▲ગંભીરતા અને શાલીનતા-પૂર્વક વાતચીત કરો. ▲ યજમાનના ઘેર માંદગીનો ખાટલો ચાલતો હોય તો સાદું-સ્વાદહીન જમણ જોઈ ટીકા ન કરશો. અથવા તો યજમાનના ઘરે વધુ દૂધ-ઘી ખવાતાં હોય તો તે અંગે ટિપ્પણી ન કરશો. ▲યુવાનોને દરેક બાબતે સલાહ-ઉપદેશ આપ્યા કરવા નહિ. તેમનાં મા-બાપ સાથે તંદુરસ્ત વિચારોની આપ-લે યોગ્ય રહેશે. દરેક પોતાની ઈચ્છા મુજબ જીવનશૈલી અપનાવતું હોય છે. આપણે પણ એમાંથી બાકાત નથી હોતાં, માટે ટોક્યાં કરવું નહીં. ▲ રસોડામાં જે કાંઈ રસોઈ બનતી હોય તે પ્રત્યે પોતાના ગમા-અણગમા જાહેર કર્યા કરશો નહિ. યજમાનના ઘરમાં વસ્તુ હાજર હોય તે પ્રમાણે બનતું હોય. ▲ બેઠકખંડમાં કદી આડા પડીને આરામ કરવાનું ન વિચારશો. યજમાનને જણાવી દેવાથી તે અન્ય રૂમમાં યોગ્ય વિકલ્પ બતાવશે, પરંતુ બેઠકખંડમાં અયોગ્ય સ્થિતિમાં આડા-ત્રાસા બેસશો નહીં. ▲ ખાસ વાત એ કે મહેમાન બનીને જઈએ ત્યારે યજમાનના ઘરમાં બધા જ રૂમમાં ફરી ન વળવું. જે બારણાં બંધ રહેતાં હોય તે ખોલવાં કે ત્યાં જવું એ મહેમાનોને ન શોભે. કામ હોય તો પૂછી લેવું જોઈએ. ▲ જેના ઘરે ગયા હોઈએ તેની નબળાઈ છતી કરીને જબરદસ્તીથી તેની વાત કઢાવીને ઘરનાને દુઃખી ન કરવાં જોઈએ. *(સૌજન્ય:'સંદેશ')*

અનુસંધાન] કલાસ્મૃતિ [પૃ. ૫૭૭ થી

ચેન્નાઈ, બૅંગલોર, ગોવામાં હૉટલો તેમજ મકાનો, ઈજિપ્તના કેરો શહેરમાં 'મેના હાઉસ' ઑબેરોય હૉટલ, નાઈલ નદીમાં 'ક્રુઝબોટ' હૉટલ, ઑસ્ટ્રિયા, ન્યૂઝીલૅન્ડ અને લંડનમાં ઈન્ડિયા હાઉસ, ભૂતાન સરકારનું સચિવાલય તેમજ યુનાઈટેડ અમીરાતનાં ઘણાં શહેરોમાં હોટલો, મકાનો, પૅલેસ વગેરે શોભાયમાન કરેલાં છે.

તેમના સન્માનમાં વધારો કરે તેવા કામમાં સન ૧૯૮૭ થી ૧૯૮૯ દરમ્યાન રાષ્ટ્રપતિભવન, નોર્થબ્લૉક, સાઉથ બ્લૉક સરકારી કાર્યાલયો અને પાર્લયામેન્ટનાં માનદ સુશોભન સલાહકારપદે રહ્યાં તેને ગણી શકાય. તેમને ભારત સરકાર તરફથી પદ્મશ્રીનો અવૉર્ડ, મહિલા શિરોમણી અવૉર્ડ, યોગીજી મહારાજ શતાબ્દી અવૉર્ડ જેવાં સન્માન પ્રાપ્ત થયેલાં છે.

પ્રથમ તો તેઓ ગ્રાહકના જે સ્થળે સુશોભન ઈન્ટીરિઅર કરવાનું હોય તે સ્થળની મુલાકાત લે છે. આ સ્થળ પોતાની સર્જનશક્તિને અનુકૂળ ના હોય તો કામ લેતાં નથી. સ્થળ અને સ્થાપત્ય અનુકૂળ હોય તો જ હા પાડે છે. ગ્રાહકની જરૂરિયાત, કલ્પનાઓનો અભ્યાસ કર્યા બાદ જ તેઓ નકશા, લૅઆઉટ પ્લાન, પર્સ્પેક્વિ ડિઝાઈન, એલેવેશન નકશા, વીજળીકરણના પ્લાન, વર્કિંગ ડ્રૉઈંગ, અંદાજી ખર્ચ, સમયમર્યાદા, આકસ્મિક ખર્ચા વગેરે સાથેના સુંદર અને ગ્રાહક-પરિવારને સમજાય તેવા નકશા રજૂ કરે છે. ગ્રાહકની મંજૂરી બાદ જે તે કામના કૉન્ટ્રાક્ટરોને કામ સોંપવામાં આવે છે. તેમણે રજૂ કરેલા નકશાઓમાં ઝીણામાં ઝીણી વિગતો, ડિઝાઈન અને નોંધો મારફતે તેમજ નમૂના વડે સમજાવેલી હોય છે.

આજે ૫૭ વર્ષની ઉંમરે ઘર સંભાળવા સાથે, દેશ-પરદેશમાં પોતાનું કામ કરી રહ્યાં છે. ખ્યાતિ તેમજ માનસન્માન મળ્યાં છતાં પણ તેમણે પોતાની સંશોધનાત્મક અભ્યાસની ટેવ છોડી નથી. આજે પણ સમય ફાળવીને દક્ષિણ-ભારતના ચેટ્ટીનાડનાં મકાનો કે ઉમેદભવન પૅલેસનું ફર્નિચર કે કોલકતાના વિકટોરિયા મેમૉરિયલનું સ્થાપત્ય અને સુશોભન જોવા પહોંચી જાય છે. સખત અને સતત પરિશ્રમ એ જ તેમની સફળતાનું રહસ્ય કહી શકાય.

- ગજેન્દ્ર શાહ

ગહન નિધિ હું, મોજું યે હું, વળી ઘનવર્ષણ,
અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન

—રાજેન્દ્ર શાહ

રવીન્દ્રનાથ ટાગોર જપાનથી અમેરિકા જઈ રહ્યા હતા ત્યારે કૅનૅડાની મુલાકાત માટે તેમને નિમંત્રણ મળ્યું. આ ગાળામાં કૅનૅડાની સરકારે 'હિન્દુસ્તાનીઓને કૅનૅડામાં આવવા દેવા નહિ-' એવો કાયદો બહાર પાડેલો. રવીન્દ્રનાથે આ જાણ્યું ત્યારે તેમણે આ પ્રમાણે વળતો સંદેશો પાઠવ્યો: 'જ્યાં સુધી મારાં દેશવાસીઓને કૅનૅડામાં પ્રવેશ નહિ મળે ત્યાં સુધી હું કૅનૅડાની ધરતી પર પગ મૂકવાનો નથી.' નિજસન્માન કરતાં માતૃભૂમિનું સન્માન એમને મન મોટું અને મહત્ત્વનું હતું.

*

અમેરિકાની મૅસૅચ્યુસેટ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ટેક્નોલૉજીના છીંકતજ્જ્ઞોએ સામાન્ય છીંક દરમિયાન કલાકના ૧૬૬,૭ માઇલની ગતિથી છાંટા ઊડે છે અને એ છાંટા ૧૫ મીટર સુધી ફેલાય છે એમ જણાવ્યું છે.

*

ઍલન રૉબર્ટ નામનો માણસ લંડનના ડૉક્લૅન્ડ્સમાં કૅનરી વાર્ફ ટાવર નામની પચાસ માળથી પણ ઊંચી ઇમારત લિફ્ટ વગર સ્પાઇડરમૅનની જેમ ચડી ગયેલો.

*

ઑરિસિની નામની સર્પજાતિ ઝેરી હોવા છતાં એની નમ્રતાને કારણે ઑસ્ટ્રિયા અને બાલ્કન દેશોમાં બાળકો તેને કૂતરાં-બિલાડાંની જેમ પાળે છે.



લસણ આકારમાં 'લસણ' શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

न त्वहं कामेय राज्यं न स्वर्गं नापुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ॥
મને રાજ્યની, સ્વર્ગની કે મોક્ષની કામના નથી. દુ:ખથી તપ્ત પ્રાણીઓની વેદનાનો નાશ થાય એમ ઇચ્છું છું.

*

સિલોનની સિંહાલી ભાષામાં કુલ ૮૦ મૂળાક્ષરો છે.

*

મિલાનના જાણીતા કવિ અને સંગીતકાર પિલાર્ડ પાસે વિશ્વના વિખ્યાત માણસોનાં મોજાંનો બહુમૂલ્ય સંગ્રહ છે.

*

નાક અને મોઢામાંથી દુર્ગંધવાળો શ્લેષ્મ નીકળે તો તુલસીનાં પાનનો દસેક ટીપાં રસ નાકમાં નાખવો.

*

શહીદ ભગતસિંહના ભાઈ ૮૫ વર્ષના સરદાર કુલતારસિંહ નિયમિત રૂપે સાઇકલ ચલાવીને સહારનપુરની સીમામાં આવેલાં પોતાનાં ખેતરોમાં જાય છે. આ વૃદ્ધ સ્વાતંત્ર્યસેનાની અને ઉત્તરપ્રદેશના પૂર્વ ખાદ્યમંત્રીને સાઇકલ-સવારી ખૂબ જ પસંદ છે. આથી ઉત્તરપ્રદેશના મંત્રી હતા ત્યારે સરકારી મોટરનો ઉપયોગ કરવાને બદલે નજીકના સ્થળે પહોંચવા માટે સાઇકલ-સવારી કરતા હતા.

*

હાલમાં જગતની કુલ વસતિનાં ૨૦% લોકોને સુરક્ષિત પીવાલાયક પાણી મળતું નથી, અને ૫૦% લોકો ગંદાં પાણીની નિકાલ-વ્યવસ્થાથી વંચિત છે.



આરપાર: (રેખાંકન: ઇન્દ્રદેવ)

*

પત્ની: 'હું તને છૂટાછેડા નહિ આપું.'
પતિ: 'કેમ?'
પત્ની: 'હું નથી ઇચ્છતી કે તું બીજી વાર ભૂલ કરે.'

*

દાડમની લીલી છાલનો ટુકડો તથા લીલી હળદરનો ટુકડો ચૂસવાથી સૂકી ઉધરસ અને ગળાના સોજામાં રાહત થાય છે.

*

ઑસ્ટ્રેલિયામાં હરતીફરતી એક પર્વતમાળા છે, જેનું નામ છે 'ગ્રાસમીન'.

*

વિશ્વમાં સૌથી વધુ ઘઉંનું ઉત્પાદન ચિનમાં થાય છે.

*

મનુષ્યની આંખો સામાન્ય રીતે એક મિનિટમાં ૨૫ પલકારા મારે છે.



કલાકણિકા: રજતના પતરાથી મઢેલો લંડનનો ૧૬મી સદીના પૂર્વાર્ધનો કાચનો કૂંજો.